

કુમાર
આવતી કાલનાં
નાગરિકોનું માસિક
અંક ૧૦૦
ઓગસ્ટ ૪૦

આ અંકની છુટક
કીંમત રૂ. ૨-૦-૦

ગયા ૧૦૦મા અંકની
કીંમત રૂ. ૨-૦-૦

બંને અંકની સાથે
કીંમત રૂ. ૩-૮-૦

કુમાર
ઑગસ્ટ ૧૯૪૦
અંક ૨૦૦

લવાજમ : જાન્યુ. થી ડિસે. ૪૦ માટે રૂ. ૬. ઑગસ્ટથી ડિસે.'૪૦ માટે રૂ. ૪. ઑગસ્ટ-થી ડિસે.'૪૧ માટે રૂ. ૯. બીજી કોઇ રીતે હવે ગ્રાહક નહિ નોંધાય.

ચિત્રો

સઘળાં ચિત્રો પાનાં નંબર ૪૦૮ પછી આવશે

કાવ્યો

વાર્તા–નાટક

લેખો

વિભાગો

મુદ્રક • બચુભાઈ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર મ. રાવળ, કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ.

કુમાર આવતીકાલના નાગરિકોનું માસિક
૨૦૦ મો અંક
વર્ષ સત્તરમું · અંક આઠમો ઑગસ્ટ · ૧૯૪૦

અતીત*

દૃષ્ટિ સદા મુજ ભવિષ્યમુખી હજો, ને
ગુંજો રહો શ્રવણદ્વાર અતીતગાન.



હે અતીત!
આજે જાગે અંતરે તારું ગીત.—
આજે જ્યારે આશ ભાવિની સર્વ
નિર્દોષનાં શોણિતમાં શમી જતી,
ને સંસ્કૃતિ ઉજ્જ્વલ વર્તમાનની
પ્રકાશદીપ્તી કજળી ગયા સમી.—
સ્ફુરી જતી નેત્ર સમીપ મૂર્તિ
આજે તારી શ્વેત ને મૃત્યુશીત,
હે અતીત!

સુશુભ્ર જાણે પુંજ કંકાલ કેરો,
ઉત્તુંગ ને શીત હિમાદ્રિશૃંગ શો
અશ્રાન્ત ને નિશ્ચલ પૃથ્વી જેમ,
વધ્યે જતો જે ઋણ શો દરિદ્રના.
ઝરે જટાજૂટથી રક્તજાહ્નવી,
વીરો કેરાં ચર્વણે વ્યગ્ર દંષ્ટ્રા.
ભઠ્ઠીઓ શાં નેત્ર મધ્યે કરાલ
પ્રણાશની એક ઊડે પતાકા.
રોમેરોમે કંટકકેડીઓ શા
અગણ્ય ડીલે શતકો કૈં છવાયા.
મુખે મહામંગલનું પ્રતીક
ધારે તથાપિ સ્મિત તું શી રીત?
હે અતીત!
પ્રસ્પંદતું ચેતન અંગઅંગમાં
ઝૂણો શકો મુઘલ તાતૅરોના
વીરત્વનું કીર્તિવતું અનર્ગલ.
જંઘીસનું કૌવત બાવડે રમે,

* અતીત=ભૂતકાળને ઉદ્દેશીને આ સ્તોત્ર ઉચ્ચારાયું છે. શરૂઆતમાં જ એવી ભાવના વ્યક્ત કરી છે કે મારી દૃષ્ટિ તો હમેશાં ભવિષ્ય ભણી જ રહેજો. પણ મારા કાનમાં ભૂતકાળનાં ગીત ગુંજ્યાં કરજો. કેમકે ભૂતકાળની અનુભવસમૃદ્ધિની અમર વાણીને ઉવેખીને ઉજ્જ્વળ ભવિષ્ય કોણ રચી

રગેરગે રોમનનૂર રેલતાં,
બ્રહ્મર્ષિનાં પ્રાણ વિષે તપો સ્ફુરે.
મૂસા મહાવીર ઈશુ મહમ્મદ
ગજાવી રૂહે આત્મગુહા ગભીર.
કારુણ્યની કોમલ બુદ્ધ કેરા
લચેલી સોહંત લલાટલેખા.
હૈયા વિષે શો સભરો ભરેલ
શકુંતલાના રસનો સુહાગ !
ઝબૂકતી વિદ્યુત કલીઅપેદ્રા
તણા કુટિલ પ્રણયોની અંતરે.
તાલે તાલે રક્તવ્હેણે સુગુંજે
વાણી રસર્ષિ ભવભૂતિદાન્તિની.
શી સૌમ્યતા આ વિકરાલતામાં!
ક્ષણે હિંસે હિંસ્ર, ક્ષણે વિનીત,
તું અતીત!

તું સૃષ્ટિપાટે ધ્રુવ સત્ય એક.
'વદું છું' એવાં પદ વર્તમાનનાં
સુશુદ્ધ વૈયાકરણો વદ્યા જે,
જીહ્વા સીવી માટીથી તેમની ય
તેં ક્રૂર થૈ ભવ્ય ક્ષતિ સુધારી;
'વદ્યા'–ઠર્યું રૂપ જ સાચું એક.
ન સત્ય ભાવિ, નહિ વર્તમાન.
પળે પળે ભાવિ પ્રતિ ધપી રહ્યો
ને ભાવિથી ભૂતમુખે સદાયે
હોમાય કેવો અહ વર્તમાન!
ભવિષ્ય તે યે ચિરભક્ષ્ય ભૂતનું.
ન્હોશે ભાવિ ને નહિ વર્તમાન
જીવી રૂહેશે હાંકતો વિશ્વભક્ષી
કાલાન્તે યે એકલો ભૂતકાલ.
વહે જુવાનીયમુના અમારી
વેગે ધપંતી બસ એક તું ભણી.
થઇ જશે લુપ્ત ક્ષણેકમાં ને
ચિત્તે ન રૂહેશે સ્મૃતિબુદ્‌બુદો યે.
તો યે કયાંથી આજ હે રુદ્રસૌમ્ય
તારે મારે જાગી અણધારી પ્રોત,
કહે અતીત.

સમીરનાં આ સ્ફુરણો મહીં હું
ઉચ્છ્વાસ તે સૌ ઉરનો લહી રહું,
જે શૂન્યખોળે જઇ કયારનાં શમ્યાં.
ને ઘોર ઘોષે નદ ને સમુદ્રના
પ્રતિધ્વનિ પૂર્વજના સુણી રહું,
ને વૃક્ષકુંજે ગિરિગહ્વરોમાં
અતીતના શાંત રવો મનોરમ.
મુખેમુખે માનવવંશ કેરા
અશેષ યત્નો, ભ્રમણો, સ્વરક્ષણો
તણી ઉકેલું પુરુષાર્થગાથા.
પૌરો અને જાનપદોની નીકો
વિશાળ બે, તેહની મધ્ય દેખું
વહી રહી ધીરગભીર વેગે
નૃલોકકેરી ઇતિહાસધારા.
ને યુદ્ધકોલાહલમાં ઉકેલું

શકયું છે? . . . કાવ્યના આરંભમાં જ, જાણે ઉપરની ભાવના પોતાને માટે નક્કી કરી, અતીતનું ઉદ્‌બોધન કર્યું છે. મહાયુદ્ધને લીધે વર્તમાન અને ભવિષ્ય બંને એવા કપરા ભાસે છે કે તેમાં આશાનું કિરણ મેળવવા ભૂતકાળ તરફ સહેજે એકાદ ક્ષણ દૃષ્ટિ વળી જાય. શરૂઆતમાં અતીતની મૂર્તિનું કલ્પનાથી વર્ણન છે (પંક્તિ ૧૦–૨૨). પછી ઇતિહાસપુરાણની મદદથી ઘડીમાં વિકરાળ ને ઘડીકમાં કોમળ લાગતા અતીતની વડાઈ ગાઈ છે (૨૩–૪૧). વર્તમાન તો પળેપળે ભૂતકાળમાં ભળતો જ જાય છે, પણ ભવિષ્ય તે ય અતીતના લક્ષ્યરૂપ છે. જાણે કે ભૂતકાળ જ એક સત્ય ન હોય. 'વદું છું' એવું વ્યાકરણદૃષ્ટિએ સાચું એવું રૂપ બોલનારા વ્યાકરણશાસ્ત્રીઓને પણ અતીતે ખોટા ઠેરવ્યા; કેમકે એમને માટે 'વદ્યા' કહેવાનો વખત આવે એવી ભૂતકાળની–કાલની લીલા છે. તો યે અતીત ચહાવા જેવો છે (૪૨–૬૨). જે જોઇએ, સાંભળીએ, અનુભવીએ તેમાં ભૂતકાળના પડઘા પડછાયા હોય જ છે. ગમે તે કોઇ વ્યક્તિનું મુખ જોઇ, ત્યાં સમગ્ર માનવજાતના હજારો વરસોના વિકાસની મહાવ્યથા અને જીવનોલ્લાસની રેખાઓ દેખાય છે. પૌરો–નગરજનો અને ગ્રામજનોની સામસામી ભેખડો વચ્ચે ઇતિહાસનું પૂર બે કાંઠે વહી રહ્યું છે. (૬૩–૮૦) પછી અતીતને પૂછ્યું છે કે આ સૃષ્ટિનાં બધાં તત્ત્વો ન હતાં ત્યારે તું કયાં હતો? આ બધું કયારે પ્રગટે અને તેમાં અમે–માણુસ જાત–કયારે પડતા આખડતા ઊભા થઈ સંસ્કૃતિઓ

લખેલી વિધ્વંસઋચા વિષાક્ષરે
લોકે મહાકાલકવિપ્રણીત,
હે અતીત.

ન્હોતા પ્હાડો ને નદો ને સમુદ્રો,
ન્હોતી મનુ કે પશુ જીવજંતુની
સૃષ્ટિ, નહોતી પૃથિવી, ન સૂર્ય,
ને આભની શોભન દીપ્તિમાળ,
નિહારિકા કે સ્થલ કૈં નહોતું,—
ક્યાં તું હતો સુપ્ત સુવિશ્વકોશે
ત્યારે? પ્રતીક્ષા તું કરી રહ્યો હશે,
ઉત્થાનની માનવવંશ કેરા,
એની રચી સંસ્કૃતિઓની કિંવા?
હે સંસ્કૃતિભક્ષક, મૃત્યુજીવી,
કહું તને ગૌરવ તારું આજ?
અનંત આયુષ્ય હશે ભલે તવ;
તું જીવતો જેટલું માનવીની
ચિત્તસ્મૃતિમાં, તુજ એ જ જીવન.
આયુષ્યનું જો સહરા સુવિસ્તરે
તારું, સુહાતા તહીં જે રણદ્વીપો
તે માનવીની લીલી સંસ્કૃતિના.
જે મૃત્યુપુંજે કણ ચેતનાના,
અમે ગણ્યું એ ઇતિહાસતત્ત્વ.
ને અન્ય જે લુપ્ત, નિરર્થ સૌ તે.
—વદું, તહીં ક્યાંયથી અટ્ટહાસ્ય
કંકાલના જેવું સ્ફુરે અતીતનું.
ને રાત્રિનક્ષત્ર, ધરા સુજીર્ણ,
પ્રભાવ બોલે સહુ યે અતીતનો.
એ મૌન ભાષા તણી વક્તૃતાથી
અવાક શો ઊભું હું સ્તબ્ધ, ભીત
તુંથી અતીત.

શું એ જ નક્ષત્રની માળ ઊંચે?
શું એ જ શૃંગો ગિરિનાં અને નદો?
શું એ જ દેશો, જળરાશિ યે એ?
અને—અને માનવતા શું એ જ?

આ પૂર દોડે તટને ભરી દઈ;
પાણી નવાં છો, તટ તો પુરાતન.
માનવ્યનો જાય વહ્યો મહાનદ,
તટે ઊભીને નિરખ્યો હશે કો
કારુણ્યશાળી કવિએ; જુઓ તો
આજે ય એવો જ વહે પ્રવાહ,
ડ્હોળ્યો ડખોળ્યો કહીં,ક્યાંકનીતર્યો,
ક્યારેક ગાતો, કદી ક્રન્દતો, જતો.
ને મંદ્રસૂરે કવતી મહોર્મિઓ
અતીતનો મંત્ર અનાગતાર્થે,
માંગલ્યઘોષે સ્ફુરતો યુગોથી જે,
રુઝાવતો કારી વ્રણો નૃવંશના,
જે માનવીજીવન કેરી આશા,
(સંહાર માંહે સવિશેષ આજના,)—
'નહિ વેરેણ વેરાણિ સમન્તીધ.' સહધ્વમ.
શમે નહિ વેરથી વેર આંહીં.
સંસારનું નામ બીજું: 'સહેવું.'

ઉમાશંકર જોષી

રચીએ અને તેનો તને કોળિયો કરવા મળે એ આશાએ તું પોઢી રહ્યો હતો? પણ ત્યાં અતીતને જાણે કે સંભળાવી દીધું છે કે ભાઈ તું ભલે ગમે તેવડો મોટો રહ્યો, તારૂં જીવન પણ અનાદિ ને અનંત છો રહ્યું; પણ અમારે મન તો અમારા સ્મરણમાં જેટલો તું ટક્યો એટલું જ તારૂં જીવન છે. એમ સ્મૃતિની મદદથી, સર્વવિનાશના પુંજમાં ચેતનાના જે બે કણ ટકી રહ્યા તેને અમે ઇતિહાસ કહેવાના. બાકી તારૂં જીવન ગમે તેટલું લાંબું ભલેને હોય, અમારે મન એ નહિવત્ છે. પણ ત્યાં તો અતીતના ગૌરવનો અણસારો આવતાં બોલનારો સ્તબ્ધ બની જાય છે. (૮૧–૧૦૭) એ સ્તબ્ધ દશામાં એ પહેલાંની જેમ જ વહી રહેલા માનવતાના પ્રવાહ તરફ તાકી રહે છે. એ પ્રવાહનાં મોજાંઓમાંથી અતીતનો ભૂતકાળનો અનાગત (જે હજી આવ્યો નથી તે ભવિષ્યકાળ) માટેનો શુભ મંત્ર ગાજી રહેતો સંભળાય છે, જે મંત્ર માનવજાતિના વ્રણોને આજ સુધી રુઝાવતો આવ્યો છે અને ભાવિમાં પણ આશા આપનાર છે, ખાસ કરીને અત્યારના સંજોગોમાં. એ મંત્ર તે ભગવાન બુદ્ધે ઉદ્‌ઘોષેલ–'આ જગતમાં વેરથી વેર શમતાં નથી'–એ. શરૂઆતમાં આજની વિશિષ્ટ પરિસ્થિતિને કારણે ભૂતકાળ તરફ દૃષ્ટિ વળી હતી એમ કહેલું છે. તો આજને માટે અતીતે શો સંદેશ આપ્યો? ભગવાન બુદ્ધના શબ્દોનું અતીતે સ્મરણ કરાવ્યું એ જ. અને બીજા શબ્દોમાં કહ્યું કે સહધ્વમ્—સહન કરો; કેમકે સંસારનું બીજું નામ છે: 'સહેવું'



કુમાર વિહાર

પૃથ્વીસુંદરીના તિલક સમા એક મહાન આશ્ચર્યમંદિરનું હેમચન્દ્રાચાર્યના શિષ્ય કવિ રામચન્દ્રે કરેલું આ વર્ણન ગુજરાતના જૂના શિલ્પની ભભકનો ખ્યાલ આપવા સાથે એ કવિના એટલા જ મનોહારી છાન્દસ-શિલ્પ અને હૃદયંગમ ઉત્પ્રેક્ષણોવાળા કાવ્યનો રસાસ્વાદ કરાવે છે

લેખક

શ્રી રસિકલાલ છો. પરીખ

ગુર્જરેશ્વર કુમારપાલને ગુપ્તચરોએ આવી ખબર આપી કે કેદારેશ્વરનું મંદિર ખંડિત થયું છે; રાજા ખસ લોકો ઉપર રોષે ભરાયો અને મનમાં વિચાર કરવા લાગ્યો: 'હું ઘરમાં બેઠો છું; દેવ ખંડિત મંદિરમાં બેસે છે; હે દેવ, પ્રાયશ્ચિત્ત અને ક્રિયા ઉપદેશો: તે કરીશ, તેથી વિશેષ કરીશ.' પછી અમાત્ય વાગ્ભટને કહ્યું: 'કારીગરો અને ધન મોકલો, નોકરો તથા નાયકોને નીમો. તે ધામ ચન્દ્ર-ગૃહ જેવું, સુગન્ધિ પદાર્થોની પડી જેવું થાઓ. તારી મારા વિષે જેવી ભક્તિ છે તેવી મારી ભગવાન શંભુ વિષે છે. અરે અમાત્ય, તેં તો મને કહ્યું હતું કે તે મંદિર તો અખંડિત છે; તેં મને કહ્યું હતું કે તે તો 'પ્રવર' છે. જે શંભુને મુનીન્દ્રો સ્રષ્ટા અને સંહર્તા તરીકે સમજે છે અને સ્તવે છે તેમનું ભવન ભાંગી ગયું છે તે તેં નથી સાંભળ્યું! તેની તને ખબર નથી?'

આવો ઠપકો સાંભળી અમાત્યે કહ્યું: 'મેં હમણાં જ સાંભળ્યું, મેં હમણાં જ જાણ્યું.' અને વધારામાં ખબર આપી કે સોમેશ્વરના મંદિરની પણ એવી સ્થિતિ છે. રાજાએ તેનો ઉદ્ધાર કરવાની પણ આજ્ઞા કરી. અમાત્યે પોતાના માણસોને બોલાવી બન્ને શિવાલયોને ઉદ્ધારવાનું કહ્યું. શિલ્પીઓએ હર્ષથી તે બન્ને મંદિરો ત્વરાથી પૂરાં કર્યાં. (દ્વયાશ્રય, સર્ગ ૨૦, શ્લો. ૯૦-૯૭)

આર્હતોએ (જૈન આચાર્ય, ઉપાધ્યાય આદિએ) આવી આશીર્વાદ આપ્યા. રાજાએ કહ્યું: 'તમને વંદન કરું છું.' આચાર્યોએ કહ્યું: 'જય થાઓ. હે રાજન્, તું જૈન થા.' (ઉપાધ્યાયોને) રાજાએ વંદન કર્યાં. તેઓએ આશીર્વાદ આપ્યા: 'હે કુમારપાલ, સુકૃત કરનાર થા. દીર્ઘાયુષી થા!'

આવો આશીર્વાદ પામી રાજાએ અણહિલપાટકમાં પાર્શ્વનાથની સ્ફટિકની મૂર્તિવાળું અને સોના તથા નીલમણિઓથી જડેલું ચૈત્ય કરાવ્યું; અને શ્રી દેવપત્તનમાં બીજું પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું. (દ્વયાશ્રય, સર્ગ ૨૦, શ્લો. ૯૮-૯૯)

શંભુએ સ્વપ્નમાં આજ્ઞા કરી: 'હે સાધુ પુરુષ! તું ભક્ત છું; તેથી કાં તો ગિરિમાં (હિમાલયમાં) વસું કે કાં તો તારા પુરમાં વસું!' કુમારપાલે અણહિલપુરમાં કુમારપાલેશ્વરાયતન કરાવ્યું. (૧૦૧)

આ મંદિરોની રચના પછી દેશદેશના યાત્રાળુઓ માર્ગમાં એકબીજાને મળતાં આમ વાત કરતા: 'હે સુમતિ! સોમેશ્વરની નગરી જોઈ કે? ત્યાં આવ્યા હતા?' 'હે સાધુ પુરુષ, વિશાળ ગુર્જરપુરમાં (અણહિલપુરમાં) ગયા હતા કે! ત્યાં સુંદર કુમારવિહાર ચૈત્ય જોવાનું થયું હતું કે!' (દ્વયા. સ. ૨૦, શ્લો. ૧૦૦) *

આવી સુંદર સરળ અને સુભગ રીતે આચાર્ય હેમચંદ્ર આ નગરીઓના અને તેનાં મંદિરોનો મહિમા વર્ણવે છે.

આ મંદિરો અત્યારે તો નામશેષ થઈ ગયાં છે. એ કેવાં હશે તેની કલ્પના કરવા કુંભારિયાના અવશેષો જોવા જોઈએ, મોઢેરાના અવશેષો જોવા જોઈએ, દેલવાડા અને અચલગઢનાં મંદિરો અને અવશેષો જોવાં

* 'સોમેશની શિવપુરી જઈ જોઈ આવ્યા ?
'ગ્યા'તા વિશળ પુર ગુર્જરનાથ કેરા ?
'જોયું તહીં' વર કુમારવિહાર ચૈત્ય ?'
એવી દિશેદિશ થઈ રહિ પાન્થવાર્તા.

જૈનકોએ. આબુ પહાડ ઉપરનાં મંદિરોનાં મૂર્તિ અને કોતરણીનાં શિલ્પ ચમત્કારી છે; પણ મંદિરના સ્થાપત્ય માટે તો રાણકપુરનું મંદિર જોવું ઘટે. મારવાડમાં આવી કહેવત છે: 'આબુની કોરણી અને રાણકપુરની માંડણી.'

આ જૈન અને શૈવ મંદિરો ઉપાસકોના ભેદે જૈન અને શૈવ છે; પણ શિલ્પમાં તો ગુજરાત (વિશાળ સીમા સેવાની)નાં છે; કારણ કે એના શિલ્પની ભાવના, શૈલી, અને સમૃદ્ધિ એકસરખાં છે. અને શિલ્પીઓ તો બધાં યે મંદિરોના એના એ જ હતા. અમદાવાદના હરેલામાં શિલ્પ જોનારને પણ એમાં એનું એ જ ગુજરાતી ટાંકણું દેખાય છે.

૨

જેમ તાજમહાલને જોઈ રવીન્દ્રનાથ જેવા કવિવરોની પ્રતિભાના ઉદ્‌ગાર કાવ્યમાં પરિણમે છે, તેમ એ કાળના કવિઓની પ્રતિભા પણ એ અદ્‌ભુત શિલ્પથી સ્ફુરતી નહિ હોય? સ્ફુરતી હશે; પણ અવશેષમાં તો સમર્થ કહીએ એવી એક કૃતિ જ જોવામાં આવે છે: 'કુમારવિહારશતક'–આચાર્ય હેમચન્દ્રના શિષ્ય કવિ રામચન્દ્રની કૃતિ. આ કાવ્યમાં એ વિચક્ષણ કવિએ એ મંદિરનો ચમત્કાર પ્રતિફલિત કરવા અનેક ઉત્પ્રેક્ષણો કર્યાં છે. એ મંદિરના શિલ્પની તો કલ્પના જ કરવી રહી; પણ રામચંદ્રનું છાન્દસ-શિલ્પ તો મનોહારી છે એનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

આ કાવ્ય છે તો કુમારવિહાર વિશે—કુમારપાલે પાટણમાં પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું તેના વિશે—પણ એમાં સમગ્ર ગુજરાતના શિલ્પની ઝલક છે. 'કુમારવિહારશતક' આપણા કલાવિદો અને વિવેચકોનાં ધ્યાનમાં આવ્યું છે તેના કરતાં વધારે ધ્યાન યોગ્ય છે. કાંઈ નહિ તો તેનાં ઉત્પ્રેક્ષણો અને વૃત્તકૌશલ ખાતર.

આચાર્ય હેમચંદ્ર જણાવે છે કે પાર્શ્વનાથનું બિંબ સ્ફટિકનું હતું, મંદિર સુવર્ણ અને ઇન્દ્રમણિઓથી (નીલમણિઓથી) જડેલું હતું. કવિ રામચન્દ્રનાં અનેક ઉત્પ્રેક્ષણોમાં આ મંદિરના તૈજસ ચમત્કારની પ્રેરણા છે. ચન્દ્રકાન્તમણિ અને સૂર્યકાન્તમણિ, રક્તમણિ અને નીલમણિ આવા વિવિધ રંગમણિઓથી જડેલી તેની ભીંતો ઉપર સૂર્ય અને ચન્દ્રનાં કિરણો પડવાથી જે તૈજસ-લીલા થાય છે, તેમાં જે અનેક પ્રતિબિંબો — મંદિરમાં આવતાં સ્ત્રી-

બે મુક્તકો

○

પશ્ચાત્તાપ તણો પ્રસંગ ન બને
તે ભાગ્યના ઉત્તમ,
પશ્ચાત્તાપથી શાન્તિ મેળવી શકે
તે ભાગ્યના મધ્યમ;
મારે તો, સમજી, સુનિર્ણય કરી
ને તે પછી એકથી
બીજી ભૂલ કરી સદા પ્રજળવું,
એવું લખ્યું ભાગ્યમાં!

○

ગુણીને શ્લાઘા કો નિજ જીવનસાર્થક્ય ગણતા,
મહાકાર્યો માટે, કઈક વળી ઉત્સાહી બનતા;
મને તો શ્લાઘાને પ્રતિવચન, આત્માતિમિરમાં
છુપ્યા દોષો, કાંટા, થઈ પ્રગટ, હૈયે ખટકતા!


'શેષ'

પુરુષોનાં અને મંદિરને શણગારતાં ચિત્રો અને પૂતળીઓનાં પ્રતિબિંબો—પડે છે તે વસ્તુ ઉપર કવિનો કલ્પનાવિહાર વિવિધ અલંકારભંગી દ્વારા થાય છે. સમજાય છે કે આખું મંદિર અંદર અને બહાર આરસથી મઢાયું હશે અને તેની સ્થાપત્યરચના હાલ જે જૂની શૈલીનાં જૈન મંદિરો છે તેના જેવી જ હશે: વિશાળ ચોગાનના મધ્યમાં મુખ્ય ભાગ, આજુબાજુ ખુલ્લો ચોક, તે પછી નાની દેરીઓની ભમતી અને એની બહાર ગઢની દીવાલ—આવી કંઈક મંદિરની યોજના હશે.

૩

બહારની 'દર્પણોદ્‌ભાસિભિત્તિ' (દર્પણોથી પ્રકાશિત ભીંત)માં મંદિરનું પ્રતિબિંબ પડે છે. કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે મંદિર પોતાની રૂપલક્ષ્મી જોવા—લોકો જેનું રોમાંચિત થઈ વર્ણન કરે છે તેવી રૂપલક્ષ્મી જોવા—દરરોજ સવારે એમાં 'પ્રતિફલિત' થાય છે (૩૪).

દેશાન્તરથી લોકો આ મંદિર જોવા સતત આવ્યા



જ કરે છે; દૂરથી તેમને આ મંદિર 'વ્યોમસ્થ' હોય એમ લાગે છે, કારણ કે એનું પીઠતલ ચન્દ્રકાન્તમણિની ભીંતોના દિશદિશમાં ફેલાયેલા તેજના ચંદરવાથી ઢંકાઈ ગયું છે (૧૦૦). અણહિલપુરના રાજમાર્ગ ઉપર પૌરજનોનો—ડોક ઊંચી કરીકરીને એ મંદિરના ગગનચુંબી 'વિટંક'ની શોભા જોવામાં ચક્ષુ રોકાયેલાં છે એટલે એકબીજાને જોઈ શકતા ન હોવાથી પરસ્પર અથડાતા અને તેથી રોષે ભરાતા પૌરજનોનો—પ્રતિક્ષણ કોલાહલ થઈ રહેલો છે (૯૯). તે તે અલૌકિક કુંભો—વિવિધપ્રકારનાં રત્નોથી સુંદર—તથા તે તે અલૌકિક મંડપોને જોઈ રોજ રોજ માથું ધુણાવતા અને પ્રત્યેક તોરણ, પ્રત્યેક શિલા તથા પ્રત્યેક ઉત્સવ પ્રસંગે આશ્ચર્ય સાથે ઊભા રહેતા લોકોમાં કોણ પાટણનું છે અને કોણ બહારથી આવેલું છે તેનો ભેદ સહૃદયોથી કળાતો નથી—એવું નિત્યનૂતન એ મંદિરનું સૌન્દર્ય છે (૧૦૦).

સુંદર પનિહારીઓ માથે કુંભ રાખી ચાલી આવે છે. રસ્તામાં એ મંદિરના સોને મઢેલા ધ્વજને ગણવાનું એમને મન થાય છે અને ડોક વધારેપડતી ઊંચી કરે છે. કુંભ નીચે પડે છે અને હાટમાં બેઠેલા જુવાનિયાઓ હસવા માંડે છે (૯૮).

મંદિરની નજીક પૌરવિપ્રો (નાગરો?) આદિ રહે છે. તેમની યુવાન વહુઓ મંદિરમાં ચાલતાં ગીત, વાદિત્ર, નૃત્ય જોવા ખેંચાય છે. કામમાં ખલેલ પડવાથી સાસુઓની વાગ્ધારા વરસે છે, એટલે વહુઓ પણ ચીડાય છે ને ગ્લાનિ પામે છે. છતાં ફરીફરીને ત્યાં એકઠી થાય છે (૫૦) એવું એમનાં રસિક હૃદયને સંગીતનું આકર્ષણ છે.

મંદિરના ગભારામાં વિરાજમાન પ્રતિમા (સ્ફટિકની—હૈ૦=ચન્દ્રકાન્તમણિની-રા૦)નો સ્નાનવિધિ ચાલે છે; સ્ફટિકની મૂર્તિ ઉપર જળનો સેક થતાં તેમાં બાજૂ ઉપરનાં ભિત્તિચિત્રોનું—ઘોડો, વૃક્ષ, ચન્દ્ર, કામધેનુ, લક્ષ્મી, ગજ આદિ (સમુદ્રમંથનમાંથી નીકળેલાં રત્નો)નું—પ્રતિબિંબ પડે છે. કવિ ઉત્પ્રેક્ષણ કરે છે કે આ જલાર્દ્રધવલ મૂર્તિ જે લક્ષ્મી આદિ ચિત્રોનાં પ્રતિબિંબ ઝીલે છે તે ક્ષારસાગરનું સૌભાગ્ય [illegible] કરે છે; ફક્ત એને મંથનની પીડા અનુભવવી [illegible] (૧૦).

બાજૂ ઉપરની ભીંતો ચન્દ્રકાન્તમણિની છે; તેમાં [illegible] છે. એટલે આ ભીંતોને ચીતરવાની જરૂર નથી. [illegible] તેના [illegible] 'શબલ' ચિત્રો ચિત્રકારો દોરવા જાય છે તેમને ત્યાં નીમેલા રક્ષકો રોકે છે (૧૨).

એ કુમારવિહારની 'આલેખ્ય સભા'—ચિત્રશાળા—માં શિલ્પવિશારદોનો ચિત્રરચનાનું સૌન્દર્ય સંપાદન કરવાનો પ્રયત્ન એક ભીંતમાં કરવાથી જ સફળ થાય છે; કારણકે સમ્મુખ એવી બીજી ભીંતો ચન્દ્રકાન્તમણિની હોઈને તેમાં બિંબોલ્લાસથી ચિત્રરચના થઈ જાય છે (૯૩). એકલી ચિત્રસંસદ (ચિત્રશાળા) જ વિવિધ પ્રકારના લોકોને વારંવાર તરલ કરવા બસ છે:



તરુણ મિત્રોને

જીવનની ગડમથલ અને અણઉકેલ્યા સામાજિક કોયડાઓનાં આંદોલનો વચ્ચે પણ આપણી યુગયુગથી ઊતરતી આવતી સમુજ્જ્વલ આદર્શજ્યોત આપણે સંમુખ ધરી રાખી શકીએ એ ખરેખર સુંદર કહેવાય. એ પણ ખરેખર સુંદર કહેવાય કે એ મહાન તત્ત્વશોધકો અને સિદ્ધોનાં જીવનને આપણે આપણી જિંદગીમાં અખૂટ ચેતનશક્તિ, સહનશીલતા ને પરાક્રમના પથપ્રદર્શક તરીકે ગણી ચિંતવીએ. અને એય પણ સુંદર છે કે ઉત્તમોત્તમ જ્ઞાન તથા ઉત્કૃષ્ટ ભાવનાઓનો મેળ સાધી ગએલા પુણ્યાત્માઓની મહાન પ્રવૃત્તિઓનું પ્રેમ અને સહિષ્ણુતાના અખૂટ કૂપ દ્વારા આપણે પરિચયપાન કરીએ. આ રીતે ઉચ્ચ કલાના અધ્યયનથી આપણે જે મહાન સંક્રાન્તિ ચાલી રહી છે તેના સાચા કર્મભાગી બનીએ છીએ; અને એ પરમ પ્રકાશનાં તેજકિરણોમાંથી જ કોઈક દિવસ સત્યજ્ઞાનનો ઉદય થવાનો. આ સત્યપૂત જ્ઞાનનું મંડાણ ખરી સમજશક્તિ ને તિતિક્ષા ઉપર જ નિર્ભર છે. એ સ્રોતમાંથી જ પ્રભા પ્રકટે છે; અને એ પ્રભા જ આપણને

(આ તરલ શબ્દનો ગુજરાતીમાં શો પર્યાય મૂકવો? ચિત્રો જોતાં જે ભાવ થાય છે તે 'તરલયતિ'થી કવિ નિર્દેશે છે. અંગ્રેજીમાં thrill?) બાળકોને તોફાની હાથીઓથી, ગામડિયા ટોળાને વાનર, ઊંટ અને રથથી (અથવા વાનરરથ અને ઊંટરથથી?), શ્રદ્ધાળુઓને દેવતાઓનાં ચરિત્રોથી, રાણીઓને ઇન્દ્રાણીઓથી, નટસમુદાયોને વિવિધ પ્રકારનાં નાટ્યોથી, વીર વર્ગોને દેવાસુરોના સંગ્રામથી (૧૧૦). આ રીતે કવિ સંક્ષેપમાં ચિત્રોના વિષય વર્ણવે છે.

હવે આજુબાજુ નજર કરો. વિવિધમૂર્તિઓ-પૂતળીઓ-દેખાશે. આમાં કેટલીક વિવિધ પ્રકારના હસ્તાભિનય બતાવે છે, તે જોતાં કેટલાક નાટચજ્ઞ થાય છે; કેટલાકનું સૌન્દર્ય અલૌકિક છે જે જોતાં કેટલાક વિહ્વલ થઈ જાય છે; કેટલીકના કાનમાં હાલતા તાટંક (કર્ણભૂષણ) કોરેલા છે એ જોઇને કેટલાક શિલ્પચાતુર્ય શીખે છે (૧૩).

મોઢેરા, કુંભારિયા કે દેલવાડામાં આજે પણ એ દશ્ય જોવા મળે એવું છે. જેને પ્રાચીન અભિનય સમજવો હોય તેને એકલો ગ્રંથ વાંચ્યે (અનુસંધાન પૃ. ૩૮૯મે)

GREETINGS TO YOUNG FRIENDS

It is truly beautiful, if amidst the turmoil of life, in the waves of unsolved social problems, we still may hold up before us the glowing Flambeaux of all ages. It is truly beautiful, to study the lives of these great seekers and attainers, as charts for valor, inexhaustible energy and tolerance. It is beautiful through the inexhaustible well of love and tolerance to understand the great movements of refined souls which connected the highest knowledge with the highest aspirations Thus, in studying Great Art we are becoming real cooperators with the supreme evolution and in the brilliant rays of supreme light, may emerge true knowledge. This refined knowledge is based on real comprehension and tolerance. From this source comes the great understanding, and from the great understanding rises the Supremely Beautiful, the enlightening and refining enthusiasm of life.

Contemporary life is changing rapidly; the signs of the evolution are knocking at all doors. Magnificent energies, powerful rays, countless discoveries abolishing conventional boundaries and conceptions are poured through the brains of the great scientists. Antiquity is disclosing to us the secrets of its hoary past, and the future is extending the mighty hand of ascent. In this true, unconventional science, we feel the splendid responsibility before the coming generations. We understand gradually the harm of everything negative. We begin to value enlightened positiveness and constructiveness, and in this measure, in merciful tolerance, we can prepare for our next generation a vital happiness, turning vague abstractions into beneficent realities.

N. Roerich

સ્વસ્તિવાચન

સૌંદર્યનારાયણનાં–પ્રકાશવંત અને પાવક જીવનચૈતન્યનાં દર્શન કરાવે છે.

આજનો જીવનવ્યવહાર અત્યંત ઝડપથી પલટાઇ રહ્યો છે. બારણે બારણે નવવિધાયક ક્રાન્તિ ટકોરા મારી રહી છે. જૂની માન્યતાઓ અને પ્રણાલિકાઓના સીમાડા ભૂંસી નાખતી અસંખ્ય શોધો, પ્રબલ પ્રકાશકિરણો અને જાજ્વલ્યવાન શક્તિઓ મહાન વિજ્ઞાનીઓનાં ભેજાંમાંથી વરસી રહી છે. જટાજૂટ ભૂતકાળ એનાં પુરાકાલીન રહસ્યો આપણી આગળ ઉકેલી રહ્યો છે. ભવિષ્ય ઊર્ધ્વારોહણ માટે એનો મજબૂત હાથ લંબાવી રહ્યું છે. આ સત્ય, અનિરુદ્ધ વિજ્ઞાનવિદ્યા દ્વારા જ આપણને આવતી પેઢીઓ પ્રતિના આપણા મહત્કર્તવ્યનું ભાન થાય છે. બધું ખોટું છે એવી નકારનીતિનાં નુકસાન આપણે ધીમેધીમે સમજતા થયા છીએ, તેમ જ્ઞાનજન્યનિર્ણાયકતા તથા રચનાત્મકતાની કીમત પણ સમજતા થયા છીએ; અને એ જ રીતે કરુણાભર્યા સમભાવ વડે અસ્પષ્ટ તરંગીવેડાને ઉપકારક વાસ્તવિકતામાં ફેરવી નાખી આપણી પછીની પેઢી માટે આત્યંતિક સુખનો સંચય કરી શકીશું.

નિકોલસ રોરીક

ઉંબર બહાર

વિદ્યાર્થી કરતાં પણ વિશેષ તો



પ્રકરણ ૧

ધજા ફરકાવી દીધી

સાંજની ગાડી આવી અને દિનભર સૂનમૂન પડી રહેલા રસ્તામાં પાછું ચેતન આવ્યું. સ્ટેશનથી ગામનો રસ્તો અર્ધા ગાઉનો તો ખરો જ. પણ ગામ પહોંચતાં પહેલાં વચ્ચે છાત્રાલય આવતું હતું. આજે રવિવારની રજા હોઈ કોઈકોઈ વિદ્યાર્થીઓ બારીમાંથી દૂરના રસ્તા પર જોઈ રહ્યા હતા. ખાંધે બચકાંપોટલાં નાખ્યા કોઈ ઉતાવળો ઉતારુ લાંબાંલાંબાં પગલાંથી ગામ ભણી ધપી રહ્યો હતો; તો કોઈ બે ત્રણ જણા મોટેથી વાતો કરતાકરતા ઝડપભેર ચાલતા હતા. ધીમેધીમે રસ્તા પર ઉતારુઓની સળંગ હાર થઈ ગઈ. છાત્રાલયના વિદ્યાર્થીઓને આ નિતનવું દૃશ્ય જોતાં કદી તૃપ્તિ ન થતી. પડખેની નિશાળમાં વર્ગ ચાલતા હોય ત્યારે પણ બારી બહાર આ જનપ્રવાહ તરફ તાકી રહેનારા ને શિક્ષકનો ઠપકો ખાનારા કોઈ કોઈ નીકળતા ખરા.

ક્યાંથી આવતાં હશે આ આટઆટલાં માણસો? આટલી બધી ટિકિટો રોજરોજ કોણ એમને લઈ આપતું હશે આપણને પણ એકાદ ટિકિટ મળી જાય તો? ગિંદુના મનમાં આવી વિચારમાળા ઘણીવાર પસાર થતી. આજે પણ મીટ માંડીને રસ્તા પર એ જોઈ રહ્યો હતો. ત્યાં એક નાનકડા છોકરાને લઈને કોઈ આધેડ વયનો માણસ છાત્રાલય તરફ વળતો એની નજરે પડ્યો.

છૂટી ગએલું પોટલું માંડમાંડ ખભે ધરી રાખી છોકરો અરધો દોડતોદોડતો પેલા માણસની પાછળ પાછળ ખેંચાતો હતો. પોટલામાંથી પહેરણની એક બાંય અને લાલ અબોટિયાનો છેડો બહાર લટકતાં હતાં અને પાછળ હવામાં ઊડતાં હતાં. એ દેખાતાં ગિંદુથી બોલાઈ ગયું: 'ઓ કેશુ, જો તો ખરો, આ વળી ધજા ઉડાવતો કોણ આવે છે!'

કેશુ બારી આગળ આવ્યો. કેશુને જોઈ લાલો પણ આવ્યો. મહેતાબ પણ કુતૂહલ દબાવી શક્યો નહિ. પેલા બે જણા છાત્રાલય પાસે આવી પહોંચ્યા ત્યાં તો બહાર વરંડા (ઓસરી)માં ગિંદુ, કેશુ, લાલો, મહેતાબ, વગેરે સ્વાગત કરવા આવી ઊભા હતા. બીજા મોટા છોકરા પણ બહાર નીકળી આવ્યા.

'લે, ગોપાલ, આવી ગયું તારું મુકામ. કેટલે? કેટલે?- એમ પૂછ્યા કરતો'તો તે!' કહી પેલા માણસે છોકરાઓ તરફ જોઈ પૂછ્યું, 'નારાયણ અંદર છે? બોલાવશો?'

બધા ગોપાલ તરફ જોઈ રહ્યા હતા. ગોપાલ પોટલું નીચે મૂકી દઈ બેસી ગયો હતો અને હાંફી ગયો હોવાથી શ્વાસ લેતો હતો. બધા છોકરાઓની હાજરીથી મૂંઝાઈને એણે પોટલું ઠીક કરવા માંડ્યું. પણ તેમ કરતાં ઊલટી મૂઠીમાં સાચવી રાખેલી અર્ધી ટિકિટ નીચે પડી અને પોટલામાંથી કલાઈ વગરની વાટકી હતી તે કૂદીને બહાર આવી. વળી થાળી અને લોટા વચ્ચે પોટલાની અંદર રહ્યાંરહ્યાં જ કાંઈક ચડભડ થઈ. ફાટેલી નોટબૂક નીચેથી એકદમ ઉપર આવતી રહી. ગોપાલના હાથ, આ નવાનવા વાતાવરણમાં, કામ કરતા ન હતા. છોકરાઓમાં એકબે જણ સાફા બાંધીને ઊભા હતા તેમના છોગાંની લંબાઈ જેવડો પણ પોતે ન હતો એ ગોપાલની ગભરુ આંખે જોઈ લીધું. જેમતેમ કરીને એણે અબોટિયા નીચે બધું ઢાંકી દીધું. એટલામાં નારાયણ ખબર પડવાથી આવી પહોંચ્યો. એની પાછળ કોઈનો અવાજ આવ્યો: 'નારાયણ, લપ આવ્યું'લ્યા તારે! દોડ, દોડ!' ગોપાળે એ શબ્દ બરોબર સાંભળ્યા.

અનુભવાર્થી એવા એક કુમારનું ઘડતર આલેખતી ચાલુ વાર્તા

'ઉંબર બહાર' એ એક કલ્પિત કુમારકથા છે. ઘરનો ઉંબરો છોડી અનેક કુમારો ભણતર માટે છાત્રાલયની (બોર્ડિંગ હાઉસની) બહોળી અને પરાઈ દુનિયામાં પ્રવેશે છે. માબાપ જાણે છે કે દીકરો ભણે છે. અને દીકરો ખરેખર ભણતો પણ હોય છે. છતાં એ સિવાય એ ઘણું બધું કરતો હોય છે. આ, ભણવાને બહાને ગાળેલા, સમયમાં મળતા અનેક અનુભવો એ જ એના ભાવિ જીવનના અણઘડ પાયા રૂપ બને છે. જીવનના મુખ્ય મુખ્ય અનુભવો આ સંવેદનશીલ કાળમાં જ મળી જાય છે. પછીનાં વરસોમાં નવું મેળવવાનું તો ઓછું જ રહે છે; રહે છે માત્ર મેળવેલાને ઓપ આપવાનું. વિદ્યાર્થી કરતાં વિશેષ તો અનુભવાર્થી એવા એક કુમારની આ કથા છે. —ઉ૦

નારાયણ પણ નખ જેવડા ગોપાલને છાત્રાલયને ઉંબરે આમ આવી પહોંચેલો જોઈ નવાઈ પામ્યો. હજી એને અંગ્રેજી અભ્યાસ આડ તો એક પરીક્ષા બાકી છે, છતાં પિતાશ્રીએ કેમ અહીં મોકલ્યો હશે? પેલા માણસે વિદાય લેતાં કહ્યું: 'તારા બાપા મૂકવા આવતા હતા, પણ મને જોઈને માંડી વાળ્યું. કહે કે વનરાવનદાસ, મારા આ ભત્રીજાને બોર્ડિંગમાં આપણા નારાયણને સોંપતા જશો. પરીક્ષા તો આવી ને અમારા ગામમાં માસ્તરનો કંઈ પત્તો નથી. મેં કહ્યું, ભલે સોંપતો જઈશ. તો સંભાળજે, ભાઈ! હું સવારની ગાડીએ પાછો જવાનો છું. કહી દઈશ કે મૂકી આવ્યો છું.' આટલું કહીને એ ચાલવા પણ માંડ્યો. ચાર ડગલાં ચાલીને પાછા આવી એણે નારાયણના હાથમાં પૈસા મૂક્યા ને કહ્યું, 'ગણી લે: છને પૂરા પંદર! ને લે આ કાગળ. માસ્તરને બતાવજે એટલે આને દાખલ કરી દેશે. કોકની ભલામણ હશે.' પોતાને બહુ મોડું થઈ ગયું હોય એમ ભવાં ઊંચાં કરી માથું હલાવી તરત પાછા વળી વનરાવનદાસે ગામ તરફનો રસ્તો પકડ્યો.

છાત્રાલયમાં સૌ કોઈ ગોપાલને જોઈ તાજ્જુબ થઈ ગયા હતા. આ તરફના મુલકમાં અંગ્રેજી ભણતર માટેની નિશાળ અને તેની જોડે વળી છાત્રાલય ને એ બધું નવુંનવું હતું. વિદ્યાર્થીઓ બધા મોટી ઉંમરના હતા. નાનાં બાળકોને માબાપો દૂર 'દેશાવર' આવેલા છાત્રાલયમાં મોકલતાં અચકાતાં. ગોપાલને જોઈ એક સાડા પાંચ ફૂટ ઊંચા રાજપૂત વિદ્યાર્થીથી કહેવાઈ ગયું: 'નારાયણ, કેડ પર ચડાવીને ફર્યા કરજે હવે!'


બીજા પણ બેત્રણ જણે દુનિયામાં થતાં પરિવર્તનો માટેના પોતાના અભિપ્રાયો દર્શાવ્યા: 'હવે તો દાંતમાંથી દૂધે ન સુકાયું હોય ને છોકરાંને લોક મોકલવા મંડ્યાં!'

'રાતે બા! બા! કરીને રડી પડશે ત્યારે બીચારો નારાયણ શું કરશે!'

'ને તેમાં વળી આવાં વહેંતિયાં આવીઆવીને જો પહેલા નંબર રાખે તો તો આપણા તાડના ત્રીજા ભાગ મહેતાજનું ને એવાઓનું તો આવી જ બન્યું ને!'

ગોપાલ ચૂપચાપ આ બધું સાંભળ્યા કરતો હતો. સાંજે નારાયણે બિંદુમલને બોલાવ્યો ને કહ્યું: 'ગુજરાતી નિશાળમાં જનાર તો તું જ એક છે. આ ગોપાલને સાથે લઈ જઈશ ને?'

'અંહ' એવો તિરસ્કારનો ઉદ્‌ગાર પહેલાં તો બિંદુ-મલના મોંમાંથી નીકળી ગયો. પોતે હજી ગુજરાતી



લેખક:
ઉમાશંકર જોષી

શાળામાં જતો. પણ અહીંના અંગ્રેજીવાળા વિદ્યાર્થીઓમાં કોઈ રીતે પોતાનું કદી ઊતરતું બતાવવા દીધું નથી; ને આ ટિચુકડા વિદ્યાર્થીની જોડેજોડે પોતે ફરે તો તો પોતાની ગણતરી પણ નાનામાં જ થાય ને? પણ ગોપાલે તેની સામે જે રીતે જોયું તે એને પસંદ પડ્યું. પોતે જાણે કે મોટો, અનુભવી, પીઢ માણસ હોય ને એનો ટેકો ગોપાલ માગતો ન હોય એવું એ દૃષ્ટિમાં બિંદુએ જોયું. અને ના કહીને યે શું? ગોપાળ પોતાની નિશાળમાં આવવાનો છે તે તો નક્કી જ.

એટલે બીજે દિવસે બિંદુમલ ગોપાલને સાથે લઇને નિશાળે જવા નીકળ્યો.

બપોરે 'રીસેસ' પડી ત્યારે નારાયણે આવીને ગોપાલનું નામ દાખલ કરાવ્યું ને મગનલાલ માસ્તરને એના શિક્ષણ માટે ભલામણ કરી.

ગોપાલ આ 'રીસેસ' જોઈને ખુશખુશ થઇ ગયો હતો. અહીંની નિશાળોમાં આવી તો કેટલી અજાયબીઓ હશે એના ખ્યાલે એનું હૃદય પ્રફુલિત થતું. આખો વખત બિંદુમલ ગોપાલને પોતાના અનુભવનો લાભ આપતો; ને આમ બેસાય, તેમ બોલાય, આ રસ્તે જવું, ને પેલે ખૂણે પાણી પાવા માટે જવું, આનું નામ 'ટાવર', આ નગરશેઠની હવેલી, પેલો જાય એ મામદ ટપાલી—એને છેડવો નહિ, આ મગન માસ્તરનો નેતરનો સોટો, એમ પાર વગરની વસ્તુઓનો તે ગોપાલને પરિચય કરાવતો હતો. પણ બધામાં આ બપોરના અર્ધા કલાકની રજા પડી તેની તો ગોપાલને જુદી જ ખૂબી લાગી. એણે બિંદુમલ પાસેથી જ્યારે જાણ્યું કે અંગ્રેજીવાળાને તો વળી પોણા કલાકની રજા મળે છે ત્યારે ઝટપટ આટલી ચોપડી પૂરી કરવાની એને તાલાવેલી થઇ. ગોપાલ આ 'રીસેસ'ને બદલે 'વિશેપ' શબ્દ સમજ્યો. ભણવામાં ક્યાંક એ શબ્દ આવ્યો હતો ખરો. વિશેપ એટલે વધારાનું. વધારાના આ સમયમાં બધાં જ છોકરાં આનંદ કરતાં હતાં. ગોપાલને પણ એમાં મુક્તિનું વાતાવરણ લાગ્યું.

મગનલાલ માસ્તર વર્ગમાં આવી મેજ ઉપર પગ ચડાવીને ખુરશીમાં નિરાંતથી બેઠા. રીસેસ પછી જ એ કામ કરતા. તે પહેલાં ખાસા બેએક કલાક એ નિદ્રાદેવીની આરાધનામાં કાઢતા. બેઠી દડી ને ગોળ આકારનું પેટ; ટૂંકી ગરદન અને ઉપર ભારેખમ મોં; કાળો સીસમ જેવો રંગ; કમ્મરે પડેલું આછી લાલાશવાળું ધોતિયું, ખુલ્લાં બટનવાળું પહેરણ ને મોટીમોટી મૂછો. મગન માસ્તર આ દેશની હવે ધીમેધીમે અસ્ત પામતી જતી શિક્ષકપરંપરાના છેલ્લા પ્રતિનિધિઓમાંના એક હતા. આવીને પહેલું કામ એમણે એ કર્યું કે મેજ પર જોરથી આંકણી પછાડી અવાજ કર્યો અને ક્ષણેક માટે વર્ગમાં શાંતિ થઇ. એથી સંતોષ પામી ગજવામાંથી તમાકુ કાઢી એને એક હથેળીથી બીજી હથેળીમાં નાખી મોઢેથી ફૂંકતા ગયા ને સાફ કરતા ગયા. વર્ગમાં—ખરું જોતાં વર્ગોમાં કહેવું જોઇએ, ચોથીનો ને પહેલીનો બંને વર્ગ આ મોટા ખંડમાં બેસતા હતા—તરત જ પાછો ગણગણાટ શરૂ થઇ ગયો હતો; અને તમાકુ બે વાર સાફ થઈ હશે ત્યાં તો શોરબકોરની હદ સુધી અવાજ પહોંચ્યો. આવી શાળાઓમાં જે કાંઈ કામ ચાલે છે તે આવા અવાજોના ઘેનમાં જ ચાલે છે. અવાજને વિક્ષેપરૂપ કોઇ ગણતું જ નથી. અલબત્ત, મગનલાલ માસ્તર પાઠ લેતા હોય ત્યારે કોઇની અવાજ કરવાની હિંમત ચાલતી નહિ.

ભાલના પ્રદેશ પર ઉનાળાની રાત *

• પૃથ્વી •

અનાવરણ ચિત્ત શી અતિ ઉદાસ તૃષ્ણા–પરા
અફાટ પ્રસરી સપાટ ભુખરી અલૂણી ધરા,
પરે ગગન વિસ્તરેલ અતિ સન્ધિકાકાલનું,
પલેપલ બન્યે જતું લય તમિસ્ર ઓથારમાં.
અશબ્દ; અહીં શબ્દ કોણ કરશે? ન વૃક્ષો યહાં,
ન એક તૃણ અંકુરોર્મિ નજરે પડે, વાયુ યે
હલાવી શકતો ન ધૂળકણ એટલો કલાંત છે;
પછી કહીં વળી શકે વિહગ રાત સત્કારવા?

અકલ્પ્ય ઝડપે સમસ્ત ઘન અંધ માંડે ભળ્યાં,
હવે ન ક્ષિતિજો રહ્યાં, પ્રબલ પૂર અંધારનાં
અતીત થકી આવતાં, સ્મિત અશેષ, બ્યાપી, કર્યાં.
મહા પ્રલયકાલ શું ઉર? તમિસ્ર ભેદી પણે
અનંત ઉદરે સજીવ દ્યુતિબિંદુ જાગી રહ્યાં
યથા પ્રલયપૂર પે નવવિધાનયાત્રી જતા!

સ્વપ્નસ્થ

* છેલ્લી બે લીટીમાં સુંદર કલ્પના સાથે ઊંચે ચડતું, ભાલના વિશાળ વેરાનનું તાદૃશ સુસ્પષ્ટચિત્ર આલેખતું સૉનેટ.

ચૂનાની ડાબડીમાંથી આંગળી ભરીને ચૂનો લઇ તમાકુમાં મગન માસ્તર ભેળવતા હતા ત્યાં ચોથા ધોરણના મોનીટરે ગોપાલને આગળ ધરી એમનું ધ્યાન ખેંચ્યું: 'સાહેબ, આને ક્યાં બેસાડવો?'

સામાન્યરીતે તો નવા આવનારને ચૂપચાપ છેલ્લો બેસાડતા. પણ પોતાની વડાઇ અને લાગવગ બતાવવા બિંદુમલે મોનીટરને કહ્યું હતું કે 'સાહેબને પૂછી તો જો.'

કંટાળાનું બગાસું ગાઇ મગન માસ્તરે કહ્યું: 'ડિક્ટેશન લખાવો, ને પછી ભૂલો મને બતાવો.'

આજે પહેલે નંબરે જબરજસ્તખાં હતો. બિંદુમલ, ગોરધન, દયાલસિંહ અને જબરજસ્તખાં એ ચાર જણની ટોળીમાંથી એક જણ પહેલે નંબરે હોય ને બીજાઓ બીજે ત્રીજે ને ચોથે હોય. ગોપાળ હોશિયાર છે એમ બિંદુને મોઢે સાંભળેલું એટલે જબરજસ્તખાંએ ભારે જોઇને પાઠ કાઢી, આખી નિશાળ ગાજે એવડો ઘાંટો કાઢી, વચ્ચે વચ્ચે 'અલ્પવિરામ', 'પૂર્ણવિરામ', 'પ્રશ્નાર્થચિહ્ન' એમ ભારપૂર્વક બોલી ડિક્ટેશન લખાવ્યું. લખાવી રહ્યા પછી એકવાર ફરીથી બોલી ગયો, અને તરત જ ગોપાલના હાથમાંથી નોટ ઝૂંટવી લીધી. એક બાજુ બેસી જબરજસ્તખાંએ અક્ષરે અક્ષર તપાસ્યો. પણ ભૂલ નીકળે ત્યારેને! નોટ એણે દયાળસિંહના હાથમાં મૂકી. બિંદુમલ અને ગોરધને પણ અંદર માથું નાખ્યું. નોટ બંધ કરી દયાળસિંહે ગોરધન સામું જોયું. ગોરધને જબરજસ્તખાં સામે નજર કરી, જબરજસ્તખાંએ બિંદુમલના મોં ભણી જોયું. બધા જ છક થઈ ગયા હતા! બિંદુમલે કહ્યું, 'શું લાગે છે?'

જબરજસ્તખાં: 'કાંઈ નહિ; પાંચમો બેસાડીએ.'

પછી એ ગોપાલને લઈ સાહેબ પાસે ગયો ને મેજ પર નોટ મૂકી કહ્યું, 'ભૂલ નથી. પાંચમો બેસાડીએ સાહેબ?' 'હા,' મીંચેલી આંખ જોરથી મોટાં જડબાં હલાવી તમાકુ ચાવતાં ચાવતાં મગન માસ્તર બોલ્યા, અને ઉમેર્યું, 'કેમ એકદમ પાંચમે જતો? સગો બગો લાગે છે? બે દિવસ છાનો છેલ્લો બેસતો. એનો ભાઇ તો આવ્યો એવો જ, નામ ઘલાવ્યાનું કાંઈ આપ્યા કર્યા વગર જ ગયો છે!'

ત્રીજે દિવસે આવડત પ્રમાણે નંબર મળશે એમ બિંદુમલે આશા આપી.

ગોપાલને છેલ્લા બેસવાનું આવ્યું. પણ એ જ તો બહુ સારું હતું. વર્ગમાં ગૅલેરીની બેઠક હતી. નીચેથી ધબધબ કરતા ઉપર જવાનું. બારી પાસે જ બેસવાનું. અને વળી વધારામાં પોતાની પાસે જ, ગૅલેરીમાં પેન પેન્સિલ વગેરે તરડોમાંથી સરકી જાય તો લઈ આવવા માટે, ઊતરવાનું બાકોરું હતું. ગોપાલ તો બિલકુલ નારાજ થયા વગર ત્યાં બેઠો. રાજાની પેઠે કેવું ઊંચું બેસવાનું હતું! ખરી વાત તો એ છે કે એને આગળ બેસાડ્યો હોત તો એને ક્ષોભ થાત. પોતાની લાયકાત તો આગળ બેસવાની છે એ ભાન સાથે છેલ્લા બેસવાનું જ આથી એને વિશેષ ફાવે એમ હતું.

છાત્રાલયમાં દાખલ થયા પછી ત્રીજે જ દિવસે બધાની બત્રીસીએ ગોપાળ ચઢી ગયો. અલબત્ત, બિંદુમલ સિવાય વાત કોણ ફેલાવવાનું હતું? એમ થયું કે બપોરે 'વિશેષ' પડી ને સૌ વિદ્યાર્થીઓ પાણી પીવા ને આમલીના કાતરા ખાવા બહાર દોડી ગયા, પણ ગોપાલ પોતાની બેઠક પરથી ઊઠ્યો નહિ. એણે બે દિવસ સુધી વિદ્યાર્થીઓને ગૅલેરી નીચે કોઇ ને કોઈ બહાને

(અનુસંધાન પૃષ્ઠ ૩૦૨ ઉપર)

મંગળ તિમિર *

· શિખરિણી ·

લઈ ને વ્હેલે તે દિન સ્વજનને દીપ રવિનો
રહે દ્યૌદેવી શ્રી જગ અખિલની જેમ ઢુંઢતી,
અને બાળે જ્યાં જ્યાં નજર-ભરતી શૂન્ય ક્ષિતિજો
ધસે ખાવા જાણે સકળ દિશ જ્વાળા સળગતી.
અને વિશ્વશ્રીની જરી ય ન થતી ઝાંખી નમણી,—
હું યે તેવી રીતે મુજ જીવનનો દીપ લઇને
ભવાકાશે નિત્યે બળી ઝળી રહું નિષ્ફળ ભમી
શિવા રેખા કાજે, જગ મૃગજળે અંધ બનીને!

દિનાન્તે દ્યૌદેવી અવનત મુખે કિન્તુ ક્ષિતિજે
મુકે ના મૂકે જ્યાં દિનકર તણો દીપ, તહીં તે
મીઠા કૈં આઘાતે ઉછળી ચમકી ને નિરખી રે'
ભરી તારા-વૃંદે તિમિરભરતી જેમ પુલકે,—
હું યે તેવી રીતે મરણતિમિરે ભાળીશ ખરે!
સુધાશ્રીથી આત્માદ્યુતિ અમર જે તારક ભરે.

સ્નેહરશ્મિ

* બ્લૅંકો વ્હાઇટ કૃત 'નિશા' નામના કાવ્યની કેડીએ. શ્રી બ. ક. ઠા.નું 'નિશા અને મૃત્યુ' (મ્હારાં સૉનેટ પૃ. ૩) પણ જોવું.



કેવા સંજોગો!

● 'કુમાર'નો ૧૦૦મો અંક પ્રકટ કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે એ અંક બહાર પડશે કે નહિ તેની આશંકાઓ છેવટ સુધી રહી હતી. દેશના સત્યાગ્રહનાં આંદોલનોએ દરેક પત્ર અને છાપખાના ઉપર કાયદાની તલવાર ઝઝૂમતી રાખી હતી. છતાં ઊંડી શ્રદ્ધા અને આશાએ અંકની તૈયારી ચાલુ રાખી સમય આવતાં અંક બહાર મૂકી દીધો ત્યારે જે અજબ આશ્વાસન મળ્યું હતું તે હજુ ભુલાયું નથી. પણ પછી એ જ અંક ઉપર કાયદાની નજર કતરાઈ અને અમદાવાદમાં 'કુમાર' ઉપર જ પ્રેસ ઍક્ટની પહેલી તવાઈ આવી તથા ચાર વર્ષ સુધી મુચરકાનું બંધન રહ્યું. એ પછી તો રાષ્ટ્રીય અને સરકારી તત્ત્વોએ સહકાર સાધ્યો અને નવઉત્થાનના થોડા વાયુ પણ વાયા. એ વાયુમાં રાષ્ટ્ર-મહેચ્છા તૃપ્ત કરતી વર્ષાની વાદળીઓ યે ચડી. પણ યુરોપના ઘોર સંહાર-સંગ્રામના વંટોળમાં તે વિખરાઇ ગઇ. મોંઘવારી અને વસ્તુઓની અપ્રાપ્યતાએ બધા ધંધા અને પ્રવૃત્તિઓને ગૂંગળાવવા માંડી. એવા અવસરે આજ 'કુમાર'ના ૨૦૦મા અંકનું ટાણું આવી પડ્યું છે.

છતાં 'કુમાર'નો ૨૦૦મો અંક એ 'કુમાર'ની કારકિર્દી-નો અમૂલો અંકોડો છે, માર્ગસ્તંભ છે; એ હકીકતને ચિરંજીવ રાખવાના મનસૂબા ઉવેખી ન શકાયા. વાતાવરણ અને બજારોની અસ્થિરતાને લઇને 'કુમાર'ના ૧૦૦મા અંક જેટલો વ્યાપક સહકાર મેળવવાની તજવીજ આ વખતે નથી બની; પણ આસપાસ અને દૂર સહાનુભૂતિ ધરાવતા વાચકો, કલાકારો, સાહિત્યકારો, કવિઓ વગેરેને સહજ સૂચન માત્ર કરતાં તેમણે તત્પરતા અને સહૃદયતાપૂર્વક 'કુમાર'નો આ અંક જે સમૃદ્ધિથી ભરી દીધો છે એ તો 'કુમાર'નો મોંઘો ને ગૌરવપ્રદ વારસો થશે.

કુમાર કાર્યાલયના કામદાર બંધુઓએ આ ત્રણગણા અંકને ઉત્સાહ અને પરિશ્રમપૂર્વક એક જ માસની ચાલુ મુદતમાં તૈયાર કરી નાખવામાં જે વફાદારી અને ખંતેજારી બતાવી છે તેમાં સાચા team spirit (સમૂહોત્સાહ)નું પ્રદર્શન છે. અને એ બધાનું યોગ્ય સંચાલન સંભાળનાર તથા આ અંક પ્રકટ કરવામાં મારા કરતાં વધુ ધગશ બતા-વનાર મારા સહકારી શ્રી બચુભાઈ રાવતનું, આ પ્રકાશન એક સવિશેષ સર્જન બન્યું છે.

આ પ્રવૃત્તિના મુખ્ય શ્રેયભાજન
મારા પૂજ્ય પિતાશ્રી

● એમણે કદિ સાહિત્ય માટે સીધો કે આડકતરો સક્રિય રસ બતાવ્યો નથી; પણ 'કુમાર'ની એકેએક પ્રવૃત્તિ પાછળ પહેલે-થી જ ઉત્તેજન, સહાય ને સહકાર આપી તેની અનેક વિપ-ત્તિઓમાં એમણે આડો હાથ ધર્યા કર્યો છે. એ પીઠબળ ન હોત તો 'કુમાર'ને આ દિવસો જોવાનો પ્રસંગ મુશ્કેલ બન્યો હોત.

પણ આ સ્થૂલ ઉપલબ્ધિ કરતાં યે એમની શિસ્તભરી વત્સલતાએ મારા બાલપણથી જ મારા પર જે સંસ્કારો ને પ્રસંગોની અસર પાડી તેનાં બીજકોમાંથી જ આ પ્રવૃત્તિનો જન્મ થયો છે.

પોસ્ટલ ઈન્સ્પેક્ટર થયા તે પહેલાં તેઓ રેલવે મેઈલ સર્વિસ (આર. એમ. એસ.)ના હેડ સોર્ટર હતા. ત્યાર પછી ઑફિસના હેડ ક્લાર્ક થયા તે વખતે ચોરસ ખાનાં પાડીને તેઓ બ્લૉક અક્ષરો લખતા એ હું જોઇજોઇને શીખી ગએલો. ગુણવાન પુરુષોનો પરિચય કરવાનો તેમનો શૉખ મને ઘણો લાભદાયક થયો. તેઓ પોસ્ટલ ઈન્સ્પેક્ટર હતા ત્યારે તેમની સાથે ગામડાંઓમાં ફર્યો અને ત્યાંના અનેક મહેતાજીઓ
















મારા
પૂજ્ય
પિતાશ્રી
રા. સા. મહાશંકર છગનલાલ રાવળ

સાથે વાતો કરી વિવિધ જ્ઞાન માટે પ્રેમ કેળવ્યો. જાતમહેનત અને વ્યવસ્થાના તેમના આગ્રહથી મને ઘણી તાલીમ મળી.

એમના મુસાફરીના પોર્ટફોલિયોમાં એક આગિયો કાચ (મૅગ્નીફાઇંગ ગ્લાસ) રહેતો. તે વડે હું કાગળો પર સૂર્યનાં કિરણ કેન્દ્રિત કરી તે સળગાવતો. પણ કોઈ એક પળે એ કાચથી ઘરમાંની ભીંત પર બહારના દશ્યનું ઊલટું ચિત્ર પડે છે એવું શોધી કાઢ્યું ત્યારે પ્રકાશનાં કિરણોના કેન્દ્રીકરણ (ફોકસિંગ)નો પહેલો ખ્યાલ મળ્યો. તેમાંથી મારી ચિત્રકળા, ફોટોગ્રાફી, બ્લૉકમેકિંગ વગેરે પ્રવૃત્તિઓના ફણગા ફૂટ્યા છે.

એમના સ્નેહીઓ અને ગુરુબંધુઓનાં કુટુંબોમાંથી મને ઉત્તમોત્તમ મિત્રમંડળ મળી ગયું, જેને લીધે એ જમાનાના ઉત્તમ સદ્‌ગુણો અને વ્યવહારનું મને ભાન થયું અને મારું જીવનઘડતર સુઘટિત બનતું ગયું શિક્ષકો, કવિઓ અને વિદ્વાનોના તેઓ પૂજક છે. એમના ચારિત્ર્યની આછી છાયા પર મેં મારા જીવનકાર્યને ઉઠાવ આપ્યો છે.

આવા મારા માનસિક પૂર્વસંચયો અને મિત્રમંડળની મીઠી લહેરો વચ્ચે 'કુમાર'નું સર્જન થયું છે અને ગુજરાતના સહૃદય તરુણ વાચકો તથા 'કુમાર'પ્રેમી વિદ્વાનો, કવિઓ, સાહિત્યકારો અને કુમાર કાર્યાલયના કામદાર બંધુઓએ તેને ફાલવ્યું છે. આ અંક એ સૌનો પર્વણીઅંક છે.

ર. મ. રા.

કુમાર-નામ-ધારી

'કુમાર' પ્રસિદ્ધ થયા પછીના આ ૨૦૦ માસના ગાળામાં કુમાર નામ સાથે જાહેર થએલાં છતાં 'કુમાર' માસિક સાથે જેને લેશ પણ સંબંધ નથી એવાં:

કુમાર ઈન્સ્યુરન્સ કંપની	કુમાર કથાઓ
કુમાર ગ્રંથમાળા	કુમાર પ્રિ. પ્રેસ (મુંબાઇ)
કુમાર વાચનમાળા	કુમાર રેસ્ટોરાં
કુમારેશ (દવા)	કુમાર સ્ટોર્સ
કુમાર પેન્સિલ	કુમાર વિદ્યાલય
કુમાર પ્રવાસકથા	કુમાર બ્લેડ (હજામતનાં પાનાં)

આ ઉપરાંત બીજાં કોઇ તમારા જાણવામાં આવ્યાં છે ?









આપદ્ગ્રસ્ત સર્જનને પત્ર

·વિયોગિની·

દિવસો ન રહ્યા ઘણા હવે
શિદ, સાધો, તું મુંઝાય આવડું?
શિદ ભાર મથે ફગાવવા?
વિલપે દીન વળી—શું યોગ્ય તે!

દિન વીશ હજાર વેઠિયા,
ત્યમ વેઠાય રહ્યાસહ્યા ન કે?
દરિયો તરિ આવિયો વડો,
રહિ ખાડી જ: શું હામ હાર રે!

દરિયો તરિયો શું ફોક તે
કરવૂં છે કુણિ ખાડિપંકમાં
ફગવીશ શું ભાર જે વહ્યો
ભવ આખો શિરસાટ મસ્તકે?

નહિ ભાર રહ્યો, રહ્યો છ એ
અનુરાગે તુજ મૉડ આગવો:
તુજ જે તપ, શક્તિ સિદ્ધિ જે,
ખિલિયાં સૌ શિર એ ટકાવતાં.

ફગવી દઇ ભાર કાંઠડે
સર ખોડૂં જ કશું બતાવવૂં!
ડુબવૂં ભલું ભાર તારતાં,
ન ભલાં તારણ ગાત્ર માત્રના.

બળવંતરાય ક. ઠાકોર



(અનુ૦ પાછળ પાન ૨૯૯થી) ઊતરતા જોયા હતા. ચાલુ વર્ગે 'સાહેબ, મારી પેન્સિલ પડી ગઇ!' કરી છોકરાઓ અંદર ઊતરતા, ગોપાલને ત્યાં નીચે શું હશે એનું ભારે કૌતુક હતું. આજ તો એને બધાની પેઠે આવડત પ્રમાણે જે આવે તે નંબર મળવાનો હતો. ગોપાળ જાણતો હતો કે પોતે નીચે પહેલી હારમાં જ જવાનો ને આ જગ્યા હમેશ માટે છોડવી પડશે. તેથી શિક્ષકની બીક છતાં એ નાનીશી તોય એક વાર તો અંદર ભુસ્કો મારી દીધો. અંદર આમથી તેમ એણે ઘણા આંટા માર્યા. બરડે માથે થોડુંક વાગ્યું પણ ખરૂં. પછી બહાર આવવા માટે બાકોરા પાસે આવ્યો તો એના હાથ પહોંચે નહિ! કૂદી કૂદીને થાક્યો. બિંદુના નામની એક બે બૂમ પણ પાડી જોઇ. પછી તો સંકોચથી અને શરમથી ગળામાંથી અવાજ જ નીકળ્યો નહિ. પોતા કરતાં પણ નાનાં નાનાં છોકરાંને એણે અંદર ટપ દઇને કૂદી પડતાં ને ચપ દઇને ઉપર આવતાં ક્યાં નહોતાં જોયાં? . . .

'વિરામ' પૂરી થયાનો ઘંટ વાગ્યો ને સૌ અંદર આવી બેસવા લાગ્યા તેના ગૅલેરી પરના ધબકારા અંદર રહ્યેરહ્યે ગોપાલે સાંભળ્યા પણ ખરા. મગનલાલ માસ્તર ભૂગોળ લેતા હતા. એ ભૂગોળના 'ખાં' ગણાતા ને સૌ વિદ્યાર્થીઓ એમનાથી એ વિષયમાં ધ્રૂજતા. વર્ગમાં શાંતિ પથરાઇ.

'બતાવ જો અંદામાન!' મગન માસ્તરે સવાલ પૂછ્યો. પણ કોઇને બતાવતાં આવડ્યું હોય એમ લાગ્યું નહિ. એક પછી એક વિદ્યાર્થીનો ઊતરવા-ચડવાનો અવાજ ગૅલેરી પર થતો હતો ને ગોપાલ નીચેથી તે સાંભળતો હતો. એને થયું કે પોતે ઉપર હોત તો દોડતોક ને નકશા પાસે પહોંચી જઇ આંગળી મૂકીને બતાવી દેત. હમણાં પોતાનો વારો આવશે પણ ખરો; ને આજે નંબર મળવાનો હતો તેમાં હવે ગોટાળો થઇ જવાનો.

ત્યાં મગન માસ્તર બોલ્યા: 'બસ? કોઇને નથી આવડતું?' અને થોડીવાર રહી નેતરનો સોટો ઉપાડ્યો અને છેલ્લેથી વિદ્યાર્થીઓને એક પછી એક આગળ આવી હાથ ધરવા કહ્યું. છોકરો આવે તે દરમ્યાન ઘાંટો પાડીને બોલ્યા, 'આખો વર્ગ આ બે પાનાં દસ-દસ વાર લખી લાવે.'

ત્યાં છેલ્લો છોકરો આગળ આવી હાથ પહોળા ધરી રાખીને ઊભો. કાંઈ યાદ આવતાં મગન માસ્તર બોલ્યા, 'પેલો નવો છોકરો ગામડેથી આવ્યો છે એ ક્યાં ગયો?' 'નાસી ગયો!' એમ કોઇએ જવાબ આપ્યો એ નીચેથી ગોપાલે સાંભળ્યો. બિંદુમલે ગોપાલનો બચાવ કરવાના આશયથી કહ્યું, 'સાહેબ, નાનો છે એટલે એને ફાવતું નથી અહીં.' પણ નીચે રહ્યાં રહ્યાં ગોપાલને થયું કે આ તો નકામી પોતાની આબરૂ જાય છે. અને મોટી ચિંતા તો એને નંબર જવાની અને ફોગટ દસ વાર લખવાની સજા પોતાને ચોંટશે એની થતી હતી. એનાથી બૂમ પડાઈ ગઇ: 'હું આ રહ્યો! હું આ રહ્યો!'

બહારથી 'ઊંઆઓ' એવા સ્વરોના અવાજો ગૅલેરીના ભોંયરામાંથી સંભળાયા. આ વિચિત્ર ઘોષ સાંભળી સૌ અજાયબ થયા અને કોઈ કોઈ છોકરા તો

ગભરાટથી 'ભૂત!' 'ભૂત!' કરતા બારણા તરફ નાઠા. બીજા વળી ઘોંઘાટ કરવા મળ્યાનો અને મારમાંથી ઘડીક છૂટયાનો આનંદ ઉડાવવા લાગ્યા. બિંદુને અવાજ કાંઇક ઓળખાયો અને બોલ્યો, 'સાહેબ, કદાચ અંદર ગોપાલ ન હોય!'

મગન માસ્તર ત્યાં જઇને જુએ છે તો ગોપાલ જ. 'લે, હાથ પકડીને થા ઊંચો' કહી માસ્તરે અંદર હાથ આપ્યો. પણ ગોપાલની હિંમત એમ હાથ પકડવાની ચાલે ખરી? શિક્ષકે અંદર સોટી નાખી, તેનો હાથો પકડી ઉપર આવવા કહ્યું. સોટી જોઇને તો એ અંદર દૂર સંતાઇ ગયો. છેવટે નછૂટકે અને માર ન પડવાની શિક્ષક તરફથી બાંહેધરી મળી એટલે હાથ પકડી જોર કરી શિક્ષક અને બિંદુના ટેકાથી ગોપાલ બહાર આવ્યો.

'લો, આ ભૂત હતો!' મગન માસ્તર સહેજ હસીને વર્ગ તરફ જોઇ બોલ્યા. અને માસ્તરના એ ખુશમિજાજનો લાભ લઈ ગોપાલ હળવે રહીને ગૅલેરી ઊતરી પડીને નકશા પાસે પહોંચી જઈ અંદામાન ઉપર આંગળી મૂકીને ઊભો રહ્યો. એ જોઇને મગન માસ્તરની કઠોર મુખમુદ્રા પણ બેવડું સ્મિત ધારણ કરી રહી.

વિદ્યાર્થીઓને તો ગોપાલ દેવદૂત જેવો લાગ્યો. આ બધામાં આજે મારમાંથી એ બચી ગયા.

તે સાંજે છાત્રાલયમાં ચારે કોર ગોપાલનાં ગીત ગવાઈ રહ્યાં હતાં. નિશાળેથી છૂટયા પછી બિંદુએ નારાયણ પાસે દોડી જઇને અદ્ધર શ્વાસે જ, 'નારણભાઇ, ગોપાલે એટલામાં તો ધજા ફરકાવી દીધી!' એમ કહી બધી વાત પ્રસિદ્ધ કરી દીધી હતી. 'બારકણા માસ્તર જોડે ગોપાલે હાથ મિલાવ્યા!' એ રીતે કોઈ એની ટેકડી કરતું. કોઇ કહેતું, 'આવડો છે પણ બીવડાવી મારે એવો છે હો!'

ગોપાલ તો શરમ અને ડરનો માર્યો અવાક જ થઇ ગયો હતો.

મનમાં થતું હતું કે બિંદુએ મોટાભાઈ આગળ ધજા ફરકાવ્યાની વાત કરેલી તે પોતાની નાલેશીની બાબતમાં જ. એવો વિચાર કરતાં કરતાં, એણે ગૅલેરી નીચેથી જડેલા પેનોના ટુકડા, એક રાતું રબ્બર, બે પેન્સિલ અને એક પૈસો—એ બધું રેલવેની ટિકિટનું અરધિયું સાચવી રાખ્યું હતું તેની સાથે મૂકયું. અને દિવસ સાવ એળે ગએલો તો એને ન જ લાગ્યો. (ચાલુ)



શિક્ષક અને બિંદુના ટેકાથી ગોપાલ બહાર આવ્યો

મંછા ભૂત અને શંકા ડાકણે લીધેલા એક

મરણપથારીએ પડેલાં મોંઘી ડોશીએ કુટુંબ તથા ગામના બીજા ડાહ્યા ગણાતા પુરુષો સમક્ષ પોતાના ઓરમાન પુત્ર જગજીને, પોતાની કોટમાંથી મગમાળા કાઢી આપતાં કહ્યું હતું: 'બીજું પુન્યદાન તો તું જાણે; પણ મારી આ મગમાળા આપણા કુળગોર જદુરામને દાનમાં આપી દેજે!'

અને ગામના બેત્રણ ઘરડેરાં સાથે જગજીના ખુદ કાકાએ પણ હાજીઓ ભણતાં ડોશીને કહ્યું હતું: 'મરતી વેળાની તમારી મરજી છે તો જરૂર આપશે વળી. ને આ માળામાં જગાનું લાગેવળગે ય શું તે! એ તો તમે તમારાં બાવડાંને જોરે કરાવી છે. જગાનું ય એવું ક્યાંથી ભાગ્ય કે એને હાથે બામણને . . .'

પણ આગળ સાંભળવા ન રહેતાં મોંઘીનો પ્રાણપંખેરુ તો રસ્તે પડયો હતો.

બારમાની તૈયારી કરતાં જગજીએ કાકાને કહ્યું: 'એ કાકા, પેલી માળાની વાત પડતી મેલીએ ને એમા બદલામાં નાતને જ અધમણ ઘી વધારે ખવરાવીએ તો શું ખોટું! નાત એ ય ગંગા જ છે ને?'

કાકાને તો પહેલેથી ખાતરી હતી, કે ગમે તેટલું કહો તોપણ જગજીના જીવથી છૂટે તો ભલે, બાકી એની બૈરીની છાતીએથી દોઢેક તોલા સોનાથી મઢાવેલ મગમાળા છૂટવાની નથી. જગાની આ વાત સાંભળી તેને મનમાં થયું: 'ભલેને ત્યારે એમ કરતાં. હું શું કામ ના પાડીને નાતના ભાણામાંથી પાછું વાળી લઉં?'



જગજીએ ડાકલું મંડાવતાં ભૂવાએ પણ ધૂણતાં એ જ વાત કરી.

બારમાને પૂરો એક માસ પણ નહોતો વીત્યો ત્યાં તો જગજીની ભેંશ માંદી પડી. કેટકેટલાં મુરાડિયાં પાયા છતાં પણ જ્યારે તે સાજી ન થઈ ત્યારે કાકાને તેણે ભેંશને ડામ દઈ આપવા વિનંતિ કરી. પણ કાકા તો એ શું દુઃખ છે એ સારી પેઠે જાણી બેઠા હતા, એટલે જગજીને સાચી સલાહ આપી. સલાહ પ્રમાણે જગજીએ એક ગરોને ગ્રહદશા વિષે પૂછી જોયું. અને ગરોએ પણ જેવો કાકાને વહેમ હતો તેવું જ કહ્યું: 'ભાઈ આ તો ડોશીનો જીવ તમને પજવી રહ્યો છે!'

અને આ ગરોએ દેખાડેલ ઉપાય કર્યા વગર જગજીનો પણ છુટકો ન હતો. સવા દસ શેર અડદ અને સ્થાપન અર્થે લાલલીલાં કપડાંના કકડા વગેરે લીધા પછી ગરોએ ભટકતા જીવને જાણે વાળી લીધો. વળી ઉપરથી થોડીક દવા પણ દેખાડતો ગયો.

પણ કાકાને તો ખાતરી હતી કે આ બધું ખાતર ઉપર દિવેલ જ છે. અઠવાડિયામાં જ એમણે સાંભળ્યું કે વલોણું બગડી ગયું છે. માખણને બદલે ફૂચા જ તરે છે. જગજીએ કાકાની અને લોકોની સલાહ પ્રમાણે ડાકલું મંડાવ્યું, અને ધૂણતા ભૂવાએ એ જ જગજાહેર વાત કરી: 'અલ્યા, મરતી ઘડીએ મને વચન આપેલું. પણ તેં તો રકમને વાલી ગણી! પછી મારો જીવ કેમ કરી ગતે જાય?'

પણ ડાકલાવાળાએ એક જીવનો ભોગ માગી એ ભટકતા જીવને ઠેકાણે પાડવાનાં બણગાં ફૂંકી જગજીને હિંમત આપી.

ક્ષેમકુશળ વહી ગએલા પંદર દિવસ જોઈ કાકાને પણ ખાતરી થઇ કે બધું જંપી ગયું છે. પણ બીજા પાંચ દિવસ માંડ ગયા હશે ત્યાં તો ખબર પડી કે જગજીના છોકરાને તાવે ઝાલ્યો છે, અને છેવટે તેમણે મૂંઝવણમાં પડેલા જગજીને ચોકખી સલાહ આપી: 'અરે ગાંડા! દુઃખના મૂળને છોડીને ડાળે શું કામ બાઝે છે? જ્યાં સુધી પેલી મગમાળા બ્રાહ્મણને નહિ આપી દે ત્યાં સુધી એ ડોશી તને જંપવા દેવાની નથી!'

'પણ મને તો એ થાય છે કે જદુરામ જેવા બ્રાહ્મણને દાન આપ્યે તે શું પુન્ય થવાનું . . .'

વધુ ભોગની વાર્તા

મગમાળા



કાકા વચ્ચે બોલ્યા: 'તે હું ક્યાં કહું છું કે જદુરામને જ આપ? બીજા ઘણા ય સુપાત્ર બ્રાહ્મણ પડ્યા છે. આ પેલો ડાયારામ! બીચારો ભલો ભોળો અને ઉપરથી વહવાન છે. એના જેવા ગરીબ બ્રાહ્મણને આપ્યું ય લેખે લાગશે. આપણે તો જ્યાંત્યાં દાન જ કરવું છે ને? ને તાકડે એ આવેલો ય છે. છોકરા ઉપર વાળીને આલી દે એટલે પત્યું!'

અને છેવટે જોડેના ગામમાં આવેલા ડાહ્યારામને તેડાવીને જગજીએ પ્રભાતના શુભ ચોઘડીઆમાં જ મગમાળાનું દાન કરી દીધું. અથથી ઇતિ વાત જાણ્યા પછી પણ ડાહ્યારામને આ પટેલપંચ મૂર્ખ લાગ્યું.

દોઢેક તોલા સોનાની રકમ આમ અચાનક મળતાં એ તો લગભગ હેબતાઇ ગયો હતો. કદાચ આ પટેલનું મગજ પાછું અવળું ફરી જશે એવી ધાસ્તી સાથે જમવા ન રહેતાં સીધું લઇને જ તે રવાના થઈ ગયો.

પાસેના ગામમાં જઇને એકાદ ઠેકાણે પૂછી જોઈ ખાતરી પણ કરી લીધી કે માળા છે તો ચોકખા સોનાની જ. ગઇ સાલ જાત્રા કરી આવેલી મોઘીએ ત્યાંથી લાવેલા તુલસીના મણકા પોતાના પિયરની ભેંશો દોહી એકઠા કરેલા પૈસાનું સોનું ખરીદીને જ મઢાવ્યા હતા.

પટેલના ન આવવાની ગળા સુધી ખાતરી હોવા છતાં ય ડોક મરડીમરડીને હજુ પણ ડાહ્યારામ પાછળ નજર દોડાવતો હતો, કે રખે ક્યાંય પેલો પટેલ માળા લેવા પાછળ આવતો હોય! અને એમ અરધો પંથ વટાવ્યા પછી જ તેને પૂરેપૂરી નિરાંત વળી. અંતરમાં આનંદ તો માતો ન હતો. પણ એ આનંદ સોનાની રકમ મળ્યા બદલ જ કંઈ ન હતો; એ દ્વારા પત્નીને કેટલો બધો આનંદ થશે એની કલ્પનામાંથી જ એનાં મૂળ તો ફૂટતાં હતાં. અધીરાઈથી ઊપડતા પગ જ જાણે કહી દેતા હતા, કે ક્યારે ઘેર પહોંચું ને ઘેરીને આ દાગીનો આપું!

એમ ઉતાવળે ચાલવા છતાંય ઘેર પહોંચતાં તેને બપોર ચઢી ગયા. રસોઇપાણીથી પરવારીને કશુંક સાંધતી બેઠેલી પત્ની આગળ અંતરીક્ષમાંથી ઊતરી પડેલા દેવ પેઠે ખડા થતાં તેણે કહ્યું: 'બોલ બોલ! માગે તે આપું!'

આખો દિવસ લોકોના કલ્યાણ ખાતર મંત્રજાપમાં ગુંથાઈ રહેતા પતિમાં આટલી રસિકતા પત્નીએ કદી જોઇ નહોતી. એટલે હેબતાઇને, જરા રુક્ષ થઈ એ બોલી: 'કેમ આમ છે?'

ડાહ્યારામે એ જ ગંભીર મુખમુદ્રાએ ફરી કહ્યું: 'બોલ, તારે શું જોઇએ? દરદાગીનો જે જોઇએ તે માગી લે!' અને ખીસામાંથી પેલી મગમાળા કાઢી તેના ખોળામાં નાખતા ઉમેર્યું: 'લે, તું ન બોલે તો ય તારા અંતરનો અવાજ મેં સાંભળ્યો છે!' કહી હસતો હસતો ખભે લટકતી સીધાં બાંધેલા ખેસની માળા બાજુએ મૂકી કપડાં ઉતારવા વળ્યો.

ખોળામાં ચમકારા મારતી કોઇ વસ્તુ પડતી જોઈ પહેલાં તો પત્ની ભડકી ઊઠી, પણ બીજી ક્ષણે મોં પર આનંદનાં મોજાં ઉછળી રહ્યાં. ઘડીકમાં મગમાળા તરફ તો ઘડીકમાં પતિ તરફ જોતાં પૂછ્યું: 'પણ આ લાવ્યા ક્યાંથી? ક્યાંય પડેલી જડી કે શું?'

'એવું જ છે તો!' કહી ડાહ્યારામ પત્ની સામે બેઠો અને હાસ્યભરી નજર નાખતાં પૂછ્યું, 'પણ તને ગમી કે નહિ, એ વાત કરને?'

'સોનું વળી કોને ન ગમે? પણ આ તમે લાવ્યાં ક્યાંથી, તે તો પહેલાં કહો?' અને ચૂપ રહેલા પતિને

લેખક
શ્રી પન્નાલાલ

વળી પૂછ્યું. [illegible] વાબની રાહ ન જોતાં તેણે તે કોટે પણ પહેરી લીધી અને ઉરપ્રદેશ પર પડતા ભાગને ડોક વાળીવાળીને જોવા લાગી.

'ખરેખર, બહુ સુંદર લાગે છે હો!' સંતોષની કોઈ મહાતૃપ્તિભરી સૂરતે ડાહ્યારામ બોલી પડ્યો.

એકાસાથે જાણે પાંચ શેર લોહી ચઢી ગયું હોય એવા મુખ સાથે પત્નીએ વળી પૂછ્યું: 'પણ તમે આ લાવ્યા ક્યાંથી? વાત તો કરો!'

'એક વાર તું ખાવાનું કર, પછી નિરાંતે કહું છું. છાનીએ ધડાવ રાખીને જ રાંધજે કે એ આજથી તારી જ છે; માટે ઉતાવળ કરીને કાચુંપાકું ન ખવડાવતી!'

પત્નીને જો ભૂખ્યા પતિનો ને નમી ગએલા બપોરનો ખ્યાલ ન આવ્યો હોત તો તે પૂરી વાત સાંભળીને જ ઊઠત.

ડાહ્યારામ નાહીધોઇને સેવાપૂજાથી પરવાર્યો એટલામાં તો પત્નીએ રસોઈ પણ કરી નાખી હતી. ભાણામાં શીરો અને શાક જોઈ તેને સમજ ન પડી કે આ તો માળા મળ્યા બદલ, કે જમવાનું મોડું થયું છે તેથી, કે પછી પેલી વાત સાંભળવાની ઉતાવળમાં?

જમી પરવાર્યા પછી ડાહ્યારામે પત્ની આગળ મોંઘી ડોશીની મૃત્યુવેળાની ઇચ્છાથી માંડીને તે ભેંશ, વલોણું ને છેવટે છોકરા સુધી ડોશીના અસંતોષી આત્માએ કરેલી પજવણી વગેરેની સાંભળ્યા પ્રમાણે વિગતવાર વાત કરી.

પત્નીએ હસતાં હસતાં કહ્યું, 'માળા લાવ્યા તો ખરા, પણ જોડે મોંઘી ડોશીનું ભૂત આવ્યું હશે તો?'

ડાહ્યારામે હસીને કહ્યું: 'અરે, કાંઈ ગાંડી છે? એ તો બધું તૂત છે તૂત. આપણે જો એ લોકને કહીએ તો માને નહિ. બાકી આ તો બધું રોજનું છે. દસપંદર ઢોરમાં કોક દિવસ એકાદું કથળી યે જાય; ને ભેંશને પાએલાં મુરાડિયાંમાંની અસર દૂધમાં આવે એ દેખીતી વાત છે, પછી વલોણું બગડી જાય એમાં બીચારી ડોશી શું કરે?'

'પણ તમે તો કહો છો ને કે એનો છોકરો ય—'

'અરે શંભુ!' કહી ડાહ્યારામ હસવા લાગ્યો. અને ઉમેર્યું: 'તું મને એવું એકાદું ય માણસ દેખાડીશ કે જે નાનપણમાં માંદું જ ન પડ્યું હોય? પણ એમ કહે કે તારા તકદીરે જોર કર્યું એટલે એ લોકોને ય હરીફરીને મૂએલી ડોશી જ જ્યાં હોય ત્યાં દેખાવા લાગી!'

'એ તો તમારા મનથી ને? બાકી પજવ્યા વગર કોઈ આવી ભારે રકમ આમ આપે ય છે? ને કશામાં જીવ રહી જવાથી ભટકતા જીવની વાત તો શાસ્ત્ર પણ કબૂલ કરે છે.' કહી ઉમેર્યું: 'મને તો લાગે છે કે કંઠી સાથે ડોશીનું ભૂતે ય–'

પણ ડાહ્યારામે અડગ શ્રદ્ધાથી કહ્યું, 'લે છાની રહે છાની. જે ઘરમાં રોજ હવન–પાઠ થાય એ ઘરમાં ગમે તેવા ભૂતની ય દેન છે કે પેસી શકે? અને ધાર કે ડોશીનો જીવ રહી ગયો હોય, તો યે દાન આપવાની ઇચ્છા પૂરી થતાં જ એનો આત્મા ગતિને પામી ચૂક્યો.'

પણ પત્નીને હજુ પૂરેપૂરો સંતોષ નહોતો થયો. માળા સાથે રમત કરતાં વળી પૂછ્યું, 'પણ એ બાઇએ તો જદુરામને આપવાનું કહેલું ને!'

'પણ જદુરામ એટલે બ્રાહ્મણ જ ને! યજમાનને જે સુપાત્ર લાગે એને આપે. એ તો ગઈ સાલ જદુરામની જોડે જાત્રાએ ગએલી એટલે સ્વાભાવિક છે કે એનું નામ પહેલું મોંએ આવે; બાકી મૂળમાં તો એ બાઇની ઇચ્છા તો એટલી જ, કે બ્રાહ્મણને દાન કરવું.'

પત્ની આ લપછપમાં આથી વધારે ઊંડી ન ઊતરતાં ઊઠી. આડુંઅવળું કામ કરી, પતિને ઊંઘી ગએલો જોઇ માળાને સાચવીને મજૂસમાં મૂકી દીધી.

રાતે ખાટલામાં પડી પણ તેને ઊંઘ નહોતી આવતી. કદાચ મનમાં ને મનમાં દરદાગીના પહેરી, કોઇ શુભ પ્રસંગમાં મહાલતી પાડોશણોની સાથે પોતાને મગમાળા પહેરેલી કલ્પી એમની બરાબરી કરી રહી હશે. પણ તેટલામાં મજૂસ આગળ કંઇક ખડખડાટ થયો. પોતે સૂતી છે ત્યારની જાગતી જ પડી છે, રાત બહુ નથી ગઇ એની ખાતરી હોવા છતાં ય 'ચોર તો નથી ક્યાંય!'



જતાં જતાં [illegible] ડાહ્યારામે ખાતરી પણ કરી લીધી કે માળા હતી તો ચોકખા સોનાની જ.

એવી શંકા થઈ અને છેવટે દીવો સળગાવી પૂરેપૂરી તપાસ કર્યા પછી જ તેને કંઈક નિરાંત વળી. જોકે ખડખડાટ તો વળી પાછો શરૂ થયો હતો.

તે રાતની વાત તો તેણે પતિને ન કહી, પરંતુ જ્યારે બીજી રાતે પણ એ ખડખડાટ સંભળાવા લાગ્યો ત્યારે તો તેનાથી પતિને જગાડ્યા વગર ન જ રહેવાયું.

મોડી ઊંઘમાંથી જાગતા પતિએ પૂછ્યું:'શું છે પણ?'

'પૂરા જાગો તો ખરા. જુઓને આ મજૂસ આગળ શો ખખડાટ થાય છે?'

'ઉંદર હશે. બીજું કોણ ખખડાવવાનું હતું?' કહી પતિ પાસું ભરડી ગયો.

પતિના ચીઢાવાની બીકે અત્યારે તો તે ચૂપ રહી, પણ સવારમાં તો ચીઢ ઠાલવ્યા વગર ન રહી શકી. છતાં ય ડાહ્યારામે હસીને એની બીકને ત્યાં જ દાબી દીધી. ઊભા થતાં કહ્યું: 'લે હવે, ગાંડપણ દેખાડ્યા વગર પાણી કાઢી આપ, ચાલ; નાહીને રવાના થઈ જાઉં.'

પતિને યજમાનોમાં જવાનું છે એ જાણવા છતાં ય પત્નીએ પૂછ્યું: 'ક્યાં જવાનું છે જે?'

'કેમ ક્યાં? તારી આ માળાના હરખમાં કામ અધૂરું મૂકીને આવ્યો છું તે પૂરું તો કરવું પડશે ને? બે ઠેકાણે તો કથા કરવાની છે!' કહી, નિરાંતથી બેસી રહેલી પત્નીને વળી કહ્યું: 'લે ઊઠ, ચાલ, મારે પાછો તાપ ચઢી જશે.'

કંઇ પણ બોલ્યાચાલ્યા વગર પત્ની ઊઠી ને પાણી કાઢી આપ્યું. ડાહ્યારામે સંધ્યાપૂજા કરી ત્યાં સુધી પણ તે કશું ન બોલી; પણ જ્યારે તેણે કપડાં પહેરવા માંડ્યાં ત્યારે તો તેને કહેવું જ પડ્યું, 'બે દિવસ પછી જજોને!'

પોતાને ધકેલીને ગામડે મોકલનાર પત્નીને આજ આમ રોકતી દેખી ડાહ્યારામને પૂરેપૂરી ખાતરી થઇ કે એ પેલી મગમાળાના ભૂતથી બીએ છે. પણ તે કેટલી હદે બીએ છે એ તો એ પત્નીનું ગંભીર મુખ જોવા છતાં ય નહિ સમજી શક્યો હોય. અને તેથી જ તેણે કંઈ કારણ ન પૂછતાં સામાન ખભે નાખતાં કહ્યું: 'અરે હું તો બેત્રણ દિવસમાં આવ્યો પાછો. કંઈ પરદેશ તો નથી જતો ને?'

'બે ત્રણ દિવસ નહિ; કાલે સાંજે પાછા આવવાના હો તો જાઓ.' અને હસતા પતિને કહ્યું: 'તમે હસો છો, પણ રાતે મારો તો જીવ જાય છે. કોણ જાણે આ એક રાત જ શી રીતે જશે!'

ડાહ્યારામે રાતે નાહીને સૂઇ રહેવાની, ઓશીકે



બીજે જ દિવસે પાછા વળી આવવાનું કહીને ડાહ્યારામ ચાલતો થયો.

ધર્મ પુસ્તક રાખવાની ને એવી બધી સલાહ સાથે પત્નીના વહેમ ઉપર થોડુંક ભાષણ આપી, એકબે દાખલા ટાંકી દેખાડી તેને હિંમત આપી, અને પોતાને જવાની અગત્ય સમજાવી બીજે દિવસ પાછા આવવાનું કહી ચાલતો થયો.

ચંચળે રાતે પતિના કહેવા પ્રમાણે બાહ્ય વિધિઓ તો બધી ય કરી, પણ વહેમ ટાળવાની આંતરવિધિ તે ન કરી શકી. રાતે ત્રણ વખત તો તેણે દીવો સળગાવ્યો; પણ ન તો એકે ઉંદર દેખાયો કે ન જણાઇ બિલાડી. દીવો હોલવતી કે વળી પાછો પેલો ખખડાટ શરૂ થતો. ખૂબી તો એ હતી કે કોઠીઓ આસપાસ થતા ખખડાટ કરતાં યે મજૂસ આગળ થતો ખખડાટ તેને વધારે સંભળાતો. જામતી રાત સાથે ખખડાટ પણ જામતો ગયો અને સાથેસાથે ચંચળની બીક વધતી ગઇ. દીવો ચાલુ રાખવા છતાં ય ખખડાટ બંધ ન થયો. છેવટે ન રહેવાયું ત્યારે તેણે ઘરનું કમાડ પણ ઉઘાડી દીધું અને પાછલી રાત તો આંગણામાં બેસીને પતિના કહેવા પ્રમાણે શંભુ ભોળાના રટણમાં જ પૂરી કરી.

મન સાથેની કેટલીક દલીલોને અંતે તેને ખાતરી થઈ ગઈ હતી કે મગમાળા સાથે નક્કી પેલી ડોશીનું ભૂત આવેલું. અને એ ભૂતના રંજાડ અને એની પ્રબળતા વિષે તો એકલી આ દલીલ જ પૂરતી હતી: 'એવું ન હોત તો આવો મોંઘો દાગીનો કોઇ દાનમાં આપી ય દે?'

પતિ આવતાં જ તેણે પોતાનો નિર્ણય જણાવી દીધો 'મહેરબાની કરીને આજ ને આજ પેલી મગમાળા પાછી આપી આવો.' ડાહ્યારામે તેને ઘરમાં હવન વગેરે ધર્મવિધિ કરવા, એ રકમને ભાંગીને બીજી ઘડાવવા-વગેરે કઇક

ગગનગામીને

અહો ગગનગામિ! આવ; ઝડપી તું લેલે મને,
ઝુકી ગગનગુંબજોથી, તવ તંગ પંજે મને
ઉઠાવ, મુજ ભોં-ઢળી શિથિલ મૃણ્મયી કાયને.

તુટે મર ત્વચા, ફુટે હૃદય; માંસમજ્જા બધું
બને મર તવોદરે ગટક; મૃત્યુ થાયે, ભલે.
મને વસમું એ ન; હા! વસમું આ મને જીવવું.
ભલે અણુ અણુ વિલાઉં, પણ કીટ હા હા મટું.
પડી ઉદર તાહરે રુધિરમાંસ મારાં થશે
તવાંશ-ગગનો ઘુમંતી તવ•પંખ ઝંઝાભરી—
ગ્રહું મરણથી, અનંત ડયનોની સંજીવની.
અહો ગગનનાથ! આવ પવનોની પાંખે ચડી,
ભલે તું લઇ આવ સાથ શતમૃત્યુકેરી ઝડી.

સુન્દરમ્

રીતે સમજાવવા પ્રયત્ન કર્યા; પણ પત્ની એકની બે ન થઈ તે ન જ થઈ, એટલે ડાહ્યારામ સહેજ ચીઢાયો. પણ એટલામાં તો પત્નીએ રડી દીધું. રડતાં રડતાં કહ્યું: 'તમને તો એ રકમ વહાલી છે! પછી ભલેને એક રાતે એ ડાકણ મારું ગળું દબાવી દેતી!'

આ સાંભળી ડાહ્યારામને પણ એટલો જ કંટાળો આવ્યો. તરત જ ઊઠ્યો અને મગમાળા કાઢી, આવ્યા હતા તેવો જ ચાલતો થયો. જતાંજતાં કહેતો ગયો: 'હવે કોઇ દિવસ દાગીનાનું નામ લે ત્યારે તારી વાત છે!'

એકલી પડેલી પત્નીએ વહેલી રાતે નિરાંતથી ખાટલામાં લંબાવ્યું. થોડીવાર ખખડાટ સાંભળી રહી. પણ તેને ખાતરી થઈ કે આગલા બે ત્રણ દિવસ કરતાં આ તો ઘણો જ ઓછો-ઉંદરોનો જ ખખડાટ છે. અને પછી તો થોડીવારમાં જ તેનાં નસકોરાં બોલવા લાગ્યાં.

ઘેરથી કંટાળીને નીકળેલા ડાહ્યારામનું મગજ જંગલમાં મસ્ત બનીને વહેતા સાંજના વાયરાએ જરા હળવું પાડ્યું. પત્નીના વહેમ ઉપર તેને હસવું આવ્યું. વળી લીધેલું દાન પાછું આપીને આસપાસના યજમાનોની ઈતરાજી વહોરવા સાથે ખુદ જગજીના કુટુંબને તો દુઃખના દરિયામાં ધકેલી દીધા જેવું જ લાગવા માંડ્યું. ઉપરથી બાર માસની ટાંટિયાતોડ અને જિહ્વાતોડની મહેનત પછી પણ જેટલું નહોતું મળતું એટલું મળેલું ફક્ત પત્નીના એક મૂર્ખ વહેમને લીધે તજી દેવામાં પણ તેને નરાતાળ મૂર્ખતા જ લાગી. આ બધા વિચારને અંતે તેણે મગમાળા પાછી ન આપવાનો જ નિર્ણય કરી દીધો: 'હમણાં થોડા વખત સંતાડી રખાશે ને પછી લાગ મળતાં થોડુંઘણું બીજું સોનું ઉમેરીને બીજો દાગીનો ઘડી લેવાશે.'

અને એ વિચાર પ્રમાણે જ એણે એ આચરણમાં મૂક્યું. એક ગામડે રાત ગાળી બીજે દિવસ તે ઘેર આવ્યો. ઘરમાં પેસતાં જ પત્નીને હસીને પૂછ્યું: 'હવે તો નિરાંતથી ઊંઘ આવી હશે ને!'

'હવે શું હતું તે ન આવે!' પત્નીએ ચઢેલે મોંએ જ કહ્યું અને 'પોતાને જો એટલી વીતક વીતી હોત તો તરત ખબર પડત કેવું થાય છે!' એમ બબડતી કામે વળી.

ડાહ્યારામે પણ જરા લાગ મળતાં પેલી મગમાળાને મજૂસમાં મૂકેલાં કપડાંની ગડીમાં સેરવી દીધી અને સાથેસાથે એ વાતને પણ બિલકુલ દાટી દીધી.

સારા માઠા દરેક કાર્યમાં શંભુ ભોળાની શુભ ઈચ્છા માનનાર ડાહ્યારામને પાડોશમાં વિવાદ ઊપડ્યો ત્યારે જ સમજ પડી કે પેલી મગમાળાના વીતકમાં પણ શંભુ ભોળાની શુભ નિષ્ઠા હતી. જો મગમાળાની આવી રામાયણ ન થઈ હોત તો આ બે દિવસમાં તો પત્નીએ પોતાનું અરધું લોહી બાળી મૂક્યું હોત.

આજ દિવસે જે સ્ત્રીઓનાં અંગ ઉપર બેચાર થીગડાં સિવાયનાં સાદા સાલ્લા ય જોવા નહોતા મળતા તે અંગ આજ રેશમી સાડીઓ ને જાતજાતના સોનાના દાગીનાથી શોભી રહ્યાં હતાં. સૌંદર્યના ગુચ્છ સરખી એ યુવતીઓને જોતાં જોતાં ઘર તરફ આવતા ડાહ્યારામને લાગ્યું કે એમાં પોતાની પત્ની નથી. 'કદાચ રિસાઈને તો ઘરને બારણું નહિ ભરાઈ હોય!' એવી શંકા સાથે ઉતાવળે આંગણાની ધાર પર પહોંચ્યો ત્યાં તેને કાને

જ્યારે અજ્ઞાન આગળ જ્ઞાનનાં હથિયાર હેઠાં પડે છે



એક આછી ચીસ સંભળાઈ: 'ઓ બાપ રે . . .' બાપ્રી રે મા . . .!'

'શું છે? શું થયું?' ના સવાલ સાથે બારણામાં પેસતા ડાહ્યારામની છાતીએ આવતી પત્ની અથડાઈ. બાવડે ઝાલી ટટાર ઊભી રાખતાં પતિએ, 'પણ આટલું બધું છે શું!' એમ પૂછતાં પત્નીને બારણા આગળથી અંદરની બાજુ ધકેલતાં ઉમેર્યું: 'બહાર લોક આવજા કરે છે એની તો જરા ખબર રાખ!'

પત્ની તો હજુ ય એની ધૂનમાં જ હતી. બબડતી હતી: 'ના રે બાપ! મારે તો ઘરમાં નથી આવવું!' અને ધબ દઈને તે ઘર વચ્ચોવચ્ચ બેસી પડી.

પત્નીના ધોળા પૂણી સરખા મોં તરફ તાકતાં ડાહ્યારામે પૂછ્યું: 'પણ તને થયું છે શું? આ ફજેતો કરવાનું કાંઈ કારણ તો હશેને?'

'શું છે તે જુવો જઈને પેલી મજૂસમાં! રાંડ ચમકારા મારી રહી છે એ તો જુવો! જોતામાં જ મારો તો જીવ ઊડી ગયો. આપી આવ્યા તો ય રાંડ તો મારો જીવ લેવા પાછી આવી છે! ઓ મા! હવે શું થશે?!'

ડાહ્યારામને સમજતાં વાર ન લાગી. પોતે માળા પાછી જ નથી આપી આવ્યો એમ કહી પત્નીનાં 'તમને તો એ ઘણી વહાલી છે; મારા જીવની તો તમારે શી પડી હોય!' એવાં વેણ સાથે જિંદગીભર એનો વિશ્વાસ ગુમાવવા કરતાં વાતને વહેમમાં જ ખપાવી આટલેથી ટૂંકા કરી દેવાનું જ યોગ્ય લાગ્યું. હસવાનો પ્રયત્ન કરતાં એણે કહ્યું: 'મર રે મર, ગાંડી! એ તો તેં અંધારામાં બીજું કશુંક જોયું હશે. લે ચાલ દેખાડ જોઉં મને!' કહેતો ડાહ્યારામ આગળ ગયો. ઉઘાડી પડેલી મજૂસમાંથી આંધળા હાથે પેલી માળાને પકડી પાડી પહેરેલા બંડીના ખિસ્સામાં સરકાવી દેતાં કહ્યું: 'ક્યાં છે?' અને કપડાંનો ખડકલો લાવી પત્ની આગળ નાખતાં ઉમેર્યું: 'અરે રામ રામ! આવી વહેમી ને વહેમી ક્યાં સુધી રહીશ?'

પત્નીએ આઘા સરકતાં કહ્યું: 'મહેરબાની કરીને એ લૂગડાં મારી પાસે ન લાવતા!'

'એમ જ કહેને કે અંધારામાં જ બધું બાફેલું!'

'ત્યારે એમ!' કંટાળા સાથે એ બોલી અને તરત જ પાછી ગુસ્સે થતાં બોલવા લાગી: 'તમારી સગલી તો દીવો લઈને લૂગડાં કાઢવા ગઈ'તી! માળા મજૂસમાં ઘાલી તે દનથી મને તો પૂરી ખબર પડી ગઈ હતી. અંધારામાં તો મજૂસમાં ડોકિયું ય ન કરું ને!'

એટલામાં કિશોરીઓનું ટોળું બારણા આગળ આવી ઊભું અને બોલી: 'લો ચાલો ને, ચંચળભાભી! આય હાય, તમે તો હજુ લૂગડાં ય નથી પહેર્યાં!' મારી બા તો ત્યાં તમારે વાસ્તે ધમપછાડ કરી રહી છે.'

ચંચળના બોલતાં પહેલાં ડાહ્યારામે કહ્યું: 'લક્ષ્મી, તું બીજાંને બોલાવ. બીજાં આવી રહેશે એટલામાં તારી ભાભી આવી પહોંચશે.'

'બીજાં બધાં તો આવી ગયાં છે.' કહી, લક્ષ્મી પીઠ ફેરવતાં કહેતી ગઈ, 'ચાલજો ઝટ પાછાં.'

ડાહ્યારામે પત્નીને કપડાં આપતાં કહ્યું, 'લે પહેરી લે, ઊઠ; પેલાં ત્યાં વાટ જુએ છે.'

'મારે તો જવું ય નથી ને પહેરવાં યે નથી!' બબડી ચંચળ ઊઠી ને ખાટલો ઢાળી લંબાવતાં ભારે શ્વાસ લેતી બબડી: 'અરે ભગવાન, હવે શું થશે!'

પત્નીને સમજાવી સમજાવીને થાકેલા પતિએ ત્રીજી વાર તેડવા આવેલી લક્ષ્મીને છેવટે કહી દીધું, 'એનું શરીર સારૂં નથી એટલે નહિ આવે.'

ખબર પડતાં જ કેટલાંક આડોશીપાડોશી સગાંવહાલાંની આવ જા પણ વધી પડી. કોઈ ખાટલા ઉપર ગોદડી પાથરવાની સૂચના કરતું ગયું તો કોઈ વળી ચંચળની ગભરાએલી આંખો જોઈ નજર ઉતારવાની સલાહ આપતું ગયું. આ બીમારીનું મૂળ કારણ જાણનાર ડાહ્યારામને સમજ ન પડી કે પોતે હસવું કે રડવું!

એકાન્ત મળતાં વળી પાછો તે પત્નીને સમજાવવા લાગતો, 'આ તો તું અમસ્થી ધાક ખાઈ બેઠી છે. ન માને તો તું ઊઠ, હજુ ય મજૂસનો ખૂણેખૂણો તારી જાતે



ખબર પડતાં જ આડોશીપાડોશી દોડી આવ્યાં.

જોઇ વળ. ચાલ, હું જોડે ઊભો રહું છું; ચાલ ઊઠ.'

પણ પત્નીને તો ખાતરી હતી કે ભૂતનાં ચરિત્ર તો એવાં જ હોય. પતિ માળા પાછી આપી આવ્યા એ તો નક્કી હતું; અને તો ય તેણે દીવાને અજવાળે સગી આંખે એ જોએલી એમાં યે શંકા ખાવા જેવું હતું જ નહિ. વળી હમણાં ન હોવાની પતિ જે ખાતરી આપતો હતો એની પણ એને હવે જરૂર ન હતી. જેવી રીતે આવી એવી રીતે પાછી ઊડી ગઇ હશે!

પતિની સમજાવટથી કંટાળતાં તેણે દાંતિયું કર્યું: 'તમે મહેરબાની કરીને મને હવે પડી રહેવા દેશો? એ તો હું ય જાણું છું કે અત્યાર સુધી એ હોય જ નહિ. મેં મારી સગી આંખે જોયું તો ય જો તમે ન માનતા હો તો પછી ન માનો. પણ હું તમને હાથ જોડું છું: હવે એની તમે વાત જ ન કરશો. મને પડી રહેવા દો!'

રાત જામતી જતી હતી. વિવાહનો જમણવાર પ્રત્યે ફળીઆના ચોકમાં ખાટલા નાખી આડા પડેલા પુરુષો કોઈ ગપ્પાં મારતા હતા, તો કોઇકોઇ ઊંઘી પણ ગયા હતા. એક બાજુ યુવતીવૃંદ જીવનનો ઊડી જતો લહાવો લૂટવા મળ્યો હોય તેમ એક પછી બીજું ગીત ઉપાડતી જતી હતી, પણ ખુલ્લું બારણું હોવા છતાં યે આમાંનો અક્ષર સરખો પણ ડાહ્યારામના મગજ સુધી નહોતો પહોંચી શકતો. ઘડીએ ઘડીએ તે પત્નીના ગાલે હાથ અડાડતો અને પૂછતો, 'તને શું થાય છે! તાવ ચઢ્યો છે ને કેમ કહે છે કે કશું નહિ?'

મૂંઝાતાં મને આખરે એ આંગણામાં આવી ઊભો રહ્યો. આઠમનો ચંદ્ર આથમી ગયો હતો. યુવતીઓનાં ગીત અને તેમનો કલશોર પણ શમી ગયો હતો. આખા યે ફળીઆમાં આડે સાથરે ખાટલા ઢળાએલા હોવા છતાં બધું સુમસામ હતું. રાત્રિની નીરવતામાં બોલાતાં નસકોરાંનો અવાજ શાન્તિની ભયંકરતામાં જાણે વધારો જ કરતો હતો.

કંઈક વિચારને અંતે ડાહ્યારામ પાછો ઘરમાં પેઠો અને કમાડ વાસ્યું. પત્નીના માથા તરફની ઢગલી ઉપર ટમટમતા દીવાની વાટ જરા સંકોરીને વળી પાછો તે પત્નીના ખાટલા ઉપર જઈ બેઠો. પત્નીની આંખો બંધ હોવા છતાં શ્વાસના આરોહઅવરોહ પરથી ડાહ્યા-રામને લાગતું હતું કે એ હજુ જાગતી હતી. એટલામાં આંખો ઉઘાડીને પત્નીએ જાગવાની ખાતરી કરી આપી.

'જો ત્યારે. હું તને સાચી વાત કહું? મૂળ વાત તો એ છે કે મગમાળા હું પાછી આપી જ નથી આવ્યો.'

પોતા પર છંછેડાવાને બદલે પત્નીને ચૂપ જોઇ ડાહ્યારામે પોતે મગમાળા પાછી ન આપી આવવાનું તથા અત્યાર સુધી તે છુપાવવાનું કારણ વગેરે વિગતવાર કહેતાં ઉમેર્યું, 'આ તો તું નાહકની ધાક ખાઇ બેઠી છે. મારા ઘરમાં જો ભૂતનો ઓળો સરખો ય પડે તો આ શાસ્ત્રનાં થોથાંની બીજે જ દિવસે હોળી કરી નાખું સમજીને? આટઆટલું શંકર ભોળાનું સેવન કરૂં છું તે શું નાહકનું હશે એમ જાણે છે તું?'

ભૂતપલીતના સ્વામી શંકર ભોળાના આ ભકતની મક્કમ રુક્ષ સૂરત જોઈ પત્નીને બીક લાગી કે કોણ જાણે, પણ તેણે આંખો માચતાં ગળગળા અવાજે કહ્યું: 'પણ મેં મારી સગી આંખે દીઠી—'

'પણ એની હવે કોણ ના પાડે છે? હું પાછી જ નહોતો આપી આવ્યો પછી—'

પત્ની વચ્ચે બગડી, 'હવે તો એમ જ કહેશો ને?'

ડાહ્યારામને સહેજ ખીજ ચઢી. તેણે ખિસ્સામાંથી મગમાળા કાઢતાં કહ્યું: 'ન માને તો જો હજુ તો આ–'

પણ શબ્દ પૂરો થતાં પહેલાં તો 'ઓ મા રે...!' ની ચીસ નાખતી પત્ની ખાટલામાંથી ઉછળી. કોડી પરના દીવાને તેનાં આંગળાં અડતાં કોડિયું ભોંય

પડ્યું. ઘોર અંધકારમાં પત્નીના જાણે જીવ ખેંચાતો હોય તેવી ચીસો સાંભળી ડાહ્યારામ પણ ગભરાઈ ઊઠ્યો. બીજી બાજુ ગુસ્સો પણ એટલો બધો આવ્યો કે અજવાળું હોત તો પત્નીને તમાચો જ ખેંચી કાઢત.

ઝટપટ દીવો સળગાવી જોયું તો પત્ની બેભાન દશામાં જમીન ઉપર પડી હતી. ડાહ્યારામના તો હોશ કોશ ઊડી ગયા. પત્નીને ઊંચકીને ખાટલા પર સુવરાવ્યા પછી તેને ભાન આવ્યું કે કોઈક બારણાં ઠોકી રહ્યું છે.

બારણું ઊઘડતાં જ સાતઆઠ માણસનું ટોળું અંદર ઘૂસી આવ્યું ને સવાલ પૂછવા માંડ્યાઃ 'શું છે ડાહ્યારામ? ચંચળને હજી ઠીક નથી થયું?'

ડાહ્યારામે બધાય સવાલોનો એકજ જવાબ આપ્યોઃ 'કોણ જાણે શું થયું છે! કશી સમજણ જ નથી પડતી!'

'અરે, શું તાકી રહ્યા છો, ભલા માણસ! આ તો દંતકડી ભીડાઈ ગઈ છે ને! લાવો કાંઈ તરેથો ચાંપીએ.'

બાઈઓએ દંતકડી ઉઘાડી અને માથા ઉપર પાણી પણ છાંટ્યું; કોઈએ વાયુ કહીને ખાંસડું પણ સુંઘાડ્યું; અને આમ બીજી કેટલીક મથામણ પછી ચંચળે આંખો તો ઉઘાડી, પરંતુ એ આંખો કોઈ બીજી જ દુનિયામાં ભટકતી હોય તેવી ફાટેલી અને આમતેમ ભમતી, જોનારને બીક પેદા કરનારી હતી.

'નક્કી આનામાં કોઈ પલીતનો પ્રવેશ થએલો છે.' એક અનુભવીએ કહ્યું.

પછી તો ચંચળ આગળ ઘરમાં લોબાન વગેરેના ધુમાડા કર્યા. માનો કે એ ધુમાડાના ગોટમાં તેને ભારી જ દીધી. એક બ્રાહ્મણે તો થાળી વગાડીને છૂમંતર સાથે એ અછૂતવિદ્યાની બેતો પણ શ્વરને ખૂણે લલકારી. પરંતુ રામ તારી માયા! ચંચળ ન તો ધૂણી કે ન કશું બોલી. એ તો ફાટેલી આંખો ચારેગમ ફેરવતી જ રહી.

આ ચીજ ને પેલી ચીજ, આ દવા ને પેલી દવા, એમ કરવામાં પડેલા ડાહ્યારામે દોડધામ કરવામાં કશી જ કચાશ ન રાખી. પણ તો ય આખરે તો એનો પત્ની ગુમાવ્યે જ છૂટકો થયો.

પત્નીના છેલ્લી ઘડીઓના ધમપછાડા; 'ઓ રે... આ મને લઈ ચાલી! આ દેખાય રાંડ તો! મરી ગઈ રે...મા!' વગેરે આક્રંદો અને એ સૂરત તો ડાહ્યારામ કદાચ જિંદગી સુધી પણ નહિ ભૂલી શકે!

પત્નીની મરણક્રિયાથી પરવારેલા ડાહ્યારામને લાગ્યું કે પેલી મગમાળાને હવે વધુ વાર સુધી એ પોતાના ઘરમાં નહિ સંઘરી શકે. ઉપરાંત, હવે એ કશા કામની પણ ન હતી. કેટલાક વિચારને અંતે એ મગમાળાને જદુરામને ત્યાં આપી આવવાનું જ તેને વધારે ઠીક લાગ્યું અને એક બપોરે આપી પણ આવ્યો.

પણ ડાહ્યારામ પર આટલી ગુજરવા છતાં યે જાણે એ ઓછું હોય તેમ યજમાનોમાં જદુરામની બ્રાહ્મણ જીભાનથી નીકળેલી વાતો સૂકી ધરતીમાં થોરીઓ જેમ ફૂટવા લાગીઃ 'જદુરામનું કે'વું તો ખરું! ડાહ્યારામમાં જો શાસ્ત્રની સાચી વિદ્યા હોત તો એના જ ઘરનું બેદાનમેદાન ભૂતવંતરાં તે વળી કરી શકત? આપણે બધા પેલા જદુરામને છોડીને આ ડાહ્યારામની વિદ્યા ઉપર મોહ્યા હતા; પણ ખરી વિદ્યાનું પારખું જોયું ને? મગમાળાને ઘરમાં સંઘર્યે મહિનો થવા આવ્યો, પણ જદુરામના ઘરમાં કોઈની નસકોરી સરખી ય ફૂટી છે?'


અને ડાહ્યારામને કાને પણ 'ગોર, તમને તો લોકો આમ આમ કહેતો હતો' આડકતરી રીતે આવા આવી બધી વાતો આવે છે, પણ તે નથી તો એનો પ્રત્યુત્તર દેતો કે નથી તે ધ્યાનપૂર્વક સાંભળતો. વળી યજમાનોમાંથી પણ કોઈ પહેલાંની પેઠે નથી તો જપ કરવાનું કહેતું કે નથી એની પાસે કથા કરાવતું. ડાહ્યારામ પણ સારી પેઠે જાણી ચૂક્યો છે કે યજમાનોની પોતા ઉપર પહેલાંના કરતાં ચાર આની યે શ્રદ્ધા નથી રહી.

આમ બધી ય રીતે દુનિયા આખી પલટાઈ ગઈ છે તોપણ ડાહ્યારામ કોણ જાણે કેમ પોતાને ગામ અને ત્યાંથી પાછો યજમાનોને ગામ એમ ફેરાફાંટા કર્યા જ કરે છે. આખે રસ્તે બસ એક જ વાતનો ગોટાળો થયા કરે છે. તેને સૂજ નથી પડતી કે કોને દોષ દેવો!

યજમાનોમાં જોકે બીજી કર્મક્રિયા હવે નથી ચાલતી એ ભલે, પરંતુ જમવાનું અને સીધાસામાનનું તો પહેલાં જેટલું જ, બલકે પહેલાંથી પણ કંઈક અંશે વધારે ચાલે છે. પરંતુ ડાહ્યારામ જમવા ઉપરાંત સીધું સામાન લેવાની ના પાડતાં કહે છેઃ 'ના રે, સીધું લઈ જઈને મારે હવે કોને ખવરાવવું છે!'

અને આવા જવાબથી હોય કે પછી એની શૂન્યમનસ્ક સૂરત જોઈને હોય, પરંતુ ઘણા લોકો તો એમ પણ કહે છે, 'પેલી મગમાળા તો ગઈ, પણ ભૂત તો હજુ ડાહ્યારામને ત્યાં જ ઘર કરીને બેઠું છે!'

તાતિયો ભીલ



અમીરખાન, કરીમખાન, ચિત્તુ વગેરે પીંઢારા સરદારોની વાત તો જાણીતી છે; પણ ખૂણેખાંચરે જે લોકો સાહસ અને બહાદુરી કરી પ્રસિદ્ધ થયા છે તેમાંના કેટલાક હજી અણલખી કિતાબોમાં પડ્યા છે, તો કેટલાક ભૂલાઈ ગએલી કિતાબોમાં સચવાઈ રહ્યા છે. એવો એક બહારવટિયો થઈ ગયો. તેનું નામ તાતિયો ભીલ. તેના પુરોગામી તાત્યા ટોપી જેટલી એની પ્રસિદ્ધિ નથી, કે એવું એનું પરાક્રમ પણ નથી. છતાં મધ્ય પ્રાંતમાં ઇ. સ.ની અઢારમી સદીના છેલ્લા ચરણમાં એ નામ ઘણાને મોંએ જાણીતું હતું. હવે તો વિસરાઇ ગએલી એક કિતાબ (એનું નામ 'ભારત વર્ષનો રૉબિનહૂડ', જે મને એક પ્રકાશક મિત્રે ભેટ આપેલી) ને આધારે એની થોડી હકીકત અહીં લીધેલી છે. એમાં ફેરફાર, સુધારા-વધારા ઘણા કર્યા છે. એમાંથી એક બીજી હકીકત એ નીકળે છે કે બહાદુરમાં બહાદુર માણસ પણ અન્યાયની નાનીનાની વાતો સામે થવાનું સંગઠન ન જમાવે તો પોતાના વ્યક્તિગત પરાક્રમથી તો છેવટે તારાજ થઇ જાય છે. તાતિયા ભીલનું બહારવટું ઘણાં વર્ષો—લગભગ અગિયાર વર્ષ—ચાલ્યું હતું, અને છતાં છેવટે તો એ નાશ જ પામ્યો.

મધ્ય હિંદના ડુંગરાઓમાં આજથી આશરે સવાસો વર્ષ પહેલાં બે ઘોડેસવારો ચાલ્યા જતા હતા. એક હતો અંગ્રેજ પોલીસ અફસર

અણલખી કિતાબોમાં સચવાઈ રહેલા એક નામચીન બહારવટિયાના કથાપ્રસંગો

લૉરેન્સ, અને તેની સાથે હતો એક હિન્દુ કોટવાળ. તાતિયો ભીલ એ વખતે પોતાની જમીન જવાથી બહારવટે ચડ્યો હતો અને મોટામોટા ચુનંદા અફસરો પણ એનો પીછો પકડવામાં નિષ્ફળ નીવડ્યા હતા. ઘણી ઝડપથી એની આસપાસની દંતકથાઓ લોકોમાં પ્રસરી જતી હતી અને ઇચ્છાએ કે અનિચ્છાએ એની વીરશ્રીનાં સૌને વખાણ કરવાં પડતાં હતાં.

કર્નલ લૉરેન્સ ઠગોને પકડવામાં સારી આબરૂ મેળવી ગયા હતા. પોતાની એ આબરૂનું આજે લીલામ થશે કે શું એવો એમના મનમાં ભય હતો. દિવસોના પરિશ્રમ છતાં તાતિયાનો પત્તો લાગ્યો ન હતો. એ પણ એના જ નામધારી મહાન તાત્યા ટોપીની માફક ઘડીના છઠ્ઠા ભાગમાં હાથતાળી દઈને નાસી જવાની અદ્ભુત શક્તિ ધરાવતો હતો. લૉરેન્સ સાહેબે લખનૌના એક રોહિલાની વાત સાંભળી હતી તે એમને યાદ આવી જતી હતી. જ્યારે બધા ય ઉપાય નિષ્ફળ નીવડ્યા અને લખનૌનો વજીર એ રોહિલાની પત્નીને તથા જાગીરને છોડતો ન હતો ત્યારે એ રોહિલો બહારવટીઓ એક દિવસ ધોળે દહાડે લખનૌમાં આવ્યો ને વજીરના મકાનના બગીચામાં ઘુસી ગયો. એક આયા વજીરના બે છોકરાઓને લઈને ફરતી હતી. રોહિલાએ બન્ને છોકરાઓને પકડી લીધા ને આયાને કહ્યું કે 'તારા માલિકને કહે કે, જો એકદમ બહાર નહિ આવે તો આ છોકરાઓને ઉપાડી જાઉં છું !'

વજીર હાંફળાફાંફળા દોડ્યા. પણ રોહિલાએ બંદુક બતાવી તેમને રોકી દીધા: 'એક ડગલું આગળ અને આ છોકરા નહિ હોય, મહેરબાન !'

'પણ તારે છે શું ?' વજીરે પૂછ્યું.

'મારી જમીન—મારી બૈરી—'

'એ પાછાં મળે, પછી ?'

'અંગ્રેજ રેસિડેન્ટ જામીન થાય તો માનું. તમારો ભરોસો નહિ.'

વજીર અંગ્રેજ રેસિડેન્ટ પાસે દોડ્યો, એને પગે પડીને તેડી લાવ્યો ને એ રીતે પોતાનાં બચ્ચાં બચાવ્યાં. તાતિયો ભીલ પણ એમ અચાનક આવી ચડે તો પોતાની આજ દિવસ સુધી મેળવેલી પ્રતિષ્ઠાનું શું ? આવી ચિંતામાં કર્નલ લૉરેન્સ પડ્યા હતા. પણ એમને અંતરમાં ઊંડેઊંડે એમ પણ હતું કે સરહદ પ્રાંતના પેલા પ્રખ્યાત બહારવટિયા દિલાવરખાનને જેવી રીતે લમ્સડેન સાહેબે વશ કરીને સુબેદાર દિલાવરખાન બનાવ્યો* તેમ પોતે પણ કાંઈક કરે તો ? આ વિચારમાં કર્નલ લૉરેન્સ કોટવાળ સાથે ઘોડા ઉપર ધીમેધીમે જતા હતા.

તેઓ બરોલી પહોંચ્યા. બરોલીમાં તેમના સહાયક ત્રણસો આદમીઓનો જથ્થો તૈયાર હતો. બરોલી ગામ તાતિયાના પરાક્રમ ઉપર મુગ્ધ હતું. થોડા દિવસ પર જ એક વાત પ્રગટ થઈ હતી કે તાતિયો એક ગામ લૂંટવા ગયો. ગામને પાદર નદીએથી માત્ર એક ગભરુ બાળા પાણીનું બેડું ભરીને આવે. બીજું કોઈ દેખાય નહિ. સાંજનો વખત હતો. તાતિયાની રાડ તો બધે હતી. પેલી છોકરી મૂંઝાઈ ગઈ. તેનાથી તાતિયાની બીકે રાડ પડાઈ ગઈ. પણ તાતિયો તો એના પાણીના બેડામાં બેચાર સોનામહોર નાખીને એને સતાવ્યા વિના જ ચાલ્યો ગયો. આમ, બરોલી ગામના ભીલો તો તાતિયાનાં પરાક્રમ પર મુગ્ધ હતા, એટલે તાતિયાને પકડવાની વેતરણ ચાલે છે એ સમાચાર એને મળ્યા વિના નહિ રહ્યા હોય.

કેટલાક ભીલોને સાથે લઈ સેનાના વિભાગ પાડી જે બાજુ તાતિયાના સગડ હતા તે બાજુ કર્નલ ને કોટવાળ ચાલ્યા. જે વિભાગને તાતિયાનો ભેટો થાય તેણે બંદુકનો બહાર કરવો એવો સંકેત હતો. જેમ જેમ આગળ ગયા તેમતેમ મધ્ય હિંદનાં જંગલોની ભયંકરતા સમજાવા માંડી. અજવાળું તો એક તરફ રહ્યું, પણ જંગલમાં ચાલવા જેવી કેડીનું પણ નામ મળે નહિ. જનાર ક્યાં જાય છે તેનો જ એને પત્તો લાગે નહિ. આ રીતે એ ભયંકર જંગલમાં સૈનિકો તાતિયાને શોધવા ચાલ્યા. થોડી વાર પછી સૌ જુદા જુદા વીખરાવા માંડ્યા. કર્નલ અને કોટવાળ પણ જુદા પડી ગયા. આવા ઘોર જંગલમાં કોઈ માણસ રહી શકે તે વાત જ અશક્ય લાગતી હતી. એટલામાં જે બાજુ કોટવાળ ચાલી રહ્યો હતો ત્યાં રસ્તામાં એક ઠેકાણે તેણે એક સ્ત્રીને લાકડાં વીણતી જોઈ.

કોટવાળને શંકા પડી. તે તેની તરફ ગયો ને તેને રૂઆબથી પૂછ્યું, 'તું કોણ છે?' જવાબમાં પેલી સ્ત્રી ખડખડાટ હસી પડી. પોતાની શંકા વધારે દૃઢ થતાં કોટવાળે કહ્યું, 'તાતિયા ભીલને તું ઓળખે છે કે?'

---

* ચંગઢસખન્ડની 'The story of the guides'માં આ દિલાવરખાનની આખી વાત જાણવા જેવી આપેલી છે. ચિત્રાલની લડાઈમાં તેણે અગત્યનો ભાગ ભજવ્યો હતો.

'તાતિયા ભીલને હું ઓળખું? હું તો રજપૂત છું.'

'પણ તને તાતિયાના ખબર તો હશેને?'

'ખબર તો છે, પણ મારે મારાં નાકકાન ઘરાણે મૂકવાં નથી. તમારામાં શી તાકાત છે કે તમે મને પાછળથી રક્ષણ આપો?'

કોટવાળને ગુસ્સો ચડ્યો. તેણે એકદમ પેલી સ્ત્રી તરફ દોટ મૂકી તેનો હાથ પકડી લીધો: 'ચાલ, તંબૂ તરફ સાહેબ પાસે; તારે બાતમી આપવી જ પડશે.'

પણ પેલી સ્ત્રીએ એક એવો ઝટકો લગાવ્યો કે કોટવાળના હાથમાંથી તેનો હાથ છૂટી ગયો ને તે દૂર ઊભી ઊભી એ લજ્જિત બનેલા વીરપુરુષ તરફ હસી રહી.

કોટવાળને શંકા પડી કે આ સ્ત્રી આટલી બળવાન છે તો એ જ તાતિયો નહિ હોય? પણ એ તો સ્ત્રી હતી. એટલામાં પેલી સ્ત્રી બોલી: 'હું તાતિયાને બતાવું તો તમારે મને એક હજાર રૂપિયા આપવા. બોલો છે કબૂલ? તો તાતિયાનો પત્તો હમણાં મેળવી આપું.'

કોટવાળે વાત કબૂલી લીધી. તેને આશ્ચર્ય થયું હતું. પણ તેણે જીવનભર સાહસ ખેડ્યાં હતાં, અને એક વધુ સાહસ ખેડવા એ તૈયાર થયો. એનું જે પરિણામ આવે તે ભોગવી લેવાની એની વૃત્તિ એટલી બળવાન હતી કે પોતે એકલો છે ને આ સ્ત્રી કદાચ પોતાને ઠગતી તો નહિ હોય, એવી શંકા આવેલી તે પણ ચાલી ગઈ.

આ બાજુ કર્નલ સાહેબ કોટવાળથી છુટા પડીને જંગલના બીજા જ ભાગમાં ભમી રહ્યા હતા. તે જંગલ-ના એવા ગીચ ભાગમાં આવી પહોંચ્યા કે જ્યાં સામસામાં વૃક્ષોની વચ્ચે માર્ગ જ ન હતો. એ એમ ને એમ ત્યાં ઊભા હતા ને રસ્તાનો વિચાર કરી રહ્યા હતા ત્યાં ધડાધડ બંદુકો ફૂટવા માંડી. તાતિયો જડયાના હર્ષોન્માદમાં કર્નલ એક પથ્થર પર ઘડીભર બેસી ગયા. માત્ર પોતે એ માન ન મેળવી શક્યા એની મનમાં ખટક રહી ગઇ.

એટલામાં એમના હૃદયને થથરાવી મૂકતો કાંઈક અવાજ તેમને કાને પડ્યો. એવો શબ્દ એમણે કોઈ દિવસ સાંભળ્યો ન હતો. કોઈ જંગલી પશુ હોય તો તેને હણવા બંદુક તૈયાર કરી તે બેઠા. પણ થોડી વારમાં એક દીન, જીર્ણ વસ્ત્રવાળો નિર્માલ્ય મજૂર લાકડાંનો ભારો લઈ એક બાજુ દોડતો નીકળ્યો. તે પણ આ વિચિત્ર શબ્દથી ડરીને દોડી રહ્યો હતો. તેનો વેષ જોઈ કર્નલને પણ દયા આવી. એટલામાં તો એક સાહેબને અહીં બેઠેલા જોઈ પેલો મજૂર ભારો નીચે મૂકી હાથ જોડીને આગળ આવ્યો:'બડા સા'બ! હજુર! અન્નદાતા! ગરીબ માણસ છું. મજૂરી કરી લાકડાં ભેગાં કરૂં છું, અન્નદાતા! મહેરબાન!' તે કરગરવા લાગ્યો.

'બલ્યા કોણ છો તું?'

'સા'બ! અન્નદાતા! હું લાકડાંવાળો છું. મારી બૈરી સાથે અહીં આવ્યો હતો, પણ તે ક્યાંક ભૂલી પડી ગઈ છે. એને શોધવા નીકળ્યો ત્યાં આ કાંઈક અવાજ સાંભળી આ તરફ દોડી આવ્યો.'

'આ આવું જંગલ ક્યાં સુધી છે?'

'સા'બ! શી ખબર? હું મારૂં બૈરું લઇને હમેશાં આવું છું. આજે જ આવું થયું. કાંઇક એવો ધડાકો સંભળાયો કે હું દોડ્યો. અને મારું બૈરું તો કોણ જાણે ક્યાં રહી ગયું. અરે રામ!'

'ત્યારે ચાલ સાથે, આપણે તારી બૈરીને શોધીએ!'

'અરે અન્નદાતા! આ જંગલ તો તાતિયા ભીલનું ઘર છે. હવે કાંઈ બૈરું પાછું હાથ આવે? એ ચોર કાંઇ બૈરાને મૂકે?'

'તાતિયો ભીલ શું અહીં–આટલામાં જ રહે છે?'

'આ જંગલમાં જ પડયો છે ને અન્નદાતા! એની ઝૂંપડીએ તો બૈરું ખોળી આવ્યો. પણ મસાણ ગયાં લાકડાં કાંઇ પાછાં આવે? એ તો ગઇ. બીજું શું?'

'તો મારી સાથે ચાલ–એની ઝૂંપડી બતાવ, તને ઇનામ પણ મળશે. જો આ મારી વીંટી તને મળશે.'

મજૂર વીંટીનું નામ સાંભળી રાજી થયો.

મજૂર ને કર્નલ બન્ને જંગલમાં ચાલ્યા. મજૂર રસ્તામાં બોલ્યો: 'સાહેબ! બૈરું પણ દાનતનું કાં'ક ખોટું ખરૂં. એની મેળે જ તાતિયાની ઝૂંપડીમાં જઇને બેઠું હોય તો ના ન પડાય.'

'એ બન્નેને ગમે તેમ હોય. તને તો આ મારી વીંટી મળશે ને?' કર્નલે કહ્યું; 'તેના રૂપિયા ત્રણ હજાર આવશે. બીજું બૈરું કર્યું.'

'હેં સા'બ!' મજૂર આશ્ચર્યમાં સ્થિર થઈ ગયો. કર્નલે તેને વધારે લલચાવવા તેના હાથમાં વીંટી પણ આપી: 'ત્યારે નહિ? એમાં હીરા છે.'

મજૂરે વીંટી આમતેમ ફેરવી જોઇને પાછી આપી. બન્ને આગળ ચાલ્યા. થોડે જતાં જંગલ વધારે ને વધારે

ધારું આવ્યું ને રસ્તો વિકટ થતો ગયો. પેલો મજૂર બોલ્યો: 'સાહેબ! તમારે બોલ્યું પાળવું પડશે, હો!'

'શું?'

'આ વીંટી આપવાની, જો તાતિયો જડે તો.' સાહેબે કહ્યું: 'ચોક્કસ!' જંગલ તો ધારું થતું જ ગયું. સાહેબને બંદુક લઇને ચાલવું મુસ્કેલ થઈ પડયું. પેલા મજૂરે સાહેબની બંદુકનો ભાર ઉપાડી લીધો.

થોડી વારમાં એક ખુલ્લી જગ્યા આવી. ત્યાં સામે એક ઝૂંપડી પાસે એકબે મનુષ્ય ઊભાં હતાં.

'તાતિયો અહીં જ રહે છે?' કર્નલે એ જોઇને પૂછ્યું.

જવાબમાં મજૂરે મૂંગા રહેવાની નિશાની કરી ને તે આગળ વધ્યો. કર્નલ પણ તેની પાછળ પાછળ ગયો. એણે નિશાની કરતાં મજૂર ઊભો રહી ગયો.

કર્નલ તેની પાસે આવ્યો. હાથ લાંબો કરી તેના કાનમાં કહ્યું: 'મારી બંદુક લાવ; એ ભરેલી છે . . .'

મજૂર જરા દૂર ખસીને હસી પડયો: 'સાહેબ! તમારે બંદુકની હવે જરૂર નથી. તમે તો મારા મહેમાન છો. હું તાતિયો!'

લૉરેન્સ સાહેબ તો છક્ક થઈ ગયા. પણ એટલું સારૂં હતું કે એમનું આ પરાક્રમ જોવા કોઈ કાળી ચામડીનો આદમી ત્યાં હાજર ન હતો.

તાતિયા વિશેનો એમનો ખ્યાલ બદલાઇ ગયો. એ માનતા કે દેશીઓ આળસુ હોવાથી બહારવટીઓ પકડાતો નથી. એમનું રાજકર્તા પ્રજા તરીકેનું અભિમાન ઘવાયું પણ અહીં તો હવે ગુપચુપ ઊભા રહ્યા વિના છૂટકો ન હતો. એમને એક જ આશ્વાસન હતું કે પોતે પોતાના જ તાબાના કોટવાળની હાજરીમાં આ પ્રમાણે બની ગયા હોત તો ભારે થાત.

પણ એટલામાં એ રહીસહી આબરૂ પણ નિર્મૂળ થઇ ગઇ. તે જ વખતે પેલો કોટવાલ ને પેલી સ્ત્રી ત્યાં આવી પહોંચ્યાં. ખૂબી એ હતી કે કોટવાલ પણ હથિયાર વિનાનો જ હતો. એની બંદુકનો ભાર પણ પેલી મજૂર સ્ત્રી ઉપાડી રહી હતી! બન્ને એક બીજાને અહીં જોઇને આશ્ચર્ય પામી ગયા.

'આપ અહીં ક્યાંથી, નામદાર?' કોટવાળે પૂછ્યું.

'તમને અહીં કોણ લાવ્યું, કોટવાલ?'

'મને તો આ સ્ત્રી તાતિયો ભીલ દેખાડવાનું કહીને લાવી. ક્યાં છે તાતિયો?' તેણે પેલી સ્ત્રીને પૂછ્યું.

જવાબમાં પેલી સ્ત્રી ફરી હસી: 'આ કોણ છે?' તેણે તાતિયા તરફ આંગળી બતાવી.

'ત્યારે તું એની શું થાય છે?'

'હું એની જોડે ફરનારી. એની ઘરવાળી ગણો, એની રાણી ગણો, જે ગણો તે!'

કોટવાળ ને લૉરેન્સ બન્ને એકબીજાને જોઇ રહ્યા. એટલામાં તાતિયો બોલ્યો: 'સાહેબ! હવે જરા આરામ કરો. રોટલા બનાવીએ. નહિતર જંગલમાંથી કૈંક લાવીએ.'

સૌએ થોડાં ફળ ખાધાં. અનેક પ્રકારની વાતચીતો તાતિયાએ કરી. પોતાનાં સુખદુઃખની કથની કહી. તાતિયાની વાતથી બન્ને ઑફિસરો આશ્ચર્ય પામ્યા. પણ એમને તો એમની ફરજ બજાવવાની હતી, એટલે વાત સાંભળતા છતાં, તેઓ કાંઇ છેક અસાવધ ન હતા. કોઇક અચાનક આવી ચડે એવી આશા પણ અંતરમાં ખરી. એટલામાં ઝૂંપડીમાંથી કોઇના રડવાનો અવાજ સંભળાયો.

દેખીતી રીતે બહારવટિયો કોઈ શ્રીમંતને કેદ કરીને પૈસા કઢાવવાની વેતરણમાં હશે, ને તેવા કોઈ અભાગી આદમીનો આ અવાજ છે એમ બન્ને જણને લાગ્યું. તાતિયો એ કળી ગયો. 'સાહેબ! હું તમે ધારો છો તેવો ખૂની નથી. આ તો એક અપંગ વૃદ્ધ કંગાળ ડોસી રસ્તામાં પડી હતી તેને હું અહીં લાવ્યો છું તે રડે છે.'

'તો મને બતાવ.' કર્નલને વાત સાચી ન લાગી.

'ખુશીથી.' કહી તાતિયો અને તેની સ્ત્રી બન્ને ઑફિસરોને લઇને પર્ણકુટિમાં ગયાં.

કર્નલે ધાર્યું હતું કે લુટારાનું ઘર એટલે કાંઇ ને કાંઇ લૂંટ પડી હશે. પણ ઝૂંપડીમાં એક તૂટેલો ખાટલો હતો; એક જૂનું માટલું હતું. બીજું કાંઇ જ ન હતું. તૂટેલા ખાટલા પર એક રોગિયલ ડોશી પડી હતી ને દુઃખને લીધે ઉંહકારા કરી રહી હતી.

'ડોશીમા!' તાતિયો પેલી ડોશી પાસે ગયો: 'મા! હવે કેમ લાગે છે? કાંઇ સારૂં છે? મેં દવા આપી તેથી કાંઇ ફેર લાગે છે, મા?'

આ લુટારાની માનવતા જોઈ કર્નલ આશ્ચર્ય પામ્યો. તેણે તાતિયાને પૂછ્યું: 'તમને વૈદું આવડે છે?'

'સાહેબ, નહિ જેવું—અમારૂં જંગલવૈદું!'

ઝૂંપડીમાંથી બહાર આવ્યા પછી લૉરેન્સ સાહેબ તાતિયાને કહી રહ્યા હતા: 'તમારા જેવા માણસને તો સરકાર નોકર રાખવા માગે છે. હું મારાથી બનતું બધું

કરીશ. તમે આ ધંધો છોડી દો!'

પણ બહાદુર બહારવટિયો ખિન્ન અવાજે બોલ્યો: 'સાહેબ! હું તો કોઇ દિ' કોઇ મારું ભલું કરે એમ માનતો નથી. મેં ઘણાને મારાથી બનતું કાંઈક આપ્યું છે; પણ મને તો હમેશાં ખાસડાં જ મળ્યાં છે. મારા મનમાં એનું દુઃખ પણ નથી. દુઃખ આ એક નારી—જે મારી પાછળ ભમા રહી છે તેનું છે.'

તાતિયાની સ્ત્રી મોં ગંભીર કરીને બોલી: 'મારે માટે તમારી જાતને વેચતા નહિ, હો!'

મીરાંના શબ્દે તાતિયો ને સાહેબ બન્ને ચોંકી ગયા. તાતિયો કર્નલના શબ્દમાં વિશ્વાસ મૂકવાની તૈયારી કરતો હતો તે જાગી ગયો. કર્નલને આ નારી પોતાનું હૃદય સમજી જનારી લાગી. કારણ કે પોતાને મળેલી પ્રતિષ્ઠા પર પાણી ફેરવવા આ માણસને શી રીતે હાથમાં લેવો એ વિષે જ એ વિચાર કરી રહ્યા હતા.

થોડીવાર પછી બન્ને પોલીસ ઑફિસરો બોલ્યા: 'હવે અમે જઇએ?'

તાતિયો હસ્યો. 'પણ તમને રસ્તો નહિ મળે. ચાલો હું મૂકી જાઉં.'

કોટવાલ ને કર્નલ ઊભા થયા. મીરાં પેલી બીમાર ડોશીની સારવાર માટે અંદર ગઈ. તાતિયો બન્ને ઑફિસરો સાથે ચાલ્યો. પણ તે સાવચેત ને હથિયારબંધ હતો. પેલા બન્ને હથિયારવિહોણા હતા. રસ્તામાં તાતિયાએ કહ્યું: 'સાહેબ, મેં તાતિયો બતાવ્યો. હવે મારું ઇનામ મળવું જોઇએ!'

કર્નલ બોલ્યો: 'પણ અમારા ઈંગ્લંડનો રૉબિન હૂડ નામે બહારવટિયો તો ધાર્યાં નિશાન પાડતો. હજી એટલો તું કાચો છે. આ વીંટી તું ઉપાડી લે તો તું ખરો. હું આપું એમાં શી મજા?'

તાતિયો કાંઇ બોલ્યો નહિ. સહેજ મોં મલકાવીને વિચારમાં પડી ગયો. થોડે દૂર ગયા પછી અટક્યો: 'સાહેબ! બસ, હવે અમારી હદ આવી ગઈ. તમારાં હથિયાર હું પાછળથી મોકલી આપીશ; ને તમારી સામે તો એ નહિ જ વપરાય એની ખાતરી રાખજો.'

આટલું બોલી તાતિયો જંગલમાં અદૃશ્ય થઈ ગયો.

પણ બહારવટિયો એક વાત ભૂલ્યો હતો. કોટવાળ ને કર્નલ બન્ને પાસે બ્યૂગલો રહી ગયાં હતાં. બહારવટિયો અદૃશ્ય થયો ન થયો કે તરત જ તેમણે બ્યૂગલો વગાડ્યાં. એ અવાજ તો છાવણી સુધી જઈ પહોંચ્યો. ઘોડેસવારો ને પાયદળ આવી પહોંચ્યાં. એકદમ સૌને જંગલ ખૂંદી વળવાનો હુકમ છૂટ્યો.

રસ્તો કાંઈક-તો યાદ રહી ગયો હતો. સૌ ઝૂંપડી શોધવા તરફ વળ્યા. તાતિયાની ઝૂંપડીની બહાર નીકળ્યા પછી કર્નલે આખે રસ્તે છુટાછુટા કાગળના કટકા તાતિયાને ખબર ન પડે તેમ વેર્યા હતા. એ નિશાનીના જોરે જંગલમાં પ્રવેશ કરવાનો હતો. પણ કાગળનો એક પણ કટકો ક્યાંય ન મળે; ને આખું જંગલ ખૂંદી વળ્યા પણ પેલી ઝૂંપડી ક્યાંય ન મળે!

વીલે મોંએ સૌ પાછા ફર્યા.

આ વાતને છસાત દિવસ થયા હશે. કર્નલને તાતિયાની ચાતુરી સમજાઇ ગઇ હતી, એટલે કોટવાળ તથા કર્નલ તંબૂની બહાર બેસી જુદાજુદા રસ્તા રોકી જંગલમાંથી તાતિયો છટકી ન શકે એની યોજના કરી રહ્યા હતા. એટલામાં શોરબકોર થઈ રહ્યો:'દોડો તાતિયો! તાતિયો!' એવી બૂમ પડી ને સિપાઇઓ દોડતા જણાયા. કોટવાળ ને કર્નલ ઘોડા ઉપર ચડી મારતે ઘોડે પાછળ પડ્યા.

પણ તાતિયો ચાલાક હતો. એ તો જેટલી લૂંટ મળી તેટલી લઈ રફૂ થઇ ગયો. રસ્તામાં એક તાજા જ લુટાએલા ગૃહસ્થ માથું કૂટી રહ્યા હતા. તેની પેટી ખુલ્લંખુલ્લાં પડી હતી ને રેશમી શાલદુશાલા રસ્તા પર વેરાઇ ગયા હતા.

કર્નલના નીકળતાં જ તેણે કપાળ કૂટ્યું: 'હુજુર! બદમાશે મને પરદેશીને પણ ન મૂક્યો. મારો બધો માલ ગયો. હુજુર, એને પકડો, પકડો—આ હમણાં જ ગયો!'

તાતિયો વેપારીને લૂટીને ને જે હાથ પડ્યું તે લઇને હમણાં જ ભાગ્યો છે એ વિચારથી સૌ ઉત્સાહમાં આવી ગયા. પેલા પારસી વેપારીને કર્નલે કહ્યું, 'તમે હવે જતા નહિ. તમે અહીં રહો. માણસો ચારે તરફ દોડ્યા છે, એટલે તાતિયો પકડાતાં હવે વાર નહિ લાગે. તમે હવે કાલે સવારે જ જવાનું રાખો.'

પાલણજીએ કહ્યું: 'ખુદા તમને લાંબી આવરદા બક્ષે, સાહેબ!'

પાલણજી શેઠ ત્યાં રાત રહી ગયા. સાહેબના તંબૂ પાસે જ એમનો ઉતારો રાખ્યો, ને એમનો કીમતી માલ હતો તે તંબૂમાં મુકાવ્યો.

આખી રાત તાતિયાને પકડવાની ધમાલ ચાલી:

કર્નલને તો રાત્રે સ્વપ્ન આવ્યું કે જાણે તાતિયો પકડાઈ ગયો છે ને માફી માગતો તેની પાસે ઊભો છે. ને ઊંઘમાં ને ઊંઘમાં કાંઇક બબડ્યા પડ્યા ને ઝબકીને જાગી ગયા. ત્યાં સામે પાલણજી ઊભો હતોઃ 'હુજુર! કુકરો બોલ્યો છે ને મારે બહુ દૂર જવું છે.'

પાલણજીની પેટી બહાર મુકાવી દઇ કર્નલ પાછા નિદ્રામાં પડી ગયા.

સવારે સાહેબ ઊઠયા ને પાલણજી શેઠ સાથે એક ટુકડી નાગપુર તરફ ગઈ છે એ સમાચાર કોટવાળે આપ્યા. રાતવાળી ટુકડીઓને તાતિયાનો પત્તો ન હતો, પણ તાતિયો ક્યાંક પાસે જ ભરાઇ બેઠો છે એવી સૌને ખાતરી થઈ હતી.

કર્નલે સમાચાર સાંભળ્યા. ચા મંગાવી. અચાનક તેમની નજર આંગળી ઉપર ગઈ. ઓત્ તારીની! ને સ્તબ્ધ થઈ ગયા. આંગળી ઉપર એમની વીંટી ન હતી!

તાતિયાએ પોતાનું ઇનામ મેળવી લીધું હતું.

*

તાતિયા ભીલનાં પરાક્રમો ને સાહસોની આવી તો અનેક કથાઓ આ પ્રમાણે વેરણછેરણ પડી છે. બીજી વળી કોઈ વખતે કહેવાશે.

ધૂમકેતુ

નાવડી મારી

ફરીથી નાવડી મારી મઝધાર સરી રહી,
ફરી આનન્ત્યને ખોળે ખેલી એ મુગ્ધ શી રહી.

આઘી સરી બંદરની સલામતી,
વસુન્ધરાની સરી ગોદ આઘી;
આઘી ગઇ સૌ સુષમા સુખભરી,
આજે ફરી દૃષ્ટિ વિરાટની અડી.

અને એ દૃષ્ટિના સ્પર્શે મુર્છિત પ્રાણ જાગતા,
દીનહીન ઉરે પાછા સાહસોત્સાહ નાચતા.

ખીલે ફરી યૌવન–કેસુડાં ને
ફોરી રહે પૌરુષના પરાગ;
મનોરથોના મલયાનિલે થી
જામે ફરી જીવનમાં વસન્ત.

વિસ્તરી નીલ આ ઊંચે અમરાઈ અનન્તની
ને વ્યાપી નીલ આ નીચે જલરાઈ અગાધની.

અનન્તની છાય તળે, અગાધના
હૈયા પરે, સ્વપ્ન ભરી નવાંનવાં,
નહાનીક શી નાવ મહીં સરી રહ્યો
હું માનવી અંગ વિરાટનું બન્યો.

આજે રત્નાબ્ધિ રત્નેથી વધાવે મુજ નાવને
અનુકૂલ વહી વાયુ પ્રેરે તેના પ્રવાસને

વધાવી મુજને આજે ઉષા કેસર કુંકુમે,
સન્ધ્યા સોનલ પુષ્પે ને અભિષેકથી નિશા રહે.

અને કદિક કાલ આ નટડી રૂપની રમ્યતા
છુપાવી, નિજ દાખવે પ્રલયભરત દેહચ્છટા,
મહાર્ણવ ગભીર આ નિજ પ્રચંડ દંષ્ટ્રા મહીં
ગ્રસી લઘુક નાવડી મુજ જવા, રહે ઊછળી;
ગ્રહો, ગ્રહગણો બુઝાય સહુ એની જ્યાં ઝાપટે,
દિશે દિશ દ્રવે ભયે, રવથી ઘોર ઝંઝા તણે,
અને જગત ક્રંદતું પરમ રુદ્રના તાંડવે,
તદા પણ હશે ઉરે અભય માંહરા ને હશે
તહીં પ્રગટ દીપ એક અણબુઝ શ્રદ્ધા તણો;
મળે તક અનન્ય જીવનની સિદ્ધિ કેરી, તહીં
ધરું જ કયમ દૈન્ય? વા ભયથી વ્યાકુળો કાં બનું?
નિરાશ્રયની વૃત્તિ વા અબળ કેમ હૈયે વહું?
હું તો મુજ ખડાવતો લઘુક નાવ, આગે સરી
મહા જલધિ રુદ્રનો પ્રબળ પ્રાણ હૈયે ભરી,
નચાવી મુજ નાવને વિષમ એની છાતી પરે,
કૃતાર્થ મુજ સૌ કરીશ મદભેર માનવ્યને.
અને કદિક જો ફના થઈ જવું પડે તો ય તે
ફના થઇ જતાં ય આ હૃદય ધન્યતા ધારશે,
અને અમર રાખશે અનમ યૌવનપ્રાણને.
તો ફરી નાવડી મારી, મઝધાર સરી રહો,
ખોળે આનન્ત્યને ખેલી ખેલી આજે બની રહો.

મનસુખલાલ ઝવેરી



પાળીઆ

સ્થળ : વિદ્યાધિકારી રુદ્રશરણનું દીવાનખાનું
સમય : સવારના ૯-૧૦ને આશરે.

❙ દીવાનખાનું નિરાળા ઢંગે શણગારાએલું છે. એમાં ફાંકડા ચકચક થતા સોફા-ખુરશીઓ છે. ભરેલાં ઓછાડીઆં-ઢાંક્યા મેજ પરનાં ફૂલદાન, કાગદી ફૂલોના શણગાર સાહીને ઊભાં છે. ભીંત પર, સાચી સાટિન પર ઝીકટીકી ભરેલ પોષાકથી 'આપતાં' રવિવર્માનાં ત્રણચાર ચિત્ર છે. ખૂણામાં રેડિયો ખાખી ડગલો ઓઢીને લપાતોછૂપાતો જણાય છે. કાચના કબાટમાં પ્યાલારકાબીથી માંડી બેબીની ઢીંગલી લગીની ચીજવસ્તુ ખડકાઈ છે. ઠામઠામ વિદ્યાધિકારીની કચેરીની સમૂહતસ્વીરો ઝગમગતી તક્તીઓ સાથે ટીંગાડાઇ છે. વચ્ચે આખા કુટુમ્બની તસ્વીર છે. એ છબીને પડખે બે જુવાનિયાઓની-રુદ્રશરણ સાહેબના નાના અને મોટા દીકરાની-છબીઓ પણ છે. ❙ છેલ્લા કેટલાક દિવસથી આ તસ્વીરો નીચે, સાહેબ દૂરના ગામમાંથી ઊંચકી લાવેલા તે એક પાળીઓ પણ મૂકવામાં આવ્યો છે;-ઘરના શણગાર સાથે મેળ ન જામતો હોય એમ અતડો અને અતડો. ❙ અત્યારે રુદ્રશરણની દીકરી પલ્લવી અને એની સહીઅરો પાળીઆ આજુ-બાજુ વીંટળાઇને બેઠી, ઊભી છે. પલ્લવી ભાષણકર્તાની ઢબે એક હાથ કેડે મૂકી બીજા હાથથી પ્રશ્નાર્થની મુદ્રા રચે છે.

પલ્લવી: અને તમે એ ય નથી જાણતાં કે અભયસિંગ કોણ હતો?

રમા: લે, તે અમે ક્યાંથી જાણીએ?

ઉષા: હારતો, અમે ક્યાંથી જાણીએ? અમે ઓછા તારી જેમ ગામડે ગામડે ટીચાયા છીએ!

તારા: એ ટીચાયું ન કહેવાય. એતો કહેવાય 'ઇન્સ્પેક્શન'; ખરુંને, પલ્લુ?

પલ્લવી: જો તારે મશ્કરી જ કરવી હોય તો મારે વાત નથી કરવી.

રમા: તને તો, બાઇ, છીંકતાં છીંડાં પડે છે!

પલ્લવી: કોણ જાણે તમને લોકોને ક્યાંથી આ આદત પડી છે? બાપુજી રોજ કહે છે...

ઉષા: (વચ્ચેથી બોલતી) પણ પલ્લુ, તું આ પાળિયાની વાત કરતી હતી ને!

તારા: હા, હા; એ અભયસિંગ કોણ હતો?

પલ્લવી: રાજપુર કરીને ઉત્તરમાં એક ગામ છે. એક વાર અમે ત્યાં ગયા હતા. (તારા ઉષા સામે આંખમિચકારો કરી લે છે.) ત્યાં ગામને ગોંદરે આ ખાંભી પડી હતી.

રમા: ગામને ગોંદરે?

પલ્લવી: અરે ગાંડી, તું એટલું યે નથી જાણતી કે આવા પાળિયા તો ગામને ગોંદરે જ મૂકાય?

તારા: હશે એ તો. તું તારે આગળ ચલાવને.

પલ્લવી: અમે તો સીધા ચોરે ગયા. ત્યાં બાપુજીને મળવા એક બુઢ્ઢા ડોસાજી આવ્યા. કેડ વળી ગએલી, ચામડી લબડી ગએલી, વાળ બધા ધોળા.

ઉષા: એનું નામ અભયસિંગ?

તારા: (હસી પડે છે) અરે ઉષા!

પલ્લવી: તારામાં વાત સમજવાની તો શું, સાંભળવા જેટલી ય અક્કલ નથી. અભયસિંગ શું એવો ઘરડો ખખ હોય?

ઉષા: (સહજ ડઘાઈને) તે લે, મને શી ખબર! હોયે ખરો, કદાચ.

તારા: જવા દે એ બધું. પલ્લુ, તું તારે વાત આગળ ચલાવ.

પલ્લવી: અને એ ડોસાજીએ વાત કીધી. બસો વર્ષ પહેલાં લસ્રસરામાં ગામમાં ધાડ પડી.

ઉષા: લૂટારૂ આવ્યા? હથિયારબંધ? કેટલા હતા? ઘોડે ચડીને?

પલ્લવી: (સાચે જ ચીડાઈને) હા લૂટારૂ આવ્યા. અને કાંઈ બગીચામાં ફરવા ન'તા નીકળ્યા કે હથિયાર વિના આવે. સંખ્યા ગણી ન'તી; અને એ જમાનામાં ઘોડાની જાત ઘણી સારી હતી.

રમા: ઉષા, તું મૂંગી રહેવાની હોય તો જ વાત આગળ ચાલશે; હા પછી, એમ ન કહેતી કે કીધું નહોતું.

ઉષા: તમે લોક તો ખાલી ખીજાઈ જાઓ છો. હવે નહિ પૂછું, બસ!

પલ્લવી: અભયસિંગ તો લગ્નને માંડવે હતો. એની ઘરડી માનો એકનો એક દીકરો. હાથે મીંઢળ બાંધેલું...

ઉષા: મીંઢળ?

તારા: (આંખો કાઢી) હા, મીંઢળ. (ઉષા ગભરાય છે.)

પલ્લવી: અને ધાડની ખબર પડી. બધા તો ગભરાઈ ગયા. પરગામની જાનો આવેલી. ગામને માથે કાળી ટીલી આવશે એ બીકે બધા સમસમી ઊઠયા. પણ કોઈ ધાડપાડુને રોકવા આગળ જતું નથી. વાણિયાવાડમાં ધાડપાડુઓ પહોંચ્યાના ખબર આવ્યા, અને અભયસિંગથી ન રહેવાયું. મંડપમાંથી એ બહાર નીકળ્યો.

ઉષા: એમ ને એમ?

રમા: ના, ઉષાને લઈને! આ શી આદત છે, ઉષુ?

પલ્લવી: એની મા એને કેટલું કરગરી; ખોળા પાથર્યા; પણ એ તો એકનો બે ન થયો.

તારા: (અસ્ફૂટ) કેમ કરીને થાય!

પલ્લવી: કહે, મા, તું આવી છે મને રોકવા? તું? ઘરડી મા શરમાઈ ગઈ. અને અભયસિંગ ચાલી નીકળ્યો. હાથમાં...

ઉષા: (અધવચ્ચેથી) બંદૂક? તલવાર?

પલ્લવી: કશું ય હથિયાર નહિ. અને સીધો પહોંચ્યો વાણિયાવાડે. ધાડપાડુઓ તો ગાંસડાંપોટલાં બાંધીને ભાગતા હતા ત્યાં જઈને અભયસિંગે પડકાર કર્યો: માટી થજો.

ઉષા: માટી થજો?

તારા: હા, શૂરા બનજો. ભાગી ન જતા. સમજતી ન હોય તો પૂછપૂછ શું કરવાને કરે છે? નકામની વાત મારી નાખે છે?

પલ્લવી: અને એણે તો એકના હાથમાંથી બંદૂક આંચકીને જામગરી ચાંપી. બધા ભાગવા માંડચા, ઊભી પૂંછડીએ.

ઉષા: ભાગી ગયા? લડચા નહિ?

રમા: એ તે ક્યાં વાત માંડી'તી તે લડે?

પલ્લવી: પણ જતાં જતાં એકે અભયસિંગને ગોળીએ વીંધ્યો.

ઉષા: મરી ગયો?

તારા: હા. અને બાકીની વાત હું કહું. આ એનો પાળિયો. ગામડાંની રીત, કોઈની યાદગીરી રાખવાની; ખરુંને, પલ્લુ?

પલ્લવી: હા. અને બાપુજીએ ગામમાં નિશાળ ખોલાવી આપી ત્યારે ગામલોકે બાપુજીને કશુંક આપવું એમ ઠરાવ્યું. પણ બાપુજી કહે, મારાથી કશું ન લેવાય. એમાં ક્યાં મેં મોટો માર માર્યો છે?

ઉષા: પછી, પછી?

પલ્લવી: પછી તો આમ બાપુજી ના કહે અને ગામલોક આગ્રહ કરતા જાય. છેવટે બાપુજીએ કહ્યું, હું તો ગામ પાસેથી એક જ ચીજ લઉં. ગામલોક પૂછે, શું? તો કહે, અભયસિંગનો પાળિયો.

રમા: ગામલોક તો જોવા જેવા થઈ ગયાં હશે!

પલ્લવી: હા. કહે, સાહેબ, માગી માગીને પથરો માગ્યો? એક જણ તો કહે, સાહેબ, આ પાળિયો માગીને તો આપે ગામનું નાક કાપી નાખ્યું.

ઉષા: પછી? સાહેબે શું કીધું?

પલ્લવી: બાપુજી કહે, એને પથરો ન સમજો. એ તો છે સંસ્કારનું સંભારણું.

ઉષા: પથ્થરામાં સંસ્કાર?

[પલ્લવીની મા માનકુંવર દાખલ થાય છે.]

માનકુંવર: બસ, પલ્લુ, તારું તો એનું એ જ પાળિયાપુરાણ ચાલે છે ને? છે તને કશી ફિકર? નાનાભાઈ રાતના આવ્યા નથી. પણ તને છે કશો અજંપો?

પલ્લવી: તે બા હું શું કરું? બાપુ ને ભાઈ ગયા છે ખબર કાઢવા; આવતા હશે હમણાં. તું તો ખાલી ચિંતા કરે છે.

તારા: હા, માશી, હમણાં આવતા હશે. નાનાભાઈ તો કોઈ ભાઈબંધ દોસ્તદારને ત્યાં રહી પડ્યા હશે.

માનકુંવર: શું રહી પડ્યા હશે? તમને છોકરાંઓને થયું છે શું? મારી મૂઈનું કોણ સાંભળે? પણ હું તો રોજ કે'તી'તી કે નાનાના ઢંગ સુધારો. છે મારા મોટાને કશું? છોકરાં તો એવાં કહ્યાગરાં જોઈએ.

પલ્લવી: બા, તું તો નકામનો કાગનો વાઘ કરે છે. હમણાં નાનાભાઈ આવી પહોંચ્યા સમજને.

માનકુંવર: બેસ હવે મોટી, દિલાસો દેવા આવી છે તે: હું ય જાણું છું કે આવી પહોંચશે. પણ કહ્યા વિના કેમ ગયો? આજનો જમાનો...

પલ્લવી: નાનાભાઈ તો બહાદુર છે. એને કશી ય અળવળ નથી થવાની.

ઉષા: હા, કાકી, નાનાભાઈ કહેતા'તા...

માનકુંવર: કહેતા'તા! શું કહેતા'તા?

તારા: (ઉષાની કુમકે આવી) કે મનમાં કશીય બીક ન રાખવી. જેણે બીક કાઢી નાખી એણે... (યાદ કરતાં) શું કહ્યું'તું, પલ્લુ?

માનકુંવર: કહ્યું'તું! ધૂળ ને ઢેફાં બધાં. બસ, આ ચપ ચપ બોલતાં જ શીખી ગયાં છે. ઘરની અને ઘરનાંની તો જરાકે ફિકર ચિન્તા જ નહિ. મારો મોટો ન હોત તો તો મારી મૂઈનો જન્મારો જ એળે જાત.

પલ્લવી: તને તે કેવી રીતે સમજાવવી, બા?

ઉષા: માશી, પલ્લુ અમને... આ પાળિયો.

માનકુંવર: હા, પાળિયો. હું તો કહી કહીને થાકી કે ઘરમાં પાળિયા ન હોય. એ તો ગામડામાં ભાગોળે જ સારા. અને આપણને એ કામના ય શા? જોઈએ તો ધોબીના પથરા—કે ધોવામાં તો ખપ લાગે! પણ મારી મૂઈનું કોણ સાંભળે?

તારા: માશી, તમે તો ભઈસાબ, એક વાત પકડી તે બસ!

માનકુંવર: હા, બાઈ, તમારાં બધાંની નજરે તો અમે રહ્યા જડ, અક્કલ વિનાના. અને તમારા પેલા અક્કલવાળાને કેમ નથી કે'તા કશું? ભાગ્યણા તો બહુ રૂડે છે ને? જાણે ઝાઝું બોલવામાં જ બહાદુરી આવી! છે મારા મોટાને કાંઈ બોલવાનું? ખપ વિના બોલવું શું? નાનો કહ્યા વિના દિવસોના દિવસો અને રાતોની રાતો બહારનો બહાર રહ્યા કરે છે, તે કહોને જરા એને?

[રુદ્રશરણ અને એમના મોટા દીકરા પ્રદીપને આવતા જોઈ માનકુંવર અધવચ્ચે અટકે છે. ખુરશી-માંથી ઊઠી જઈ, અવાજ બદલી આગળ આવી]

માનકુંવર: ક્યાં હતો? મળ્યો પત્તો?

[રુદ્રશરણ આગળ પડેલી ખુરશીમાં બેસે છે. પ્રદીપ પાસે જ ઊભો રહે છે.]

માનકુંવર: (એકથી બીજાના સામું જોઈ) કોઈ કશું બોલશો ય ખરા, કે... (પાલવથી મોં લૂછી) આના કરતાં તો મોત આવે તો ય સારું. ન દેખવું કે દાઝવું. હૈયા હોળી તો નહિ? કોઈને અરધો સખુને કહેવાનું મન થાય છે? નાના...

રુદ્રશરણ: હવે તમે બોલી રહ્યાં? ('તમે' ઉપર ખાસ ભાર મૂક્યો છે, માનકુંવરથી એ અજાણ્યું નથી રહેતું.) પ્રદીપ, કહે એમને.

પ્રદીપ: કાંઈ પત્તો ન લાગ્યો.

માનકુંવર: કાંઈ પત્તો ન લાગ્યો? ક્યાં ખબર કાઢી? નવલશંકરને ત્યાં?

રમા: માશી, અમારે ત્યાં હોત તો હું કહેત નહિ?

માનકુંવર: હું તો ભાનભૂલી છું, બાઈ. ઈશ્વર-પ્રસાદને ત્યાં જોયું'તું? (પ્રદીપ ડોકું હલાવી હા પાડે છે.) ત્યાં યે નહિ તો પછી... પેલા નવનિધરાય? હમણાંનો એ ત્યાં બહુ જતો હતો.

રુદ્રશરણ: ગયો'તો ત્યાં. પ્રદીપ, કહે, વાત કહે. એટલું ય મારે કહેવું જોઈએ?

પ્રદીપ: કાલ સાંજે ત્યાં ગયો હતો. મનુભાઈને કહે: ચાલ ફરવા જઈએ. મનુએ ના કીધી એટલે 'જરા છાતી મજબૂત કરતો રહે' કહી જતો રહ્યો.

રુદ્રશરણ: છાતી મજબૂત કરો! જાણે નફટાઈમાં જ હિમ્મત આવીને વસી ન હોય! (માનકુંવરને) તમારા દીકરાનો ક્યાંય પત્તો નથી. હું તો વારંવાર તમને કહેતો કે નાનાના ઢંગ સારા નથી જણાતા. જરા ઓછાં લાડ લડાવો.

માનકુંવર: છેવટે વાંક તો મારો જ નીકળવાનો. શા લાડ લડાવ્યા મેં? કે'શો જરા?

રુદ્રશરણ: બાળક ઉપર તો આપણે પાડીએ એ જ સંસ્કાર પડે. સંસ્કાર એ જ સર્વસ્વ.

[તારા ઉષા રમાની નજર અચાનક જ પાળિયા પર પડે છે. પલ્લવી પ્રદીપને જોઈ રહી છે. પ્રદીપ મૂંગો ઊભો છે.]

માનકુંવર: હું પણ એ જ કહું છું. પણ મારું મૂઈનું...

રુદ્રશરણ: કોણ સાંભળે! જીવનમાં શિસ્ત નહિ. નાનાને તમે જ ફટવી મૂક્યો. લપલપ ચપચપ બોલતો જ કરી દીધો. બસ, નાનામોટાનો વિવેક, મર્યાદા, વિનય કશું જ ન મળે. ઘરને તો વીશી સમજી મૂકી છે. અને નાના પછી પલ્લુને ય તમે ઠીક સંસ્કાર પાડતાં લાગો છો!

[તારા, રમા અને ઉષાને બહાર નીકળી જવાની ઈશારત કરે છે. ઉષા સમજતી નથી. રમા એનો હાથ ખેંચે છે.]

રમા: અમે જઈએ, માશી.

માનકુંવર: બસ, જવું છે? પલ્લુ તો . . .

ઉષા: (ગએલી જીભ અચાનક આવી હોય એમ) પલ્લુબેનને લઈ જઈએ?

[તારા અને રમા ડઘાઈ જાય છે.]

રુદ્રશરણ: ક્યાં લઈ જવી છે પલ્લુને? પલ્લુ, ક્યાંય જવાનું નથી.

[પલ્લુનું મોં પડી જાય છે. તારા ઉષાને લગભગ ધક્કો મારી ઓરડા બહાર લઈ જાય છે. રમા પાછળ પાછળ જાય છે.]

માનકુંવર: આવજો, હોં.

[પલ્લુથી રોઈ પડાય છે.]

રુદ્રશરણ: શું છે છોકરી?

માનકુંવર: શું કામ એને દબડાવો છો?

[પલ્લવી માનકુંવર પાસે આવી લગભગ માથું ઢાળી ઊભી રહે છે.]

રુદ્રશરણ: આ જ મને નથી ગમતું. તમે નથી જાણતાં તમે છોકરાંની જિંદગી બગાડી રહ્યાં છો. આ જ રીતે નાનો . . . તમારે ભરુસે મૂકી દીધો અને છોકરા . . . (અચાનક જ જીભ અટકી જાય છે. થોડી વાર બાદ રુદ્રશરણના અવાજમાં કડવાશ અને કર્કશતાને સ્થાને સહેજ ભિનાશ આવે છે.) એમને એટલું તો ભાન રહેવું જોઈએને કે આમને કેટલી ચિંતા થશે?

[પલ્લવીનું ડૂસકું એમનું ધ્યાન તોડાવી દે છે.]

રુદ્રશરણ: (અવાજની ભિનાશ આવી એટલી ગતિથી જ પાછી ચાલી ગઈ હોય છે.) પલ્લુ . . . રુવે છે કેમ?

[અવાજ તરડાઈ જાય છે.]

માનકુંવર: (પલ્લુની આંખ લૂછી) પલ્લુ, જા બેટા! મોં લૂછી નાખ.

[પલ્લવી બહાર જાય છે. માનકુંવર એને બહાર જતી જોઈ રહે છે.]

માનકુંવર: (પલ્લવી બહાર પહોંચી ગઈ છે એની ખાતરી બાદ આગળ આવી) અને આ શું માંડ્યું છે?

રુદ્રશરણ: તમે? તમે ય? . . .

પ્રદીપ: બાપુ . . .

રુદ્રશરણ: (સખેદ વિસ્મયથી ટીકી રહી) પ્રદીપ!

પ્રદીપ: બાપુ, આ અસહ્ય છે.

રુદ્રશરણ: અસહ્ય છે? શું અસહ્ય છે?

પ્રદીપ: હવે તો આ ઘરમાં ગૂંગળામણ થાય છે.

માનકુંવર: મોટા . . .

પ્રદીપ: બા, આખી જિંદગીમાં હું નથી બોલ્યો.

રુદ્રશરણ: શું બોલવાનું છે?

પ્રદીપ: બાપુ, અવિનય થતો હોય તો માફ કરજો.

માનકુંવર: મોટા, શું કરે છે તું?

પ્રદીપ: બા, શા વાંકગુને અમને પથ્થરના ટુકડાથી પણ . . .

રુદ્રશરણ: બસ, મારે નથી સાંભળવું. આ ઘરમાં આવી અમર્યાદા નહિ ચાલી શકે. અહીં નફાવતું હોય તો...

પ્રદીપ: બાપુ, તમે આટલી આસાનીથી રજા દેશો એમ મેં ક્યારેય ન'તું કલ્પ્યું.

માનકુંવર: મોટા! (એનો હાથ પકડવા જાય છે.)

રુદ્રશરણ: જવા દો એને.

પ્રદીપ: અને પલ્લુ અને નાનાભાઈને પણ મારી સાથે લેતો જાઉં છું.

[માનકુંવરથી રડી જવાય છે.]

માનકુંવર: ઓ, મા . . .

રુદ્રશરણ: (ખુરશીમાંથી ઊભા થઈ) શું માંડ્યું છે આ? એમને ને તારે શું છે?

પ્રદીપ: મારે એમને મારી જેમ જીવતાં મરેલાં નથી જોવાં. આ ઘરમાં તો . . .

રુદ્રશરણ: (અધવચ અટકાવી) શું છે આ ઘરમાં? સારામાં સારા સંસ્કાર તમને મળે એ માટે મેં મારી



જાત નીચોવી છે. આ એનો બદલો છે?

પ્રદીપઃ બાપુ, સ્વત્વ ભૂંસી નાખો, પછી સંસ્કારનો ઓપ ક્યાંથી ચડવાનો હતો?

રુદ્રશરણુઃ તારી આટલી હિમ્મત છે?

[એમના હાથની મુઠ્ઠી વળી જાય છે.]

પ્રદીપઃ આજ લગી ન'તી; આજે આવી. સંસ્કાર, સંસ્કાર, સંસ્કાર! દિવસ ને રાત આ ઘરમાં એ શબ્દનો નાદ ગુંજે છે. વીરતા, ઉદારતા, માનવતાના પાઠ બત્રીસે ઘડી અમારા કાનમાં રેડાય છે. પણ અમારાં હાથપગ અને હૈયું પહેલેથી જ તમે છૂંદી નાખ્યાં છે, એ ક્યારે ય ધ્યાનમાં ઉતાર્યું છે? કદી, કદી ય જિંદગીમાં એકજ વાર એ વિચાર્યું છે કે . . . (નિસાસો નાખી) બાપુ, બા, અમે આ પાળિયાના પત્થર જેવા નિર્જીવ નિઃસત્વ બન્યા છીએ એ કદી જોયું છે?

રુદ્રશરણુઃ કહી રહ્યો?

માનકુંવરઃ મોટા, તને તે શું સૂઝ્યું છે? નાનાનો પત્તો નથી ને વળી તું . . .

રુદ્રશરણુઃ આ ઘરમાં હવે તમારે માટે સ્થાન નથી. જાઓ. (અરધી પળ બાદ) જાઓને, ક્યાં ગયું પેલું તમારૂં સ્વત્વ?

પલ્લવીઃ (બહારથી) અંદર છે. (અંદર આવી) બાપુ!

[ઓરડામાં આવે છે. પલ્લવીની પાછળ એક પોલીસ ઇન્સ્પેક્ટર ઓરડામાં દાખલ થાય છે.]

પલ્લવીઃ બાપુ . . .

રુદ્રશરણુઃ (એ બાજુ જોઇ) શું છે? (ઇન્સ્પેક્ટરને જોતાં) ઓહો . .

પો. ઇ.: માફ કરજો, મારે એક માઠા ખબર



આપવા છે.

[પો. ઈ. માનકુંવર અને પલ્લવી તરફ જુએ છે.]

રુદ્રશરણુઃ પલ્લુ, તું અને તારી મા જરા બહાર જાઓ. (પ્રદીપ સામું જોઈ મોં ફેરવી લે છે. રુદ્રશરણુના હોઠ થોડીક પળ અવાજ કર્યા વિના સળવળે છે. મા-દીકરી બહાર જાય છે.) બોલો.

પો. ઇ.: (ખીસામાંથી એક સફેદ રૂમાલ કાઢે છે. રૂમાલમાં કશુંક બાંધેલું છે. તેને છોડી રુદ્રશરણુ આગળ ધરે છે) આ . . .

રુદ્રશરણુઃ નાનાનાં, નાનાનાં બટન. ગઈ જ જન્મ-ગાંઠે મેં આપ્યાં હતાં. ક્યાં છે નાનો? ક્યાં છે નાનો? બોલો, બોલતા કેમ નથી તમે?

પો. ઇ.: વિદ્યાધિકારી સાહેબ, હું દિલગીર છું પણ . . . નાનાભાઇનું ગઈ કાલે રાત્રે ખૂન થયું છે.

રુદ્રશરણુ–પ્રદીપઃ (એકી સાથે) ખૂન?

પો. ઈ.: રાતે ધાડ પડી હતી. ત્યાં ધાડપાડુઓ સાથે ઝપાઝપી થઈ હશે. (અટકીને) લાશ તો હજુ હમણાં હાથ લાગી. મોં છૂંદાઇ ગયું છે, એટલે ઓળખાણુ . . .

[રુદ્રશરણુ ફાટી આંખે જોઈ રહે છે. ઘડીભર પછી એની નજર મોટા પર જાય છે અને ત્યાંથી ફરીને પાળિયા પર ઠરે છે. પ્રદીપની નજર રૂમાલમાં પડેલા બટન પરથી ફરી નાનાની છબી પર પડે છે. બાપદીકરાની નજર પાળિયા પર મળે છે. બન્ને નજર ચોરી લે છે. રુદ્રશરણુ અચાનક પો. ઈ.ના હાથમાંથી રૂમાલ ઝૂંટવી ઊભા થઈ જાય છે. ઝડપથી પડદો પડે છે.]

જયંતી દલાલ

મેંદીનાં પાન

તારૂં જીવન વિજયી બનાવવું હોય તો ખંતને મિત્ર બનાવ, અનુભવને મંત્રી, સાવધતાને મુરબ્બી અને આશાને માતા.

તારી મરજી સાચવનારને નહિ પણ તારૂં હિત સાચવનારને સાચો મિત્ર ગણ.

આળસને 'આજ' આપીશ તો 'આવતી કાલ' પણ એ ચોરી લેશે.

વખત તને શાણો બનાવે તે કરતાં વખતસર તું શાણો થઇ જા.

તારા ગુમાનને નહિ, પણ તારી થેલીને પૂછીને ખરચ કર.

નબળી દલીલ કરતાં મૌન વિશેષ વજનદાર છે. —આ૦

ઉત્તર ગુજરાતનો પ્રાણિસમુદાય

કુમારની સર્વપરિચિત અને નામચીન, અભ્યાસ અને અવલોકનજન્ય લેખમાળા **વનવગડાનાં વાસી**ના લેખક શ્રી

લ કે ઘર

ની કલમમાંથી રજૂ થતો આ નવો ને સર્વગ્રાહી લેખ આપણે ત્યાંની એક વણપૂરી ખોટ પૂરી કરે છે. આપણા ગુજરાતપ્રાંતની પ્રાણિસૃષ્ટિનો સમગ્ર પરિચય આપનારી એક પણ સંગ્રહિત યાદી આપણે ત્યાં નથી. વનસ્પતિસૃષ્ટિમાં પણ માત્ર સપુષ્પા વનસ્પતિની યાદીઓ થઈ છે; અપુષ્પા વનસ્પતિની હજી બાકી છે. આ લેખ એ ઊણપ પૂરી કરવાનો સ્તુત્ય પ્રયત્ન છે. અમારી જાણ મુજબ ગુજરાતમાં એ દિશાનો આ પહેલો અને સર્વગ્રાહી પ્રયત્ન છે. એટલે એનું મૂલ્ય વધુ સમજાવવું પડે તેમ નથી. કેવળ તે વિષયના અભ્યાસીઓને જ નહિ, પરંતુ જિજ્ઞાસુ જનસામાન્યને પણ રસદાયક અને ઉપયોગી એવી આ લેખમાળા સૌ કાળજીથી વાંચશે ને અભ્યાસઅર્થે સંગ્રહશે.

'આપણે ત્યાં કેટલી જાતનાં પંખી છે?' આવું પૂછનારા મને ઘણા મળે છે. વનવાસીની આ લાંબી પરડ 'કુમાર'નાં પાનાં ક્યાં લગી ખરડશે, એવી કંટાળેલી મનોવૃત્તિનો આ પરિણામ હોય અથવા અભ્યાસીની સ્વાભાવિક જિજ્ઞાસા પણ આ પૃચ્છાનો હેતુ હોય. એ બંને પ્રકારનાં માનસને સંતોષવા હું આ યાદી રજૂ કરૂં છું; કેવળ પંખીઓની જ નહિ: સાથેસાથે પશુઓ, મત્સ્ય, સર્પ વગેરે પૃષ્ઠવંશવાળા સમગ્ર પ્રાણિસમુદાયની.

કહીંક પંખી નજરે પડયું; એકાદ પશુનો પરિચય થયો; વગડામાં ફરતાંફરતાં તરેહતરેહની વનસ્પતિઓનો પ્રસંગ પડયો; એમનાં સ્વરૂપ નીરખી એમનાં નામ અને જાતની પણ ઓળખાણ કરી લીધી; અને એ રીતે પ્રકૃતિનિરીક્ષણ આગળ ચાલ્યું. અનુભવ વધવાની સાથે અવલોકનકારની દૃષ્ટિમર્યાદા પણ વધવા માંડી, અને એકલદુકલ પ્રાણી કે વનૌષધિ ઓળખવાથી જે પરિતૃપ્તિ થતી તેને સ્થાને એ એ પ્રદેશના એ એ વર્ગનું તમામ જાણી લેવાની પ્રબળ ઉત્કંઠા જાગી. એ સંતોષવાનું સાધન આવી યાદીઓ. પછી તો જુદાજુદા પ્રાન્તોની યાદીઓ ભેગી કરીને સમગ્ર દેશનાં પ્રાણીઓ તેમજ વનસ્પતિઓની સમીક્ષા પણ કરી શકાય.

આવી યાદીઓ અંગ્રેજી ભાષામાં અનેક છે; આખા બૃહદ્ ભારતની તેમ જ જુદાજુદા પ્રાન્તો અને વિશિષ્ટ શહેરોની પણ. તેમાં ગુજરાતની સમાલોચના કરનાર તો થોડી જ. અને આપણી ભાષામાં તો માત્ર બેત્રણ જ: એક સ્વ. શ્રી જયકૃષ્ણભાઇની; બીજી શ્રી સુરેશ દીક્ષિતની. બંને વનસ્પતિઓ પરત્વે. જયકૃષ્ણભાઇએ કેવળ વનસ્પતિઓનો નામોલ્લેખ કરીને કૃતકૃત્યતા નથી માની. એમણે તો બરડા ડુંગરની પ્રત્યેક સપુષ્પા વનસ્પતિને જાતે જોઇતપાસી, નક્કી કરી, એમના ગુણ સ્વરૂપ ને વર્ણનનું આખું વનસ્પતિશાસ્ત્ર જ લખી નાખ્યું છે. ભાઇશ્રી સુરેશની 'ગુજરાતની વનસ્પતિઓ' અંગ્રેજી ગ્રન્થોના આધારે લખેલી હોઈ માત્ર સપુષ્પા વનસ્પતિઓની સૂચિ જ છે. અપુષ્પા વનસ્પતિઓ કે પ્રાણીઓ વિષે તો આવું કંઈ જ લખાયું નથી. એ ઊણપ ઉત્તર ગુજરાતનું આ પ્રાણિવર્ણન પૂરશે એવી હું આશા રાખું છું.

ઉત્તર ગુજરાત કહું છું એથી એમ નથી સમજવાનું કે આ પ્રાણીઓ અન્યત્ર નથી થતાં. વાસ્તવિકરીતે તો જે પ્રાણીઓ ઉત્તર ગુજરાતમાં છે તે તમામ અગર તેમાંનાં ઘણાંખરાં દક્ષિણ ગુજરાત તેમજ કચ્છ–કાઠિયાવાડ અને ભારતના અન્ય પ્રાન્તોમાં પણ ઓછાવત્તા પ્રમાણમાં નજરે પડે છે. ઉત્તર ગુજરાત કહેવાનો આશય એટલો જ કે મારો અનુભવ માત્ર આ પ્રદેશ પૂરતો જ છે.

ઉત્તર ગુજરાત એટલે, ઉત્તરે અને પૂર્વમાં આરાવળનો પહાડી પ્રદેશ, પશ્ચિમે કચ્છનું રણ અને કાઠિયાવાડ અને દક્ષિણે ચરોતરની રસાળ ભૂમિ: એમ ચતુઃસીમા વચ્ચે ઘેરાએલો ભૂમિભાગ. અહીં કોઇ વિશાળ ગિરિમાળા નથી કે નથી એને ભેદી જતી સાગર સિવાય અન્ય કોઇ મોટી સરિતા. તમામ પ્રદેશ છે વિશાળ સપાટ મેદાન—મોટે ભાગે રેતાળ, સૂકું, આછાં ઝાડપાનવાળું, વિશાળ સરોવર કે ગીચ જંગલઝાડી વિનાનું.

આમાં આબુ અને આરાસણ મેં જોયાં નથી: છતાં બાળારામ ચેલણા અને તારંગા, ઇડર વીરેશ્વર અને શામળાજી જેવાં સ્થળોનો મને અવારનવાર પ્રસંગ પડયો છે એ ઉપરથી; અહીં ભાર વનસ્પતિ અને

પ્રાણીઓથી સમૃદ્ધ આરાવળની પાર્વતીય ભૂમિનો મને ઠીક પરિચય થયો ગણાય. રણમાં ભમ્યો નથી, પણ રણના પ્રતિનિધિ જેવાં કેટલાંક સ્થળ મેં જોયાં છે. બાકી તો નળકંઠાના ઉપલાણ સિવાય આ આખો પ્રદેશ હું પગ તળે કાઢી ચૂક્યો છું. એ પરિભ્રમણ દરમ્યાન વિવિધ પ્રાણીઓના સમાગમમાં હું આવ્યો છું. થોડાક અપવાદ સિવાય પંખીઓમાં તો ઘણાં-ખરાંનો મને પ્રત્યક્ષ પરિચય છે. એવું જ સાપનું. એવું જ બીજાં સરીસૃપોનું. મીઠા જળનાં માછલાંનો સંગ્રહ તો મારો જાતનો જ છે. પશુઓમાં પણ સિંહ અને વાઘ, થોડાંક હરણ અને ચામાચીડિયાં સિવાય ઘણાંખરાંને મેં વન્ય દશામાં જોયાં છે. જે પ્રાણીઓ મેં નથી જોયાં એ માટે પુરોગામીઓના અનુભવનો આધાર મેં લીધો છે.

છતાં આ યાદીમાં ઉત્તર ગુજરાતનાં તમામ પ્રાણીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એમ તો ન જ કહેવાય. ખૂબ ઓછી સંખ્યામાં થનારાં, આપણે ત્યાં ઋતુભેદે ક્વચિત્ જ અને કોઇક જ સ્થળે આવનારાં, અને વ્યાપક છતાં આત્મગોપનની ટેવને લીધે જન-નજરે જવલ્લે ચડનારાં, અથવા નજરે ચડે છતાં અત્યંત સામ્યને લીધે જેમનો ગોત્રગોત્ર વચ્ચેનો ભેદ સહેજે પરખવામાં ન આવે એવાં કેટલાંક પ્રાણીઓ અહીં આપ્યાં નથી. કારણ, એક તો હું અહીં પ્રાણીઓનો ઇતિહાસ લખવા નથી બેઠો; તેમ 'કુમાર'ની વિષયમર્યાદા પણ મારે સાચવવાની રહી. એટલે ન તો મોટું પુરાણ રચાઈ જાય કે ન તો કેવળ નામસ્મરણ પૂરતા જ ઉપયોગવાળું પ્રાણિ-સહસ્રનામનું સ્તોત્ર બને, એ નજરમાં રાખી, પ્રાણીઓના પરિચયપૂર્વક એમની વ્યાપકતા તથા પરસ્પરનો સંબંધ ધ્યાનમાં આવે એવી યાદી તૈયાર કરવાનો મધ્યમ માર્ગ મેં સ્વીકાર્યો છે. એટલા પૂરતી એમાં થોડી ત્રૂટીઓ અને અ-શાસ્ત્રીયતા રહી ગઇ છે; પણ એને તો નભાવ્યે જ છૂટકો.

આ યાદી અન્ય પણ એક રીતે અધૂરી છે. એમાં અંગ્રેજી તેમજ શાસ્ત્રીય સંજ્ઞાઓ આપી નથી. પાછલા તમામ લેખોમાં મેં મિથ્યાપાંડિત્યનો અપવાદ વહોરીને પણ અંગ્રેજી અને લાટીન નામો આપવાનો રિવાજ રાખ્યો હતો; એ હેતુથી કે એ નામોનો આશ્રય લેવાથી જિજ્ઞાસુને અંગ્રેજી ગ્રન્થો ઉકેલવા સરળ પડે. અહીં એવાં નામો આપ્યાં હોત તો આ યાદીની ઉપયોગિતા ખૂબ વધી જાત એ હું જાણું છું, છતાં 'કુમાર' કેવળ વૈજ્ઞાનિકોનું પત્ર નથી એ વિચારે મારી ઉત્કંઠા દબાવવી પડી છે.

શાસ્ત્રીય સંજ્ઞાના ઉલ્લેખ અંગે પણ એક વાત જણાવી દઉં. પ્રાણીઓને લગતા અંગ્રેજી શબ્દોનું ગુજરાતી રૂપાન્તર કરતાં મેં જે પરિભાષા યોજી છે, એમાં ઘણાને મારી ભદ્રંભદ્રતા દેખાશે; પણ એમાં હું નિરુપાય છું. વણખેડાએલી ગુજરાતી ભાષા વૈજ્ઞાનિક પરિભાષા તૈયાર કરવામાં નકામી હોવાથી એ માટે કાં તો સંસ્કૃતનો અગર ફારસી-અરબીનો કે એ ત્રણેના વર્ણસંકર શબ્દોનો આશ્રય લેવો રહ્યો. જન્મથી તેમજ સંસ્કારે મારો ઉછેર સંસ્કૃત-ભાષાભાષી વંશનો હોવાથી મારા માટે પરિભાષાનું વાહન સંસ્કૃત જ હોઇ શકે. તેથી બન્યું ત્યાં લગી મેં સંસ્કૃત સાહિત્યમાં વપરાયલાં શબ્દોમાંથી જ પરિભાષા શોધી છે. નછૂટકે જ નવી સંજ્ઞાઓ રચી છે.

વળી, આવી પરિભાષા વાપર્યા વિના છૂટકો પણ નથી. વનસ્પતિઓ તેમજ પ્રાણીઓના અભ્યાસની સુગમતા સારૂ તેમજ પ્રાગિતિહાસકાલથી આજ સુધી એમનો વંશવેલો શી રીતે ફાલ્યોફૂલ્યો છે એ વિચારવાના હેતુથી, એમના સાધર્મ્ય-વૈધર્મ્યના આધારે વિદ્વાનોએ એમના સંબંધદર્શક વિશિષ્ટ વિભાગવ્યવસ્થા કરી છે. એમાં પ્રથમ 'વ્યક્તિ' : Species. વયની અસમાનતા તથા લિંગભેદ સિવાય અન્ય રીતે અંગ-ઉપાંગની તેમજ શરીરના વ્યાપારોની એક જ પ્રકારની રચનાવાળાં, વંશવર્ધનની શક્તિવાળી પ્રજા ઉત્પન્ન કરવાના હેતુથી નર માદાનો સંબંધ થઈ શકે એવા સ્વભાવવાળાં પ્રાણીઓ તે જ 'વ્યક્તિઓ.' પ્રાણીઓ (તેમજ વનસ્પતિઓ)ના વર્ગીકરણનો આ પાયો. દા. ત. ગાય. પછી 'ગોત્ર'. રૂપરંગની તેમજ શરીરરચનાની સમાનતા હોય, છતાં થોડાક નૈસર્ગિક ભેદવાળી અને પ્રજોત્પત્તિના કુદરતી સંબંધના અભાવ પૂરતી જુદી પડી જતી છતાં એક જેવી લાગતી વિવિધ વ્યક્તિઓને એક જ જૂથમાં મૂકીએ એને 'ગોત્ર'–Genus નામ અપાય છે. જેમકે, ગાય અને ભેંસ વચ્ચે પ્રજોત્પાદનનો સંબંધ નથી, છતાં એકાદ બે (ગલકંબલ તથા રૂપરંગના) ફેર સિવાય આ બંને એક જ ગોત્ર 'bos'નાં, ગોત્ર ધર્મવાળાં પ્રાણીઓ છે. એવી જ રીતે ગવય અગર વગડાઉ ગાય પણ એમની સગોત્રી ગણાય. સમાન ધર્મવાળાં કેટલાંક ગોત્ર ભેગાં કરી 'કુલ'–Family બને. દૃષ્ટાન્ત તરીકે, બકરાં, ઘેટાં, છીંકારાં, કાળિયાર, રોઝ, ગાય,

ભેંસ વગેરે વિવિધ ગોત્રનાં પ્રાણીઓ, 'વાગોળવા'ના સામાન્ય સ્વભાવને લીધે એક જ Ruminants-કુલનાં ગણાય. થોડાંક કુલ ભેગાં કરી એક 'ગણ'–Tribe. થોડાક ગણ અગર અનેક કુલ (દા.ત. હાથીનું કુલ, ઘોડાનું કુલ, ગેંડાનું કુલ, ભુંડનું કુલ, ગાયનું કુલ, સાબરનું કુલ વગેરે) ભેગાં કરી, એક 'વર્ગ'–Order; જેમકે ખરીવાળાંનો વર્ગ: Ungulata. અનેક વર્ગોનો એક 'વંશ'-Class; ખરીવાળાં, શ્વાપદ વગેરેનો Mammalia. છેલ્લે, અનેક વંશનો એક 'સમુદાય'-Phyllum; જેમકે: આંચળવાળાં, પંખી, માછલાં વગેરેનો 'પૃષ્ઠવંશવાળાં' Vertebrataનો સમુદાય. ગુણસાધર્મ્યના આધારે આવા જ વિભાગ વનસ્પતિઓના પણ પાડવામાંઆવે છે.

આ યાદીમાં પણ ઉપરના નિયમે જ પ્રાણીઓના ભેદ પાડવામાં આવ્યા છે: માત્ર એક અપવાદ સિવાય. વૈજ્ઞાનિકો દરેક વનસ્પતિ તેમજ પ્રાણીને બે (નવી પદ્ધતિ પ્રમાણે ત્રણ) શાસ્ત્રીય નામ આપે છે. એક વ્યક્તિદર્શક, બીજું ગોત્રવાચક. 'સિંહ' કહેવું હોય તો એનું વ્યક્તિદર્શક 'Leo' એવું લાટીન નામ એકલું ન આપતાં, એની 'બિડાલ' ગોત્ર વાચક સંજ્ઞા 'Felis' ઉમેરીને 'Felis leo' કહે છે. એ રીતે જ વાઘને Felis tigris, રાની બિલાડાને F. chaus વગેરે. અહીં આવી પ્રથા ન અનુસરતાં, સરળતા માટે, અંગ્રેજી સાધારણ નામો પેઠે, વ્યક્તિને શાસ્ત્રીયતામાં સંડોવ્યા વિના, માત્ર એક જ ગુજરાતી કે હિન્દુસ્તાની નામ આપી ચલાવ્યું છે. જોકે વ્યક્તિનાં શાસ્ત્રીય નામ પાડવાની પદ્ધતિ પણ ઓછી રસપ્રદ નથી. ગોત્રવાચક નામની વાત આગળ થઇ ગઇ, પણ વ્યક્તિદર્શક નામ રચવાની પ્રથા જરા જુદી છે. એકાદ વ્યક્તિનું શાસ્ત્રીય લાટીન નામ એના સામાન્ય વ્યવહારમાં વપરાતા પ્રાકૃત નામ ઉપરથી ઘડાય છે, તો કોઇનું એના નિવાસસ્થાન ઉપરથી. કોઇને, એને સૌ પહેલાં જનનજરે ચડાવનારનું જ નામ આપીને, તો કોઇને વળી જે પ્રદેશમાં એ વિપુલ હોય તે દેશનું જ નામ આપીને. કેટલાંક વળી એમનાં રૂપરંગ ગુણ કદ કે સ્વભાવ અથવા શબ્દ ઉપરથી પણ ઓળખાય છે. આવા તો અનેક ભેદ ગણાવી શકાય.

આ વિષયના અંગ્રેજી સાહિત્યના સંપર્ક વિનાના વાંચનારને આ યાદીમાં આપેલાં પ્રાણીઓની મોટી સંખ્યા જોઇ ભારે નવાઈ લાગશે અને આપણે ત્યાં



મર્મ

શી વૃક્ષની મંગલ મૌનશાન્તિ
સંજીવને ગૂઢ ગભીર કાન્તિ !
જોઈ રહું ને સમજી રહું સદા.

બીજે અચિંત્યો ફણગો જ ફૂટે,
બે પાંદડી ને થડડાળ છૂટે;
ઝંઝા થકી કોમળ જાત રક્ષે,
નિત્યે વધે છે, સમતોલ ઊભે.
કાળક્રમે ફૂલ ખીલે, ફળો ફળે,
તો યે કદી ના સ્વર શબ્દ એ વદે.

ઘોંઘાટમાં માનવ તો મચી રહ્યો:
ના વૃક્ષનો મર્મ ઉરે જરી લહ્યો.

દેશળજી પરમાર

આટલાં બધાં વિવિધ પ્રાણીઓ વસે છે, એ વિચારથી એની નજરે ગુજરાતની મહત્તા ખૂબ વધી જશે. પરંતુ એ ગૌરવ કંઈક અસ્થાને છે; કારણ, પૃથ્વીના અન્ય દેશોની વાત બાજૂ રાખીએ તોપણ ભારતવર્ષના બીજા પ્રાન્તોની સરખામણીમાં યે આપણી વનસ્પતિ અને પ્રાણિસંપત્તિ ખૂબ ઓછી ગણાય. વર્તમાનયુગના વનસ્પતિવિદોના શિરોમણિ સમો હુકર એના **वानस्पत्यम्**માં બૃહદ્ ભારતની ૧૭,૦૦૦ જેટલી વનસ્પતિઓ વર્ણવી ગયો છે. પ્રાન્તભેદે એમાં હિમાલયના નામે ૪૦૦૦, સીલોનની ૨૮૦૦ અને બર્માની એથી ય વધારે (૪૫૦૦) ચડી છે; અને મલાયા જેવાની તો ૬૦૦૦ જેટલી. એ દેશોની સરખામણીમાં મુંબાઈ ઇલાકો અત્યંત લૂખો ગણાય. છતાં ય હૂકના 'વાનસ્પત્યમ્'માં ૨૫૦૦ વનસ્પતિઓ તો મુંબાઇ ખાતે નોંધાઈ છે જ. પણ ગુજરાત! સેકસ્ટનના અવલોકનથી ઉત્તર ગુજરાતમાં ૬૦૦, જયકૃષ્ણભાઈના બરડામાં ૬૦૦ અને બ્લેટરનો કચ્છનો સંગ્રહ માત્ર ૪૦૦નો જ છે!

આ તો વનસ્પતિની વાત થઇ. પ્રાણીઓની પરિસ્થિતિ તો એથી યે વધુ ખરાબ છે. આજે નહિનહિ તો યે બૃહદ્ ભારતમાં આંચળવાળાં પ્રાણીઓની ૫૦૦ જેટલી જાતો જોવામાં આવે છે, ત્યારે ગુજરાતમાં માત્ર ૬૦! પચાસ વર્ષ ઉપર ભારતવર્ષમાં ૧૬૦૦ પંખીઓ નોંધાયાં હતાં. અવિરત સંશોધન-અવલોકનના પરિણામે આજે

એમની સંખ્યા લગભગ બમણી જણાઈ છે, છતાં ગુજરાતના ફાળે માત્ર ૨૫૦–૩૦૦ જ! સુવિખ્યાત સર્પવિદ્‌રિચ્ડ કર્નલ વૉલે ૩૫૦ જેટલા વિવિધ ભારતીય સાપ બતાવ્યા છે, છતાં આપણે ત્યાં ૨૫ કરતાં વધુ જાતો જાણવામાં નથી આવી. દિવાસંચરણશીલ પતંગિયાં (Butterflies)ની ૧૩૦૦ જેટલી જાતો ભારતવર્ષના ખોળે એવન્સે નોંધી છે, ત્યારે ગુજરાતના ફાળે માત્ર ૭૦–૭૫! એમાં યે અમદાવાદની આસપાસ તો માત્ર ૪૦–૪૨ જેટલી જ જોવામાં આવે છે.

અને આ બધું શોધી કાઢવામાં આપણો ફાળો કેટલો? આમાંના મોટા ભાગની માહિતી તો પરદેશીઓના પ્રયત્નને આભારી છે. સુરત અને અમદાવાદનો કલેક્ટર સેજવિક તૃણવર્ગની વનસ્પતિઓનો સમર્થ જ્ઞાતા હતો. એ ગુજરાતનાં ૧૧૬ જાતનાં ઘાસની નોંધ કરી ગયો છે, તેમજ ગુજરાત કૉલેજના એક વખતના પ્રોફેસર સેકસ્ટનની મદદથી એણે ઉ. ગુજરાતની ૬૦૦ વનસ્પતિઓની યાદી પણ છપાવી છે. વડોદરા કૉલેજનો અધ્યાપક લિટલડેલ અહીંથી ગયો ત્યારે ગુજરાતનાં પંખીઓનાં ૧૦,૦૦૦ ઇંડાંનો અમૂલ્ય સંગ્રહ સાથે લેતો ગયો હતો. દક્ષિણ ગુજરાતમાં એ અને બીધમ, ડેવિડસન તથા ડૉઇગ અને ઉત્તર ગુજરાતમાં ડીસામાં બટલર અને બાર્નસ આપણાં પંખીઓના પ્રખર અભ્યાસીઓ હતા. આજે આ વિષયનું આપણું જ્ઞાન એમના પુરુષાર્થને જ આભારી છે. ગુજરાતનાં આંચળવાળાં પ્રાણીઓની અધૂરી યાદી કરનાર પણ એક અંગ્રેજ હતો. આપણે ત્યાં પતંગિયાંના અભ્યાસની શરૂઆત કરનાર પણ અંગ્રેજો—એઇટકેન અને બીધમ, મૅક્સવેલ અને મોસ. જીવાતના નિષ્ણાત નર્સે ડીસામાંથી ૮,૦૦૦થી૧૦,૦૦૦ જેટલી હાઇમેનોપ્ટેરા (ભમરી, મધમાખ અને કીડી-મંકોડાની જાતનાં જીવડાં) બ્રિટિશ મ્યૂઝીઅમમાં મોકલાવી હતી. અને એમને પડખે આપણે? જયકૃષ્ણભાઈ જેવી બેત્રણ વ્યક્તિઓ સિવાય આ બાબતમાં ગુજરાતની કૂખ કુંવારી જ રહી ગઇ છે.

આપણી આવી ગરીબાઈનાં બે કારણો છેઃ એક તો આપણા પ્રદેશની પ્રાકૃતિક વિશિષ્ટતા અને બીજું આપણી ઉપેક્ષાવૃત્તિ અને કર્તવ્યપરાઙ્મુખતા.

ગુજરાતનો નકશો લ્યો. ખંભાત હેઠળ, મહી નદીના ઉત્તર કિનારાને સાંધતી એક રેખા, નદીના મુખથી પશ્ચિમ દિશામાં દોરો. સામે કાંઠે ધોળેરા ને ભીમનાથને વીંધતી એ સીધી રાજકોટ અને ત્યાંથી આગળ દરિયાકાંઠે દ્વારિકા સમીપ નીકળશે. આ લીટીનો ઉપરનો ભાગ તે ઉત્તર ગુજરાત કચ્છ ને ઉત્તર કાઠિયાવાડ, અને હેઠળનો ભાગ તે દક્ષિણ ગુજરાત ને દક્ષિણ કાઠિયાવાડ. એ બંને એક જ ગુજરાતના અંશો હોવા છતાં વનસ્પતિશાસ્ત્રીઓની નજરે પરસ્પર ભિન્ન સ્વભાવવાળા ભૂમિભાગો છે. અર્થાત્ ઉત્તર વિભાગ સૂકો, આછાં ઝાડપાનવાળો અને મોટે ભાગે રેતાળ હોવાથી અહીંની વનસ્પતિ અને પ્રાણીઓનાં સ્વરૂપ મોટે ભાગે રણ અને રેતાળ મુલકના જેવાં જોવામાં આવે છે. એથી ઉલટું, દક્ષિણ વિભાગની રસાળ ભૂમિ ખાનદેશ, કાનડા અને મલબાર સાથે વધારે મળતી આવે છે. એટલેકે એ પ્રદેશની વનસ્પતિ અને એના આશ્રયે જીવતાં પ્રાણી ઉત્તર ગુજરાતથી કેટલેક અંશે ભિન્ન હોય છે. છતાં આ બંને વિભાગનું સ્વરૂપ, ભારતવર્ષના અન્ય વિભાગોથી જુદા પ્રકારનું અને વનસ્પતિ તથા પ્રાણિજીવનની વિપુલતા ને વિવિધતાને ઝાઝું અનુકૂળ નથી. આપણે ત્યાં ઓછી જાતનાં ને અલ્પ સંખ્યામાં પ્રાણીઓ વગેરે નજરે પડે છે, એનું એક કારણ આ.

બીજું કારણ આપણી નિષ્ક્રિયતા. કારણ, આપણા પ્રદેશનું સાંગોપાંગ સંશોધન થયું નથી. ઉત્તર ગુજરાતનું તો થોડું યે જાણવામાં છે; પણ દક્ષિણ ગુજરાતનો તો કાંકરો સરખો યે કોઇએ ઉપાડ્યો નથી. પંચમહાલ અને ડાંગના પ્રાર્વતીય પ્રદેશો, નર્મદા અને તાપીતટનાં ગીચ જંગલો, આ બધાં કોણ જાણે કેટલી યે વિવિધ વનૌષધિ અને પ્રાણિજાતનાં ધામ હશે. આ બધું અંધારામાં જ રહેશે, જો આપણે ગુજરાતીઓ જ પુરુષાર્થ નહિ કરીએ તો. આ માટે ભારે દ્રવ્યની કે દુર્ગમ જંગલોમાં ભટકવાની પણ આવશ્યકતા નથી. પ્રત્યેક પ્રકૃતિપ્રેમી પોતાના જ ગામના કે તાલુકાના અવલોકનથી વનસ્પતિ અગર પ્રાણીઓની માહીતી ભેગી કરે અને એવી ઠેકાણેઠેકાણેથી ભેગી કરેલી માહિતીઓ 'ગુજરાત પ્રકૃતિ મંડળ' (અમદાવાદ) જેવી કોઈ મધ્યસ્થ સંસ્થા દ્વારા સંસ્કારીને વ્યવસ્થિત કરવામાં આવે તો ગુજરાતની અશેષ પ્રકૃતિની વસતિગણતરી ખૂબ ટૂંક સમયમાં કરી શકાય. આવી માહીતી એકઠી કરવામાં સાધનરૂપ બને, એ હેતુ પણ આ યાદી તૈયાર કરવા પાછળ છે.

૧

પ્રાણીવંશવિદોએ સમગ્ર પ્રાણીઓને બે વિશાળ સમુદાયમાં વહેંચી નાખ્યાં છે: એક વિભાગ કરોડ-રજ્જુવાળાં પ્રાણીઓનો, બીજો કરોડરજ્જુરહિત શરીર-વાળાં પ્રાણીઓનો. સંખ્યાની ગણતરીમાં પહેલા કરતાં બીજો ચડે. અણુતમ જીવ અને પાણીના પોરા; અળસિયાં અને કરમ; જીંગા અને કરચલા; શંખ અને શુક્તિ; કરોળિયા, કાનખજુરા, ઝેમેલ, વીંછી અને બીર-બુટી જેવાં છ કરતાં વધારે પગવાળાં, તથા કીડીમંકોડી, મધમાખ, પતંગિયાં, માકડમચ્છર વગેરે પટ્પદ જેવી સંખ્યાતીત ભિન્નભિન્ન સ્વરૂપ અને સ્વભાવવાળી અનેકવિધ પ્રાણિયોનીઓ આ બીજા વિશાળ સમુદાયમાં આવે છે. એમના વિષે આપણા પ્રાન્તમાં પૂરૂં સંશોધન થયું નથી, છતાં જેટલાં જોવા મળે છે એટલાંનો નામ-સ્મરણથી યે આ નાનકડા લેખમાં પરિચય કરાવવો સરળ નથી. એટલે અહીં તો આપણે માત્ર કરોડરજ્જુવાળાં ઉપર ઊડતી નજર નાખીને જ સંતોષ માનવો રહ્યો.

એ પ્રાણીઓના ચાર વિશાળ વંશ પાડવામાં આવે છે: (૧) સ્તનવાળાં, (૨) પંખીઓ, (૩) માછલાં અને (૪) પેટે ચાલનારાં. શરીરરચનાની સંપૂર્ણતા અને ઇન્દ્રિય-વિકાસની દૃષ્ટિએ સ્તનવાળાં પ્રાણીઓ એ તમામમાં મોખરે આવે છે એટલે એમનાથી જ આરંભ કરીએ.

સસ્તન વંશ

શરીર પર રૂવાંટીવાળાં અને બચ્ચાંનું પોષણ ધવરા-વીને કરનારાં ગરમ લોહીવાળાં પ્રાણી તે આ સસ્તન વંશ. એના ત્રણ અંતરવંશ: ઈંડાં મૂકનારાં પ્રાણીઓ, પેટની કોથળીમાં બચ્ચાં ફેરવનારાં પ્રાણીઓ અને અન્ય. એમાંથી પ્રથમ વંશની આજે હસ્તી જ નથી. આવાં

ક્રાન્તિ-મશાલે

ઙ

કાલિદાસ જાધવ

• સ્રગ્ધરા •

એ જ શું દેશ આ? જ્યાં:
પ્રેમે આત્મા દમંતી, વિમલ હૃદયથી આર્યતાને પ્રબોધી
લોપામુદ્રા ભમંતી જગજ્જુધ હરવા, કાવ્યગાને લસંતી;
વિશ્વામિત્રે ઝિલીને કવન નવલ એ મંત્રદીક્ષા સમર્પી:
'સંસ્કારોથી અનાર્યો પુનિત થઈ બને પૂર્ણ આર્યત્વ પામે.'

એ જ શું દેશ આ? જ્યાં:
કૃષ્ણે વૈરાગ્યભ્રાન્તિ જડમૂળથી હણી જ્ઞાનક્રાન્તિ કરીને
ભ્રાન્તાત્માઓ સહુને અતુલ બલવતા કર્મયોગે નવાજ્યા;
ક્ષત્રિયો ક્ષાત્રધર્મે શિથિલ જવ બન્યા ધર્મઢોંગે ફસાયા
ઝંઝાવાતે ઉડાડ્યા ધરણી ધમધમી ક્ષાત્રક્રાન્તિ થઈ ત્યાં.

એ જ શું દેશ આ? જ્યાં:
નૈષ્કર્મ્યે બ્રાહ્મણોના પદદલિત તણા આર્તનાદો સુણીને
સ્વપ્નદ્રષ્ટા વિબુદ્ધે હૃદયતલ ખુંદી ભવ્ય સિદ્ધાંત બોધ્યો:
'આત્મામાંથી પ્રતીતિ અભિમતની થતાં માનવું સત્ય એને'
ને એ બોધપ્રસારે ફળવતી જ કરી વિશ્વ-એકાત્મતાને.

એ જ શું દેશ આ? જ્યાં:
વિશ્વપ્રેમી અશોકે સમર મહીં શબોથી સિઝી આત્મ કેદી
છોડી પૃથ્વીજિગીષા, જગદિલ જીતવા મોકલી ધમ્મસેના;
સામ્રાજ્યો ધર્મનાં એ હજુ ય પમરતાં જો રહ્યાં ભોમખંડે
ને એનાથી જ પોષ્યો ધરમ ઇશુ તણો જો પ્રતીચ્યે પ્રકાશે.

એ જ આ દેશ કે? જ્યાં:
છોડી સેના કનિષ્કે દમબદમ બઢી જીતવા આર્યદેશ
તીડો જેવાં દળોએ ભરતભૂમિ બધી રે પદાક્રાન્ત કીધી;
તો યે સંસ્કારદંશે પદદલિત તણા ભાન ભૂલ્યો કનિષ્ક
સ્વીકાર્યો ધર્મ જ્યાંનો જિતજનગણથી જીતનારો જીતાયો.

એ જ સંસ્કારમાતા:
જેના સંસ્કાર ગ્રીસે સરિત-ઉટજના તત્ત્વપાઠે પચાવ્યા,
જેના જ્ઞાનપ્રદીપો કર ધરી અરબે પશ્ચિમે તેજ રેલ્યાં;
કાવ્યાસ્વાદે વિમોહ્યું કવિકુલગુરુને પશ્ચિમે વીસરે ના
એવી સૌન્દર્યશ્રીની, અગમ નિગમની તું જ ધાત્રી અનન્યા.

આજ એ તેજ છે ક્યાં!
વિદ્યાપીઠો વિનષ્ટા, સકલ જનપદે આજ અજ્ઞાનવાસો,
ચીસે જો કારમીથી જનગણ કકળી આહ ઊની પ્રસારે;
આજે તો આર્તનાદે જનકુલ સઘળાં ક્રાંતિ વાંછે, વિલોકે;
એવી ક્રાન્તિમશાલે યુવકગણ અહો! તૈલબિંદુ થશો ને?

પ્રાણી હશે, એની પણ કલ્પના જ કરવામાં આવે છે. બીજો વંશ કાંગારૂનો. એ પ્રાણીઓ ઑસ્ટ્રેલિયા સિવાય અન્યત્ર થતાં નથી. ત્રીજા વંશનાં પ્રાણીઓના હાથ-પગની વિશિષ્ટ રચનાને આધારે નવ વિશિષ્ટ વર્ગ પાડવામાં આવ્યા છે. તેમાં પહેલો આવે હાથે અને પગે અંગુઠાવાળો—

૧ વાનર વર્ગ. એનાં પાંચ કુલ. પહેલું સદ-સદ્વિવેકશક્તિને લીધે અન્ય પ્રાણીમાત્રથી જુદા પડતા મનુષ્યનું પોતાનું. બીજા અને ત્રીજા કુલનો વસવાટ માત્ર અમેરિકામાં જ છે. ચોથા, લાંગૂલહીન વાનર-કુલમાં ગોરીલા ને શિંપાંઝી આફ્રિકાના, ઊરાંગઉટાંગ સુમાત્રા–બોર્નીઓના અને ગિબ્બન બંગાળના પૂર્વ પ્રદેશોના વતની છે. માત્ર પાંચમા–'સલાંગૂલ'–કુલનાં જ દર્શન આપણે ત્યાં થાય છે. એમાંનો એક આપણો હનુમાનનો સગોત્રી કાળા મુખવાળો ગોલાંગૂલ વાંદરો, કાઠિયાવાડનો કેટલોક ભાગ બાદ કરીએ તો અન્યત્ર સર્વ સ્થળે રહે છે. બીજું ગોત્ર, મદારીની ડુગડુગીના નાદે નાચતાં ટૂંકી પૂંછડીવાળાં રક્તાનન માંકડાંનું. આપણે ત્યાં એ વન્ય દશામાં થતાં નથી. નર્મદાપ્રદેશમાં વખતે હોય.

પછી આવે પગના પંજાપર તીક્ષ્ણ નહોર અને જડબાંમાં કરાલ દંષ્ટ્રાવાળાં માંસભક્ષી પશુઓનો—

૨ શ્વાપદ વર્ગ. એનાં પાંચ કુલઃ બિડાલકુલ, શ્વકુલ, ઋક્ષકુલ, નકુલકુલ અને જલમાર્જારકુલ.

(૧) બિડાલ કુલમાં પ્રથમ ગોત્ર છે ઊરુસત્ત્વ સિંહનું. નૈસર્ગિક દાક્ષિણ્ય, દુર્ધર્ષ પ્રતિભા અને અપ્રતિમ બળને લીધે મૃગપતિ ગણાએલા એ આજે તો માત્ર ગીરમાં ભરાઇ બેઠા છે, છતાં થોડાં જ વરસ ઉપર એમની વસતિ ગુજરાતમાં પણ હતી. સને ૧૮૩૩ના અરસામાં એ અમદાવાદની આસપાસ જોવામાં આવતા. ૧૮૬૦માં આબુમાં એમનો વાસ હતો—ઠેઠ ૧૮૯૦ સુધી. આ બધા 'ગુજરાતી સિંહ' નામે ઓળખાતા. આજે એમનાં નામનિશાન ભૂંસાઇ ગયાં છે; ગીરના સિંહનાં પણ ભૂંસાઇ જશે, જો આપણે વેળાસર જાગીને એમનો અનિયન્ત્રિત વધ નહિ અટકાવીએ તો.

ગીરનો સિંહ રંગે આછો તપખીરિયો કે કપિલવર્ણો અને ૯'–૧૦' લાંબો હોય છે. સિંહ ને વાઘણના સંયોગથી જન્મેલાં વર્ણસંકર 'લાઇગર' જામસાહેબના સંગ્રહમાં છે.

બીજું ગોત્ર વાઘનું. કચ્છ–કાઠિયાવાડમાં એની વસતિ નથી, પણ ઉત્તર ગુજરાતમાં આરાવળ પ્રદેશમાં ઠેરઠેર —બાળારામ, ઇડર વગેરે સ્થળે એ અવારનવાર જોવામાં આવે છે. દક્ષિણ ગુજરાતનાં જંગલોમાં પણ એ અજાણ્યો નથી. આપણે ત્યાં એ કદમાં બંગાળી વાઘ કરતાં નાનો, ૮'–૯' કરતાં મોટો થતો નથી.

દીપડા આપણે ત્યાંનાં વ્યાપક હિંસ્ર પશુ ગણાય. કચ્છ–કાઠિયાવાડમાં અનુકૂળ સ્થળે અને ઉત્તર ગુજરાતમાં પહાડી પ્રદેશો ઉપરાંત સાબરમતી, વાત્રક અને મહીનાં વાંઘાંમાં પણ એ રહેતા જોવામાં આવે છે. વાઘથી સૂર્યનો તાપ સહન ન થાય, ખૂબ તરસ્યો થાય માટે એને ડગલેડગલે છાયા અને આશ્રય માટે ગીચ ઝાડીવાળાં જંગલો અને પાણીવાળો પ્રદેશ શોધવો પડે, એટલે એના પરિભ્રમણનું ક્ષેત્ર અત્યંત મર્યાદિત. સિંહને ઓછી ઘટા હોય તોયે ચાલે અને સુકા ખુલ્લા પ્રદેશોય એને ફાવે; માત્ર જનસંચાર એને ન ગમે. પણ દીપડાને તો આવા પ્રકૃતિવિકારોની રજે પડી નથી. શિયાળો હોય કે ચોમાસું, સૂરજ સોળે કળાએ તપતો હોય, તો યે એને બાધા થતી નથી, તેમ પાણી પાસે પડી રહેવાની પણ એને ટેવ નથી. સુકાંખંખ મેદાન, ઉજ્જડ વેરાન અને નિરસ્ત-પાદપ રેતાળ પાદર, નદીનાં વાંઘાં અને લૂખાખૂચા પહાડ, તેમ ભેજવાળાં ગીચ જંગલો—સર્વ સ્થળે એ સ્વચ્છંદે નિર્બાધિતપણે વિહરે છે. એટલે જ એ વાઘ ને સિંહ કરતાં વધુ વ્યાપક પ્રાણી છે. વળી વાઘ અને સિંહને મોટાં પશુઓ મારવા જોઇએ, એ માટે એમને લાંબી મજલ ખેડવી પડે, અને વખત આવ્યે બેચાર દિવસની લાંઘણ પણ ખેંચવી પડે; પણ દીપડા તો ગામમાં પેસીને લવારાં, કુતરાં અને મરઘાં બિલાડાં પણ ઉપાડી જાય, એટલે એમને જીવનસંગ્રામનું ઝાઝું જોખમ વહોરવાનું નહિ. વાઘસિંહ કરતાં દીપડાની વસતિ વધારે હોવાનું આ પણ એક કારણ છે. છતાં વાઘને કે સિંહને જો અ-મર્યાદિત વિહારભૂમિ અને અમાપ આહાર મળે તો દીપડા કરતાં યે એમની વસતિ વધી જાય છે, એ બંગાળના સુંદરવનના વાઘ કે આફ્રિકાના સિંહના ઇતિહાસ ઉપરથી સમજાય છે.

દીપડો સામાન્યરીતે ૭'–૮'નો હોય છે. એની એક જ જાત થાય છે, છતાં અપરિપક્વ વયવાળા નાના દીપડા ઝાઝા નજરે પડતાં, એમને દીપડાની અલ્પકાય બીજી જાત માનનારા પણ છે. આવા નાના દીપડા

ઈડર ભણી 'ટૅંડરવાં' નામે ઓળખાય છે.

કાળા દીપડા આપણે ત્યાં થતા નથી; જોકે ઈડરના ડુંગરામાં એક કાળો દીપડો જાતે જોયાનું કર્નલ મોસે મને કહ્યું હતું.

કર્નલ મેડૉઝ ટેલરની 'નોબલ ક્વીન' (ચાંદબીબી) નવલકથામાં જેમના શિકારવિધિનું અદ્‌ભુત અને હૃદયંગમ વર્ણન આપ્યું છે એ, ગરદન પર ટૂંકી કેશવાળી અને કૂતરા જેવા દેખાવના, હરણ પકડવામાં નિપુણ ચિત્રકાય શિકારી ચિત્તા આપણે ત્યાં નથી; જોકે એક વખત કાઠિયાવાડમાં એમની વસતિ હોવાનું સંભળાય છે.

પાંચમું ગોત્ર વાઘની માશીનું. ઘરનાં બિલાડાં બાદ કરીએ તો વન્યબિડાલ આપણે ત્યાં બે જ છે: એક, સાંજ સવાર ગામને પાદર ઉકરડામાં ભમતો ઘોઘર બિલાડો, અને બીજો, રેતાળ પ્રદેશનો વતની, ડીસા અને ખારાઘોડા જેવાં સ્થળો તેમજ કચ્છ–કાઠિયાવાડમાં જોવામાં આવતો રાની બિલાડો.

ચટાપટાવાળો તરસ કે ઝરખ આરાવળ પ્રદેશમાં તારંગા પાસે મારા જોવામાં આવ્યો છે. કચ્છમાં એની વસતિ સાધારણ છે, પણ કાઠિયાવાડમાં તો એ જૂજ સ્થળે જ નજરે પડે છે.

કચ્છમાં જેને 'હયનાતરો' કહે છે, એ શિયાઘુસ કે 'કારાકાલ' મારા જોવામાં આવ્યું નથી; જોકે આબુ તરફ એ થાય છે એવું સાંભળ્યું છે.

(૨) શ્વકુલાગ્રણી વરૂ આપણે ત્યાં માત્ર કચ્છ-કાઠિયાવાડમાં જ કદીંકદીં જોવામાં આવે છે. સ્વભાવે બીકણ: અમેરિકા કે રશિયાનાં વરૂ જેવાં ભયંકર નહિ. એના સગોત્રી શિયાળથી તો ભાગ્યે જ કોઈ ભૂમિભાગ વંચિત હશે. લોંકડી આરાવળની તળેટીમાં વસતી જાણવામાં આવી છે, પણ મેં તો એક જ વખત એને સરખેજના રસ્તે જોઈ છે. ભૂરા રંગનો વગડાઉ લોંકડો સૂકાં રણનો રહેનારો હોવાથી આપણે ત્યાં માત્ર ડીસા ભણી, પણ કચ્છમાં તો ઘણેખરે સ્થળે દેખાય છે.

વન્યકુક્કુર કે નહાર આપણે ત્યાં ચુંવાળ સિવાય અન્યત્ર થતા નથી.

(૩) ઋક્ષ કુલમાંનું તો માત્ર એક જ-મદારી ફેરવે છે તે જાતનું રીંછ જ આપણે ત્યાં થાય છે અને તે પણ આરાવળની ગિરિમાળા–આબુ, દાંતા વગેરે સ્થળે અને (બ્લૅન્ફૉર્ડના મતે) કચ્છ–કાઠિયાવાડમાં કહીંક.



છતાં

· શિખરિણી ·

ન મારી નૈયાને સમદર ગમે શાંત તરવો,
ન ચાપેથી છૂટ્યા શર સમ ચડે સીધું સરવું;
વિંટાવું તોફાને, વમળયુત લોઢે ઉછળવું,
પછાડો ખાઈને, કરચ બનીને, લક્ષ્ય રળવું!

બધાં યે તત્ત્વો છો કુદરત તણાં આજ કથળો,
ભલે સિંધુ હૈયાં પણ ઉછળતાં ઊર્ધ્વ, નભ યે
ભલે નીચે આવે, ભીંસ મહીં ભલે નાવ લઇ લે,
વિખેરી છો નાખે જલધિ પટ પે કાષ્ઠ–કરચો!

પ્રવાતોના વેગો મહીંથી બલ સંચી બઢીશ હું
સદા આગે, ને નૌ કદીક કરથી જો વછૂટશે,
મહામોજાંઓ તો નિધિ ઘૂંઘવતો મ્હાત કરીને
પલાણી લોઢોના તુરગ સર કિલ્લો કરીશ હું!

પછી કિલ્લાટોચે વિજયની પતાકા ફરુકશે,
ઘડી મારૂં હૈયું થનગ થન નાચી ય ઉઠશે;
છતાં એ સિદ્ધિ, કે સ્થિર–ઉદક બારૂં ન ગમશે,
પ્રવાતે, તોફાને, વમળ મહીં, આ ચિત્ત રમશે!

દેવજી રા. મોઢા

(૪) નકુલ કુલનાં બે ગોત્ર: એક વનિયરનું અને અને બીજું નોળિયાનું. જાતે બિલાડાં નથી, છતાં બિલાડા જેવાં લાગતાં વનિયરની બે જાતો આપણે ત્યાં થાય છે. એક ભરવસતિમાં રહીને ઘરમાં પેસી જાય છે એ ભૂખરા શરીરવાળી, અને બીજી ઇડર ભણી આંબા, મહુડા વગેરે ઝાડની ઘટામાં સ્વચ્છંદે વિહરતી દેખાતી શ્યામતનુવાળી.

નકુલ ગોત્રમાં માત્ર બે જ નોળિયા આપણે ત્યાં મારા જોવામાં આવ્યા છે: એક પિંગલકાય અને બીજો ધૂસરચ્છાય. બીજાની વસતિ પ્રમાણમાં ઓછી છે.

(૫) છેલ્લું જલમાર્જાર કુલ. 'જલમાનુસ' નામે ઓળખાતું આ સુંદર પ્રાણી આપણે ત્યાં બનાસ નદીમાં ખૂબ અને સાબરમતીમાં ક્વચિત્ જોવામાં આવે છે. મારા એક મિત્રે ગયા મહિનામાં કાંકરિયા

તળાવમાં પણ લોટની ગોળીઓ ખાતાં માછલાં વચ્ચે ભમતું એક જલમાનુસ જોયું હતું!

આ કુલનું અન્ય એક ગોત્ર છે વેંજું કે ઘોરખોદિયાનું. ગીર ભણી એ 'બરટોડો' અને કચ્છમાં 'ઘુરનાર' નામે ઓળખાય છે. એકાન્ત નિશાચર વૃત્તિવાળું હોવાથી જનનજરે સહેજે ચડતું નથી, છતાં આપણે ત્યાં પાટડી અને ખારાઘોડા ભણી જોવામાં આવ્યું છે.

૩ ગન્ધમુષી વર્ગ સૂંડના જેવાં નાકવાળાં, ઝીણાં જીવડાં પર જીવનનિર્વાહ કરનારાં અને નકતંચર પશુઓનાં બે કુલમાંનું એક કુલ છછુન્દરનું. આપણી મોરીઓ, ચોક, ઓટલાની ધારો અને ભીંતના મૂળમાં ભમતાં 'ચું ચું' 'છું છું' કરતાં આ પ્રાણીથી કોણ અપરિચિત હશે? એનાં પડખાંમાં ગન્ધોત્પાદક માંસગ્રન્થિઓ હોય છે એને લીધે એનું નામ ગન્ધમુષી (અંગ્રેજીમાં **musk-rat**).

બીજું કુલ શેળાનું. કાંટાના દડા જેવો ગાત્રસંકોચી આ પશુ ઉત્તર ગુજરાતમાં પહાડી પ્રદેશ સિવાય બધે નજરે પડે છે.

૪ વલ્ગુવર્ગ. એનાં બે કુલઃ એક ફલાશી, બીજું જંતુભક્ષક..

પ્રથમ કુલ વાગોળનું. પચીસ-પચાસ વરસ સુધી એક જ ઝાડ પર અગર એક જ લત્તામાં, પંદર-વીસથી સો-બસો જેટલાં ભેગાં મળી અફી જમાવી રહેતાં, સંધ્યાકાળે બબ્બે ત્રણત્રણ ટોળે મળી ચરવા નીકળી, આખી રાત કોક ફળબાગનો ઘાણ કાઢી સવારે પાછાં ફરતાં અને આખો દિવસ આરામથી ઊંઘતાં, વચ્ચેવચ્ચે લડતાં ઝગડતાં શોર મચાવતાં વનવાગળાં આપણે ત્યાં પ્રત્યેક સ્થળે નજરે પડે છે.

બીજું કુલ ચર્મચટકા એટલે ચામાચીડિયાંનું. એનાં કેટલાંક ગોત્ર આપણે ત્યાં થાય છે; પણ એક તો એ છે બીભત્સદર્શન; વળી નિશાચર, એટલે આખો દિવસ ખૂણેખાચરે ભરાઇ બેસનારાં અને ઓછામાં પૂરું સ્વભાવે ગંદાં. એથી એનો પરિચય જાણીજોઇને સાધનાર તો કોઈક જ નીકળે. પણ આપણાં ઘર, ભોંયરાં, મંદિર ને મસ્જિદ જેવાં અનેક સ્થળે ભીંતે હારબંધ ગોઠવાઈ બેસે છે તેથી અને સમી સાંજે તેમ રાતે આકાશમાં ભમતાં ફરતાં ઘરમાં પેસી જઈ જીવાત પકડતાં જોઇએ છીએ એને લીધે એ તદ્દન અપરિચિત પશુ તો નથી જ.

૫ વજ્રદર્શન વર્ગ. એનાં બધાં પ્રાણીઓનાં મોં સસલા જેવાં. સંખ્યાની દૃષ્ટિએ, તમામ સસ્તન વંશમાં એ અગ્રસ્થાને વિરાજે છે. એના પ્રત્યેક જડબામાં આગળના બે દાંત ખૂબ તીક્ષ્ણ અને લાંબા હોય છે. એ હમેશ વધતા જ જાય છે. વધતાં વધતાં સામેના જડબામાં પેસી જઇ એને ચીરી નાખે નહિ, એ હેતુથી આ વર્ગનાં તમામ પશુઓ આખો વખત દાંત ઘસતાં, ખોટું ખોટું ચાવતાં દેખાય છે. એનાં એકંદર ૭ કુલ.

(૧) એક, હનુમાનના હાથની છાપવાળી આપણી ઘર ઘરની ભોમિયણ ખિસકોલીનું. એની અન્ય એક સગોત્રી, એક ઝાડથી બીજે ઝાડ ઊડનારી ખિસકોલી આપણે ત્યાં નથી, પણ નર્મદા તરફ જોવામાં આવે છે.

(૨) અન્ય આખું કુલ. એનો સુમાર પણ ક્યાં છે? ઘરના ઉંદર, છાપરાના ઉંદર, ખેતર પાદર તેમજ શહેરની ગંધાતી ગટરના પણ ઉંદર, અને છેવટે ઝાડ પર માળો બાંધીને રહેતા કે ઝાડ પરના કરોળિયાનો માળો બથાવી પાડનારા પણ ઉંદર! ચપળ સ્વભાવ અને આત્મગોપનની શક્તિને લીધે આ બધાનો પરિચય સહેજે સાધ્ય નથી.

(૩) શશકુલનું માત્ર એક જ ગોત્ર સસલું(**hare**)આપણાં ખેતરપાદરમાં વસતું જોવામાં આવે છે. (**Rabbit** નામથી અંગ્રેજી વાચકને પરિચિત પશુ આપણે ત્યાં થતું જ નથી; જોકે એ છે તો **hare**નું જ કુટુંબી).

બાકીનાં કુલનાં પશુનો આપણે ત્યાં અભાવ છે.

૬ કુલેચર વર્ગ. પગનાં આંગળાં પર વિદારક કે ઓછી અણીવાળા નહોરને બદલે, આંગળાંના આવરણરૂપ પહોળાશપડતા નખવાળાં અગર આંગળાંની જગ્યાએ ખરીવાળાં પશુઓનો સ્વતંત્ર વર્ગ કરવામાં આવ્યો છે. આ વર્ગનાં પ્રાણીઓના પગ, આત્મસંરક્ષણ કે શિકારનાં સાધન નથી, પણ માત્ર ચાલવા પૂરતા જ ઉપયોગી હોય છે. એથી જ આ વર્ગનાં પ્રાણી ગુફાનાં કે દરનાં વસનારાં નથી હોતાં પણ ભૂમિતલનાં જ રહેનારાં હોય છે.

એ સ્વભાવે બહુપત્નીવાળાં અને યૂથચારી હોય છે. સૃષ્ટિના આરંભથી જ એમાંનાં ઘણાં પશુઓ મનુષ્યના પરમ મિત્ર જેવાં નિકટવર્તી અને પરમોપકારક ગ્રામ્ય પશુ થઇ ગયાં છે, છતાં એવાં પણ કેટલાંક અરણ્યવાસી હજુ છે કે જે ખેતીનો ભંજવાડ કરનારાં હોવાથી કેવળ ઉપદ્રવકારી ગણાય.

એના ત્રણ ઉપવર્ગ–શુણ્ડાધારી, એકશફ અને અનેકશફ–માંથી સૂંઢવાળો, હાથી આપણે ત્યાં નથી. એક ખરીવાળાંની, પાળવામાં આવતાં ઘોડાં ગધેડાં ઉપરાંત, એક જ વગડાઉ જાત આપણે ત્યાં થાય છે, અને તે રણમાં વસનારાં જંગલી ગધેડાંની. ઝીંઝુવાડા પાસે મેં એમને જોયાં છે તેમ ધ્રાંગધ્રા પાસે ટિક્કરના રણમાં પણ એ છે એમ સાંભળ્યું છે. અશ્વકુલનાં તમામ વન્ય પશુઓમાં શીઘ્રગામી આ જંગલી ગધેડાં એકલાં જ. મોટરમાં એમની પાછળ પડીએ તો સહેજે એ ૪૦ માઈલ જેટલી ઝડપથી દોડી શકે છે! એને પાળવાનો ઝાઝો પ્રયત્ન થયો નથી, પણ પાળી શકાય છે એવો તદ્વિદોનો અભિપ્રાય છે.

બે ખરીવાળાંનાં, વરાહકુલ, ઉષ્ટ્રકુલ, કદલીકુલ અને રોમન્થકર પશુઓનાં બે કુલ (ગોકુલ અને મૃગકુલ) મળી એકંદર પાંચ કુલ છે. અનુક્રમે લેતાં,

(૧) વરાહના કુલમાં આપણે ત્યાં પહેલાના જેટલાં વગડાઉ ભૂંડ હવે નથી રહ્યાં. વધતી જતી વસતિ, ખેતીનો વિસ્તાર અને શિકારીઓના હાથે પડીને એ પ્રાણી આજે અલ્પ સંખ્યામાં ક્વચિત્ક્વચિત્ નજરે પડે છે.

(૨) ઊંટ છે તે માત્ર ગ્રામ્ય પશુ રૂપે. (૩) કદલી કહીં પણ જોવામાં આવતી નથી. એટલે રોમન્થકર અથવા વાગોળનારાં પશુઓ લઈએ.

એમનાં શૃંગભેદે બે કુલ છે: (૧) પોલાં શીંગડાંવાળાં અને (૨) નક્કર શીંગડાંવાળાં. એમ તો ઊંટ અને કદલી બંને પણ વાગોળનારાં ગણાય; પરંતુ વાગોળવાની ક્રિયા જેમાં પરિપૂર્ણ વિકસી છે એવાં તો આ બે જ કુલ.

(૪) ભાંગી જાય તો ફરી ઊગે નહિ એવાં સરળ, એક જ અણીવાળાં પોલાં શીંગડાંવાળા કુળનાં ગાય અને ભેંસ, બકરાં અને ઘેટાંનું કોઈ વન્ય સગોત્રી આપણે ત્યાં નથી. એનાં બાકીનાં ગોત્રમાં, પહેલું ચીંકારું. ઉત્તર ગુજરાતનો સપાટ પ્રદેશ એની નિવાસભૂમિ છે. એનાથી વધારે વ્યાપક તો કાળિયાર, સાહિત્યકારોનો કૃષ્ણસાર. સમગ્ર ચતુષ્પાદ પ્રાણીઓમાં શીઘ્રતમ વેગવાળો, ઉન્નતગ્રીવા અને કાબરચીતરા દેહને લીધે નયનાભિરામ કાળિયાર કેવળ મેદાનનો વસનારો હોઈ સમગ્ર ગુજરાતને અજવાળે છે. પહેલાં તો એનાં ટોળેટોળાં ખેતરેખેતર નજરે પડતાં, પણ શિકારીઓના હાથે એનું અનિયંત્રિત હનન થતું હોવાથી એ ઘણે સ્થળે તો હવે નામાવશેષ બન્યો છે. ઉત્તર ગુજરાતમાં એનાં ટોળામાં ક્વચિત્ ક્વચિત્ શુભ્ર કાયાવાળાં કાળિયાર પણ નજરે પડે છે.

પછીનું ગોત્ર રોઝનું. અરધી ગાય અને અરધા ઘોડાના અવતાર જેવું આ પ્રાણી આજે તો ગુજરાતમાં ગ્રામ્ય પશુ જેટલું વ્યાપક અને અત્યંત ઉપદ્રવકારી બની ગયું છે.

છેલ્લું ગોત્ર 'ભરળ' કે ચૌશિંગાનું. ગીચ ઝાડી અને ગાઢ જંગલનું વસનારું છે, એટલે આપણે ત્યાં એ માત્ર આરાવળપ્રદેશમાં દાંતા વગેરે સ્થળે જ રહે છે. ગીરમાં એને 'ધ્રુંટલો' કહે છે.

(૫) હરિણ કુલ. વરસે વરસે જૂનાં ઝાખડી જતાં તેની જગ્યાએ નવાં ઊગનારાં, શાખા પેઠે ફાલેલાં, નક્કર શીંગડાંવાળાંમાં વિશાળ દેહવાળો તો એકલો સાબર જ. ભારતવર્ષમાં વ્યાપકતમ મૃગ પણ એ જ. સાડા ચાર ફૂટ ઊંચા અને માથા પર ૩૦"–૩૫" લાંબાં શીંગડાંના ભારવાળો આ મૃગ જંગલનો જ વસનારો હોવાથી ઉત્તર ગુજરાતમાં માત્ર દાંતા અને ઇડરમાં જ જોવામાં આવે છે. ગીરમાં પણ એ નજરે પડે છે. કુતરા પેઠે ભસતી ભેકડી અને અશેષ હરિણકુલમાં સુન્દરતમ કાયાવાળો ચીતળ, ગીરમાં 'પસ્સુ' ને સંસ્કૃત સાહિત્યકારોનો પૃષત પણ એ જ પ્રદેશ (આરાવળ ને ગીર)ના વાસી છે. [ક્રમશ:]

મિત્રને

વાતો કરી જગતનાં સુખદુઃખની તેં
ભૂલ્યો હવે? પથ જુદા. ભૂલવું જ શ્રેય.
ના, ના, નહીં અવ રહી સહકાર્ય ઇચ્છા;
થાક્યો હવે અલસ દંભ થકી હું તારા.
તો યે કહું સહૃદયી થઈને, જરા તું
જો, જો, સખા! જગતનું દુઃખ જો, વ્યથા જો.
જે આશથી જગ જુએ નવમેઘને, ને
શ્રદ્ધા ધરે,—ઉર ભરેલ સદા ય એવું;
તેવો હતો. પણ કહે વરસ્યા વિનાનો
આષાઢ–શ્રાવણ મહીં ય નિદાઘશોષ
પૃથ્વી તણો નહિ શમે, શમશે પછી શેં?
વિદ્યુત–ભાલે વીંધાઈ જલધર વરસે તેમ તારે વીંધાવું
હોયે, તો તો પછી આ જગદુઃખ તણું છે વજ્ર તારે જ માટે.

હરિશ્ચન્દ્ર ભ. ભટ્ટ



'મેં સાંભળ્યું કે તમે મોટર તળે આવી ગએલા; હવે તો સારૂં છે ને ?'

'હા; અને હવે બીજો કોઈ હાંકનારો મારા પર મોટર ચલાવશે તો એના બાર જ વાગી જશે.'

'તે કેમ ?'

'હું ડાયનેમાઈટ ખિસામાં રાખીને જ ફરૂં છું!'

ભણેલી બૈરી: કેમ, ગઇ કાલે મેં મોકલાવેલો મુરબ્બો કેવો લાગ્યો? બરોબર પાકશાસ્ત્ર પ્રમાણે બનાવ્યો છે.

તેની સગી: ખરેખર, એ મુરબ્બો હતો? અમે તો એને ગુંદર માની કનુને કાગળિયાં ચીટકાવવા આપી દીધો છે!

સુતાર: (નવા શિખાઉને) કેમ, ઓજાર બરાબર તૈયાર કરી રાખ્યાં?

શિખાઉ: હા, પણ (કરવતી બતાવીને) એક આ બાકી છે. એમાં એટલા તો ખાંચા પડી ગયા છે કે તે ઘસતાં દમ નીકળી જાય છે!

મિ. મનસુખલાલ રાતે હમેશાં મોડા ઘેર જતા હોવાથી એક દિવસ એમનાં પત્નીએ એમને બીવડાવવાનો વિચાર કર્યો ને એમના આવતાં જ અંધારામાં કાળો સાડલો માથે નાખી બોલવા માંડયું, 'હું ભૂત છું, ભૂત છું!'

'તો તો વાંધો નહિ,' મનસુખલાલ બોલ્યા, 'મારી બૈરી હોત તો હું બી મરત!'

એક ગામડિયાએ પોતાનાં નળિયાં પર પોપટ બેઠેલો જોતાં તેને પકડવા તે છાપરે ચઢ્યો. એને જોતાં પોપટ પોતે પઢેલો તે મુજબ બોલવા લાગ્યો, 'આવોજી, બેસોજી'

'માફ કરજો સાહેબ,' પોપટની એ વાણી સાંભળી ગામડીઓ બોલ્યો: 'મને થએલું કે આપ પંખી હશો'

ટીકીટ તપાસનાર: માજી, તમે આ ગાડીમાં ચઢી બેઠાં પણ એ રાજકોટ નથી જતી, મોરબી જાય છે.

માજી: તે ઇમાં મને શું કે'છ? કે તારા માથાફર્યા ઈંજીનવાળાને!

શિક્ષક: માંધાતા શબ્દ આજકાલ બહુ જુલ્મી અને મોટા સમૂહમાં ભય ઉત્પન્ન કરનાર માટે વપરાય છે. તનુ, હવે તું એ શબ્દનો વાકયમાં પ્રયોગ કરી દેખાડ જોઇએ.

તનુ: શિક્ષકે પોતાના માંધાતા વડે વિદ્યાર્થીને માર્યો.



બંદાનો જાદુ (છૂમંતરથી શીંગો ગળીને આખી પાછી કાઢી આપે છે)

કોઈ તો તરવાર આખી ગળામાં ઉતારે છે. તેના હાથમાં જ કરામત હોય છે. પણ બંદાની કરામત શી હતી? તેની સખી બીલ્લી તો છક્ક થઈ ગઈ. પણ તેને કયાંથી ખબર હોય કે ખાવાનું મોંમાં મારી ભાગી જનારા વાંદરાભાઇનું ગલોફું મોટું હોય છે! તેમાં એ ગમે તે ડબુચી લે છે અને પછી એકાંતે બહાર કાઢી નીરાંતે આરોગે છે. (ચિત્રકાર: જે. શેફર્ડ)



જાદુઈ શાહી

રણછોડે કાગળ
બતી પર ફેરવીને ધીમેધીમે ગરમ કરવા માંડ્યો

સ્નેહસંમેલનમાં કાકાનો પાઠ ભજવ્યો ત્યારથી રણછોડને અમે 'રણછોડકાકા' કહીને બોલાવતા હતા. ભરાવદાર બેઠા ઘાટના ધડ ઉપર દબાવીને બેસાડેલું માથું, ટૂંકા કાન ને મોટા કોડા જેવી ચમકદાર આંખો કાકાનું કાકાપણું શોભાવતાં. નવનીત ને હું કાકાના અતિ નિકટના ભત્રીજાઓ હતા.

પંડિત માસ્તર હમણાં તાજા જ અમારી શાળામાં શિક્ષક તરીકે ભરતી થયા હતા. તેમને વિષે, તેમના આગમન પહેલાંથી જ અનેક વાતો વિદ્યાર્થીઓમાં પ્રચલિત થઇ ચૂકી હતી. કોઈ કહેતું, તેમણે કૉલેજના ગોરા પ્રિન્સિપાલને અંગ્રેજી બોલવામાં મહાત કરી દીધા હતા; કોઇ કહેતું, બી. એ. નો સંસ્કૃત ભાષાનો વર્ગ કૉલેજમાં તેઓ જ લેતા હતા, અને તેમનો પ્રોફેસર શાસ્ત્રી એક કોરે બેઠો બેઠો ચોટલીની ગાંઠ રમાડ્યા કરતો; કોઇ કહેતું, તેઓ કવિ છે, લેખક છે અને કંઈ કંઇ છે. સૌથી વજનદાર પુરાવો હેડમાસ્તરના દીકરાનો હતો. તેણે સોગનપૂર્વક જાહેર કર્યું હતું કે પંડિત માસ્તર મહા વિદ્વાન હોવાની તેને ખાતરી થઇ ગઇ હતી કારણકે તેમણે લખેલા કાગળમાં મથાળે તેમનું નામ છાપેલું હતું!

નવો શિક્ષક પોતાની કારકીર્દિની શરૂઆતમાં વિદ્યાર્થીઓ ઉપર છાપ પાડવા ખૂબ જ જાગ્રત રહેતો એનો અમને આ પહેલાં ઠીક ઠીક અનુભવ થઇ ગયો હતો. અમ કાકાભત્રીજાની ત્રગડી નવા શિક્ષક પર છાપ પાડવા એથી વધુ આતુર રહેતી. આ હરીફાઈમાં ઘણી વખત શિક્ષક જ હારતો, કારણકે એ બિચારાની પાસે સાધનો કેટલાં મર્યાદિત! શિષ્ટતા ને સભ્યતા એનાથી છોડાય નહિ! નાકમાંથી શરણાઇ જેવો અવાજ કાઢતાં એને આવડે નહિ. ભર્યા ભાદર્યા ઓરડામાં કાબરની લડાઇ, કુતરાની લડાઇ, બિલાડાંની બાઝાબાઝી અગમ્ય રીતે ઉત્પન્ન કરવાનો જાદુ એને ક્યાંથી આવડે!

જવા દો. પંડિત માસ્તરે પહેલે જ દિવસે, પહેલા જ પીરિયડમાં વર્ગના ઉમરામાં પગ દીધો કે તરત વર્ગમાં કયા બે ગધેડાઓએ ભૂંકણુ શરૂ કરી દીધું એ હું કહી શકતો નથી. પણ મેં જોયું તો પંડિત માસ્તર શાંતિથી વર્ગ ભણી જોઇ રહ્યા હતા. એ પળ, અને પછી તેમણે જાણે કંઇ જ ન બન્યું હોય તેમ ખુરશીમાં પોતાની જગા લીધી અને જાણે ઘણા વખતથી ભણાવતા આવ્યા હોય એ અદાથી સંસ્કૃતનો નવો પાઠ આપવો શરૂ કરી દીધો. ભૂંકણુને ઉદ્દેશીને કંઇક

જે પોતે તો અદૃશ્ય થતી, પણ વિદ્યાર્થીઓનાં તોફાનેય . . . .

વ્યાખ્યાન કે સદુપદેશ થશે એ આશાએ જે બેચાર વિશિષ્ટ પ્રકારના અવાજો કરી દેખાડવાની અમારી હોંશ અમે દબાવી રાખી હતી તે એળે ગઈ.

બીજે દિ', ત્રીજે દિ', એમ દિવસો જવા લાગ્યા.

'આમ ન ચાલે.' અંતે એક દિવસ થાકીને કાકાએ ઉદ્ગાર કાઢ્યા.

'તાળાબંધ મેજના ખાનામાંથી રજિસ્ટર કાઢતાં ખિસકોલીનું બચ્ચું નીકળી પડ્યું તો યે એ મૂરખને એ અંદર આવ્યું ક્યાંથી એવો પ્રશ્ન સૂઝતો નથી. પછી આપણે શું કરીએ?' નવનીત બોલ્યો.

'ખિસ્સામાંથી ખિસકોલી નીકળે તો યે એને તો કંઈ સુઝે તેવું લાગતું નથી.' મે કહ્યું.

'જો રમણ! આ તો આપણી આબરૂનો સવાલ છે. એક નવોસવો શિક્ષક આપણાં હથિયાર બુઠ્ઠાં કરી નાખે એ સહી નહિ લેવાય. વર્ગમાં પછી આપણી પ્રતિષ્ઠા શું રહે?' કાકાએ માથું ખંજવાળી કહ્યું. ને ઘડીભર એ કંઈક વિચારમાં ડૂબી ગયા. અમને સમજતાં વાર ન લાગી કે કાકા કોઇ યુકિત ખોળી રહ્યા છે. સાગરમાં જેમ રત્નોની ખોટ નથી તેમ રણછોડકાકાના ભેજામાં યુક્તિઓનો અંત નથી.

એકાએક વિજયથી મદમાતી આંખે કાકાએ મારો ખભો ઝાલી મને હચમચાવી નાખી કહ્યું, 'કાં જનાબ! કેવી યુકિત ખોળી કાઢી?'

'પણ કઇ યુકિત?'

'અરે યાર! આ વખતે તો એવી ઉસ્તાદી બતાવવી છે કે એ પંડિત તો શું, એનું પૂછડું યે ઘડી ફફડી જાય' આ વખત તો એને મેદાનમાં ખેંચી લાવું ત્યારે ખરો.'

'મેદાનમાં?' નવનીતે પૂછ્યું.

'હા, દોસ્ત મખ્ખન!' નવનીતનું નવનીત સરખું શરીર જોઈ કાકા એને મુરબ્બીવટમાં 'મખ્ખન' કહેતા. 'એ પંડિતને એક વખત વર્ગ વચ્ચે જ એવો બનાવીએ કે એને ગુસ્સે થવું જ પડે. એક વખત કંઈક સજા કરે, પછી જોઈ લ્યો બંદાની બુદ્ધિના ચમકાર!'

સોમવાર. ૧૨–૧૫ કલાકનો ટકોરો થયો. આજે પંડિત માસ્તર કેટલાંક 'નહિ જોએલાં' સંસ્કૃત વાકયો પાટિયા પર લખવાના હતા ને અમારે વર્ગમાં જ તેનું ભાષાન્તર નોટમાં લખી આપવાનું હતું. વર્ગ શરૂ થયો. પંડિત સાહેબે સાત સંસ્કૃત વાકયો પાટિયા પર લખ્યાં, ને પછી અમને તેનો તરજુમો લખવાનું કહી તેઓ ખુરશી પર બેઠા અને સામે મેજ પર પડેલી 'અભિનવપાઠાવલિ'નાં પાનાં ફેરવવા લાગ્યા.

થોડી પળ ગણગણાટ થઇ વર્ગમાં શાન્તિ છવાઈ ગઈ. કાકાએ મારી સામે જોયું. હું એમની પાછળની પાટલી પર બેઠો હતો. નવનીત કાકાની પાટલી પર છેલ્લો બેઠેલો હતો. એક પળ ત્રણેની આંખ મળી. અમે સમજી ગયા કે વખત થઇ ગયો.

એકદમ વર્ગમાં કોકનાં ગળામાંથી ઘૂંટાતો અવાજ ઘરૂર . . . . ર . . . કરતો આવવા માંડ્યો. કોને ઓચિંતાંનું આ દરદ ઊપડી આવ્યું એ જોવા છોકરાઓએ નોટબૂકમાંથી માથાં ઊંચક્યાં, ત્યાં તો ધડાક કરતા રણછોડના વિકરાળ હાથ લાંબા થયા ને તેની બે બાજુ બેઠેલા બે છોકરા જો વેળાસર સાવધ ન થઇ ગયા હોત તો એ બંનેની ગરદન રણછોડના હાથના ઝાટકાથી છેદાઇ ગયા વગર ન રહેત. હું એકદમ રણછોડની મદદે દોડી ગયો. બિચારાને પૂર્વજન્મનું દબાઇ રહેલું વાઈનું દરદ ઓચિંતાંનું આજે ઊપડ્યું હતું! એના હાથપગની નસો જોરજોરથી ખેંચાતી હતી. એની ગરદન અને અરધું શરીર બંને પાટલી પર લબડી પડ્યાં હતાં, અને પગ ઊંચા થઈ પાટલીનાં ફળેલાં પાંખિયામાં ભરાઇ ગયા હતા. એના મોંમાં ફીણ ચડી આવશે એવું લાગતું હતું. શ્વાસ લેતાં નસકોરાંનો અંધારી રાતે ભય પમાડે તેવો અવાજ આવતો હતો. બિલકુલ થોભાય એવું હતું નહિ. નવનીત ને હું આવે વખતે સંસ્કૃત વાકયોનો તરજુમો કરવામાં રોકાઇ રહીએ એવા સ્વાર્થી કદાપિ નહોતા.

મેં હળવેકથી રણછોડનું માથું ને હાથ ઝાલ્યા ને નવનીતે પગ પકડ્યા. પંડિત માસ્તર શું થયું છે તે પૂરૂં સમજે તે પહેલાં. તેમ જ એમને પ્રશ્નો પૂછવાની તકલિફમાં ઉતાર્યા વિના, 'સાહેબ, અંધારે અંધારે એકલો રાતે પાઠ ગોખ્યા કરે છે, પછી શરીર ન બગડે?' કહી ટાંગાટોળી કરી અમે રણછોડને ઉપાડી વર્ગ બહાર નીકળી ગયા. પંડિત માસ્તર કાંઈ ન સમજાય તેવા કુતૂહલથી અમારી પૂંઠળ જોઇ રહ્યા હતા. વર્ગમાંથી બહાર નીકળી થોડેક આગળ આવતાં મારા હાથ વજનથી તૂટવા લાગ્યા અને રણછોડભાઇનું કીમતી

માથું જમીન સાથે ભટકાઈ પડ્યું. નવનીત વફાદારીથી હજી એ ને એ જ સ્થિતિમાં કાકાને ઊગમણી દશના આંબાના ઝાડ સુધી લઇ જવા તૈયાર હતો. પણ કાકાના સંતોષી સ્વભાવે આટલેથી જ બસ માન્યું, અને અમે ત્રણે કાકાભત્રીજાએ આંબા નીચે જવા દોટ મૂકી. દોડતાં દોડતાં મેં પૂંઠ ફેરવી જોયું તો પંડિત માસ્તર વર્ગના બારણા આગળ આવી પાછા ફરી ગયા હોય એમ લાગ્યું.

આંબા હેઠળ પહોંચતાં જ રણછોડ આરામથી લાંબો થઇ પડ્યો ને મોં દાબી જોરથી હસવા લાગ્યો. નવનીત ને હું પણ એમાં જોડાયા. હસી હસીને થાક્યા એટલે હું ને નવનીત પાછા વર્ગમાં આવ્યા.

'સાહેબ!' વર્ગમાં દાખલ થઇ મે પંડિત સાહેબનું ધ્યાન ખેંચવા ઊધરસ ખાધી! સાહેબે સામું જોતાં જ મેં કહ્યું, 'મારી બા ખરૂં કહેતી'તી. બહુ વાંચવાંચ કરવાથી મગજ ફટકી જાય છે. રણછોડને એથી જ વાઇ આવેલી.'

'એમ?' પંડિત સાહેબે આશ્ચર્ય પામીને પૂછ્યું: 'તો હવે તેને કેમ છે?'


'હવે ઠીક છે, સાહેબ; બિચારો બહુ અફસોસ કરતો હતો કે સંસ્કૃત વાક્યો લખવાનાં રહી ગયાં. એને સંસ્કૃત પર ખૂબ પ્રેમ, સાહેબ! આપના વર્ગમાં એનો સૌથી વધારે જીવ. હમણાં તો સૂતો છે, સાહેબ!'

હસવું દાબી રાખી હું છાનોમાનો મારી જગ્યાએ બેસી ગયો. નવનીતે પણ પોતાની જગ્યા લઇ લીધી.

પાંચસાતેક મિનીટ થઈ હશે ત્યાં બારણામાંથી કોઇનો ધીમો તૂટતો અવાજ આવ્યો: 'May I . . . May I . . . .' આખા વર્ગની નજર બહાર ગઇ ને સૌ ખડખડાટ હસી પડ્યા. મેં મનમાંને મનમાં રણછોડને સાબાશી આપી. ખરી કરી દોસ્ત! મોઢા પર ચાકનો ભૂકો ચોપડી બરાબર 'ફિક્કું ફસ' મોઢું કરીને એ આવ્યો હતો. કેટલું વાસ્તવિક!

પંડિત માસ્તરની રજા લઇને ધીમો ધીમો, જાણે સાત વર્ષનો મંદવાડમાંથી ઊઠ્યો હોય એવે પગલે, જાણે કોઈ બીજી દુનિયામાંથી અચાનક અહીં આવી પડ્યો હોય તેવી કુતૂહલ દૃષ્ટિ ચોમેર નાખતો તે પોતાની જગ્યાએ જઇને બેઠો ને પાટિયા પરનાં સંસ્કૃત વાક્યો સામે ભક્તિભાવથી તાકી રહ્યો.

'રણછોડ, તને મૂર્છા આવી હતી, નહિ?' પંડિત સાહેબે સહાનુભૂતિ દર્શાવી પૂછ્યું.



બનાવટી ફૂલોને

તમારે રંગો છે,
અને આકારો છે,
કલાકારે દીધો તમ સમીપ આનંદ કણ છે,
અને બાગોમાંનાં કુસુમ થકી લાંબું જીવન છે.

ઘરોની શોભામાં,
કદી અંબોડામાં,
રહો છો ત્યાં જોઈ ઘડીકભર હૈયું હરખતું,
પ્રશંસા કેરાં એ કદીક વળી વેણો ઉચરતું.

પરંતુ જાણ્યું છે?
કદી વા માણ્યું છે?
શશીનુ, ભાનુનું ક્ષિતિજ પરથી ભવ્ય ઊગવું?
વસંતે વાયુનું રસિક અડવું વા અનુભવ્યું?

ન જાણો નિંદુ છું;
પરંતુ પૂછું છું—
તમારા હૈયાના ગહન મહીં યે આવું વસતું:
દિનાંતે આજે તો સકલ નિજ આપી ઝરી જવું?

પ્રહ્લાદ પારેખ

'જી હા, બહુ દિલગીર છું. સંસ્કૃત વાક્યોનો તરજૂમો મારાથી લખી શકાયો નહિ. હું ઘેરથી લખી લાવીશ'.

'ના, એવી કંઇ જરૂર નથી. તું સહેજ આરામ થતાં પાછો વર્ગમાં કામની ચીવટથી આવ્યો એટલું જ બસ છે. નવનીત! મોં પર પાણી છાંટયું કે તરત મૂર્છા ઊતરી ગઈ હશે, ખરું ને?'

'ના સાહેબ, પાણી છાંટવાની જરૂર નહોતી પડી.'

'હેં, શું કહે છે? દાક્તરો કહે છે કે મૂર્છાના દર્દીના મોં પર પાણી છાંટવાથી એના મગજને ખૂબ રાહત મળે છે. તેથી રણછોડ, મોં ધોઈ આવ.'

'જેવી આજ્ઞા' કહી આજ્ઞાધીન રણછોડ મોં ધોવા ગયો. જ્યારે તે 'પાણી છાંટવાથી હવે મને વધારે આરામ લાગે છે' કહી વર્ગમાં દાખલ થયો તે જ પળે પંડિત

માસ્તરનો સમય પૂરો થવાના ટકોરા વાગ્યા, ને આખો ઓરડો હાસ્યથી ગાજી રહ્યો.

સાંજે પંડિત માસ્તરે અમને ત્રણેને ઑફિસમાં તેડાવ્યા, ને ખૂબ શાંતિથી મંદમંદ હસતાં કહ્યું: 'તમારા ત્રણેનો અભ્યાસપ્રેમ જોઈ હું બહુ ખુશ થયો છું અને એની કદર રૂપે બીજું તો કંઇ આપી શકતો નથી, પણ પાઠાવલિનો પંદરમો પાઠ બે વખત સારા અક્ષરે લખી લાવવાનું આપું છું. આવતા મંગળવારે વર્ગમાં મને એ લખેલું બતાવજો. ગુડ બાય!' પંડિત સાહેબ તરત ઑફિસ છોડી ચાલ્યા ગયા અને અમે ત્રણે એકબીજાનાં મોં તાકતા ત્યાં ઊભા રહ્યા!

'આ જ મારે જોઇતું હતું. દેખ લે બચ્ચા હવે!' ઑફિસમાંથી બહાર નીકળ્યા પછી રણછોડ બબડ્યો.

'હવે શું દેખ લેવાનું છે? તારી ચાલાકી પકડી પાડીને ઉપરથી સજા પણ ફટકારી. શો ફાયદો થયો?' મેં કહ્યું.

'શો ફાયદો થયો એ તમારા જેવા કમઅક્કલને નહિ સમજાય. તમે તમારે હું કહું તેમ કર્યા કરો, ને હું કરું તે જોયા કરો.' કાકાએ મગરૂરીથી કહ્યું.

'શું જોયા કરે, ને શું કર્યા કરે? આ માથા પર બે પાઠ ઠોકાયા તે જોયું નહિ? બે પાઠ? કેટલી લીટીઓ? આખો રવિવાર એ લખવામાં જશે.' નવનીતે કહ્યું.

'તે શું રવિવાર આવું લખવા માટે છે? રવિવાર આરામનો દિવસ છે, ખેલવા કૂદવાનો દિવસ છે. મારો એક દોસ્તદાર કહેતો હતો કે વિલાયતમાં તો સૂરજ પણ રવિવારની રજા પાળે છે. કાયદો ને વ્યવસ્થાનું આપણા લોકોને બિલકુલ ભાન નથી એટલે જ આપણી આવી ગુલામ દશા છે. તું રવિવારે "વેઠ"નું લખવાનું કહે છે! છટ્, ડૂબી મર!'

વખતે કાકાનાં ફિટકાર વચનો સાંભળી વિરાગવશ થઇ નવનીત ખરેખર હાંકણીમાં પાણી ઘાલી ડૂબી મરે એ બીકે હું એને દૂર લઇ ગયો, ને અમે બંને ખભે દફતર ઝુલાવતા ઘેર ગયા.

બીજો દિવસ ગયો; ત્રીજો ગયો. આજે શુક્રવાર. બપોરની છૂટીમાં રણછોડ નિશ્ચિંત મને મોંએથી સીસોટી વગાડતો ટહેલતો હતો. મને જોઇ બોલ્યો: 'કાં દોસ્ત!' મેં તીખાશથી સંભળાવ્યું: 'દોસ્ત શાના વળી? માથે બે પાઠની વેઠ તો વળગાડી!'

રણછોડ ખડખડ હસી પડ્યો: 'તે કોણ એવી વેઠ કરવાનું છે? એ લખી લાવે એ બીજા.'

'તો તને વધારે સજા થશે.'

'વધારે સજા? અરે દોસ્ત, બંદા તો લખ્યા વગર છૂટી જવાના. તમે દિ' માથે કરી આંખો ફોડી મકોડા ચીતર્યે જાઓ, હું એ ઉપાધિમાં પડ્યા વગર જ છટકી જવાનો. હું નથી જ લખવાનો તે નથી લખવાનો, અને છતાં પંડિત સાહેબને કાનની બૂટ ઝાલી કબૂલ કરવું પડશે કે હું લખી લાવ્યો છું.'

જાગૃતિ

[કવિ · પ્રદીપ]

આજ મેરે પ્રાણ જાગે!
આજ યુગયુગ કે પુરાતન પુણ્ય જાગે, દાન જાગે;
આજ મેરે પ્રાણ જાગે!

આજ જબ વહ રૂપ દેખા
બન ગઈ ગતિ ચિત્ત-લેખા,
હો ગઈ અંકિત અમિટ–સી
ઉર-પટલ પર સ્વર્ણ-રેખા,
સ્મૃતિ-પરિધિ મેં પૂર્વપરિચય કે અમર આખ્યાન જાગે;
આજ મેરે પ્રાણ જાગે!

ઉર-જલધિ મેં જ્વાર જાગે,
કણ્ઠ મેં ઉદ્‌ગાર જાગે,
મીડમય ઝંકૃતિ લિયે
નિદ્રિત હૃદય કે તાર જાગે,
કર્ણ–કુહરોં મેં કિસી કે પુણ્યશ્લોક મહાન જાગે;
આજ મેરે પ્રાણ જાગે!

ભર હૃદય મેં ભાવ નવ નવ,
લોચનોં મેં સ્વપ્ન અભિનવ,
આજ વિસ્મિત સુન રહા હૂઁ
મૈં કિસી કા મંજુ કલરવ,
દૂર સીમા પર કહીં મેરે લિયે આહ્વાન જાગે;
આજ મેરે પ્રાણ જાગે!

કલ તલક થી ભ્રાન્તિ કિતની!
શ્રમજનિત પથક્લાન્તિ કિતની!

નવાઈની વાત! મેં ને નવનીતે ખૂબ આગ્રહ કરતાં તેણે નવી યોજના કહી સંભળાવી. સાંભળીને અમારા હર્ષનો પાર ન રહ્યો. ખરેખર, યોજના સફળ થાય તો લખ્યા વગર જ સજામાંથી છટકી શકાતું હતું. ઘડીભર કાકાની બુદ્ધિ માટે અમને અહોભાન ઉપજ્યું.

સોમવારે પંડિત સાહેબે કેટલાંક ગુજરાતી વાક્યો પાટિયા પર લખ્યાં. તેનું સંસ્કૃત સારે અક્ષરે નોટમાં લખવાનું સૌને કહ્યું. અમારે આવું જ કામ આજે જોઇતું હતું. મેં તીરછી આંખે રણછોડ સામે જોયું. રણછોડની આંખમાં વિજયનું સ્મિત હતું. નવનીત પણ ચૂપકીથી મારી સામે જોઈ હસી લેતો હતો. સમય પૂરો થયો. હજી બીજાં થોડાંક વાક્યો લખાવવાનાં બાકી હતાં તેથી નોટો આવતી કાલે વર્ગમાં લાવાનું કહી પંડિત સાહેબે વર્ગ છોડયો.

બપોરે નિબંધનો સમય આવ્યો. મહેતા માસ્તરે 'My journey in the sky' નામે નિબંધ લખવા આપ્યો. આખા નિબંધની રૂપરેખા બેપાંચ વાક્યોમાં

કાન્તિમય મેરે હૃદય મેં
આજ પર વિશ્રાન્તિ કિતની!!
આજ મેરી કાવ્ય-વીણા મેં અલૌકિક ગાન જાગે;
આજ મેરે પ્રાણ જાગે!

ઇધર મેરા હૃદય ઊર્મિલ,
ઉધર તુમ હઁસ રહે ખિલ-ખિલ:
હો રહે દીપિત તુમ્હારે
હાસ્ય સે મમ ભાવ ઝિલમિલ!
ક્યા કહો, મમ સ્વપ્ન મેં કુછ સત્ય કે અનુમાન જાગે?
આજ મેરે પ્રાણ જાગે!

ઘટ ચુકી જબ નિશા ક્રમક્રમ
તબ ઉષા મેં કહો, પ્રિયતમ !
મુદિત-મન તુમને સુનાઈ—
થી મુઝે વહ કૌન સરગમ ?
ફિર સુના દો ગીત વહ, મુઝ મેં દિશા કા જ્ઞાન જાગે:
આજ મેરે પ્રાણ જાગે!

મિટ ગયા લો, સબ અઁધેરા,
જગ ગયા શાશ્વત સબેરા:
અમર કર દો, ઓ ચિતેરે!
આજ કા જાગરણ મેરા—
તા કિ મેરી કાવ્ય-સંસ્કૃતિ મેં સદૈવ વિહાન જાગે!
આજ મેરે પ્રાણ જાગે!



કવિ પ્રદીપ
સ્કેચ · રસિકલાલ પરીખ

કવિ 'પ્રદીપ'નું નામ રામચંદ્ર દ્વિવેદી છે. બાળપણમાં બડનગર પાસેના ગામમાં વતન છે. પણ તેમણે અલ્હાબાદમાં પોતાના મોટા ભાઇ કૃષ્ણવલ્લભ દ્વિવેદી પાસે રહી ચોથા ધોરણથી શરૂ કરી યુનિવર્સિટીની ડીગ્રી મેળવી છે. આથી હિંદી સાહિત્યના ઉચ્ચત્તમ વાતાવરણમાં તેમની કાવ્યપ્રતિભા ઘડાઈ છે. એમણે સેંકડો કાવ્યો રચ્યાં છે, જેમાંથી 'પાણીપત' સૌથી જાણીતું થયું છે. સ્વભાવે તેઓ ઊર્મિલ હોવાથી 'સ્વરના વિમાન' ઉપર જ કાવ્યદેવી શોભે એ તેમનું મંતવ્ય છે. છવ્વીસ વર્ષની નાની ઉંમરે એમણે અનેકનાં મન જીતી લીધાં છે. હાલ બૉમ્બે ટૉકીઝના ગાનરચયિતા તરીકે મુંબાઇમાં જ વસે છે. 'કંગન' અને 'બંધન'ની ફિલ્મોમાં તેમનો કાવ્યપ્રસાદ જનતાને પહોંચ્યો છે. આ કવિતા એમના અમદાવાદના વાસ દરમિયાન જ રચાઈ હોવાથી તેના પરિચય અને ભાવનાનું ઔચિત્ય સમજાશે.

એ બોલી ગયા, ને એ ખોખામાં પ્રાણ પૂરી જીવતો જાગતો નિબંધ ઉપન્ન કરવાનું કાર્ય એમણે અમને સોંપ્યું. સૌ જેને જેમ ફાવ્યું તેમ લખવા બેઠા. અમારી ત્રિપુટી આજે મુકમ્મિલ આઝાદીના તોરમાં હતી. અમે જાણતા હતા કે અમે નહિ લખીએ, છતાં અમારા જેટલો સરસ નિબંધ આજે કોઈ લખી શકવાનું નહોતું. નિબંધની નોટો ભેગી કરી મહેતા સાહેબ સાથે લઈ ગયા.

બીજે દિવસ. મંગળવાર.

પંડિત માસ્તરે વર્ગમાં દાખલ થતાં જ સૂત્ર સંભાળ્યું. પાટિયા પર વાક્યો લખી રહી તેમણે વર્ગની સામે જોયું. દરમિયાન વર્ગના છોકરાઓ પોતપોતાની નોટોમાં ગઈ કાલે લખેલું લખાણ ખોળવા લાગી ગયા હતા. પણ કોઈને એ જડતું ન હતું! અમે પણ તેમની જેમ અમારી નોટનાં પાનાં ઉથલાવવા લાગી ગયા હતા. બહુ વારે એક છોકરો બોલી ઊઠ્યો: 'સાહેબ, મારી નોટમાંથી કોઈ પાનાં ફાડી ગયું લાગે છે!'

'શું? એમ કહીને તારે મને છેતરવો છે?'

'સાહેબ' મારી નોટનાં પણ પાનાં કોઈએ ફાડી નાખ્યાં છે!' બીજો બોલ્યો. તરત ત્રીજો બોલ્યો. 'સાહેબ, મેં આ જ નોટમાં, આ જ પાના પર વાક્યો લખેલાં, પણ તે નથી!'

એક પછી એક દરેક જણે આવી ફરિયાદ કરી. હું પણ ઊભો થઈ મારી નોટ બતાવી બોલ્યો, 'સાહેબ, મારી નોટમાંથી પણ કોઈ લખેલું ચોરી ગયું છે.'

'ગજબ થઈ ગયો, સાહેબ' આપે આપેલા સૂત્રના બે પાઠ મેં કાલે જે કાગળમાં લખ્યા હતા, તે પણ આજે ગુમ!' રણછોડે કહ્યું. ગુમ શબ્દ તે એવી રીતે બોલ્યો કે મારા કાનમાં તેનો પડઘો ખૂબ મોડો લાગ્યો.

પંડિત સાહેબ બાઘાની જેમ અમારી સામે જોઈ રહ્યા. ને સાથે આખા વર્ગનું લખાણ ગુમ થઈ ગયું જોઈ વિમાસણમાં પડી ગયા. ત્યાં ડાબા ખૂણામાંથી નવનીતના રડવાનો અવાજ આવ્યો. 'સા . . હે . . બ! મેં કાલે કેટલી મહેનત કરી બધું લખ્યું હતું . . આજે . . .' પંડિત સાહેબનું મોં જોવા જેવું લાગ્યું.

એટલામાં અમારા માનવંતા મહેતા સાહેબ હાથમાં નિબંધની નોટોનો થોકડો લઈ ધસતા આવ્યા ને પંડિત સાહેબની મૌન સંમતિ મેળવી એકદમ તાર સ્વરે બોલી ઊઠ્યા: 'આખો ક્લાસ બદમાસ થઈ ગયો છે. કાલે નિબંધ લખાવ્યો તે કોઈએ લખ્યો જ નથી!'

સૌ આભા બની ગયા. રણછોડથી બોલ્યા વગર ન રહેવાયું: 'સાહેબ મેં લખ્યો છે.' આખો વર્ગ એક સાથે બોલી ઊઠ્યો: 'મેં પણ લખ્યો છે.'

મહેતા માસ્તરની આંખો લાલ બની. 'મારી આગળ ઠગાઈ. . . ' પણ આગળ એ કંઈ બોલે તે પહેલાં પંડિત સાહેબે તેમને શાંત કરી કહ્યું: 'તમારા પણ બધા નિબંધ ઊડી ગયા લાગે છે. કોઈ માયાજાળ પથરાઈ છે.'

'શું?'

'હા. જુઓ, કાલે આ વર્ગમાં જેટલું કામ થયું છે એટલું બધું અદશ્ય બની ગયું છે.' કહી તેમણે થોડી નોટો બતાવી.

'આ તો અજબ!' કહી, મૂંઝવણમાં માથું ખંજવાળતા મહેતા સાહેબ વર્ગ છોડી ગયા. અમને સૌને આજે ખૂબ જ મજા પડી. આવો જાદુ અમે કદી જોયો ન હતો. મેં મનમાં ને મનમાં રણછોડને સહસ્ર ધન્યવાદ આપ્યા. પણ પંડિત સાહેબે પોતાનો સમય પૂરો થતાં વર્ગમાંથી બધા ખડિયા ઉપડાવી લીધા ને તે આખો દિવસ અમારે પેન્સિલથી કામ કરવું પડ્યું.

બીજે દિવસે બપોરે સાયન્સના સમયમાં સાયન્સ હૉલમાં જતાં અમે સૌ આશ્ચર્ય પામી ગયા. અમારા જૂના ને જાણીતા સાયન્સ શિક્ષકને બદલે વર્ગમાં પંડિત સાહેબ બેઠેલા હતા. એકબીજા સામે કુતૂહલની આંખ મિચકાવતાં અમે અમારી જગ્યા લીધી. પંડિત સાહેબે કેરોસીનનો ખડિયો કાઢી બત્તી ચેતાવી. પછી તેમણે શાહીની બે નાની પ્યાલીઓ અમારી સામે ધરી કહ્યું: 'આજે આપણે એક નવો જ પ્રયોગ કરવાનો છે. પણ મને ખાતરી છે કે તમને સૌને તેમાં ખૂબ રસ પડશે.'

પંડિત સાહેબે એક વ્યાપક દૃષ્ટિ વર્ગ તરફ ફેરવી લીધી ને પછી રણછોડ સામે નજર ઠેરવી કહ્યું: 'રણછોડ, તું અહીં આવ ને આ જમણી પ્યાલીમાંની શાહીથી કાગળમાં ગમે તે બેત્રણ લીટી લખ.'

ઉત્સાહમાં રણછોડ એક કૂદકે સાહેબ પાસે પહોંચી ગયો અને જમણી પ્યાલીવાળી શાહીથી બેત્રણ લીટીઓ લખી. તે પછી તેણે સૌને વાંચી સંભળાવી: 'બધા પ્રાણીઓમાં ગધેડો સૌથી વધુ ડાહ્યો હોય છે. તે પૂંછડી હલાવે છે ને કાન ફફડાવે છે ત્યારે રૂપાળો લાગે છે.' આખો વર્ગ હસી પડ્યો. પંડિત સાહેબે પણ હોઠના

ખૂણા દબાવી સહેજ હસી લીધું. પછી તેમણે રણછોડને કહ્યું, 'હવે આ બીજી શાહીથી બીજાં બેત્રણ વાક્યો લખ.'

રણછોડે બીજી શાહીથી બીજા કાગળમાં લખ્યું: 'કોણ કહે છે મૂરખને માથે શીંગડાં હોય છે? તેમની પાસે માત્ર સર્ટિફિકેટો હોય છે.' ફરી હસાહસ!

'બસ.' પંડિત સાહેબે બંને કાગળ પર તે કઇ શાહીથી લખેલું છે તેની નિશાની કરી કહ્યું: 'હવે તું આ કાગળ પેલી બત્તી પર ધરી જરા જરા ગરમ કર.'

રણછોડે કોઇ કુશળ વૈજ્ઞાનિકની છટાથી હાથમાં કાગળ પકડ્યો ને બત્તી ઉપર ધર્યો. થોડી વારે કાગળ પરનું લખાણ ધીમેધીમે ઝાંખું પડતું જઇ, બિલકુલ ગુમ થઇ ગયું. અમે સૌ એ નવાઈ પામી જોઇ રહ્યા.

'અરે, આ શું? લખેલું ક્યાં ગયું?' પંડિત સાહેબે આશ્ચર્ય પામી પૂછ્યું.

'ઊડી ગયું, સાહેબ! છૂ થઈ ગયું!' સાહેબને જાણે પટાવતો હોય એવા લહેકાથી રણછોડ બોલી ઉઠ્યો. સૌ રણછોડની અક્કલ હોશિયારી પર મુગ્ધ બની ગયા, પણ મારા પેટમાં કંઇ ન સમજાય તેવો ધ્રાસકો પડ્યો.

પછી રણછોડે બીજો કાગળ બત્તી પર ધર્યો, પરંતુ તેનું લખાણ હતું તેમ જ રહ્યું. બંને કાગળ અમારી સામ ધરી સાહેબે કહ્યું: 'જુઓ, જમણી બાજુની શાહીનું લખાણ ઊડી ગયું છે, ને ડાબી બાજુની શાહીનું લખાણ હતું તેમનું તેમ રહ્યું છે. આ જમણી બાજુની શાહી તે આપણે પરમ દહાડે વર્ગમાં વાપરેલી તે જ છે.'

એક પળ શાંતિ. સૌ આભા બની સાંભળી રહ્યા.

'આવી જાતની, થોડા કલાક પછી પોતાની મેળે અદૃશ્ય થઇ જાય તેવી શાહી બજારમાં વેચાતી મળે છે. તેવી શાહીમાં પાણીની સાથે બીજો એક પદાર્થ ભેળવેલો હોય છે. પાણીના સંગથી તે શાહી જેવો રંગ ધરે છે, ને વખત જતાં પાણી સુકાઇ જતાં તે પદાર્થની માત્ર ઝીણી રજકણ કાગળ પર રહી જાય છે. રણછોડ, લાવ જોઉં પેલો કાગળ!'

મને લાગ્યું કે હવે રણછોડના હાથમાંથી પણ સ્ફૂર્તિ થોડી ઓછી થઈ ગઇ હતી. તેણે કાગળ પંડિત સાહેબને આપ્યો. પંડિત સાહેબે તે બારીકાઇથી તપાસી કહ્યું: 'જુઓ, ગરમ થવાથી પાણી ઊડી જતાં કોઇ અતિ સૂક્ષ્મ સફેદ પદાર્થ કાગળ પર ચોંટેલો દેખાય છે.' આમ કહી તેમણે કાગળ રણછોડને બતાવ્યો. રણછોડે મૂંગા મૂંગા માથું હલાવી હા કહી.

'તો બોલો, શું કરીએ તો હવે આ પદાર્થ ફરીને શાહીનો રંગ ધારણ કરે?'

'એને બાળી નાખીએ તો.' હું કહેવા જતો હતો. ત્યાં અક્કરમી નવનીત બોલી ઊઠ્યો: 'પાણી લગાડવાથી, સાહેબ!'

'વાહ! સરસ!' પંડિત સાહેબે ધન્યવાદ આપી એક પીંછી પાણીમાં બોળી એ કાગળ ઉપર ફેરવવા રણછોડને કહ્યું. રણછોડનું મોં હવે ફિક્કું પડતું ગયું. તેણે માંદલે હાથે ભીની પીંછી કાગળ પર ફેરવી અને તરત ત્યાં કાળા અક્ષરો ફૂટી નીકળ્યા!

આખો વર્ગ આશ્ચર્ય પામી ઊઠ્યો.

હવે પંડિત સાહેબે કહ્યું: 'જો આપણે હવે વર્ગની પેલી નોટોના ઊડી ગએલા લખાણ ઉપર આમ પાણીની પીંછી ફેરવીએ તો અક્ષરો ફરી ઊપડી આવે કે નહિ?'

'આવવા જ જોઇએ,' બેત્રણ છોકરા બોલી ઊઠ્યા.

'એમ! તો જોઇએ. બેચાર છોકરાની નોટો આમ તપાસીશું તો ખાતરી થઇ જશે. હં, રણછોડ! તું, રમણ, નવનીત વગેરે તમારી નોટો લઇ આવો, જોઉં! સાથે પેલો સગનો પાઠ પણ લાવજો જ ને!'

હત્તારીની! આ તો ભોગ લાગ્યા. આ પંડિત માસ્તર તો બહાર નથી એટલો ભોંયમાં છે! મારા તો પગ ઠરી ગયા. નોટો ઘેર રહી ગઇ છે કે ખોવાઈ ગઇ છે એમ પણ કહેવાય એવું નહોતું. હજુ તે વર્ગના ટેબલના ખાનામાં જ થોકડી ભેગી પડેલી હતી. 'પાઠ'નાં કાગળિયાં પણ એમાં જ હતાં.

વર્ગમાં જતાંજતાં મને રણછોડ પર એવી તો દાઝ ચડી કે એને જીવતો ભોંયમાં ભંડારી દઉં.

મેજના ખાનામાંથી નોટ કાઢતાંકાઢતાં નવનીતે જાણે તે રણછોડને બચકું ભરવા જતો હોય તેમ દાંતિયાં કર્યાં: 'પંડિત સાહેબમાં કેટલી બુદ્ધિ છે, જોયું?'

'તે મારામાં યે છાંટા બુદ્ધિ છે, એ ભૂલતો નહિ.' રણછોડે ગર્વથી કહ્યું: 'નોટમાં લખેલું કેમ નથી દેખાતું એના તો સેંકડો જવાબ આપી શકાય.'

'સેંકડો? હેં?' મેં કહ્યું. ડૂબતાને તરણું હાથ આવ્યું.

'હા, સેંકડો.'

પહેલી જ રણછોડની નોટની ... ફેરવવાનું તેને જ કહેવામાં આવ્યું

તાથી અંતરીક્ષમાંથી અક્ષરો ફૂટવાની રાહ જોઈ રહ્યા. પણ કંઈ બન્યું નહિ. સૌને નવાઈ લાગી. પંડિત સાહેબે કહ્યું, 'રણછોડ, કેમ આમ?'

'સાહેબ, મારી નોટમાંથી કોઈએ પાનાં જ ફાડી નાખ્યાં લાગે છે''

'એમ! બનવા જોગ છે. આવી રીતે નોટનાં પાનાં ફાડી જનારને જરૂર પકડવો જોઈએ. કેટલાં પાનાં રહ્યાં છે એ તું ગણીને કહે જોઉં!'

રણછોડ પાનાં ગણવા લાગ્યો. અમે પણ તેની સાથે મનમાં ગણતા હતા. શાળાની છાપવાળી, ચાળીસ પાનાંની એ નોટ હતી; ને બરાબર ચાળીસ પાનાં જ થયાં. પંડિત સાહેબ રણછોડની સામે ખુલાસા માટે તાકી રહ્યા. એણે સેંકડો કારણોના રાફડામાંથી બીજું ખેંચી કાઢ્યું. બોલ્યો: 'સાહેબ, એ દિવસ પછી એ સફેદ સૂક્ષ્મ પદાર્થ પણ અદૃશ્ય થઈ જતો હોવો જોઈએ.'

'ઓહ! એ મને નહોતું સૂઝયું.' કહી સાહેબે મારી ને નવનીતની નોટની પરીક્ષા કરાવડાવી. 'પાઠ'નાં કાગળિયાં પણ એ રીતે જોવાયાં. એકેનું લખાણ દેખાયું નહિ. પછી તેમણે શંકરની નોટ લીધી. કેવું કમનસીબ! એ નોટે દગો દીધો. એના અક્ષરો ઝાંખા ઝાંખા પણ દેખાયા ને વંચાયા સુદ્ધાં!

પછી પંડિત સાહેબે રણછોડ તથા એના બે બત્રીજાઓનો ખભો થાબડતાં કહ્યું, 'સમજ્યા?'

સમજ્યા, બાપ, સમજ્યા! મારો જીવ તો કાચબાની પેઠે સંકોચાઈ ગયો. એટલામાં અમારા વિજ્ઞાન શિક્ષકે ઓરડામાં પ્રવેશ કર્યો ને પંડિત સાહેબે અમારું કાળજું ચીરી નાખે તેવું હાસ્ય કરી વર્ગમાંથી વિદાય લીધી.

તે આખો યે દિવસ મને લાગ્યું કે જાણે મને તાવ ચડી ગયો છે. વર્ગોમાં શું ભણ્યો, શું ભણાવાયું તેનું મને કંઈ જ ભાન ન રહ્યું. આવી અવસ્થામાં શાળા છૂટવાનો ઘંટ વાગતાં હું છાનોમાનો સીધો ઘેર પહોંચી જવાનો ઘાટ ઘડી રહ્યો હતો, ત્યાં પંડિત સાહેબનો દૂત આવી અમને—મને, નવનીતને ને રણછોડને—એમના દરબારમાં તેડી ગયો.

સામે જ પંડિત સાહેબ હંમેશનો શાંત ચહેરો લઈ બેઠા હતા. અમે ત્રણે સામે જઈ ઊભા, પણ પંડિત સાહેબની સામે જોવાની કોઈની હિંમત ચાલી નહિ. થોડી વારે અવાજ સંભળાયો: 'મને શરૂઆતથી જ વહેમ હતો કે કંઈક કાવતરું થયું છે અને એ કાવતરાના ખેલાડીઓ આ વર્ગના જ વિદ્યાર્થીઓ હોવા જોઈએ. તેમાં યે જ્યારે 'સજાપાઠ'નું લખાણ પણ ઊડી ગયાનું જાણ્યું ત્યારે મારો વહેમ તમારા ત્રણ ઉપર ઠર્યો. મેં શાહીની પરીક્ષા કરી જોઈ, અને કેવી રીતે તમે ત્રણે તમારી સજામાંથી છટકવા 'અદૃશ્ય શાહી'નો ઉપયોગ કરાવ્યો તે કાલના પ્રયોગથી પૂરેપૂરું જાણ્યું.'

'સાહેબ, એમાં બધો વાંક મારો છે. માટે જે સજા કરવી હોય તે મને જ કરો.' રણછોડના આ શબ્દો સાંભળી મને ખરેખર આજે એને માટે માન ઊપજ્યું.

પંડિત સાહેબ સહેજ હસ્યા. પછી બોલ્યા: 'ઠીક. પાછલી સજામાંથી છટકવા તમે પ્રયત્ન કર્યો તેથી તે સજા હું બેવડાવું છું; અને મને છેતર્યો તથા આખા વર્ગનું આખા દિવસનું કામ બગાડ્યું તેની સજા તરીકે અઠવાડિયા સુધી દરરોજ સાંજે શાળા છૂટ્યા પછી એક કલાક, અહીં હું સોંપું તે કામ કરી જવાનું ફરમાવું છું. હું માનું છું કે હવે ફરી બીજું કાવતરું નહિ કરો.'

'અમારી ભૂલ થઈ; અમને માફ કરો, સાહેબ. ફરી અમે એવું નહિ કરીએ.' અમે ત્રણે ગળગળા બની કહ્યું.


'ઠીક, તો પણે બેસો. ખડિયાઓમાં શાહી તૈયાર છે. હમણાં જ પેલો સજાપાઠ લખી નાખો. કલાક થતાંમાં હું કામ તપાસવા આવી પહોંચું છું.'

આમ કહી પંડિત સાહેબ ત્યાંથી ચાલ્યા ગયા.

અમે ત્રણે ઊંધું ઘાલી સંસ્કૃત પાઠ ઉતારવા બેસી ગયા. વીસેક મિનીટ થઈ હશે. મેં એક વખત પાઠ લખી નાખ્યો. ફરી લખવા બેઠો. બીજી વખત લખી પૂરો કર્યો. ત્રીજી વાર લખવાની શરૂઆત કરું છું ત્યાં મારી નજર વચ્ચમાં બેઠેલા રણછોડ સામે પડી. એનું મોં દિવેલ પીધા જેવું થએલું હતું. આંખો ઝીણી થઈ ગઈ હતી ને બેય હાથે માથું ખોતરવા લાગી ગયો હતો. નવનીતનું ધ્યાન પણ એ તરફ દોરાયું. મેં પૂછ્યું: 'શું થયું, રણછોડ? પાછી રીટ તો નથી આવતી ને?'

'તો તો સારું' પણ આ?' કહી એણે લખાઈ રહેલા પાઠવાળાં પાનાં બતાવી કહ્યું: 'બધું ઊડી ગયું! સાહેબે મારા ખડિયામાં ખરેખરી જાદુઈ શાહી ભરાવી છે. હું ક્યારે પાઠ લખી રહીશ!'

- દદ દદ દદ કાકાની આંખોમાંથી આંસુ પડવા માંડ્યાં.



ધીણોધરનો ડુંગર

કચ્છનું રણ

લેખક · **શ્રી રામસિંહજી રાઠોડ ડી.ડી.આર.**


કુદરત અને માનવીના પ્રકોપને લઇને આજે દસ હજાર ચોરસ માઈલનું વેરાન બની ગએલા ભયાનક છતાં ભવ્ય એ રહસ્યપ્રદેશનો, એ જ ભૂમિના જાયા એક અભ્યાસીએ કરાવેલો તલસ્પર્શી પરિચય

કચ્છનું રણ એ કચ્છની શાપિતભૂમિ (પિંડલપટ) મનાય છે, એ છતાં યે એ રહસ્યસ્થળ કચ્છને તો આદરણીય છે. રણકંઠારે વસતા લોકોને સાહસિક અને ખડતલ બનાવવામાં ભયાનક પણ ભવ્ય લાગતા આ કચ્છના રણનો હિસ્સો અવગણ્ય નથી. સમતલ વેરાન અને વિસ્તીર્ણ એવા એ રણનું ઉગ્ર સૌંદર્ય તથા એનો ઘેરો અને નીરવ સુનકાર અસહ્ય છે.

"ધીણોધરના ઉચ્ચ શિખર પર બારબાર વર્ષથી ભીષણ તપ કરતા દાદા ધોરમનાથની તપશ્ચર્યામાં વિક્ષેપ પડે છે. દાદાની ખફા નજર ઉત્તર તરફ વિસ્તરેલા જળપ્રદેશ તરફ દોરવાય છે. ત્યાંનું બધું પાણી ખળખળાટ કરતું સમુદ્રમાં ઠલવાઇ જાય છે. ધીણોધરના પહાડ પર નજર નાખતાં પહાડ ફાટે છે. પૃથ્વીનો પાપભાર હળવો થાય છે અને કચ્છ પર શાપ વરસાવતો એ પ્રદેશ કચ્છનું રણ બની રહે છે.' કચ્છના રણની ઉત્પત્તિ વિશેની એ તો રહી પંદરમી સદીની * લોકવાયકા. સંભવ છે કે એ અરસામાં કોઇ પ્રકૃતિક્ષોભ (જેનો અનુભવ કચ્છ વારંવાર કરતો આવ્યો છે) થવા પામ્યો હોય અને તેને પરિણામે રણનો ઉદ્ભવ થયો હોય; પણ રણનું મહત્ત્વનું નિર્માણ તો હજી હમણાં એકજ સૈકા પહેલાં સને ૧૮૧૯ના પ્રચંડ ભૂકંપ વેળા થએલું.

---


* આ વિષે બે માન્યતાઓ છે. એક મત ધીણોધરના પીરોની વંશાવળીને ધ્યાનમાં લઇ સંવત ૭૦૯ (લગભગ આઠમા સૈકાના આરંભકાળ)માં ગોરક્ષનાથના એ ગુરૂભાઈ ધોરમનાથ થઈ ગયાનું માને છે. જ્યારે પ્રચલિત માન્યતા એવી છે કે એ સમય પંદરમા સૈકાની અધવચ્ચે (૧૪૫૦ લગભગનો) હશે. જુઓ: Bom. Gov. Sel. CLIII (new series), 5: 'If Dhoramnath had any hand in destruction of Riyan, the date would be about 1450'.



શાસ્ત્રીય પ્રમાણો જોતાં રણની ઉત્પત્તિની શરૂઆત ઘણી જ જૂની છે. રણના એ પુરોગામી જલપ્રદેશની ભવ્ય ગાથા આપણને ગૌરવાન્વિત કરી દુષ્કર એવા તેના ઉદ્ધાર માટે લલચાવે એવી પ્રેરણાદાયી છે.

પ્રચલિત માન્યતા તો એવી છે કે કચ્છના રણનો પૂર્વાવતાર સમુદ્ર હતો. રણ જ્યારે જળપ્રદેશ હતો ત્યારે કચ્છને ઉત્તર કિનારે અને બન્નીમાં આવેલાં બિટારો, છારી, નિરોણા વગેરે ઘણાં યે હાલનાં તેમજ બીજાં લુપ્ત થએલાં ગામડાંઓ, બંદરો હોવાનું મનાય છે. રણના પચ્છમબેટની પશ્ચિમે ફાંગવારો; સિંધને કિનારે વિઘોગઢ, વિંગડ અને બલિયારી; પારકરમાં વીરાવાવ; તથા ગુજરાતને કિનારે ઝિંઝુવાડા નજીક અને કાઠિયાવાડ-કાંઠે બંદરો અને આરાં ઓળખાવવામાં આવે છે. તદ્દન લાકડાંની બનાવટનું એક મોટું અસલી વહાણ રણના કીચડમાં પંદર ફૂટની ઊંડાઇએથી કાઠિયાવાડકિનારે વવાણીઆ પાસેથી ઈ. સ. ૧૭૫૬ લગભગ મળી આવેલું. ફાંગવારા પાસેથી ૧૮૧૯ના ભૂકંપ પછી વહાણના ખીલા અને લોઢાના બીજા ટુકડા હાથ લાગેલા. મોટા વજનદાર પથ્થરોમાં કાણાં કરી બનાવેલાં જૂના વખતમાં વપરાતાં એવાં લંગરો કોઇ કોઇ સ્થળેથી મળી આવેલાં. પચ્છમને ઉત્તર કિનારે પથ્થરમાં જામી ગએલાં સામુદ્રિક શંખલાં પ્રાપ્ત થએલાં. રણના જલપ્રદેશના કીચડમાં પહેલાં ચેરિયાં (તવર) થતાં હશે તે દર્શાવતા અવશેષ તરીકે બન્નીમાં લોડાઇની પૂર્વે કાવડીઆ પાસે, (દરિયાકિનારે કીચડમાં થાય છે તેવા) ચેરિયાં નામે વૃક્ષોનો એકાંતિક આછો ઘેરો આવેલો છે. તેવી જ રીતે લખપતથી આઠ ગાઉ દૂર મુંધાન અટડા પાસે પણ જમીન ઉપર થોડાં ચેરિયાં ઊભાં છે. વળી સમુદ્રકિનારે હોય છે તેવી પણ થોડા રૂપાંતરવાળી થર તરફની રેતીની ટૂઇઓ, લખપત પાસેના ઢૂઆ અને જવલ્લે બીજે ક્યાં યે મળી આવતા રેતીના થરો અને એવું એ બધું, આ રણ પહેલાં સમુદ્ર હતો તેના પ્રમાણ તરીકે ગણાવી શકાય. એ અવશેષચિહ્નો જોતાં માની લઇએ કે કચ્છની ઉત્તરે હાલ રણ છે ત્યાં સમુદ્રની પટી જમીનમાં ઘુસી આવેલી હોય અને કોઇ કારણે ત્યાંની જમીન ઊંચી ચડી આવતાં એ પટી સુકાઇ જઇને રણ બન્યું હોય; પણ રણના અંતસ્તર અને તેની કંઠારના ભૂસ્તર પરથી તો રણ પહેલાં દરિયો જ હતો એમ ચોક્કસપણે ન કહી શકાય.

ઋગ્વેદીય કાલમાં અને તે પછી, હાલના કચ્છની જગ્યાએ પાતાલ નામે પ્રદેશ આવેલો હતો અને તેમાં પસાર થઇને સિંધુ, શતદ્રુ, દૃષદ્વતી, સરસ્વતી વગેરે સપ્તસિંધુના નામે જાણીતી નદીઓ સૌરાષ્ટ્રની ઉપર આવેલા સમુદ્રને મળતી. પણ તે પછી થએલા મહાન જલપ્રલયને લીધે પુરાણકાળમાં અને ત્યાર બાદ તો ત્યાં ઘણા યે મોટા ફેરફારો થઈ ગયા, અને હાલની કચ્છની ભૂમિ જુદી પડી આવી બંધાઇ ગઇ. કચ્છની ભૂમિમાં નદીના અશ્માભૂત અવશેષો હજી યે મળી આવે છે; પરંતુ ક્યાં યે સામુદ્રિક અવશેષો ખાસ જોવામાં નથી આવતા. એટલે એ બધો પ્રદેશ દરિયાના કીચડથી બંધાયો હોય એ સંભવિત નથી, પણ નદીઓના જળમળ વડે બન્યો હોય એમ લાગે છે. જ્યારે સરસ્વતી, હમણાં જ્યાં કચ્છનું રણ આવેલું છે ત્યાં થઇ વહેતી અને ગુજરાત તથા સૌરાષ્ટ્રની વચ્ચેથી પસાર થઇ ખંભાતના અખાતમાં મળી જતી હતી, તે વખતે તો સરસ્વતીના વહનમાર્ગની ચારે તરફનો બધો પ્રદેશ રસાળ અને ફળદ્રુપ હતો. રામાયણ, મહા-



ભારત, ભાગવત અને બીજી પૌરાણિક કથાઓમાં એ પ્રદેશમાંથી પ્રવાસ કર્યાની વાતો આવે છે, પણ ક્યાંયે રણનો નિર્દેશ થએલો નથી. એટલે માનવા કારણ મળે છે કે એ સમયે એ બધો પ્રદેશ ફળદ્રુપ અને રસકસભર્યો સમૃદ્ધ હશે. લાગે છે કે નદીઓનો વહનમાર્ગ બદલાયા પછી કે નદીઓ ગુપ્ત થયા પછી રણ અસ્તિત્વમાં આવ્યું હોય. એ અતિ પુરાણા ફેરફારો સાથેના કચ્છ અને રણના સંબંધને અત્રે બહુ અગત્ય ન આપીએ તોપણ રણની રચના સાથે સિંધુ નદીના વિકાસક્રમને મહત્ત્વનો સંબંધ હોઇ તેનો ઉલ્લેખ જરૂરી છે.

બહુ પ્રાચીન કાળથી સિંધુ અને તેની સહચરીઓ કચ્છના હાલના રણની જગ્યાએથી સમુદ્રને મળતી. તે વખતે સિંધુનો વહનમાર્ગ હમણાં છે તે કરતાં બહુ દૂર પૂર્વ તરફ આવેલો હતો. સિંધુની પૂર્વેથી વહેતી વિપાશાનો સમુદ્રસંગમ પણ એ જ સ્થળે થતો. સાતમા સૈકામાં અરબ ચડાઇ સમયે મીહીરાન નામની નદી સિંધુની પૂર્વેથી વહી કચ્છના હાલના રણપ્રદેશના એ જલવિસ્તારમાં મળી જતી અને બીજી હકરા નામે નદી ત્યાંથી જ સમુદ્રને મળતી એમ અરબી તવારીખો પરથી જાણવા મળે છે. અલબેરૂની (૯૭૦–૧૦૩૯) સિંધુની એક શાખાને કચ્છને કિનારે સિંધસાગરમાં મળતી કહે છે. ગ્રીક લખાણોના આધારે ઘણા વિદ્વાનો લૂણી નદી પાસે સિંધુનું પૂર્વ તરફનું મુખ હતું એમ માને છે. ઍલેક્ઝાંડર (ઇ. સ. પૂ. ૩૨૫) અને ટૉલેમી (ઈ. સ. ૧૫૦)ના સમયમાં સિંધુની તે વખતની મુખ્ય શાખા કોરી લૂણીબારી (Lonibari)ના નામે ઓળખાતી. ઇ.સ. ૧૦૦૦ સુધી તે સિંધુની મહત્ત્વની શાખા રહી.

અને તેની પશ્ચિમે પણ સિંધુ નદીનાં બીજાં ઘણાં

મુખ આવેલાં હતાં. એ અરસામાં સિંધુના પ્રવાહમાં મોટો ફેરફાર થયો; ને ક્રમેક્રમે પશ્ચિમ તરફ વધુ ને વધુ ખસતી ગઈ અને તેની સાથે સંબંધ ધરાવતી હકરા, સતલજ, બિયાસ (વિપાશા) વગેરેના વહનમાર્ગમાં ઘણા ફેરફારો થઈ ગયા. હકરા એક સૂકું નાળું બની ગઈ અને બિયાસ સતલજની શાખા થઈ રહી. કચ્છના હાલના રણની જગ્યાએથી સિંધુનું પુષ્કળ પાણી સમુદ્રને મળતું બંધ થઈ ગયું. સિંધુનું વહન બદલાતાં છેવટે કચ્છના પશ્ચિમ ભાગમાંથી માત્ર સિંધુનો કોરી નામનો પૂર્વતર ફાંટો જ પસાર થવા લાગ્યો. તે વહેણ પણ ઇ. સ. ૧૭૬૪માં ઝારાના યુદ્ધ પછી સિંધના અમીર ગુલામશાહે મોરામાં એક બંધ બાંધી કચ્છમાં આવતું અટકાવી દીધું.

સિંધુની એ શાખામાં ઉત્તરોત્તર પાણીનું પ્રમાણ ઘટતું જતું હોઈ, સિંધના નીચલા પ્રદેશને પાણીની બહુ તંગી જણાવા લાગેલી. વૈરવૃત્તિ સાથે તેમની એ જરૂરીઆતે પણ તેમને એ બંધ બાંધવા ફરજ પાડેલી. તે પછી તો એ પાણીને તદ્દન અટકાવવાની જરૂર જણાયાથી એવા બીજા અંતરાયો પણ ઊભા કરવામાં આવ્યા. પરિણામે લખપતની ઉત્તરે આવેલા છછઇ પ્રદેશનાં ડાંગરનાં ખેતરોની ફળદ્રુપતા ચાલી ગઈ. કચ્છ રાજ્યને તેથી આઠ લાખ કોરીની મહેસુલ આવતી અને ડાંગરની થોકબંધ ઊપજ થતી તે અટકી ગઈ. એ અમીરોનું રહ્યુંસહ્યું કામ કુદરતે ૧૮૧૯ના ભૂકંપમાં પૂરું કર્યું. એ ઉત્પાતમાં કોરી પર આવેલો સિંધડીનો પ્રાચીન દુર્ગ અને પુરાણું બંદર ગરક થઈ ગયાં અને મૂળ જમીનની સપાટીથી બારથી પંદર ફૂટ નીચા નમી ગએલા સિંધડીની ચોતરફના ૨૦૦૦ ચોરસ માઇલના વિસ્તારમાં એકાએક ખારું પાણી ફરી વળ્યું. સાથેસાથે તે જ સમયે રણની મૂળ ઊંચાઇથી આશરે ૧૮ ફૂટ ઊંચા, ૫૦ માઇલ લાંબા અને ૧૦ થી ૧૫ માઇલ પહોળા જમીનના ૬૦૦ ચોરસ માઇલના એક વિસ્તારે ઊંચા ચઢી આવી, સિંધુના પાણીને સદાને માટે કચ્છમાં આવતું અટકાવ્યું. રહીમકી બજારથી લૂણા તરફ અને લખપતથી પશ્ચિમ બાજુ વિસ્તરેલા એ કુદરતી બંધને અલ્લાબંધ તરીકે ઓળખવામાં આવે છે. પછી તો કાલક્રમે એ સારો યે વિસ્તાર રણમાં ભળી ગયો.

એક માન્યતા એવી પણ છે કે અત્યારે જ્યાં લૂણી નદીનું મુખ છે ત્યાંથી આખું રણ પસાર કરી તે એક

પ્રાચીન ઋગ્વેદીય કાલનું પાતાલ અને પૌરાણિક સપ્તસિંધુનો પ્રવાહાન્ત પ્રદેશ

વખતે લખપત પાસે સ્વતંત્રપણે સમુદ્રને મળતી. એ રીતે બનાસ નદી પણ હમણાં જ્યાં રણને મળે છે ત્યાંથી નાનું રણ પસાર કરી કચ્છના અખાતને મળતી એમ અબુલ ફઝલ જણાવે છે.

પ્રમાણભૂત આધારોના અભાવે રણની પ્રાચીન સ્થિતિ વિષે ચોક્કસ નિર્ણય બાંધવો મુશ્કેલ થઇ પડે છે. પણ રણની સ્થિતિનો એકંદરે વિચાર કરતાં, અને ત્યાં જે અશ્મીભૂત અવશેષો હાથ લાગે છે તે ઘણુંખરું નદીના હોય છે તે જોતાં, કહી શકાય કે એ પ્રદેશ નદીઓના સમુદ્રમુખનો જૂનો પટ હશે. મહા નદીઓનાં વિશાળ સમુદ્રમુખ ઘણે સ્થળે સાગર કહેવાય છે, એટલે એ જલ-પ્રદેશ પણ પહેલાં અર્ણવ કહેવાતો હોય એ સ્વાભાવિક છે.

રણમાં મળી આવતા વહાણવટાને લગતા અવશેષ જોતાં, એ જળપ્રદેશ જળમાર્ગ તરીકે વપરાતો એ વાત તો નિઃશંક છે. ઈ.સ. પૂર્વે ૩૨૫માં સિકંદરે ચઢાઈ કરી ત્યારે વહાણમાં બેસી સિંધુ દ્વારા કચ્છના એ જળપ્રદેશમાં તે ઘૂમેલો. તેણે એ જળપ્રદેશને સરોવર જેવો સમુદ્ર હતો એમ વર્ણવ્યું છે. આશરે ઇ. સ. ૮૦માં પેરિપ્લુસનો લેખક તેને અર્ણવ (? Eirinon)ના અખાત તરીકે ઓળખાવે છે અને લખે છે કે તે નાના અને મોટા એમ બે ભાગમાં વહેંચાએલો, અનન્વેષિત, વહાણોને ભયપ્રદ, છીછરો અને વમળવાળો હતો; છતાં યે જળમાર્ગ તરીકે તેનો ઉપયોગ થઈ શકતો. સ્થાનિક વહાણવટું તો તે પછી પણ ઘણા કાળ સુધી તેમાં ખેડાતું હશે એમ લાગે છે. પ્રકૃતિક્ષોભ કે એવા જ કોઇ કુદરતી કારણે મહા નદીઓના સમુદ્રસંગમનો એ વિસ્તૃત જળ-પ્રદેશ ઊંચો ચડી આવી કે જળમળથી પૂરાઈ જઈ સૂકાઇ જતાં રફતે રફતે તેનું એક સમાન સપાટ અને શુષ્ક રણમાં રૂપાંતર થઈ ગયું છે.

આ રીતે જોતાં રણના પુરોગામી જળપ્રદેશમાં કોરી જમીન ઘણા જ જૂના વખતથી બંધાતી આવી છે અને ખુશ્કીમાર્ગ તરીકે પણ તેનો ઉપયોગ બહુ જૂનો અને જાણીતો છે. ઇ. સ. ૭૫૦માં કાઠીઓ મુલતાનથી સૌરાષ્ટ્ર તરફ જતાં રણમાર્ગે પસાર થયા હતા એમ કર્નલ ટૉડ લખે છે. ઇ. સ. ૧૦૦૦ના અરસામાં અને


જેનું સબરસ-રસ્યું ભયંકર વેરાન આજે કો શાપિત ભૂમિ સમું રહસ્યસ્થળ બની રહ્યું છે

તે પછી સમાઓએ પણ એ જ માર્ગે કચ્છમાં ઊતરવાનું શરૂ કરેલું. ફિરોજ તઘલખનું લશ્કર ઇ.સ. ૧૩૬૧ માં રણમાં નાશ પામેલું. સિંધના અમીરોની કચ્છ ઉપરની બધી ચડાઇઓ રણમાર્ગે જ થએલી. ઇ. સ. ૧૭૬૨માં ૭૦,૦૦૦ માણસો લઇ ગુલામશાહ કારાનો જંગ ખેલવા રણમાર્ગે કચ્છ પર ચડી આવેલો. ઘણા યે ધાડપાડુઓ અને બહારવટીઆઓનું રણ આશ્રયસ્થાન બનતું અને એ માર્ગે તેઓ નાસી છૂટતા. એ ખુશ્કી માર્ગે જ કચ્છનો સિંધ અને થરપારકર સાથેનો વ્યવહાર ઘણા વખતથી ચાલતો આવ્યો છે. આશરે આઠમી સદીથી લગભગ તેરમી સદી સુધી એક કે બીજે રૂપે ગુર્જર રાજ્યોની હકૂમત કચ્છમાં હતી ત્યારથી કચ્છનો ગુજરાત સાથેનો જમીનમાર્ગે સંબંધ નાના રણ મારફતે ટકી રહ્યો છે. લાંબા સમયથી વપરાશમાં એવા એ ખુશ્કીમાર્ગનો ઇતિહાસ જોતાં, અફાટ વિસ્તારમાં ફેલાએલા કચ્છના રણનું બંધારણ બહુ પ્રાચીન કાળથી થતું આવ્યું છે એ સ્પષ્ટ બને છે.

નવ હજાર ચોરસ માઇલના વિસ્તારમાં ફેલાએલું સબરસે રસ્યું કુદરતનું એ અંગ કચ્છની ઉત્તરે, પૂર્વે અને અગ્નિ કોણને વીંટળાઇને પડ્યું છે, અને 'નાનું રણ' તથા 'મોટું રણ' એમ બે વિભાગમાં વહેંચાએલું છે. સિંધ અને કચ્છ વચ્ચેનો વિસ્તૃત પ્રદેશ મોટા રણ તરીકે જાણીતો છે. ગુજરાત તરફ પૂર્વમાં નાના અને મોટા રણની મળીને પહોળાઇ ૮૦ થી ૧૦૦ માઇલ લગભગ છે. ગુજરાતના પશ્ચિમ કિનારાથી કોરીનાળ સુધી રણની લંબાઈ આશરે ૨૦૦ માઇલથી વધારે છે. ઠેકાણે ઠેકાણે રણની પહોળાઇ મેળ વગરની છે. કોઈ સ્થળે માત્ર બે માઇલ તો ક્યાંક વળી પાંત્રીસ માઈલ, એમ ભિન્નભિન્ન સ્થળે તે ભિન્નભિન્ન છે. ઉત્તર ગુજરાત ને કચ્છ વચ્ચે તેની પંદરથી પચાસ માઇલની પહોળી પટ્ટી છે. રણની નીચે જ લગભગ દક્ષિણે ધીણોધરના પહાડ ને બન્નીના સુમરાસર ગામમાંથી ઉત્તર કર્ક વૃત્ત પસાર થાય છે.

રણની પૂર્વે ઉત્તર ગુજરાતનો લીલો પ્રદેશ અને કાઠિયાવાડ આવેલા છે. એ તરફ રણનો કિનારો નીચાણવાળો છે. રણની પશ્ચિમ સરહદ લગભગ છિછરવાળી અને ઘણી નીચી છે. વાયવ્ય દિશામાં આશરે પચાસ માઈલ લાંબો 'અલ્લાબંધ'નો સપાટ ઊંચો પ્રદેશ વિસ્તરેલો પડેલો છે. ઉત્તરે સિંધ છે અને સિંધ તથા રણની વચ્ચે થરનો રેતાળ પ્રદેશ અને રેતીની ટૂઇઓ આમતેમ પથરાએલી પડી છે. રણની ઉત્તરપૂર્વ કિનારે પારકરમાં કારીજર નામે ડુંગરની ધાર આવેલી છે. રણની દક્ષિણે કચ્છ છે. બન્નીની પૂર્વમાં થોડે સુધી તો રણનો 'કચ્છ-કિનારો' જળમળનો બંધાએલો અને નીચો છે, જ્યારે બન્નીની પશ્ચિમે એ કિનારો સરાર નીચાણવાળો છે. તેનો વાગડ તરફનો કિનારો સૂકો અને ક્યાંક ડુંગરાળ છે, જ્યારે કાઠિયાવાડ તરફનો કાંઠો પ્રમાણમાં જરા કસ અને ભેજવાળો છે. રણનો કિનારો જ્યાં ડુંગરાળ નથી અને નીચો છે ત્યાં લાંબે સુધી રસાળ જમીનમાં પણ રણની અસર પહોંચે છે અને રણમાં પડતી રેતાળ નદીઓ અને વહેળાઓના પટ પર તે બહુ લાંબે સુધી વિસ્તરતું જાય છે.

રણના કિનારાની અને આજુબાજુની જમીનની સપાટીમાં નહિ જેવો તફાવત હોય છે. એટલે એ કિનારે યથાર્થપણે રણ ક્યાંથી શરૂ થાય છે એ કળવું બહુ મુશ્કેલ પડે. જ્યાં આવી સેળભેળ ન હોઈ વનસ્પતિનો ચોક્ખો એક પટ્ટો હોય છે ત્યાં કંઇક અંશે હદ પારખી શકાય છે. પણ રસાળ જમીન અને રણ એટલાં તો તો સંકીર્ણ થઇ રહે છે કે રણની સીમા એક રેખા વડે સ્પષ્ટ તો બતાવી જ ન શકાય. રણનો મીઠાથી છવાએલો પ્રદેશ 'ખારો' કહેવાય છે; જ્યાં રેતી અને માટીની અત્યંત બારીક રજથી મિશ્રિત કાળો અને અતિ કડવો ક્ષાર હોય છે તે જમીન 'કલર' કે ખારીસરી નામે ઓળખાય છે; અને જ્યાં, ખારી પ્રદેશમાં થાય છે તેવી ખારી જાર, ખારીઓ ઘાસ, મોરસ (લાણું) અને ક્યાંક રેતાળ પટમાં પ્રાંસ (લઇ) આદિ વનસ્પતિ ઊગે છે જ્યાં ભાગ્યે જ રણમાં આવતા પૂરનાં પાણી પહોંચે છે તેવો રણનો ઊંચો ભાગ 'લાણા' કે લાણાસરી કહેવાય છે. લાણા કે ઉસર જમીન પર સહજ થોડી ભાક (ઝાકળ) પડતાં તરતજ તે ભીની થઈ જાય છે. આવી ખારાશ કે લૂણાંવાળી જમીન વર્ષાઋતુમાં પાણી પડ્યા પછી લાંબા વખત સુધી સુકાતી નથી અને ત્યાંથી આવનારને પગે તેના સોંઢા ચોંટે છે. ઊનાળામાં પણ તેમાં ભેજ રહે છે, અને શીઆળે તેના પર ધોળી છારી કે લૂણો લાગે છે.




ગુજરાતના વાયવ્ય કોણ પર આવેલો, તેના જ એક અંગ સમો કચ્છના રણનો લગભગ દસ હજાર માઇલનો વેરાન વિસ્તાર આજે એક રહસ્યસ્થળ જેવો બની ઊભો છે. એની પુરાણકાલીન, ઐતિહાસિક, ભૌગોલિક, ભૂસ્તરશાસ્ત્રીય—એમ અનેક દૃષ્ટિબિંદુથી આલોચના કરીને તલસ્પર્શી પરિચય કરાવતા સાથેના લેખમાં આવતી વિગતોનો નિર્દેશ કરતો કચ્છ અને તેના રણનો આ નકશો તેમજ આ સાથેના બીજા નકશા લેખકે જાતે જ કાળજીપૂર્વક તૈયાર કર્યા છે.

કચ્છના આવા આ વિશાળ રણમાં, ઊનાળાના બળતા બપોરના નિઃસીમ આસમાનના ઊંડાણમાં લસી રહેલી બેચાર વાદળી જેવા અહીંતહીં થોડા રણદ્વીપો વેરાએલ પડ્યા છે. કચ્છને ઉત્તર કિનારે રણની હદમાં મુખ્ય ચાર મોટા બેટ છેઃ પચ્છમ, ખડીર, બેલા અને ચોરાડ. પચ્છમ ઉત્તર–દક્ષિણ પંદર માઇલ લાંબો અને દસ માઇલ પહોળો છે. અહીં કચ્છનો સર્વોચ્ચ ડુંગર 'કાળો' પૂર્વ પશ્ચિમમાં વિસ્તરેલો પડ્યો છે. તેની સૌથી ઊંચી ટૂંક 'પચ્છમપીર' રણની સપાટીથી ૧,૪૩૭ ફૂટ ઊંચી છે. અહીંથી રણ અને કચ્છનું વિહગદૃશ્ય ભવ્ય લાગે છે. એ કાળા ડુંગર પર ગુરુ દત્તાત્રેયની પાદુકાસ્થલી આવેલી છે. પચ્છમમાં દક્ષિણે 'ગોરા ડુંગર' નામે ડુંગરની ધાર આવેલી છે. પચ્છમની પૂર્વે ખડીર અને ખડીરથી પાંચ માઇલ પૂર્વે બેલા આવેલો છે. બેલામાં ઉત્તરે નીલવો ડુંગર આવેલો છે અને ખડીરનો ઉત્તરભાગ પણ 'ખડી' નામે ડુંગરની ધારવાળો છે. ચોરાડ બેટ, વાગડ અને ગુજરાતની વચ્ચે, બન્ને કિનારે લગભગ અડોઅડ આવી દ્વીપકલ્પ જેવો બની રહે છે. આ ઉપરાંત ગોણિયાદ્રો, બનિયાર, કુઆર, નાંદા, પુંગ, કેસમારા વગેરે નાના દ્વીપો અને સહરાના રણમાં જેમ રણોદ્યાનો (oasis) આવેલાં છે તેમ જ્યાં પીવાને ભાંભળું પાણી મળી શકતું હોય એવા કેટલાક બીજા અતિ નાના મરુદ્વીપો પણ એ વિસ્તૃત રણમાં આવેલા છે.

કચ્છને કિનારેથી તેની સમાન્તરે બન્નીનો રણદ્વીપકલ્પ રણના ઉજ્જડ વિસ્તારમાં ઘુસ્યો છે. બન્ની સહિત રણનો વિસ્તાર લગભગ ૧૦,૦૦૦ ચોરસ માઇલથી વધારે થવા જાય છે. આશરે પાંસઠ માઇલ લાંબો ને દસથી સોળ માઇલ પહોળો બન્નીનો પ્રદેશ ઘણોખરો કચ્છની રણમાં પડતી ઉત્તરવાહિની નદીઓએ ઘસડી આણેલા કાંપનો બંધાએલો છે અને તેનો અમુક ભાગ જૂનો કિનારો હોવા પણ સંભવ છે. તે એટલો નીચો છે કે રણમાં પ્રબળ પૂર આવે છે ત્યારે તેના કેટલાક ભાગમાં પાણી ફરી વળે છે; અને કેટલેક સ્થળે તો રણ અને એ પ્રદેશના ભેદ પાડવા પણ મુશ્કેલ પડે છે.

રણની સપાટી અને તેના પડોશના પ્રદેશોની મુખ્ય જમીનથી રણનો કિનારો નીચાણવાળો હોઇ ત્યાં થતી વનસ્પતિની ચોતરફ એકઠો થતો ઉદ્‌ભિજ અને એવો જ બીજો કચરો દૂરદૂરથી ઘસડાઇ આવી રણકંધી પર ઠરે છે. પાણી સાથે રહી એ કચરો સડીને કોહવા માંડે છે શિયાળામાં પણ અહીં ઉત્તર કે પૂર્વમાંથી આવતા ઠંડા પવનના અસહ્ય ઝપાટા શરીર સોંસરવા નીકળી જઇ સિસકારા બોલાવે છે. ઊનાળે શરીરને સ્પર્શતાં જ બળતરા પેદા કરતી અને ધૂળના ગોટ ઉડાડતી લૂ લાગે છે. આ તરફ દિવસે સખત ગરમી પડે તો રાત વળી તેવી જ ઠરે છે. મીઠું, કાંપ, રેતી વગેરેની બારીક રજ ઉડાડતો જોરાતો વાવડો તો ઘણુંખરૂં વર્ષના મોટા ભાગે અહીં વાયા જ કરે છે. જ્યાં ઋતુ આવા વિચિત્ર રંગ લે છે ત્યાં બધું અળખામણું જ લાગે એ સ્વાભાવિક છે.

રણકંધી પર અને રણદ્વીપોમાં થતી પાણીતરસી (xerophytic) વનસ્પતિ તો સૂકા પ્રદેશને અનુરૂપ બની ઠીંગરાએલી અને કાંટાળી કે રુક્ષ હોય છે. રણકિનારે ઝાડબીડમાં ખારી ઘાસ, મોરસ, ખારી જારના ઠુંઠડા, તો કાંઇક સારી જમીનમાં બાવળ, ખીજડો કેરડા, કુંદેર, બેરડી ને ક્યાંક બોર પણ જોવા મળે છે. ડુંગરાળ પટમાં પુષ્કળ ડાંઢારા થોર અને ક્યાંક ગુગળ કે એવી જ બીજી વનસ્પતિ થાય છે. બન્નીના વિસ્તૃત પ્રદેશમાં ઊંચી જમીન પર બાવળનાં પુષ્કળ ઝાડ થાય છે અને જાર તો જ્યાંત્યાં આવી રહેલી છે. ચોમાસે વરસાદનાં થોડાં ફોરાં પડતાં તો અહીં કિનારાનો ખારી પ્રદેશ પણ લીલોછમ બની રહે છે; પણ કુદરતે લીધેલો સ્વાંગ ધારણ કરી લીધેલા આંખ ઠારતા એ સૌમ્ય સ્વરૂપની ભીતરમાં છુપાઈ રહેલા તેના સાચા કરાલ



સૌંદર્યનો ખ્યાલ સુદ્ધાં ઘટતો નથી અને એ અલ્પજીવી રમણીયતા પ્રત્યે જરા યે અનુરાગ વધતો નથી.

રણકંઠારનાં જંગલી પ્રાણીઓમાં તો અહીં થતો જંગલી ગધેડો રણની ખાસ વિશિષ્ટતા ગણી શકાય. આખા બ્રિટિશ સામ્રાજ્યમાં માત્ર હિંદમાં—અને તે આ રણપ્રદેશમાં જ, નાના રણ તરફ—એ વિચિત્ર જનાવર જોવા મળે છે. ખારી ઘાસ અને ખારી વનસ્પતિ ખાઇને જીવતાં ચપળ અને મેલા કાળાશપડતાં ધોળા રંગનાં જંગલી ગધેડાં ત્યાં ટોળાંબંધ રહે છે અને રણના ભયાનક એકાંતમાં પણ અવ્યગ્રપણે વિહરતાં જોવામાં આવે છે. રણકંધીપર ઘાસ ચરતાં હરણાં યે ક્યાંય ક્યાંક દેખાય છે, તો ક્યાંક વળી ચિરાખ પણ ડોકિયું કરી જાય છે. રોઝ, વરૂ અને મરૂ પણ રણના વિસ્તૃત કિનારા પરના કેટલાક ભાગમાં આમતેમ રઝળતાં નજરે ચડે છે. અને રણની રચનામાં જાણે કાંઇક મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય એવો તિરસ્કૃત ને અપશુકનિયાળ મનાતો હૈયાફૂટો હોલો, આપણે કોઇ અરણ્યમાં છીએ તેનો સતત ખ્યાલ આપી ઘૂ ઘ્ઘૂ . . . ઘુ = 'વાગ . . . ડ જાઉં; . . . પીલૂ . . . ખાઉં'નો ઉદ્વિગ્ન અવાજ કરી રણકંઠાર પર અહીંતહીં સ્વેચ્છાએ ઘૂમતો ફરે છે.

રણમાં જીવનની સંભાવનાનો સદંતર ઇન્કાર કરતી વાતો તો પરંપરાથી ચાલી આવી મનાય છે. તવારીખે ફિરોઝશાહીમાં પણ કચ્છના રણનું વર્ણન આવે છે કે 'ત્યાં કોઇ પંખી ઈંડાં મૂકતું નથી, નથી કોઈ પંખી પોતાની પાંખ ફફડાવતું.' પણ હજી પાંત્રીસ વર્ષ પહેલાંજ એ રહસ્યભર્યાં રણમાં સુરખાબ (ફ્લેમિંગો) નગર શોધાયું ત્યારે જ પત્તો લાગ્યો કે રણ કેટલું ગૂઢતમ છે. હિંદુસ્તાનભરમાં માત્ર એકલા કચ્છના રણમાં જ સુરખાબ(અંગ્રેજી-Flamingo; કચ્છી–હંજ) પંખીની પ્રજનનભૂમિ જોવામાં આવે છે. પ્રજનનનો સમય આવી લાગતાં મોટા રણમાં અગાધ લવણજલભર્યાં સરોવરોમાં અસંખ્ય સુરખાબો ટોળે મળે છે. આ એમના નગરની રચનાનાં સ્થળ અને સમયની તેઓની પસંદગી રણના અનિશ્ચિત મેઘાગમ ઉપર અવલંબે છે. રણકંધી પરના એક ગામડામાં રહેતા ધવલ દેહપ્રભાવાળા એ પંખીની પિછાન આ લેખકને 'રા લાખેજા જાની' (રા'લાખાના મિત્ર) તરીકે અપાએલી. એ સુંદર પંખીના અંગલાલિત્યથી આકર્ષાઇ તેમના જાની થવાનું કોને ન ગમે? એ પંખીઓ એમના પ્રજનનકાળે જ્યારે રણમાં આવીને વસી ઈંડાં મૂકે છે ને પોતાનું નગર વસાવી રહે છે ત્યારે એ અસાધારણ વિસ્તારમાં ફેલાએલા વિશાળ સુરખાબનગરના જેવું અવર્ણનીય અને અદ્દભુત સૌન્દર્ય પક્ષિજગતમાં બીજે જડવું મુશ્કેલ છે. એ નગર નજરોનજર જોવાનો મોકો તો કોઈ વિરલ ભાગ્યશાળીને જ સાંપડે છે. (ચાલુ)



હિંદભરમાં માત્ર કચ્છમાં જ જેનું પ્રજનન થાય છે તે સુરખાબ (ફ્લેમિંગો) પંખીઓનું આવું નગર એની ઋતુમાં ત્યાં વસે છે

કેળવણીમાં અક્ષરજ્ઞાનની પણ પહેલાં એની શરૂઆત કરવી જોઇએ એમ જેને વિષે


काकासाहेब कालेलकर

કહે છે તે

चित्रलिपि

ચિત્રશિક્ષાનો પ્રારંભ થાય તે પહેલાં ચિત્રલિપિ બાળકને શિખવાડવી જોઈએ. અક્ષરલિપિ પહેલાં પણ ચિત્રલિપિ શરૂ કરવી જોઈએ.

ચિત્રલિપિ એટલે શું? મનમાં જે કંઈ આકૃતિ આવે તે રેખા દ્વારા વ્યક્ત કરવી એનું નામ ચિત્રલિપિ. કોઈ ફૂલ જોયું, પાંદડું જોયું, પશુ કે પક્ષી જોયાં, તો એનો આકાર સામું માણસ બરાબર સમજી શકે એટલા પૂરતો આપ્યો હોય તો એ ચિત્રલિપિ માટે બસ છે. ચિત્રલિપિ પ્રત્યક્ષ આકૃતિ આપે છે, પણ તે મોટે ભાગે સૂચક હોય છે. ડોસાની કલ્પના આપવી હોય તો વળેલી કમર, ઢીલા પગ અને હાથમાં એક લાકડી એટલું બતાવ્યું એટલે બસ.




ચિત્રલિપિ દ્વારા જેમ વસ્તુઓ વ્યક્ત થાય છે તેમ ક્રિયાઓ પણ વ્યક્ત થાય છે. માણસ દોડે છે, જમીન ખોદે છે, હળ ચલાવે છે, ઘંટી પીસે છે, ઢોર હાંકે છે, કુસ્તી કે મારામારી કરે છે, માંદાઓની માવજત કરે છે, એની એવી બધી ક્રિયાઓ આબેહૂબ ખ્યાલ આવે એ રીતે ચીતરવી એ પણ ચિત્રલિપિનું જ કામ છે.

જો કોઈ અજાણ્યા માણસને કોઈ ગામનો રસ્તો કે ધર્મશાળાનું ચોક્કસ ઠેકાણું બતાવવું હોય તો આપણે લાંબીલાંબી વાતો કરવા કરતાં કામચલાઉ નકશો ચીતરીએ છીએ. આપણું કામ આ રીતે ખૂબ સહેલું થાય છે. આ પણ મારી દૃષ્ટિએ ચિત્રલિપિનો જ પ્રકાર છે.





આના પછી વારો આવે છે રાચરચીલાંની યોજના કે શોધ વ્યક્ત કરવાનો. મારે જો નવા આકારનો વાટકો બનાવવો હોય તોપણ હું ચિત્રલિપિનો આશ્રય લઉં. નવી જાતની ગાડી, નવી જાતની પેટી, નવું ઓજાર, નવી જાતનું છાપરું, એવુંએવું કંઈ પણ બનાવવું હોય તો મારે એની કલ્પના સ્પષ્ટ રીતે આપવી જોઈએ. આપણે કોઈ ઘરનો નકશો દોરતા હોઈએ ત્યારે જમીન પર એ મકાન કઈ રીતે પથરાયું હોય એ બતાવવા માટે એનો પથારીનકશો (Ground plan) આપીએ છીએ. એ મકાન સામેથી ખડું કેવું દેખાય એ બતાવવા માટે આપણે એનો ઉઠાવ-નકશો દોરીએ છીએ. છાપરાનો ખ્યાલ આપવા માટે આકાશમાંથી એ મકાન કેવું દેખાશે એ બતાવવા માટે આપણે એનો વિહંગ–નકશો બનાવીએ છીએ. એ નકશાને વિમાની નકશો પણ કહી શકાય.

ત્યાર પછી બહારની અમુક દીવાલ ખસેડી લઈ ઓરડાની અંદરનો દેખાવ કેવો દેખાશે એ જાહેર




રાચરચીલાંના આકાર






ઉઠાવ નકશો (ઉપર) અને પથારી નકશો →


યંત્ર અને તેનો અંતરંગ નકશો



કરવાની પણ જરૂર હોય છે. એને અંતરંગ-નકશો કહે છે. યંત્રોના પેટમાં શું શું હોય છે, કેવું હોય છે, એ બનાવવા માટે અંતરંગ-નકશો દોરવો પડે છે. એ પણ ચિત્રલિપિમાં જ આવી જાય.

મનુષ્યનું પેટ ચીરીને અંદરનાં આંતરડાં વગેરે બતાવેલાં હોય છે. કાન, નાક, આંખ એની પણ રચના એવી જ રીતે બતાવે છે. આ બધા અંતરંગ નકશાઓ પ્રથમ સમજતાં આવડવું જોઈએ અને પાછળથી એવા દોરતાં પણ આવડવા જોઈએ.






શરીરનો અંતરંગ નકશો

તળાવનું ઊંડાણ અને ટેકરીની ઊંચાઈ એનો યથાર્થ ખ્યાલ આપવા માટે Contour lines બતાવવામાં આવે છે. એવી રેખાઓ દોરતાં પણ આવડે અને એ ઉપરથી હિસાબ કરતાં પણ આવડે.

આ બધા પ્રચાર પ્રારમ્ભમાં જ કે એકસામટા શીખવી શકાય એમ તો છે જ નહિ. પણ ચિત્રલિપિમાં આ બધું યથાક્રમે આવવું જોઈએ.

અત્યાર સુધી રેખા-લિપિની જ વાત કરી. પણ ચિત્રલિપિમાં વર્ણવિભાગ પણ હોય છે. કોઈ પણ વસ્તુનો આબેહૂબ રંગ જો આપતાં ન આવડે તો ઘણી વાર મૂંઝવણ થાય છે. વાચાશક્તિ પછી જો અત્યંત મહત્ત્વની શક્તિ કોઈ હોય તો તે ચિત્રલિપિની છે. અને એમાં પણ રેખાવિભાગ અને વર્ણવિભાગ બંનેને અગત્યનું સ્થાન હોવું જોઈએ. આ બધું શિક્ષણ પ્રયત્ન તો માગે છે, પણ એની પાછળ બહુ ખર્ચ નથી કરવો પડતો. સ્લેટ અથવા કાગળો પડ્યા હોય અને પેન્સિલ, કલમ અને થોડાક રંગો તથા પીંછી આપણા પાસે હોય એટલે આપણું કામ ચાલ્યું. ફુટપટ્ટી, પરિકર (Campass) વગેરે જરૂરી ચીજો દરેક જણ પાસે હોવી જોઈએ. જાતે બનાવી લે તો વિશેષ સારું; અને એવાં સાધનો બહુજ ખૂબીથી વાપરતાં આવડવાં જોઈએ.



જેને ભૂમિતિનું થોડું સરખું જ્ઞાન છે એવો માણસ T Square અને Set squareની મદદ વડે કેટલું કામ કરી શકે છે એનો ખ્યાલ વિદ્યાર્થીઓને સવેળા આપવો જોઈએ. ઊભી આડી લીટીવાળા ગ્રાફ પેપર પર ફુટપટ્ટી અને પરિકરની મદદથી જાતજાતની ભાતો designs તૈયાર કરવાની કળા પણ વિદ્યાર્થીઓને પ્રારમ્ભથી જ આપવી જોઈએ. જે કંઈ આપણે દોરીએ એ 'ઉભયતોભદ્ર' (સિમેટ્રિકલ) અને 'સર્વતોભદ્ર' બનાવવાનો આગ્રહ પ્રથમથી હોવો જોઈએ.

આવી બધી પ્રાથમિક તૈયારી થયા પછી અને ભાત તથા સાથિયા દ્વારા પ્રમાણની કલ્પના ખીલવ્યા પછી કુદરતમાં જડતી અનેક આકૃતિઓ એના સૌન્દર્યની દૃષ્ટિએ ધ્યાનમાં લેવાની અને વ્યક્ત કરવાની કળા કેળવવી જોઈએ. વસ્તુનો આબેહૂબ ખ્યાલ આપવા માટે એક જાતની શક્તિ ખીલવવી પડે છે, જ્યારે સૌન્દર્યની ભાવના કેળવવા માટે બીજી જ તૈયારી કરવી પડે છે. એમાં પ્રમાણ અને ઔચિત્ય, પ્રવાહ અને સંયમ, એ મૂલગત વસ્તુની સ્પષ્ટ કલ્પના હોવી જોઈએ.

આટલું કરતાં ઘણો સમય નીકળી જશે, ઘણી તૈયારી થઈ હશે. ત્યાર પછી ચિત્રશિક્ષાના થડમાંથી અનેક શાખાઓ ફૂટે છે. જેને જે ફાવે, તે રસ્તે તે જાય. પણ કેળવણીમાં અક્ષરજ્ઞાન પહેલાં ને ગણિત સાથે ચિત્રલિપિનું ને ચિત્રશિક્ષણનું સાર્વત્રિક જ્ઞાન આપવું જ જોઈએ.

અઢારમી સદીની ગુજરાતી જનતાને સંસારનું ઢાંકયું સત્ય ઉઘાડી આપનાર ને ધર્મને વીરત્વમાં ઝબોળીને પ્રબોધનાર કવિ



સંત પ્રીતમદાસ

સંવત ૧૭૭૪-૮૦ના અરસામાં પ્રીતમદાસનો જન્મ બારોટ જ્ઞાતિમાં ધોળકા પાસે બાવળા ગામમાં થએલો. તેના પિતાનું નામ પ્રતાપસિંહ અને માતાનું નામ જેકુંવરબા હતું. નાનપણથી તેની આંખોનું તેજ ઝાંખુ થયું હશે, પરંતુ તે અંધ હતા એ માની શકાય એમ નથી. સંવત ૧૩૫૬માં થએલા રામાનંદ સ્વામીની શિષ્યપરંપરામાં પ્રીતમદાસ હતો. ગુરુભાઈ બાપુજી અને રામાનંદી પંથના વિદ્વાન સાધુ ગોવિંદરામજીના સંતસમાગમે તેનામાં ભક્તિ અને જ્ઞાન પ્રગટયાં. સંવત ૧૮૧૭માં તે ચરોતરના એક અજાણ્યા ગામડા સંદેસરમાં જઈ વસ્યો. તેનું પ્રથમ કાવ્ય સરસગીતા (કૃષ્ણલીલા) સંવત ૧૮૩૧માં લખાએલું છે. તેનો છેલ્લો ગ્રંથ–ભગવદ્‌ગીતાનું ભાષાંતર તેના મરણના બે વર્ષ પહેલાં સંવત ૧૮૫૨માં લખાએલ છે. લગભગ પચાસ વર્ષના જીવનગાળામાં તેણે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને શૃંગારના બાર ગ્રંથ અને તે ઉપરાંત ગરબા, ગુરુમહિમા, ભકતનામાવલિ, નામમહિમા, કૃષ્ણાષ્ટક, મહિના, તિથિ, વાર, રવેણીઓ, છપ્પા, ચોપાઈઓ, ચેતવણીઓ અને અનેક સર્વશ્રેષ્ટ પદ લખ્યાં છે. પ્રીતમદાસને ચોત્રીશ શિષ્ય હતા. તેઓ સર્વ તેને બાવાજી કે સ્વામીને નામે ઓળખતા. સંદેસરના મંદિરમાં તેની આસપાસ બસો અઢીસો સાધુબાવાઓની જમાત પડી પાથરી રહેતી. તેના મરણ પછી ચરોતરથી કાઠીઆવાડ સુધીમાં તેના પંથનાં બાવન મંદિર સ્થપાએલાં.

પ્રીતમદાસે ગૃહસ્થાશ્રમ જોયો ન હતો. મંદિરના મહંત તરીકે તેને બ્રહ્મચારી રહેવાનું હતું. કાશી સુધી જાત્રાએ તે ગએલો. પ્રીતમદાસના જીવનમાં અનેક દંતકથાઓ અને ચમત્કારો વણાએલા છે. વરસાદ વરસાવવો, મૂએલા ઢોરને જીવતું કરવું, ખારા કૂવાનાં પાણી મીઠાં કરવાં વગેરે અનેક વાતો પ્રચલિત છે. પ્રીતમદાસની વાણી પાટીદાર લહીઆ લખતા. નારણદાસ નામના તેના લહીઆ અને શિષ્યે સ્વહસ્તે કરેલી નકલો ઉપરથી તેણે પ્રીતમના સાહિત્યને રઝળતું–ખોવાતું અટકાવ્યું છે. જે શ્રદ્ધા અને ભક્તિથી આ શિષ્યે ગુરુના મરણ પછી તેના સાહિત્યને સાચવ્યું છે, તે શ્રદ્ધા અને ભક્તિ આજ ભાગ્યે જ કોઈ પ્રકાશકમાં કે વાંચકમાં જડશે. એકાદશસ્કંધને અંતે નારણદાસ લખે છે: "સંવત અઢાર છોંતેરના અસાડ વદ એકાદશીને દિવસ એકાદશ ભાગવત લિખિતે લખિતંગ સાંમી પ્રીતમના સીસ્ય નારણદાસ જે કોયે વાંચે સાંભલે તેને અમારો જેસીરાંમ છે. રાંમ રાંમ છે. બાવા પ્રીતમજી સંવત અઢાર ચોપનાના વૈશાક વદ બારસને દીવસ મધ્યાંન કાલે સધામ પધારા છે તે જાણજો."

આખી ય અરાઢમી સદીના રંગરાગ, ભરતીઓટ, આફતો અને દૈવી પ્રકોપ વહેતા કાળમાં પ્રીતમદાસે જોયાં અનુભવ્યાં છે. શંખલામાં પેસી જતી ગોકળગાય જેવો તે સંદેસર જેવા ગામડામાં બેસી ગયો છે. પ્રીતમદાસનો સમય જગતના, હિંદના અને ચરોતરના ઇતિહાસમાં ધરતીકંપ સમો હતો. જગતમાં મહાન

——— લેખક ———

શ્રી સુરેશ દીક્ષિત

એમ. એ., એમ., એસ.સી.

ઉથલપાથલની શરૂઆત થઇ હતી. ઈંગ્લાંડમાં જ્યૉર્જ બીજા અને ત્રીજાનાં રાજ્ય હતાં. નેપોલિયન, ક્લાઇવ અને હૅસ્ટીંગ્સ યુરોપ અને એશીઆમાં વિગ્રહ અને વિનાશ કરવા તત્પર હતા. એ સદીમાં પ્લાસી અને પાણીપતમાં મોગલ અને મરાઠાનાં ભાગ્યચક્ર ફર્યાં હતાં. આવે સમયે ગુજરાતમાં સુરત, અમદાવાદ અને ખંભાતના પ્રદેશ માટે મોગલ અને મરાઠા વચ્ચે ઝુંટ ચાલતી હતી. રોહિલા, આરબ, હબસી અને મારવાડીનાં ભટકતાં તીડ જેવાં ટોળાં મોગલના લશ્કર તરીકે ઓળખાતાં. જવાંમર્દખાન ગુજરાતનો સુબો હતો. ખંભાતના મુત્સદ્દી તરીકે દિલ્હીના બાદશાહી ફરમાનથી ખંભાતની ગાદીનો ટુકડો પચાવી પાડનાર મોમીનખાન નીમાયો હતો. નાનાં છોકરાં નવા રમકડા માટે લડે એમ નવા પ્રદેશ માટે પેશ્વાઇ અને ગાયકવાડી વચ્ચે અંદરઅંદરની ખેંચતાણ શરૂ થઇ હતી. મરાઠાના પેશ્વાઇ સરદાર રંગોજી અને ખંડેરાવ ગાયકવાડ વચ્ચે ઝપાઝપી થતી. બોરસદ અને ખંભાત વચ્ચે મોમીનખાન અને શ્રીપતરાવ દાવ ખેલતા હતા. જરીપટકાનો ભગવો ઝંડો, ત્રિશળ અને હાથીનાં જયચિહ્ન જવાંમર્દખાનને અમદાવાદમાં થથરાવતાં હતાં. કરએકરએ ફોજદારી અમલની સત્તા ગુજરાતને જકડી રહી હતી. ઊંચી કોમ શહેર છોડી ગામડાંમાં ભરાતી. મરાઠાઓ જીતતા ત્યારે દંડ અને નવાનવતેરા કરવેરા નાખતા. વેપારી વાણીઆ લશ્કર સાથે ફરી કમાતા. કોળી લોકો ગુજરાતમાં મરાઠાની મદદે હતા. તેઓ ધાડ પાડતા, વટેમાર્ગુને લુંટતા, ઢોર ઉઠાવી જતા. એકંદરે ત્રાસત્રાસ વર્તાવતા. પ્રીતમદાસના 'સડતાળો કાળ અથવા પ્રેમપ્રકાશ'માં અને ઠેકઠેકાણે આ સમયના દુઃખનું ચિત્ર છે:

"રાજા અપરાધી થયા ચણું ચોર, લુંટાયા લોક પ્રભુ ચહુઓર;
નહિ કોઇ રક્ષાનો કરનાર, થયા ધન ત્રિયા તણા હરનાર.
ક્ષત્રી થઇ વાળવા લાગ્યા ગાય, તેને તો મ્લેછ મૂકાવા જાય;
કુજનમ મધ્યમ કરે છે કામ, એઠાં ઠળી ચાણાં ઠામો ઠામ."

. . . .

"મારગ વચ્ચે મ્લેચ્છ મળ્યા, ઝોણે ત્રેહે શ્વાસ રહાવ્યો રે."

આપણા સાહિત્યમાં નરસિંહની હારમાળા, કાન્હડદે પ્રબંધ, ઓડાણાની મૂછનાં પદ કે કાલકાના ગરબા જેવાં થોડાં જ ઇતિહાસની ઝાંખી કરાવતાં આલેખનો છે.

આટલાં માનવત્રાસ ઓછો હોય તેમ થોડે વર્ષે કુદરતી કાળ આવતો. અતિવૃષ્ટિએ રેલનાં ગામ અને ઢોર તણાઇ જતાં. ખેતી બરબાદ થતી. અનાવૃષ્ટિએ કૂવાનાં પાણી સુકાતાં. ઢોર અને માણસ ભૂખે મરતાં. સડતાળો કાળ અને તોતેરો તણખાઓ કાળ વિપત્તિઓથી ભરપૂર હતા. રૂપીએ ત્રણ શેર ચાર શેર અનાજ મળવાં મુશ્કેલ હતાં. મુડદાંનું માંસ ખાતાં લોક ડરતા નહિ. નાનાં છોકરાં રસ્તે રઝળતાં ફેંકી દેવાતાં. ટૂંકામાં વસતિનું વેરાન થતું. આ વિપત્તિનું મૂળ કળિકાળ ગણાતો. પૃથ્વી ઉપર બારોબાર પાપ વધી પડ્યું મનાતું. એની શિક્ષારૂપે નિર્જળ કાળ આવતો.

"પૃથ્વીપર વાધ્યું પાપ પરિબ્રહ્મ, વરતાઓ મહા મોટો અધર્મ;
નથી કોઇ માનતું માતપિતાય, નથી કોઈ માનતું ગુરુ ને ગાય.
નથી કોઈ માનતું શાસ્ત્ર પુરાણ, નથી માનતું કોઇ કોઈની આણ;
નથી કોઈ માનતું તીરથ વ્રત, નથી કોઈ માનતું કૃત અકૃત.
નથી કોઈ માનતું જજ્ઞ ને જાગ, નથી કોઈ માનતું જોગ વૈરાગ;
નથી કોઈ માનતું તુળસીવન, નથી કોઇ માનતું વિપ્ર હરિજન."

સ્વાભાવિક રીતે આપણા સાહિત્યકાર હરરોજ રચાતા ઇતિહાસથી અળગા રહ્યા છે. દરરોજના બનતા બનાવો ભાગ્યે જ તેમણે લક્ષમાં લીધા છે. એ બનાવોને નોંધવાનું કામ ઇતિહાસલેખકનું ગણાયું છે, સાહિત્યલેખકનું નહિ. પરંતુ પ્રીતમે સડતાળા કાળનુ થોડું ચિત્ર દોર્યું છે. તેની વાણીમાં તે કાળના બનાવોનો સચોટ છાંયો છે:

"બિચારા દ્રુમ તણો શો દોષ, કાપ્યાં ડાળ મૂળ કરી રોષ;
પશુનું પાંપ કશું જદુવીર, ન પામે ઘાસ દાણો ને નીર.
મરે વણ ખૂટ્યે સ્ત્રી ને બાળ, અનીતિ એવી કરે છે કાળ;
પરમાર્થ પુન્ય ગયું પરદેશ, દયા કાંઇ દીસે નહિ લવલેશ.

. . . .

અન્નજળ મોંઘું કર્યું મહારાજ, જીવ્યાનો એક ન મળે ઈલાજ;
એવું વિપરીત કરે છે કાળ, દીસે નહિ એક દિશા નિકાલ."

ચરોતરની ભૂમિ સાહિત્યભૂમિ છે તેટલી જ ધર્મભૂમિ છે. ત્યાંની પ્રજા શૂરવીર છે. આજ સુધી તરવાર બાંધ્યા વિના રજપૂત ફરતો નહિ. કુકરી વિના ગુરખા કે કીરપાણ વિના શીખ ફરતા નથી તેમ જ ધારિયું કે ડાંગ લીધા વિના ચરોતરના ખેડુતો આજ પણ ફરતા નથી. નર્મદા ને સાબરમતી વચ્ચે ગુજરાતી સાહિત્ય ઘડાયું છે, પરંતુ મહી અને વાત્રક વચ્ચેનાં ચરોતરનાં અનેક ગામ તો સાહિત્યને નકશે જડાએલાં છે. વસ્તો બોરસદમાં, દેવીદાસ સોજીત્રામાં, શિવદાસ અને વિષ્ણુદાસ ખંભાતમાં, હારદો ડાકોરમાં, પ્રીતમ સંદેસરમાં, નરભેરામ પીજમાં, રત્નો ખેડામાં, રણછોડ ભક્ત કપડવણજમાં,

એવા સાહિત્યકાર અને સાધુજનો દયારામ પહેલાં એ ભૂમિને પાવન કરી ગયા હતા. બોડાણે દ્વારકાથી રણછોડજીને લાવી વૈષ્ણવ ધર્મનાં દ્વાર ઉઘાડ્યાં છે અને ડાકોર ગુજરાતનું દ્વારકા થયું છે. વડતાલમાં સ્વામીનારાયણે ધર્મકેન્દ્ર કરી ધાર્મિક સમાનતા સ્થાપવા યત્ન કર્યો છે. ખંભાત જૈનધર્મના તીર્થ જેવું જાણીતું છે. ટૂંકમાં મહી અને વાત્રક વચ્ચે ગુજરાતનું હૃદય છે. બોરસદ અને નડીઆદ વચ્ચે સંદેસર જેવા ગામડામાં કુંજવિહારીની પૂજા કરતા પ્રીતમદાસનો વસવાટ બુદ્ધની નોબતો પાસે છતાં ય આઘે જેવો હતો. ધર્મ અને નીતિ પ્રચારતો તે ચરોતરના ઉત્તરસંડા, કાવી, નડીઆદ અને ડાકોર જેવાં ગામોમાં ફરતો.

પ્રીતમદાસની કવિતામાં નવો વિષય કે નવી ભાવના જૂજ છે. વિષય પણ નવા નથી. મંદિરના મહંત તરીકે, એકાદ પંથના શિષ્ય તરીકે અને બાળપણથી ધાર્મિક વાતાવરણમાં ઉછરવાથી તેની વાણીના વિષય મર્યાદિત થયા છે. તેની વાણી કથા જેવી છે. કથા એ કવિતા નથી. પરંતુ યાદ રાખવા માટે ગદ્યને અપાએલું પદ્યનું સ્વરૂપ છે. એની ભાષામાં જૂના કવિઓના શબ્દો તરી આવે છે; પરંતુ તેની ઉપમાઓમાં ચીતરાએલાં દૃશ્યો મનોહર છે. કલ્પનાને સ્થાને હરરોજના લોકજીવનમાંથી પસંદ કરેલી ઉપમાઓ અને રૂપકો એની વાણીનું રહસ્ય છે. કંઇક વેદાન્તિ છે તો કંઇક વૈષ્ણવી છે.

"જુવતી જળ ભરવાને જાયે, ભરી નીર ને પાછી રે આવે;
શિર બેઢું ને હાથ લે તાળી, મુખે હસે છે વારી વારી;
બેઢું ચિત્તથી નથી રે વિસરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું.

. . . .

એક ચોર તે ચોરી કરે છે, ઘર પૂંઠળ ફેરા ફરે છે;
થઇ રાત અંધારી ઘોર, ધારી ધારણ પેઠો ચોર;
એને શિર સાટે પરધન હરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું.

. . . .

ઝાંઝવાં જળે તરસ ન છીપે, છાલાં છડયે કણ ક્યાંથી રે?

. . . .

પ્રભુને પરહરી જે કોઇ અન્ય વાણી ગાવે,
આંધળો વાણે ને વાંસે વાછડું આવે.

. . . .

રેંહેંટની ઘેડ્યો જેવી ઘટમાળ રે
એક ભરાયે એક ઠાલી થાય રે

. . . .

તન રેંટિયો સદ્‌ગુરુ શબ્દે સૂતર ફરવા લાગ્યો;
થઇ મહેર ઘણી, ગુરુ દયાળે દિલનો ઘોબો ભાગ્યો.
શુભ કર્મ કાષ્ટરેંટિયો કીધો, તે તો સુઘટ સુતારે ઘડી દીધો;
મુગ્ધ માનુનીએ માગી લીધો.
પચરંગી પાંખડિયું આરા, થાંભલિયું તોરણિયા સારા;
ચિત્ત ચપળ ચમરખે રંગ ન્યારા.

. . . .

ખેતર જેતી ખરપડી, સાગર જેતો વહાણ;
કહે પ્રીતમ ભૂલે નહિ, ભોમતણો નિશાન."

ન જોએલા માનસરોવરની કલ્પનાઓ છોડી જે સુંદર ઉપમાઓ ચોપાસના જીવનમાંથી તેણે ઉપજાવી છે તેમાં પ્રીતમની નામના છે. 'કરે વિવાહનું કાયટું;' 'મેરૂ ડગે તો મન ડગે;' 'ગઈ પળ તો આવે નહિ;' એવા અનેક આજે પણ પ્રચલિત શબ્દો એની વાણીમાં છે.

રાજદ્વારે જ્યારે કવિઓ પોષાતા ત્યારે પ્રશસ્તિ અને પ્રબંધ લખતા. રાજદ્વાર બંધ થયા પછી મધ્યકાલીન કવિતા ધર્મદ્વારે ઉછરી છે. છતાં ય ધાર્મિક વિષય કવિતા માટે યોગ્ય નથી એમ તો નહિ જ. આપણી કવિતાનું મૂળ વેદમાં છે. ગીતામાં ધર્મ ને ગીત સાથે કવિત્વ છે. પણ વાલ્મીકનું રામાયણ એ પણ કવિતા છે. સંસ્કૃત સાહિત્યમાં વિષય પરત્વે બંધન નથી, જ્યારે અખો, ભોજો અને પ્રીતમના વિષય એક જ છે. તેઓની વાણી ફરીફરીને ગોખવા માટે લખાએલી છે. એ વાણી મંજીરાં, કરતાલ, તંબુરા કે મૃદંગ સાથે મંડળીમાં બેસી ગાવા યોગ્ય હતી. એવાં કાવ્યો માટે ભાષા, ઉપમા અને રાગ તૈયાર હતાં. પ્રીતમ કવિ કરતાં વધારે મહાન ધર્મ અને નીતિપ્રચારક છે. એનાં જોશ અને ઝનૂન એ દૃષ્ટિએ જોવાનાં છે. આજે આપણે વેદની એક ઋચા જાણ્યા સિવાય, ગીતાનો એક શ્લોક શીખ્યા વિના, રામાયણ કે મહાભારતના ભણતર વિના હિંદુ અને સનાતની થઇ શકીએ છીએ. જૂના વખતમાં એમ ન હતું. હિંદનું ભણતર વેદ, શાસ્ત્ર, પુરાણ અને છંદમાં આવી જતું. મુસલમાનનું ભણતર કુરાનમાં આવી રહેતું. હિંદુ પૂર્વમાં કાશી જઈ પાવન થઈ પંડિત થતો તો મુસલમાન પશ્ચિમમાં મક્કે જઈ હાજી થતો.

એ કવિઓને માથે બીજો પણ ભાર હતો, સંસ્કૃતનું જ્ઞાન લુપ્ત થાય તે પહેલાં તેને પ્રાકૃતમાં ઉતારવાનું હતું. ભાલણથી દયારામ સુધીના ઘણાખરા સાહિત્યકારોએ એકનિષ્ઠાથી આ કર્તવ્ય કર્યું છે. સંસ્કૃતમાં રચાએલું ધર્મસાહિત્ય અને તે કરતાં યે વિચારસૃષ્ટિ લોકભાષામાં અવતરતી હતી. આજની ગુજરાતી ભાષાનો

પાયો મજબૂત થતો હતો તે સાથે સાહિત્ય અને મનોભૂમિકા ભૂતકાળને અનુરૂપ ઘડતાં હતાં. પાટણ પડ્યા પછી ગુજરાતની શક્તિનો વ્યય સંસ્કૃતને પ્રાકૃત કરવામાં, અને સંસ્કૃતમાં સંચિત થએલું જ્ઞાન પ્રાકૃતમાં લાવવામાં થયો છે. એમને શીખેલું ફરી શીખવું પડ્યું છે. લગભગ સદી વીતવા છતાં એ કાર્ય પૂરૂં થયું નથી. એથી કરીને જૂની પ્રણાલિકા સાથે, જૂના સંસ્કાર, અને સંસ્કૃત સાહિત્યની સાથે આપણો સંબંધ માદીકરી માફક જળવાઈ રહ્યો છે. અંગ્રેજો પોતાની ભાષામાં શબ્દ ન જડતાં લૅટીનમાં શોધે છે તેમ આપણે સંસ્કૃત તરફ વળીએ છીએ. એ દૃષ્ટિએ પ્રીતમનું તત્ત્વજ્ઞાન નવું નથી, તેનું સ્વરૂપ કે સાદ પણ જુદા નથી. પરંતુ તેનો પ્રચાર કરવાની વાણી, સાધારણ દૃશ્યો અને અનુભવોનો ઉપયોગ તેનાં પોતાનાં જ છે. એક ને એક વાત તે ફરીફરીને કહેતાં થાકતો નથી. પોપટને શીખવતો હોય એમ અજ્ઞાન અભણ વર્ગને શીખવવા તે યત્ન કરતો હતો. પ્રીતમની કવિતામાં સ્થળે સ્થળે સંસ્કૃતનું ભાષાંતર છે. ગીતાનું પહેલું ભાષાંતર સંવત ૧૬૭૭માં નરહરિએ કરેલું, એવું જ ભાષાંતર પ્રીતમે કર્યું છે. કબીર, મીરાં, નરસિંહ, વલ્લભ, અખો, બોપદેવ અને ભાલણને તે ભક્તરૂપે ગણે છે—તેમની વાણીથી કાંઈક અંશે માહિત છે.

એ કાળે ધર્મનાં નીર થંભી ગયાં હતાં. વિચારનાં વહેણ અટકી ગયાં હતાં. નીતિની મર્યાદા સાંકડી બનતી હતી. જગતમાં એ કાળે ઉલ્લાસ નહોતો; જીવનમાં સુખ, આનંદ કે લ્હાવો નહોતો. જીવવું તે મરવા માટે હતું. મોત, મોત અને મોતનાં પડઘમ વગાડાતાં. ઈશ્વરનું અસ્તિત્વ અણુએ અણુમાં દેખાતું. યુદ્ધમાં સંહાર કરતાં ઈશ્વરનું નામ લેવાતું. કવિતાની પહેલી લીટીમાં ઈશ્વરનું ધ્યાન ધરાતું. કવિતા ને કથા સાંભળ્યે મોક્ષ મળતો, પાપ નાશ પામતાં. ચોર ચોરી કરતાં પહેલાં, ઠગ ઠગાઈ કરતાં પહેલાં દૈવી શક્તિનાં નામ લેતા.

આજે આપણા આચાર વિચાર ફર્યા છે. પરલોક કરતાં આ લોકને વધારે માનીએ છીએ. વૈભવ ને વિલાસ, આનંદ ને ઉલ્લાસ જીવનમાં આપણે શોધીએ છીએ. યંત્રની નવનવી મૂર્તિઓ રચીએ છીએ ને પૂજીએ છીએ. સાહિત્યની દૃષ્ટિએ પ્રીતમ જેવા ભક્તની વાણી આજે વાંચતાં કંટાળો ઉપજે, નીરસ લાગે. એના એક પદ કરતાં એક ટૂંકી વાર્તામાં ઘડી જીવન ધન્ય માનીએ. એ ગત દિવસોમાં સાહિત્ય ક્ષણિક આનંદ માટે નહિ પણ મનન, ચિંતન ને આચરણ માટે ઘડાતું અને સંભળાવાતું. સંતની વાણીથી શ્રોતા કે ગાયક મોક્ષ મેળવતા.

પ્રીતમના ઉપદેશમાં દેવને દુર્લભ એવો મનુષ્ય દેહ જૂઠા જગતના વિલાસ માટે નથી. સંસારનો ફંદ ફોગટ છે, સ્નેહ સ્વાર્થનો છે. જીવન અંતે સગાંસહોદર કોઈનાં નથી. જગતમાં ગોવિંદનું ગમતું થાય છે. માણસની ઈચ્છા પ્રમાણે કંઈ જ થતું નથી. ભવ તરવાનો ઉપાય હરિરસ પીવાનો છે. હરિને ભજતાં હુંપદ ગાળી નાખવાનું છે. દેવ દેહમાં છે, તેથી ઘટમાં જ્ઞાનદીપક અજવાળવો જોઈએ. દેહદમન કે હઠયોગથી, ધોતિનેતી કર્યે ઈશ્વર મળતો નથી. ભેખ ધર્યે સિદ્ધિ થતી નથી. કાયા કુસુમવત્ વણસી જશે માટે આત્મા અમર થાય એવો ઉપાય કરવો જોઈએ. વંટોળમાં વાયુ, પુષ્પમાં સુવાસ, સૂર્યમાં તેજ તેમ જીવમાં ઈશ્વર છે. જગત મૃગજળ છે.

ત્યાગવીર

નિર્વાણના અદ્રિશિરે અકેલ
ઊભી વિલોકંત અનંત વિસ્તર્યું;
ગંભીર એને વદને, ઢળેલ
નેણે હતું ચેતન ભવ્ય નિર્ઝર્યું.

એ ધન્ય ટાણે
રે ધન્ય એણે ઉરના અનાહત
નાદે કીધું અંબર ગુંજનાભર્યું;
ચઢાણનો પંથ નિહાળવા જરા
નીચે જુએ,—ત્યાં જનઅબ્ધિ ઉમટ્યો
ચડે, ખડે કાળની ઘોર કંદરા
મહીં; કરુણા રવ હાર્દને ડસ્યો.

અશાન્ત એણે
નિર્વાણની યે મમતા તણો કીડો
એ ડંખની પીડ મહીં તદા લહ્યો.
કરે ધરી દંડ, મમત્વ બંધને
ત્યાગી, ધૂની શો ખીણપ્રાન્ત ઊતર્યો
ખડેલની ટેકણલાકડી થવા.

જીવનભર તપ તપીને નિર્વાણ મેળવ્યું. પણ એ સિદ્ધિના શિખર પરથી, પોતે ચઢી આવેલા પથ પર નજર કરતાં શું જોયું? ઉપર ચડવા મથતો, આક્રંદતો માનવસાગર. એ દૃશ્યે પોતાનું નિર્વાણ ડંખવા લાગ્યું અને આખડતાંની ટેકણલાકડી થવા એ સિદ્ધિને શિખરેથી નીચે ઊતર્યો.

રાજેન્દ્ર શાહ

બાજીગરનો ખેલ છે. કીડી અને કુંજરમાં એક જ ચૈતન્ય છે. જીવનમુક્તને ત્રિવિધ તાપ તપાવતા નથી. ભજન કર્યે બ્રહ્માનંદમાં ભળાય છે. દર મહિને, દર વારે અને દર તિથિએ પ્રભુભજન કરતાં પરમધામે પહોંચાય છે. આ એનો કક્કો છે, બારાક્ષરી છે. આજે આપણે જીવનનો અંત માનીએ છીએ, પરંતુ ધર્મ તેને દેહનો અંત અને જીવનનો નવો મણકો શરૂ થયાનું માને છે.

ઘડી ઘડી તે ચેતવે છે કે માથા ઉપર મોત ભમે છે માટે રામસ્મરણ કર. મધપૂડાના મધ માફક તારૂં સાચવ્યું કોઇક ખાશે, માટે આશા, તૃષ્ણા, લોભ અને ઇર્ષ્યા મૂકી દે. આજ સુધી તું ચાર લાખ ચોરાશીના ફેરામાં ફોગટ ફાંફાં મારીને મૂઓ છું.

"કહીં કોળ થયો કહીં નોળ થયો, કહીં કીટ થયો કીલકારીને;
કહીં પશુ થયો કહીં પંખી થયો, કહીં બેઠો પંથ પસારીને;
કહીં ભૂતથયો કહીં પ્રેતથયો, કહીં ભોવન રહ્યો ભીખારીને."

દિવસે દિવસે આયુષ્ય ઓછું થાય છે માટે ભજન કરી લે, ધ્યાન ધરી લે, નહિ તો જીતી બાજી હારી જશે. અજ્ઞાની જન કાળે કૂટયા, જમડે લૂંટયા, ચોરાશી જન્મમરણના ફેરામાં રડવડશે. જગતની મોહમાયાની મધલાળમાં ઘણા ફસાયા છે. રૂધિર, માંસ અને ચર્મ અસ્થિની કાયામાં મોહવા જેવું નથી. મહા મોટા:જોદ્ધા જોરાવર, કાળે કૂટી નાખ્યા છે. જેની ચાલે ધરતી ધ્રૂજે, જેની ફૂંકે પર્વત ફાટે તેવા નર મર્યા છે માટે ચિત્તમાં ચેતી લે. સંસાર અને કુટુંબ પરત્વે પ્રીતમની બેપરવાઇ એટલી જ છે, સંસાર ઉપર વૈરાગ ઉત્પન્ન કરવા એ મથે છે.

"કુટુંબકબિલો કામ નહિ આવે, સગાંસહોદર કહેવાને;
આજકાલ દિન પાંચ સાતમાં, સરવે વાટે રહેવાને.
મરનારાંને શીદ રડો છો, રડનારાં નથી રહેવાનાં;
તોપ આગળ તૂંબડાં તે, સરવે ઉડી જવાનાં.
હુતા નોહોતા થઇ ગયા તે, રાન રાવણ જેવાને;
કહીં ગરતમાં ગરક થયા તે, ન રહ્યા ઉત્તર દેવાને.

દેહનાં સ્નેહી સકળ સ્વાર્થીઆં, અંતે અળગાં રહેશે રે;
એક ઘડી ઘરમાં નહિ રાખે, કાઢો કાઢો કહેશે રે.
પાંચ સાત દિન કોઈક સંભારે, વળતી મૂકે વિસારી રે;
પોતે પોતાને મારગ લાગશે, કોણ પુરુષ કોણ નારી રે."

પ્રીતમની વાણીમાં તત્ત્વજ્ઞાન નવું નથી, વિચારે નવા નથી, પરંતુ શૈલી નવી છે. તેની ભાષા સચોટ છે. પોતાની પરિસ્થિતિ અને વાતાવરણનો સંપૂર્ણ ઉપયોગ તેણે કર્યો છે. દરરોજનાં સાદાં દૃશ્યોમાં કોઇનું લક્ષ પણ ન જાય એવાં દસ્ય અને વસ્તુઓનો એ મદારી જેવો ઉપયોગ કરે છે. સાંભળનારને અનુલક્ષીને ઉપદેશવાની તેની કવિતા ગુરુમંત્ર જેવી છે. તેના શબ્દો દાહક અને વેધક છે. તેની શૈલી રણભેરી જેવી વાગતી છે. લડવૈયાને છાજે એવી છે. ધર્મને તેણે વીરત્વમાં ઝબોળ્યો છે. તેનાં વાક્યો ભાષામાં કહેવત જેવાં થઈ પડયાં છે. શબ્દનો તે કીમિયાગર છે. તેનામાં શૃંગારિક ભક્તિ નામમાત્ર જ છે. તેનું મન વિશુદ્ધ છે. આપણા સાહિત્યમાં પ્રીતમનાં પદ શ્રેષ્ઠ છે. તેની કવિતાનું, વિચારનું, અનુભવનું ને સર્જનનું સત્ત્વ એમાં છે. એનાં થોડાં પદ તો જગતના કોઇ પણ સાહિત્યમાં ઝળકે એવાં છે.

"હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સુત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડયા મરજીવા જોને.
મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભા જુવે તમાશો, તે કોડી નવ પામે જોને.
પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડયા તે મહા સુખ માણે, દેખનહારા દાઝે જોને;
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને."

આપણા સાહિત્યમાં એની ચેતવણીઓ, સાખીઓ અને પદ જેવું વીંઝાતું, ઝંઝવાતું સાહિત્ય ગૌરવ લેવા જેવું તો છે જ. આજે આપણે તેની કવિતાને દટાએલા ખંડીએર કે સંસ્કૃતિના ભગ્નાવશેષ માફક જોઇ રહીએ છીએ. સંસારનું ઢાંકયું સત્ય એમાં ઉઘાડયું છે. સાહિત્યથી આનંદ આપવાનો એનો આદર્શ નથી. સંસાર અને જગતને તેણે સૂક્ષ્મ દૃષ્ટિએ નિહાળ્યાં છે. સંતનો સુધારસ નખશીશ ભર્યો છે. સંત સમુદ્રકી લેહેર હે, વાણી વચન તરંગ. એ તરંગમાં દુઃખીનો દિલાસો હતો, નિરાશની આશા હતી.


'કેમ, આજે આટલા બધા ગરમ છો ?'

'કારણ એ છે કે ટ્રામમાં એક રૂપિયો પડેલો તેનો કોઇ ઘરાક ન થતાં મેં તથા મારી જોડે બેસનારાએ તે અરધો અરધો વહેંચી લીધો.'

'તો પણ એમાં ગરમ થવા જેવું શું છે ?'

'ગરમ ન થાઉં? એ રૂપિયો મારો જ હતો એ મને પછી ખબર પડી !'

ગિરિનગર
અલમોડાનું
વિહંગદૃશ્ય



અલમોડા અને ત્યાંનું કલા-સંસ્કાર-કેન્દ્ર

લેખક
ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ

અલમોડા ઉત્તર-દક્ષિણ લાંબી પડેલી પહાડની ધાર ઉપર વસેલું સુન્દર ગિરિનગર છે. એની હવા સુક્કી અને ખુશનુમા છે. ચારે બાજુ ટરપેન્ટાઇનનાં સુગંધિત ચીલ વૃક્ષોની ઘટાઓથી એ શોભી રહ્યું છે.

પાંચસો વર્ષ પર ચંદ્રવંશી રાજાઓએ એ વસાવ્યું હતું, પરન્તુ તે પહેલાં એક ત્રિપાઠી ગુજરાતી બ્રાહ્મણને એ તમામ ભૂમિ દાનમાં મળેલી હતી. અલમોડાએ પણ જાહોજલાલીના અને પરાક્રમના દિવસો જોએલા છે.

હિમાલયનો આખો કુમાઉ વિભાગ બહુ પવિત્ર ને વીર સ્મરણોથી ભરેલો છે. લાખો વર્ષ પર જલપ્રલય થયો અને આખો હિમાલય પર્વત પ્રલયને અન્તે ઉત્પન્ન થયો તે સમયનું પુરાણોમાં જે વર્ણન છે તેને અનુસરીને કૂર્માવતારને પ્રતાપે આ પ્રદેશનું નામ કૂર્માચળ પડ્યું છે અને કુમાઉ તે કૂર્માચળનું અપભ્રંશ છે.

પછી દેવ, દાનવ, યક્ષ, કિન્નર વગેરે જાતિઓ અહીં વસતી હતી. માનસરોવર અને કૈલાસ આ જ વિભાગમાં છે. કત્યૂરી નામના સૂર્યવંશી રાજાઓએ અહીં લગભગ બે હજાર વર્ષ સુધી પ્રજાસત્તાક રાજ્યો ચલાવ્યાં છે. બુદ્ધ ધર્મ પણ અહીં ચાલતો હતો અને શંકરાચાર્યે બદ્રી તથા કેદારનાં ધામોને સનાતન હિંદુધર્મની પુનઃસ્થાપનાના સમયે પોતાનાં કરેલાં તે અહીંના રાજાઓને હિંદુ ધર્મની દીક્ષા આપ્યા પછી બન્યું હતું. છેવટે અંદર-અંદરના ઝગડામાં ૧૮મી સદીનાં પચાસેક વર્ષ આ પ્રદેશ ગુરખાઓએ કબજે કર્યો હતો અને ૧૮૧૪માં ગુરખાઓ પાસેથી અહીંના એક હર્ષદેવ જોષીની મદદથી અંગ્રેજોએ આ પ્રદેશ જીતી લીધો. વેદો અને ઉપનિષદ રચાયા પહેલાં આર્યોની એક શાખા આ સ્થળે ઊતરી હતી, જેના વંશજો ખસ જાતિના રજપૂતો કહેવાય છે. તેઓ પણ એક સમયે તો આ પ્રદેશના રાજ્યકર્તાઓ હતા, પરન્તુ હાલમાં તો બિચારા મજૂરી કરે છે અને આચાર, વિચાર, ધર્મ, ક્રિયાકાંડ કે સ્મૃતિ-શ્રુતિના સંસ્કારોથી અલિપ્ત રહ્યા છે.

અત્રે સૂર્ય, કાર્તિકસ્વામી, શિવ, વિષ્ણુ અને દેવદેવીઓનાં પુષ્કળ મંદિરો અને વિશ્વામિત્ર, વસિષ્ઠ,

ગગર, કૌશિક વગેરે ઋષિકુળોનાં સ્મરણસ્થાનો છે. કોશી, રામગંગા, ગંડકી, સરયૂ, અલકનંદા, કાળી વગેરે ગંગાને મળનારી અનેક નદીઓ છે અને ભીમતાલ, સાતતાલ, નવકુચિયાતાલ વગેરે સરોવરોનો તો આ પ્રદેશ છે. અલમોડાને કેન્દ્રમાં રાખીને ઑગસ્ટ–સપ્ટેમ્બર મહિનાઓમાં અહીંનાં મુખ્ય મુખ્ય સ્થળોએ ફરવું જોઇએ.

નંદાદેવી, પિંડારી અને હિમગંગા જેવા પ્રદેશો તો આખી પૃથ્વીમાં મળવા મુશ્કેલ છે અને કૈલાસ તથા માનસરોવરનું તો હું અહીં વર્ણન જ કરતો નથી.

રસ્તામાં ભુવાલી જ્યાં સુંદર આરોગ્યભુવન છે અને રાણીખેત જ્યાં છાવણી છે એ બે ગિરિનગરો જોયાં. રાણીખેત બહુ સુન્દર છે. એના ઉપલાણના ભાગો તો જાણે નન્દનવન જેવા લાગે છે. ત્યાં વૃક્ષો, ફૂલો અને દેવદારુ તથા ચીલવૃક્ષોની ઘટાઓનો પાર નથી.

રાણીખેતથી બરફનાં શિખરોની આખી હાર અમે બહુ સારીરીતે જોઈ. જોકે નૈનિતાલથી પણ અમે બેત્રણ વખત આ હાર જોઇ શકયા હતા. બદ્રી, કેદાર, નંદાદેવી, ત્રિશૂલ ઇત્યાદિ બધાં શિખરો અમે આ વખતે બરાબર ઓળખી શકયા! જોકે આ સ્થળો અહીંથી સોએક માઈલ દૂર છે, પરન્તુ એક વખત ત્યાં જવાની આશા તો સેવ્યા કરીએ છીએ. અલમોડાથી પિંડારી ગ્લેશિયર, બૈજનાથ, ગરુડ, માયાવતી, બિંદસર વગેરે સ્થળો વિષે પણ ખૂબ સાંભળ્યું છે.

શ્રી ઉદયશંકરે પોતાનું કલાસંસ્કારકેન્દ્ર અલમોડામાં સ્થાપ્યું છે અને દિનપ્રતિદિન એનો વિકાસ થવાનાં ચિહ્નો અત્યારથી જ દૃષ્ટિગોચર થઇ રહ્યાં છે. અમને બધાને ઉદયશંકરના આતિથ્યનો અનુપમ લાભ મળ્યો હતો. એમનો ગ્રીષ્મવર્ગ શરૂ થઇ ગયો છે અને લંકા, મુંબઇ, મદ્રાસ, કરાંચી તથા પેશાવર સુધીનાં વિદ્યાર્થીઓ એમની સંસ્થામાં અભ્યાસ કરવા પણ આવી ગયાં છે.


અભ્યાસનો કાર્યક્રમ બહુ સખ્ત છે અને સવારના આઠથી રાતના આઠ સુધી નૃત્ય, સંગીત, ચિત્ર વગેરેના વર્ગો ચાલ્યા કરે છે.

નૃત્યનો અભ્યાસક્રમ કવાયત, ચાલવાની રીતો, તાલમય ગતિ, અભિનય વગેરેથી શરૂ થાય છે ને ભરત નાટ્યશાસ્ત્ર (તાંજોર), કથકલી (કેરલ), કથક (ઉત્તર હિંદ અને મણિપુર, પદ્ધતિઓ અનુસાર વિદ્યાર્થીઓને શાસ્ત્રીય તાલીમ અપાય છે. એ ઉપરાંત ઉદયશંકર પોતે આ બધાંમાંથી નવાંનવાં નૃત્યો રચે છે અને તે ઉચ્ચ શ્રેણીમાં શીખવવામાં આવે છે. સીમકી પોતે, ઝોરા, ઉઝરા વગેરે બધાં આ સખ્ત તાલીમ લે છે અને એકેએક સૂચન કે મુદ્રા જ્યાં સુધી બરોબર ગોઠવાય નહિ ત્યાં સુધી પુનરાવર્તન કરાવ્યા જ કરાય છે.

હાલમાં ઉદયશંકર, યાંત્રિક યુગથી અને કારખાનાંનાં જીવનથી જે પ્રજાજીવન ત્રાસદાયક થઇ રહ્યું છે તે દર્શાવવા એક નૃત્યની યોજના કરે છે. એની તાલીમ ઉચ્ચ શ્રેણિના વર્ગને અપાતી હતી. ભૂંગળાં અને યંત્રોના ઘોર અવાજો, ધનવાનો વૃદ્ધ થતાં સુધી લોભ છોડતા નથી અને મૂડીવાદ-સામ્રાજ્યવાદથી જીવન કેવાં રહેંસાઈ રહ્યાં છે તેનાં હૃદયભેદક દૃશ્યો એ નૃત્યમાં અદ્ભુત રીતે યોજાઇ રહ્યાં છે તે અમે જોયું. બીજી તરફ ચાર મોટાં ઢોલ ભયંકર સૂરો કાઢી રહ્યાં હતાં. આ બધું તૈયાર થતાં હજી છએક મહિના થશે; પણ એની તપશ્ચર્યા અત્યારથી શરૂ થઈ છે. ગુરુ નામ્બુદ્રી ૫૦ વર્ષથી કથકલી નૃત્ય કરે છે. એમણે ભીમ અને હનુમાનના મેળાપ વખતનું ભીમનું નૃત્ય કરી બતાવ્યું. ચાર દિવસથી એમને મરડો થયો હતો અને અપવાસ પર હતા, તેમ છતાં પણ આ નૃત્ય પાછળ એમણે જે પરિશ્રમ ઉઠાવ્યો તે જોઇને એમના તરફની અમારી ભક્તિ ખુબ વધી ગઇ.



અલમોડાના કલાસંસ્કારકેન્દ્રના સ્થાપક અને ચાલક
નૃત્યકાર શ્રી ઉદયશંકર





સંયુક્તપ્રાંતની રાષ્ટ્રીય સરકારે શ્રી
ઉદયશંકરના કલાસંસ્કારકેન્દ્ર માટે
આપેલો સીમતોલા પહાડ
નીચે:
દેવદારનાં વૃક્ષોમાંથી સીમતોલા જવાનો માર્ગ

આ બધું લખવાનું કારણ એ છે કે હમણાં હમણાંનાં ઉપરછલ્લી મહેનતથી અને સહેજ તૈયારી કરીને કેટલાં યે સ્ત્રી-પુરુષો નૃત્યકલામાં પારંગત થયાં હોય એમ માનીને જાહેરમાં પડે છે તેની અપૂર્ણતા તરફ ખ્યાલ કરાવી શકાય.

ઉદયશંકર કે સીમકી હજી પોતાને અભ્યાસી જ માને છે અને ગુરુ નામ્બુદ્રી જેવા જેમણે સમસ્ત આયુષ્ય નૃત્યકળાની આરાધનામાં જ વ્યતીત કર્યું છે તે પણ 'હજી અનેક જન્મોને અંતે પરિપૂર્ણતા પમાશે' એમ માને છે.

આ કેન્દ્ર ઉઘાડીને ઉદયશંકરે ખરે જ દેશની આગળ મહાન આદર્શ મૂક્યો છે. નૃત્યકળા એના અપૂર્વ આધ્યાત્મિક બળથી પ્રજાજીવનને રસિક, સૌન્દર્યપ્રેમી, ઉચ્ચ અને સંસ્કારી બનાવી શકશે. જનસમાજ એ દ્વારા પોતાની સદ્‌વૃત્તિઓનો વિકાસ કરી શકશે અને જે દૈવી સંપત્તિ આર્યપ્રજા ખોઇ બેઠી છે તે નૃત્ય,



કલાસંસ્કારકેન્દ્રના અધ્યાપકો: ડાબી બાજુથી શ્રી ઉદયશંકર, ગુરુ શ્રી શંકરન નામ્બુદ્રી, અને છેલ્લે ઉસ્તાદજી અલ્લાઉદ્દીનખાન. નીચે : શ્રીમતી સિમકી

સંગીત, ચિત્ર વગેરેથી પાછી મેળવી શકશે.

સંયુક્તપ્રાન્તની રાષ્ટ્રીય સરકાર આ વાત સમજી ગઇ હતી. એણે પોતાના 'લીંબુ ઉછાળ' રાજ્ય દરમિયાન ઉદયશંકરને લગભગ સો એકરનો મોટો સીમતોલા નામનો સુંદર પહાડ આ સંસ્થાનાં મકાનો બાંધવા માટે ભેટ કર્યો છે. અમે એ પહાડ પર બપોરથી સાંજ સુધીનો સમય બહુ જ આનન્દમાં ગાળ્યો. અધ્યાપકો, વિદ્યાર્થીઓ, મહેમાનો અને મિત્રોનું એક મોટું મંડળ જામ્યું હતું. મિસ ઝોરાએ, બધાં ભાગ લઇ શકે એવી એક મઝાની રમત કાઢી હતી.

સીમતોલામાં રંગભૂમિ ક્યાં, કૉલેજ ક્યાં, બૉર્ડિંગ ક્યાં, પુસ્તકાલય, સંગ્રહસ્થાન, અતિથિગૃહ વગેરે ક્યાં ક્યાં કરવાં ધાર્યાં છે તેનાં જે સ્વપ્નાં શ્રી ઉદયશંકરે રચ્યાં હતાં તે એ બધાંને કહેતા હતા અને સમગ્ર દેશ જો આ સંસ્થાની મહત્તા સમજે તો પોતે શું શું કરવા ધાર્યું છે તેની રૂપરેખા રજૂ કરતા હતા. પ્રદેશ બહુ જ ભવ્ય અને મોહક છે. એમના આદર્શો પણ એવા જ ભવ્ય અને મોહક હતા. એટલામાં ચંદ્ર ઊગ્યો અને સ્વચ્છ ભૂરું આકાશ, ઘેરા પર્વતો અને વૃક્ષો રૂપેરી રંગે રસાઇ ગયાં.

બીજે દિવસે હાલની કામચલાઉ જગ્યાએ બંધાએલું એમનું થીએટર (રંગભૂમિ), વાજિંત્રોનું અને વસ્ત્ર-અલંકારોનું પ્રદર્શન, જુદા જુદા વેશોને અનુરૂપ સાધનો, પુસ્તકાલય, ભોજનાલય, સભાસ્થાન, અધ્યાપકો અને આચાર્યોનાં મકાનો અને બૉર્ડિંગમાં રહેતાં સ્ત્રી અને પુરુષ વિદ્યાર્થીઓની ઓરડીઓ એ બધું અમને ફરીફરીને બતાવવામાં આવ્યું.

કલાપ્રેમીઓના આ ધામનું બધું વાતાવરણ સ્વચ્છ, સુન્દર, આકર્ષક છતાં અભ્યાસમય હતું. એકેએક ઓરડી ફૂલો પત્રો અને ચિત્રો તથા વિવિધરંગી પડદા અને બિછાનાંઓથી શોભતી હતી.



પુસ્તકાલયમાં ચિત્રો અને કલાસાહિત્ય ઉપરાંત નૃત્ય, નાટક અને શિલ્પસ્થાપત્યના તેમજ કુદરતી અજાયબીઓના થોડા પણ બહુ ઉપયોગી નમૂનાઓ મૂકયા હતા.

ભોજનાલયમાં પણ તોરણો, ફૂલો ને અનેક જાતનાં પાંદડાંથી છત, સ્તંભો ને બારીબારણાં શોભાવ્યાં હતાં, કારણકે ત્યાં અમને ચાપાણી ને અલ્પાહાર આપવાનાં હતાં. આ બધા શણગારમાં જંગલનાં પત્રપુષ્પોનો પુષ્કળ ઉપયોગ કરવામાં આવ્યો હતો. એનું ખર્ચ કંઇ નહોતું. માત્ર સૃષ્ટિસૌન્દર્ય માટેની પ્રીતિ ને કલામય વાતાવરણ રચવાની ધગશને લઇને જ આ બધું થઇ ગયું હતું.

ગુરુ નામ્બુદ્રીનું મકાન તો મંદિર જેવું જ હતું. ત્યાં શિવપાર્વતીની એક પ્રાચીન સુન્દર મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પાસે મોટી પિત્તળની દીવીમાં દીવો બળી રહ્યો હતો અને ધૂપ, પત્ર, પુષ્પ અને સંગીતથી અત્યંત ભક્તિપૂર્વક તેની નિયમિત પૂજાઅર્ચા થતી હતી.



અલમોડામાં કલાસંસ્કારકેન્દ્રનાં મકાનો

ઉસ્તાદજી તો મુસલમાન છે અને ત્રિપુરા એટલે મણિપુર પાસેથી આવેલા છે. પરન્તુ પોતે માગીને એક સરસ્વતીની સુન્દર મૂર્તિ પોતાના ખંડમાં મૂકી છે! અસલ કલાપ્રેમીઓમાં ધર્મ કે પૂજાના ભેદભાવ નથી. પૂજાના ભાવથી જ તેઓ ગીત, વાદ્ય કે નૃત્ય કરે છે; જ્ઞાનના સાગર છતાં અતિશય નમ્ર હોય છે. ઉસ્તાદજીની પીછાનથી ભલભલા જ્ઞાનીઓનાં અભિમાન ઊતરી જાય એવું છે.

પછી શિરાલીજી જે આ આશ્રમના સંગીતાચાર્ય છે તેમને અમે મળ્યા. એમનો અને ઉદયશંકરનો યોગ થયો એ પણ દૈવી સંકેત જ હશે. નહિ તો બાર વર્ષ સુધી સ્વ. પંડિત વિષ્ણુશાસ્ત્રી દિગંબર પાસે રહી જેમણે વાદ્યમાં સંપૂર્ણનિપુણતા મેળવેલી એવા મહિને રૂ. ૨૫ુના પગારથી જીવનભર ઉદયશંકર સાથે જોડાવા કબૂલ થાય? આખા કેન્દ્રના સંગીતવિભાગનું નિયોજન એમને હાથ છે.

ઉદયશંકરના બન્ને ભાઇઓ પણ હવે એમને આવી મળ્યા છે. કેન્દ્રમાં વારંવાર અલમોડાનો શિક્ષિત સમાજ આવ્યા કરે છે અને આ ગિરિપ્રદેશના સૌન્દર્યથી આકર્ષાઇને સ્વીડન, ડેનમાર્ક, ફ્રાન્સ, અમેરિકા, કલકત્તા વગેરે દૂરદૂરના ભાગોથી પ્રભુ સાથે યોગ મેળવવાની આશાથી પણ કેટલાંક મુમુક્ષુ જીવો ભરાયાં છે.

મિસિસ પ્રિમરોઝ નામનાં એક જુવાન ફ્રેન્ચ બાઈ શીબતોલાંથી અમે નીચે ઊતરતાં હતાં ત્યારે રસ્તામાં મળ્યાં. એમણે, મીરાંબાઇએ જેમ સાંવરિયાને મળવા કસુંબલ સાડી પહેરેલી હતી તેમ, પીળી અને લીલી ઓઢણીવાળી પહેર્યા હતાં. કપાળમાં ચાંલ્લો કર્યો હતો અને એકાંત પહાડો અને ઉપવનોમાં શ્રીકૃષ્ણને મળવા મોટે ચંદ્રિકાના આહ્લાદક પ્રકાશમાં ફરવા જતાં હતાં. દરરોજ એ જુવાન બાઈ આવા નિર્જન પ્રદેશમાં રાત્રે એકલાં ભટકયાં કરે છે. પારીસ નગરના મોહક સુખ વૈભવનો ત્યાગ કર્યો છે અને આપણા ચૈતન્ય સંપ્રદાયના વૈષ્ણવ ધર્મનો અંગીકાર કરી હિમાલયમાં આવ્યા છે.

સ્વીડનના હાકાનસોન નામના યુવક યોગ માટે અહીં આવ્યા છે. મેં પૂછ્યું, 'તમારા દેશની ખરાબી થઇ રહી છે એ તમને નથી લાગતું?' એ કહે, 'ના; મેં હવે 'આ મારો દેશ' એ અભિમાન ને મમતા છોડી દીધાં છે.' એ અરવિંદ–આશ્રમ પોંડિચેરી, રામ મહર્ષિનું અરુણાચલમ્ બધે જઇને આવ્યા છે. એ શીલોનથી હિન્દુસ્તાનમાં પેઠા. નાનપણથી આપણા આદર્શો અને આધ્યાત્મિક મહત્તા તરફ એમને પુષ્કળ આકર્ષણ થતું હતું. ભણવામાં ચિત્ત ચોટતું નહિ અને માબાપની બીકથી ઘર છોડીને નાસી પણ જતા હતા. 'આખરે મને મારું સ્થાન મળી ગયું છે' એમણે મને કહ્યું. પોતે શુદ્ધ ખાદીનાં વસ્ત્રો પહેરે છે, રોજ છએક આના ખર્ચે છે અને લેખો લખીને કે માગીતાગીને નભાવી લે છે.

મેં પૂછ્યું કે 'પણ તમે કોઈ ગુરુ કર્યા છે?' એ કહે કે 'ખરા ગુરુ તો અંતર્યામી છે. એમની સાથે તાર જોડી રહ્યો છું. યોગની, આસન કે પ્રાણાયામની પદ્ધતિ તો મને કંઇ આવડતી નથી, પણ ધ્યાન કરું છું અને તેથી મને કંઇક આનંદ મળે છે. બીજું તો શું મળે છે તે કહી શકીશ નહિ. એ તો અનુભવનો વિષય છે.'

'રામ મહર્ષિ પાસે તો આપણને પોતાની મેળે જ સમાધિ થવા માંડે છે એમ મેં સાંભળ્યું છે. તમને શું થયું હતું?' મેં પૂછ્યું. એ કહે 'હું નહિ કહી શકું. અરવિંદ આશ્રમથી પણ મને મજા તો પડી હતી. રામ મહર્ષિને ત્યાંથી પણ હું બહુ લઈ આવ્યો છું.' પણ મેં કહ્યું કે 'આ બધું તમારી જ પોતાની કલ્પનાથી



અલમોડામાં પ્રયોગશાળા જમાવી બેઠેલા વિજ્ઞાનશાસ્ત્રી શ્રી બોશી સેન તથા તેમનાં ફ્ર પત્ની મિસિસ સેન. (ફોટો · ઉદયન)

તો મળેલું નહિ હોય?' 'હોય, ન યે હોય' એમ એમણે કહ્યું. એ પૉલ બ્રંટનને ઓળખે છે અને મોટે ભાગે એમનાં જ પુસ્તકોની એમના પર અસર થઈ છે. એક કૃષ્ણપ્રેમ નામના યુરોપીઅન, બીજાં એક બંગાળી સન્નારી અને પ્રોફેસરો તથા દેશદેશના વિદ્વાનો પણ જાગેશ્વર, બીંદસર વગેરે રમણીય પ્રદેશોમાં આશ્રમો બાંધીને છુટક છુટક રહે છે એમ અમને કહેવામાં આવ્યું.

સ્વામી વિવેકાનંદનો માયાવતી આશ્રમ અહીંથી બે ત્રણ દિવસ જતાંઆવતાં થાય એટલો દૂર છે. અલમોડા રામકૃષ્ણ આશ્રમના શ્રી રામમહારાજ મને મળ્યા. મેં પૂછ્યું, 'આ આશ્રમમાં આપ જ પહેલા આવ્યા કે આપની પહેલાં કોઈ હતું?' એ કહે, 'કાળને સીમા નથી. કોઈ બે ઘડીઆળો પણ એક સરખા સમય આપતી નથી તો પહેલાં પછીનું તો હું શું કહું?''

પણ પછી વિશેષ વાતચીતથી મને ખબર પડી કે એમને ક્ષયરોગ થયો હતો તેથી ખુદ સ્વામી વિવેકાનંદે એમને અલમોડા મોકલેલા. ત્યારના એ અહીં જ છે. ભજન, કીર્તન, અતિથિસત્કાર અને જ્ઞાનચર્ચામાં એમનો વખત જાય છે. માંદાંની સેવા, કંઈક કેળવણી વગેરે કામ પણ આશ્રમમાં થાય છે અને વિશેષ ઉપયોગી કાર્ય તો આ મહારાજ, અમેરિકન બાઈ મિસિઝ બોશી સેન જેવાંનાં શંકા સમાધાન અને વાતચીતો દ્વારા કરે છે. અલમોડામાં આ મહારાજને માટે બધાને સારો અભિપ્રાય છે. જે કોઈ એમની પાસે જાય તેમને સન્માર્ગે અને સદ્ધર્મને માર્ગે ચડાવવા એ પ્રયત્ન કરે છે. પોતે હવે તો વૃદ્ધ થવા આવ્યા છે પણ ધાર્મિક અનુભવોનું ભંડોળ એમનું બહું સારૂં છે.

રામમહારાજ મને મિ. બોશી સેનની પ્રયોગશાળામાં મળ્યા હતા ને ત્યાંથી રસ્તામાં વિવિધ વાતો કરતા મિસિઝ બોશી સેન અને અમે સાથે ઉદયશંકરના કેન્દ્રમાં ગયા. મિ. બોશી સેન જગદીશચંદ્ર બોઝના શિષ્ય છે. પોતાની સ્વતંત્ર પ્રયોગશાળા અલમોડામાં જમાવી બેઠા છે અને સરકારને પણ એમના પ્રયોગની ઉપયોગિતા સમજાયાથી કંઈક વાર્ષિક ગ્રાન્ટ પણ આપવી પડી છે.

એમણે અમને પોતાના Ultra Microscopes એટલે અતિસૂક્ષ્મ વસ્તુઓ દર્શાવી શકે એવાં સૂક્ષ્મ-દર્શક યંત્રો અને સ્ક્રિપ્ટોગ્રાફ એટલે પ્રકાશયંત્ર બતાવ્યાં.

સજીવ કોશદેહ **protoplasm** અત્યાર સુધીમાં કોઈવાર મેં નાચતું જોયું નહોતું. એમના સૂક્ષ્મદર્શક યંત્રમાં એમણે એક વાળની કરચ મૂકીને એના કોશની અંદરનો ભાગ બતાવવા ગોઠવણ કરી રાખી હતી. એ કહે, 'ઉદયશંકર તમને સ્ત્રી પુરુષોના નાચ દેખાડશે, હું જીવનનાં એકમ (એક ટીપા જેટલી જગામાં એક હજાર કોશો હોય છે તેના શરીર)ની અંદર જે નાચ થઈ રહ્યો છે તે બતાવીશ.' એમ કહીને અમને બધાંને એ સૂક્ષ્મ જીવના દેહની અંદર જે તાલમય ગતિ ચાલી રહી હતી તે બતાવી. છાણના પોદળામાં ખદબદતા કીડા જેવું લાગતું હતું! પ્રોટોપ્લાઝમના વર્ણનમાં 'જાળી જેવું અને પાણી' એટલું જ આ બધાને માટે શરીર-વિજ્ઞાનમાં દર્શાવેલું છે. તેને બદલે મિ. સેને તો એ અણુથી પણ નાના જીવદેહની અંદર કેવી તાલમય ગતિ ચાલી રહી છે તે અમને પ્રત્યક્ષ બતાવ્યું.

બીજો પ્રયોગ એક નાના સરખા ગાજરને સોય મારવાનો હતો. ગાજરને ભીના રૂમાલમાં વીંટી રાખ્યું



હતું. એને સોય મારીએ. એટલે એના જીવંત દેહમાં જે ધક્કો લાગે તેની સામા પડદા પર એક અજવાળા જેવી છાયા એક છેડેથી બીજે છેડે પસાર થઈ જતી હતી. પણ એ તો એક ધક્કો થયો. ઘાનો પ્રત્યાઘાત (Response: Nervous Response). ગાજરને પણ જ્ઞાનતંતુનાં ચક્રો છે અને એવા એક ચક્રમાં અથવા એક જ્ઞાનતંતુમાં ઘા સામે થવા માટે જે સામો જવાબ અપાતો હોય એ રૂપે જે હીલચાલ કે પ્રત્યાઘાત ગાજરે કર્યો અથવા જ્ઞાનતંતુમાં થયો તેની નોંધ, પડદા પર પ્રકાશ રૂપે પડી. વૃક્ષનું એક પાંદડું તોડીએ તો વૃક્ષના જ્ઞાનતંતુમાં લગભગ આવી સૂક્ષ્મ વેદનાની ધ્રુજારી બે કલાક રેહે છે.

પોતાના બગીચાના કૅમ્પાઉન્ડમાં એમણે એક મોટા ખાડો કરી રાખ્યો હતો. તેમાં પાકને બગાડી નાખતી ઊધઈની જીવનલીલાનો એ અભ્યાસ કરતા હતા. 'વર્નાલિઝેશન', એટલે વનસ્પતિ જગતમાં વસંતઋતુ વહેલી કેમ લાવવી, એ વિષે એમણે શોધખોળો કરેલી છે. રાઇના દાણાને અને વટાણાને થોડા દિવસ બરફની પેટીઓમાં રાખીને કે "રેફ્રીજરેટર"માં મૂકીને પછી અમુક દિવસ એ સૂકવે છે. પછી એને વાવે છે તો એના છોડ જલદી મોટા થાય છે, ફૂલ ને બીજ વહેલાં ને પુષ્કળ આવે છે અને મોસમ પહેલાં જલદી એ તૈયાર થઇ જાય છે. આ રીતે ઠંડી ઋતુમાં જ થતાં ધાન્ય અને ફળ એ ગરમ મુલકમાં ઉગાડી શકે. પરન્તુ આ શોધોનો લાભ રાષ્ટ્રીય સરકાર ન હોય ત્યાં સુધી આપણને મળે એ સંભવિત નથી. સોવિયેટ રશિયામાં, આવી ફળદ્રુપતાના પ્રયોગોનો લાભ ત્યાંના ખેતીવાડી ખાતાએ ખૂબ લીધો અને તેથી ઢગલાબંધ ધાન્ય થોડા સમયમાં તૈયાર થઇ શકયાં છે. નવી નવી જાતનાં ફૂલો અને ફળો પણ ધારી જગ્યાઓમે ઉગાડી શકાય છે.

એવા શુભ દિવસોની હિન્દુસ્તાનને માટે પણ મિ. સેન રાહ જોઈ રહ્યા છે.

પોતાની પ્રયોગશાળાનું નામ એમણે વિવેકાનંદ પ્રયોગશાળા રાખ્યું છે. ઘરમાં એક ખંડ મંદિર માટે જુદો કાઢયો છે. એ મંદિરમાં વરવહુ રોજ પૂજા તથા ધ્યાનમાં અમુક સમય ગાળે છે. આ બધું જોયા પછી મને લાગ્યું કે વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન વિષે મિ. બોશી સેન સાથે ચર્ચા ચાલી શકશે. અને પછી મેં એ ચર્ચા કરી એનો સાર એ નીકળ્યો કે એમણે ધર્મ અને વિજ્ઞાન બેનાં મંદિર જ જુદાંજુદાં રાખ્યાં છે. એ કહે, 'સ્વયં ભગવાન પોતે મારે ત્યાં હાલી ચાલીને આવે તો પ્રયોગશાળામાં તો હું એમને પેસવા જ ન દઉં; કારણ કે એ આવે તો આપણી જિજ્ઞાસાવૃત્તિ, સ્વાશ્રય, પુરુષાર્થ એ બધું બંધ થઈ જાય અને અત્યારે સત્યનાં રહસ્યો અતિશય મહેનત કરીને આપણે ઉકેલીએ છીએ તે પછી ઉકેલીએ નહિ. પરન્તુ લાગણી અને ભાવનો પ્રદેશ ધર્મનો છે. ત્યાં વિજ્ઞાન કે બુદ્ધિનું કામ નથી.

મિ. અને મિસિઝ સેને પોતાના સુન્દર બગીચામાં અમને ચાપાણી માટે બોલાવ્યાં હતાં. ત્યાંની સ્વચ્છતા સુવ્યવસ્થા ને સૌન્દર્ય જોઇને અમે ખુશ થઇ ગયાં. સામેના બરફના પહાડો અને એમના બગીચાનાં રંગ-રંગીન ફૂલો અમે જતાં સુધી જોયા જ કર્યાં.

અમારા બંગલાનું નામ 'પાઈન્સ' એટલે 'દેવદાર' હતું. એ અલમોડા શહેરને બીજે છેડે, ઊંચે, એકાન્તમાં દેવદારોની કુંજોમાં હતો. ત્યાં પણ રંગરંગીન ફૂલો બહુ હતાં. પહાડી ચમેલીની વેલો અને લાલ તથા ધોળાં ગુલાબોની વેલો છેક છાપરા સુધી ચડી ગઇ હતી. ચારે બાજુ વિશાળ ભૂરા પહાડોની હારો ને હારો દષ્ટિમર્યાદાને એક જાતનો આરામ આપતી હતી. શાન્તિ ખૂબ હતી અને મોરની ડોક જેવા નીલ આકાશમાં તારાઓ જોવાની બહુ મજા પડતી હતી. ચાંદની રાતમાં સૃષ્ટિસૌન્દર્યનું અમૃત પીતાંપીતાં મેં ત્યાં ભગવાનની સ્તુતિ જ્યારે જ્યારે લાગ મળ્યો ત્યારે કર્યાં જ કરી છું.

હજારો વર્ષથી ઋષિમુનિઓએ આ સ્થાનેથી સ્વર્ગમાં જવાના પ્રયત્નો કર્યા હોય તો એમાં બિલકુલ નવાઇ નથી. સ્વર્ગ એ કોઈ સ્થાન ન ગણતાં મનની સ્થિતિ ગણીએ તો ક્ષણવાર પણ અહીં જીવનમુકિતનુ અથવા સ્વર્ગનું સુખ મળે એમ માનવામાં હરકત નથી.

બિચારી સમૃદ્ધિ

લલાટે આલેખી ઉજડ ઉરની એકલ દશા
ઘટે દેવું તો તો વજર-જડ કાઠિન્ય; પણ કાં
બિચારા હૈયાને કરુણ-રસસમૃદ્ધિ અરપી?!

તારાબેન પંડિત

આ મહિનો (ઑગસ્ટ) ઇતિહાસમાં

તા. ૨ ગયા મહાયુદ્ધમાં જર્મનીના સેનાધિપતિ અને પછીના જર્મન પ્રજાસત્તાકના પ્રમુખ પાઉલ ફૉન હિન્ડેનબુર્ગનું અવસાન-ઈ. ૧૯૩૪

તા. ૪ ઇ. ૧૯૨૦નો નોબેલ પુરસ્કાર મેળવનાર નૉર્વેજિયન નવલકથાકાર નુટ હામસુનનો જન્મ-ઈ. ૧૮૫૯ * * ગયા મહાયુદ્ધમાં આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરીને જર્મનીએ બેલ્જિયમમાં લશ્કર ઉતારતાં બ્રિટને તેના સામે યુદ્ધ જાહેર કર્યું.-ઈ. ૧૯૧૪

તા. ૧૨ અકબરના પુત્ર સલીમે દરબારે અકબરીના એક રત્ન અને તેના પિતાના પરમ મિત્ર અબુલ ફઝલનું ઓરછાના રાજાને હાથે ખૂન કરાવ્યું -ઈ. ૧૬૦૨

તા. ૧૬ જહાંગીરના દરબારમાં એલચી તરીકે આવેલો કૅપ્ટન હૉકિન્સ સુરત બંદરે ઊતર્યો-૧૬૦૮ * *ઇરાની અખાતમાંના પોર્ટુગીઝોના છેલ્લા સંસ્થાન પર હલ્લો કરી અરબોએ તે જીતી લીધું-ઈ. ૧૬૪૮

તા. ૨૦ ગયા મહાયુદ્ધમાં જર્મનીએ બેલ્જિયમનુ પાટનગર બ્રુસેલ્સ કબજે કર્યું-ઈ. ૧૯૧૪

તા. ૨૨ કેશવચંદ્ર સેને કલકત્તામાં બ્રાહ્મો મંદિર ઉઘાડયું-ઈ. ૧૮૬૯

તા. ૩૦ અંગ્રેજ કાવતરાખોર મોરિટને રાઘોબાના કાન ભંભેરતાં તેણે સુમેરસિંગ નામના સિપાઈના હાથે પેશવા નારાયણરાવનું ખૂન કરાવ્યું-ઈ ૧૭૭૩. પેશવાને બચાવવા જતાં તેનો વિશ્વાસુ નોકર ચાંફાજી ટિળેકર પણ માર્યો ગયો. પરિણામે જે અંધાધુંધી થઇ તેનો લાભ લેવા તા. ૧૭મી સપ્ટેંબરે મુંબાઇની કાઉન્સિલે મોરિટનને લખ્યું કે આ વખતે સાષ્ટી અને વસાઈ આપણને મળે એ માટે જેટલી જેટલી યોગ્ય જણાય તે બધી બાબતો ખૂબ પરિશ્રમપૂર્વક કરવી, અને ગમે તેમ થાય તો પણ પેશવાની રાજધાની છોડી બીજે ક્યાં યે જવું નહિ.



આ માસની વિભૂતિ
લાલશંકર ઉમિયાશંકર ત્રવાડી

ઈ. ૧૮૪૫ના ઑગસ્ટની ૨૩મી તારીખે અમદાવાદ નજીક નારદીપુર મુકામે મોસાળમાં જન્મ. અમદાવાદમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી આગળ અભ્યાસ કરવા વિષે પિતા સાથે મતભેદ થતાં જુદા થઈ સાધન તથા ઓથ વગર અમદાવાદમાં લઈ શકાય તેટલી કેળવણી લીધી ને પછી અમદાવાદ હાઈસ્કૂલમાં ગણિતશિક્ષક તરીકે રૂ. ૨૫ના પગારથી નિમાયા. છતાં ખાનગી અભ્યાસ ચાલુ રાખી ૧૮૬૫માં એ મેટ્રિક થયા અને ૧૮૬૭માં એક માસ મદ્રાસમાં રહી 'ફર્સ્ટ એક્ઝામિનેશન ઇન આર્ટ્સ' પસાર કરી. શિક્ષકની એડથી ચડતા જઈ ગુજરાત પ્રોવિન્શિયલ કૉલેજમાં ગણિતશિક્ષક નિમાયા.

ઈ. ૧૮૭૧માં કેળવણી ખાતાનો સંબંધ પૂરો કરી જુદી જુદી ફેરફારીઓ બાદ ઈ. ૧૮૯૧માં અમદાવાદમાં ફર્સ્ટ ક્લાસ સબજજ નિમાયા. ૧૮૯૮માં ૮૦૦ના પગારે સ્મૉલ કૉઝ કોર્ટના જજ નિમાયા અને ૧૯૦૩માં નિવૃત્ત થયા.

કેળવણી પ્રત્યે શ્રી લાલશંકરને એટલો પ્રેમ હતો કે જીવનભર એના પ્રચાર પાછળ શ્રમ લીધેલો. કેળવણીની અનેક સંસ્થાઓ સાથે એમનું નામ જોડાએલું રહ્યું છે. એમણે ખુદ પોતાને ખર્ચે એક કન્યાશાળા, એક અંગ્રેજી નિશાળ તથા આટલી સહિષ્ણુતા પ્રજામાં નહોતી ત્યારે યે એક અંત્યજ શાળા ખોલેલી.

એમની પ્રકૃતિ પહેલેથી જ ઉદ્યમશીલ. કૉલેજમાં જોડાયા ત્યારે 'ગુજરાત શાળાપત્ર'માં એ લેખો મોકલતા પણ એટલાથી સંતોષ ન થતાં રા. હરગોવિંદદાસ કાંટાવાળા સાથે 'ટીકાકાર' માસિક શરૂ કરેલું એમણે લખેલાં શાળોપયોગી પુસ્તકો વિદ્યાર્થીઓમાં ખૂબ પ્રિય નીવડયા હતા. કેળવણી અને સુધારાના આ સંસ્કાર એમણે મહીપતરામ પાસેથી મેળવેલા. વીસ જ વર્ષની ઉમરે એમણે વિધવાવિવાહ ઉપર ભાષણ આપ્યું હતું.

નોકરી દરમ્યાન જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાંના પ્રજાજીવનના વિકાસને એ પોતાનું પ્રથમ લક્ષ્ય ઠરાવતા. પંઢરપુરમાં બાળહત્યા પ્રતિબંધક આશ્રમ ખોલીને તથા સોલાપુરમાં દુકાળ વખતે માણસો તથા ઢોરોની રાહત માટે તનતોડ પ્રયાસ કરીને એમણે 'દેવમુનસફ' નામ મેળવેલું. છપ્પનીઆના દુકાળના વખતની એ સેવાથી સરકારે એમને કેસરે હિંદ બનાવેલા.

અમદાવાદમાં તો એવું એકે સાર્વજનિક કાર્ય નહિ હોય, જેમાં એમનો હાથ ન હોય. પ્રાર્થના સમાજના સ્થાપક ભોળાનાથભાઇએ પણ એકરાર કર્યો છે, 'મહીપતરામ તથા લાલશંકરે આ કામને પૂરતો આશ્રય આપ્યો તેથી મારી ધારણા ફળી.' અગ્રેસર સુધારક તરીકેની કીર્તિથી ૧૯૦૭માં સુરતમાં ભરાએલી 'ઇંડીઅન નૅશનલ સોશિયલ કૉન્ફરન્સ'નું પ્રમુખપદ એમને આપવામાં આવેલું. પોતાનો સમાજસુધારાનો આદર્શ પૂર્ણ બનાવવા એમણે ગુજરાત સંસારસુધારા સમાજ સ્થાપી તેનો પાયો ડૉ. ભાંડારકરના હાથે નખાવ્યો હતો. એમના એક મિત્રના શબ્દોમાં કહીએ તો, 'તેમનું વ્યસન કહો, શૉખ કહો, આનંદ કહો, ગમે તે કહો, તો તે કામ કામ ને કામ જ હતું'

લેખક · દેસાઈ વાલજી ગોવિંદજી

ગુજરાતનું મહિમ્નઃસ્તોત્ર



ગુર્જરદેશ ભરતખંડના પશ્ચિમ સમુદ્રકાંઠાનો મહત્ત્વનો અંશ રોકીને રહેલો છે. આ અનુકૂળ સ્થિતિને કારણે ઇતિહાસના પ્રભાતથી જ એના વેપારવણજ તથા ઉદ્યોગને સારુ એ પ્રખ્યાત છે.

જાતકમાં એવી વાત છે, કે બુદ્ધ એના એક પૂર્વજન્મમાં ભરુકચ્છ(ભરૂચ)માં મોટા વહાણવટીને ઘેર જન્મ્યા હતા. બીજી વાતમાં ભરુકચ્છના વણિક સુવર્ણભૂમિ જાતા હતા ત્યાં એની નાવ વચ્ચે ભાંગી ગઈ હતી એમ આવે છે. ઈશુ પછી બીજા શતકમાં પેરિપ્લુસનો કર્તા ભરૂચ આવ્યો હતો, જે પશ્ચિમના દેશો સાથે વેપાર ખેડનારાં હિંદી બંદરોમાં સૌથી વધારે પ્રસિદ્ધ હતું. ભરૂચ તથા સિન્ધુ વચ્ચેના ફળદ્રૂપ કાંઠાપ્રદેશને એ સુરાષ્ટ્ર નામ આપે છે. આ પ્રદેશનો વેપાર જબરો હતો, અને એની નિકાસમાં મલમલનો સમાવેશ હતો. 'રાતા સમુદ્રથી આવતાં વહાણને સરકારી બોમિયાહોડી મળતી, અને જ્યાં નર્મદામાં ચડી આવતી ભરતી ઓછામાં ઓછી ભયંકર હતી એવે ઠેકાણે નિયમિત કુંડમાં તે સંગરાતાં. હિન્દી વહાણવટાએ કરેલી પ્રગતિનો આ એક વધુ પુરાવો છે'(રોલિન્સન). સં. ૬૫૯માં સિંહપુર(સીહોર)ના રાજકુમાર વિજયના નેતૃત્વ નીચે ગુજરાતી જાવાને પશ્ચિમકાંઠે જઈ ને વસ્યા હતા, તે નવમા તથા દશમા શતકમાં અત્યંત પ્રભાવશાળી બન્યા હતા. સં. ૬૮૬માં ચીનો જાત્રાળુ હ્યુએન ત્સાંગ લખે છે કે સુરાષ્ટ્રના લોકો વેપાર કરે છે, માલનાં સાટાં કરે છે અને દરિયો ખેડીને પોતાનો નિર્વાહ ચલાવે છે. સં. ૧૨૦૯માં ઇદ્રિસિ કહે છે કે ભરૂચ ચીન તથા સિન્ધથી આવતાં વહાણોનું સ્ટેશન છે, અને ત્યાંના લોકો ધનવાન તથા સાહસિક વેપારી છે અને વેપાર અર્થે દૂરદૂરના દેશોમાં જાય છે. સં. ૧૬૦૨માં પોર્ચુગીઝ લોકોએ જોયું તો ભરૂચની શેરી એટલી સાંકડી હતી કે એ સવાર હારોહાર પસાર ન થઈ શકે, તો પણ એનો કોટ લિસ્બનના જેવો હતો, એની હવેલીઓ ભવ્ય ઊંચી તથા મૂલ્યવાન્ જાળિયાંવાળી હતી, દાંત તથા શીશમ ઉપરની એની કારીગરી મશહૂર હતી, અને એના વણકરો જગતનું સર્વોત્તમ કાપડ બનાવતા હતા એ જોઈ ને તે લોકોને સાનન્દાશ્ચર્ય થયું હતું. સં. ૧૭૧૬માં મિલ્બર્ન લખે છે કે બંગાળ સહિત દુનિયાના બીજા કોઈ પણ એટલા વિસ્તારવાળા પ્રદેશ કરતાં ભરૂચમાં શ્રીકાર કાપડ વધારે બનતું હતું.

સં. ૧૫૫૬ પહેલાંથી જ અમદાવાદનું રેશમી તથા સુતરાઉ કાપડ અને કિનખાબ ખંભાતથી પરદેશ ચડતાં હતાં અને કાહિરાથી પેકિન લગી એકેએક પૂર્વી દેશાવાડામાં ખપતાં હતાં. મલાયાના દ્વીપમંડળનો જંગલી માણસ શત્રુના હાથમાં આવી જાય તો પોતાના જેટલી ઊંચી અમદાવાદી કાપડની થપી જ્યાં લગી તે સંઘરે નહિ અને શત્રુને ભેટ કરે નહિ ત્યાં લગી એ બંધનમુક્ત નહોતો બની શકતો. આફ્રિકાને કિનારે અમદાવાદી કાપડ ઘણી વાર એની ખરી કીમતથી સો ગણે ભાવે સોનાને સાટે અપાતું. વિશેષમાં બાર્બોસા લખે છે, 'એડનમાં એટલાં બધાં, એટલાં મોટાં તથા અર્બસ્તાન, હબસીનિયા અને મિસરનાં ચૌટાંમાં પહોંચનારા એટલા બધા માલથી ભરેલાં ખંભાતનાં વહાણ આવે છે, કે તેના ઉપર ચડીને આવતા સુતરાઉ કાપડના મોટા ઉપાડનો વિચાર કરવો એ પણ ભયંકર વસ્તુ છે.' સં. ૧૬૭૦માં મિટફોર્ડે અમદાવાદને લંડન શહેર તથા એનાં પરાં જેટલા વિશાળ મોટા શહેર તરીકે વર્ણવ્યું, અને ફ્રિચે લખ્યું: 'અમદાવાદની હવેલીઓ એશિયા કે આફ્રિકામાં કોઈ પણ નગરી સાથે સરખાવી શકાય એવી છે, એની શેરીઓ મોટી તથા પત્થર પાથરેલી છે, એનો વેપાર પ્રચંડ છે (કારણ દસ દસ દિવસે અહિંથી કીમતી માલ ભરીને બસો ગાડાં ખંભાત જાય છે), એના વેપારી શ્રીમંત છે, અને એના કારીગરો કોતરકામ, ચિત્રકામ, ભરત તથા મીનાકારીમાં એકા છે.'

સં. ૧૫૯૪માં પોર્ચુગીઝ લોકોએ ખંભાતથી

'દુનિયાનું વસ્ત્ર' એવું નામ આપ્યું. કારણ આખા પૂર્વને તથા પશ્ચિમના લોકોના મોટા ભાગને ઢાંકે એટલું કાપડ ત્યાંથી ચડતું હતું. સર ટૉમસ રો ઈ.સ. ૧૬૭૧માં હિન્દુસ્તાન આવ્યો તે તેની રોજનિશામાં લખે છે કે 'સાકોટ્રાનો રાજા તથા એની પ્રજા જે કાપડ પહેરે છે તે ગુજરાતી લોકોએ આણેલો સુરતનો માલ હોય છે.' સં. ૧૭૪૫માં ઑવિંગ્ટન સુરતને 'હિન્દી સામ્રાજ્યનું સૌથી પ્રખ્યાત વેપારધામ' એમ વર્ણવે છે, અને સં. ૧૭૫૧માં કેરેરી કહે છે કે 'સુરત હિન્દનું મુખ્ય બજાર (પ્રાઈમ માર્ટ) છે, જગતની સર્વ પ્રજાઓ ત્યાં વેપાર કરે છે; અને હિન્દી મહાસાગર ખેડતું એક વહાણ નથી હોતું. જે સુરતમાં માલ વેચવા, લેવા કે ભરવા આવતું ન હોય.'

પીરાર્ડ કહે છે, કે 'કેઇપ ઑવ ગુડ હોપથી તે ચીન લગી એકેએક માણસ, સ્ત્રી તથા પુરુષ, હિન્દી શાળ ઉપરથી ઉતરેલું કાપડ માથાથી તે પગના પોંચા લગી પહેરે છે.' અને આ વેપારનો સિંહભાગ ગુજરાતને હાથ આવતો, એટલે ઈસ્ટ ઇંડિયા કંપનીને મિલવર્ડે લખ્યું હતું કે 'આ ગુજરાતી આપણા વેપારમાં આપણા મોટા શત્રુ છે' ('These Gusserats were great enemies to us in our business').

ગુજરાત વેપાર તથા ઉદ્યોગમાં મહાન્ હોય તે તો સ્વાભાવિક છે. પણ માનવપ્રવૃત્તિના બીજા પ્રદેશોમાં પણ ગુજરાતની બલિહારી છે. ગુજરાતની વાસ્તુકળા જોવી હોય તો આબૂ, અમદાવાદ, શત્રુંજય અને બીજે અનેક સ્થળે તેનાં દર્શન થાય છે. ગુજરાતની ચિત્રકળા વસન્તવિલાસનાં તથા બીજાં ચિત્રોમાં વ્યક્ત થયેલી છે. સંગીતમાં ગુર્જરગવૈયા બૈજુ બાવરાનું ગાયન શ્રોતાઓને પણ વ્યાકુળ બનાવતું હતું, અને દીપકરાગથી સળગી ઉઠેલા તાનસેનનો તાપ ગુજરાતની કુલાંગનાના કોકિલકંઠમાંથી નિકળેલા મધુરા શાન્તિપાઠથી શમ્યો હતો.

કવિતા તપાસિએ તો ઉત્તર ગુજરાતની રાજધાની ભિન્નમાળના માઘે શિશુપાલવધ લખ્યું, જે પાંચ મહાકાવ્યમાંનું એક ગણાય છે, અને જેના નાયક દ્વારકાનાથ શ્રીકૃષ્ણ છે. માઘ પછી સં. ૭૦૦ લગભગ વલ્લભીમાં ભટ્ટિ થઈ ગયા, જેના રાવણવધ કાવ્યમાં રામકથા કહી છે અને સાથે સાથે વ્યાકરણના નિયમના

ગુર્જરભૂમિ

(ઉપજાતિ)

પંચાસરે પથ્થર જે પડેલા
તે પ્રોઇ જોવા ભૃગુકચ્છનીરે
દ્વારામતી, સુરત, પ્રાચીતીરે
પાવાગઢે રૈવતકે જડેલા.
જ્યાં જોઉં ત્યાં શા ઇતિહાસરેલા!
વળા, વિરાટે, વઢવાણ, ઇડરે,
ચન્દ્રાવતી, પાટણ, સ્તંભતીર્થે
કર્ણાવતીના કનકે રસેલા.
વાણિજ્ય ને વસ્ત્રતણી વસુંધરા
નૌશાસ્ત્રની હે જનની! વિશંભરા!
સંયોગિભૂમિ બહુ સંસ્કૃતિની
ઉદ્યોગ સાહિત્ય કલાકૃતિની
તારા થકી ઉજ્જવલ હિન્દમાત
ફૂટી રહ્યું ઉન્નત જ્યાં પ્રભાત.

૨

(શિખરિણી-સ્રગ્ધરા)

મને વ્હાલી વ્હાલી સમદરસખી ગુર્જરભૂમિ
નમું, વંદું સ્નેહે, ચરણરજ એની લઉં ચૂમી;
મહી, તાપી, રેવા, સરલહૃદયા સાબરમતી
નદીની ખોળોથી લલિત લટકાળી રસવતી.
નિહાળું શોભા હૂં પવનગઢ ને રૈવતકની
પ્રતાપી આબુની, રિપુવિજય ને ઇલ્વગઢની;
લહૂં રિદ્ધિસિદ્ધિ વણિજરચના રાજનગરે,
કરાંચી, મુંબાઈ, બૃહદ પથરાઇ પુરપુરે.
કપાસે કાલાંએ કમનીય કલા કાનમ તણી,
તુવેરોના થોકે હરિતકપિશા ચારુતરની,
ઘઉંક્ષેત્રો લીલાં લથબથ લસે ભાલપટમાં,
ગણાવું સૌરાષ્ટ્રે રસકસકથા કેટલીક, મા!
તું પે ધેલો હળેલો સમદર સલુણો મૌક્તિકોને ઉછાળે
તારી સમૃદ્ધિછોળે ગત યુગ ગરવો વર્તમાને ય ડોલે.

રામપ્રસાદ શુક્લ

વિરાટ-વિરાટનગર (ધોળકા); કર્ણાવતી-અમદાવાદ; પવનગઢ-પાવાગઢ; રૈવતક-ગિરનાર; રિપુવિજય-શત્રુંજય; ઇલ્વગઢ-ઈડર; હરિતકપિશા-લીલી અને તામ્રવર્ણી.

દાખલા આપ્યા છે:

काव्यमिदं रचितं मया वलभ्यां
श्रीधरसेननरेन्द्रपालितायाम् ॥ २२-३५॥

આના લેખક ભટ્ટ સિગના વખતમાં, એટલે સં. ૭૫૦ લગભગ વલભીની પ્રતિષ્ઠા નાલન્દા કરતાં ઓછી નહોતી અને આજ જેમ કોઈ કાશી ભણવા જાય તેમ એવો પણ સમય હતો કે જ્યારે ગંગા-યમુનાની અન્તર્વેદીથીયે લોકો સુરાષ્ટ્રમાં વલભી(=વળા) ભણવા આવતા.

આઠમા શતકમાં થઈ ગયેલા અલંકારશાસ્ત્રી વામનના કહેવા પ્રમાણે, વૈદર્ભી, ગૌડી અને પાંચાલી એમ ત્રણ રીતિ અર્થાત્ કાવ્યશૈલી હોય છે. આ ત્રણમાં સરસ્વતીકંઠાભરણકાર ભોજરાજ બીજી ત્રણ ઉમેરે છે, જેમાં એક લાટી એટલે દક્ષિણ ગુજરાતની રીતિ છે: એટલે લાટમાં સંસ્કૃત કવિઓ ત્યારે બહુ પાક્યા હશે એમ જણાય છે. મમ્મટના કાવ્યપ્રકાશમાં ત્રણ જ રીતનો ઉલ્લેખ છે, પણ એણે યે લાટાનુપ્રાસ તો વર્ણવ્યો છે.

અગિયારમા શતકમાં આનન્દપુર(વડનગર)માં વાજસનેયી સંહિતાના ભાષ્યકાર ઉવટાચાર્ય થઈ ગયા એટલે વેદાભ્યાસમાં એ સાયણના પુરોગામી હતા. અને સં. ૧૧૪૫ તથા ૧૨૨૯ વચ્ચે આચાર્ય હેમચન્દ્ર થઈ ગયા, જેના જેવો સંસ્કૃતનો પંડિત ગુજરાતમાં કદાચ કદાપિ નહિ થયો હોય અને જેણે સંસ્કૃતમાં વ્યાકરણ, કોશ, અલંકારશાસ્ત્ર, છન્દઃશાસ્ત્ર, યોગશાસ્ત્ર, જૈનપુરાણ તથા ગુજરાતના ઇતિહાસની રચના કરી. એના સમકાલીન વાગ્ભટે પણ અલંકારશાસ્ત્ર લખ્યું છે.

તેરમા શતકમાં કીર્તિકૌમુદી તથા સુરથોત્સવના કર્તા સોમેશ્વરદેવ અને બાલભારતકાર અમરચન્દ્રસૂરિ થઈ ગયા.

સં. ૧૨૧૬માં માણિક્યચન્દ્રે કાવ્યપ્રકાશની સંકેત ટીકા લખી, જે એ ગ્રન્થની ટીકાઓમાં જૂનામાં જૂની છે. ચૌદમા શતકમાં મેરુતુંગે પ્રબન્ધચિન્તામણિ રચ્યો. સત્તરમા શતકમાં દેવવિમલગણિએ હીરસૌભાગ્યમ્ નામે હીરવિજયસૂરિનું ચરિત્ર લખ્યું, જેમાં ગુજરાતની સરસ પ્રશંસા છે.

ગુજરાતે શૂરા લડવૈયાને પણ પોષ્યા છે. મહાભારત-યુદ્ધમાં બેય પક્ષે શ્રીકૃષ્ણની સહાયતા માગી, એટલે પોતાના પ્રભુ કૃષ્ણ જેવા જ બળવાન તથા બહાદુર એક અબુદ સૌરાષ્ટ્રસૈનિક હાર્દિક્ય કૃતવર્માના હાથ નીચે દુર્યોધનને પડખે ઝૂઝ્યા, અને સાત્યકિના સેના-પતિપણા નીચે એક અક્ષૌહિણી કાઠિયાવાડી સૈનિક પાંડવોને પક્ષે લડ્યા. અઢાર અક્ષૌહિણી સૈનિકોએ કુરુક્ષેત્રને પોતાનું જીવનરક્ત પાયું, તેમાંથી બે અક્ષૌહિણી દ્વારિકાના રાજ્યમાંથી આવેલી હતી. અને ચાણક્યે નોંધ્યું છે, કે સુરાષ્ટ્રવાસીઓ શસ્ત્ર ચલાવીને પોતાની આજીવિકા ઊભી કરનારા હોય છે (सौराष्ट्रा वार्ताशस्त्रोपजीविन: ।).

પણ સૌથી મોટી વાત તો એ છે, જે ગુજરાત રામરતનધનમાં ધનાઢ્ય છે. કૃષ્ણ જન્મ્યા ભલે મથુરામાં પણ એનો જન્મારો તો દ્વારકામાં જ ગયો, અને એણે બોધ કર્યો કે માણસે નિષ્કામભાવે કર્મ કર્યા કરવું, અને સજ્જનનો બચાવ થાય તથા દુર્જન ઉપર અંકુશ રહે, ટૂંકામાં ધર્મની સંસ્થાપના થાય એટલા માટે સતત પ્રયત્નવાન્ રહેવું:

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय तस्माद्युध्यस्व भारत ॥

મધ્યકાળ નિરખિએ છિએ તો અકબરી દરબારમાં અનાથ પશુઓના પક્ષકાર જૈન સાધુ હીરવિજયસૂરિ ઉપર આપણી આંખ ઠરે છે. કાલ સવારે દયાનન્દ સરસ્વતી થઈ ગયા, જેના જેવો દ્રષ્ટા આદરિ પછીના બે હજાર વર્ષમાં સનાતન હિન્દુધર્મીઓમાં થયો નહોતો અને આપણાં અહોભાગ્ય કે સત્યનારાયણના પરમ ઉપાસક ગાંધીજી હજી આપણી વચ્ચે બિરાજે છે, અને વિનાશોન્મુખ જગતની બૂડતી બેડલી કેમ કરીને તરી જાય એના ઉપાય ચીંધે છે.

(હરિપુરા મહાસભાના 'ભોમિયા' સારૂ લખેલું પ્રકરણ).

'એક ડિશ ધારી આવે!'

'આવે!' કહી હોટલના છોકરાએ ટેબલ પર ધારી મૂકી.

'એક ડિશ મગજ આવે, એક ડિશ પાતરાં ને એક ડિશ ફુધિયું આવે!'

છોકરાએ એ પણ મૂક્યું. એ ખાઇ રહ્યા પછી: 'પાશેર બાસુદી પુરી ને એક ડિશ મિક્સ ભજિયાં!'

એ આવી જતાં: 'હવે એક મસાલાનું દૂધ, પછી થોડી વાર રહીને ઓવલટાઈન.'

બધું આવ્યું, આરોગાઇ ગયું, પછી: 'હવે બિલ સારૂ—


'મહેતાજીને બોલાવું?' છોકરાએ પ્રશ્ન કર્યો.

'ના, પોલીસને બોલાવ; મારી પાસે પૈસા નથી.'

गगनेन्द्रनाथ ठाकुरनां बे चित्रो

જે બે ચિત્રોનું સૌંદર્ય-રહસ્ય આ લેખમાં કાકાસાહેબ સમજાવે છે તે આ અંક માટે છાપવાની અનુમતિ 'મૉડર્ન રીવ્યુ'ના તંત્રી શ્રી રામાનંદ બાબુએ ઉદાર ભાવે આપેલી; પરંતુ 'બંદી પ્રકાશ'ના બ્લૉકો ખરાબ થઈ ગયા હોવાથી માત્ર 'પદ્મિની'નું જ ચિત્ર આ અંકમાં આપી શકાયું છે.

બંગાળી શૈલીના ચિત્રકારોમાં શ્રી ગગનેન્દ્રનાથ ઠાકુરનું વ્યક્તિત્વ કાંઈક વિશેષ પ્રકારે તરી આવે છે. સૉક્રેટીસ વિષે કહેવાય છે કે ગગનવિહારી ફિલસૂફીને એણે ધરતી પર વિચરતી કરી. બંગાળી શૈલીનાં હાડમાંસ વગરનાં ચિત્રોમાં ગગનેન્દ્રનાથે માનુષતા આણેલી દેખાય છે. બંગાળી શૈલીના સારા અંશો તો એનામાં છે જ; પણ સામાજિક વૃત્તિનો માણસ પોતાના સમાનશીલોમાં હરેફરે તેમ ગગનેન્દ્રનાં ચિત્રોમાં પ્રાકૃતિક ભાવો આવી શકે છે.



બંદી પ્રકાશ

ઈ. ૧૯૨૬ના ઑગસ્ટ મહિનાના 'મૉર્ડન રીવ્યૂ'માં 'Captive Light' કરીને એક ચિત્ર છે તે તમે જોયું છે? મને તો એ ચિત્ર એક અપૂર્વ ક્ષેત્રની આગાહી જેવું લાગ્યું છે. કલાકો સુધી જોયા કરું તો યે એમાં નવુંનવું મળે છે. આવા ચિત્રમાં પણ કાવ્ય હોઈ શકે છે અને તે દુનિયા આગળ રજૂ કરવા જેવું પણ હોય છે એમ એને સૂઝ્યું, એ જ એની પ્રતિભાની ધૃષ્ટતા સૂચવે છે. ગિરનાર જતાં અર્ધે રસ્તે ઉપરકોટ કરીને જૈનોનું એક સ્થાન છે. ત્યાં કેટલાંક ભોંયરાં મેં જોયાં છે. ખંભાતમાં પણ અમુક જાતનાં ભોંયરાં જોએલાં. ગુજરાત બહાર જોએલાં ભોંયરાંની તો વાત જ નથી કરતો. એ ભોંયરાં જોઈને જે ભાવ મનમાં પેદા થએલા તેનું સ્મરણ આ ચિત્રે કરાવ્યું.

ચિત્રના રૂપમાં જેટલી ખૂબી છે તેટલી જ એના નામમાં પણ છે. પ્રકાશ એ વસ્તુ જ નિત્યસ્વતંત્ર છે. એને કોઈ બંદીવાન ન કરી શકે. કોઈ બંધન નાખવા જાય તો બાપુજી જેમ રાષ્ટ્રીય મહાસભામાંથી આબાદ ખસી ગયા તેમ પ્રકાશ અનાયાસે પોતાના રશ્મિઓને સમેટી લે છે. પણ આ ચિત્રમાં તો પ્રકાશ જરૂર બંદીવાન થયો લાગે છે. Captive Light એ શબ્દો વાંચતાં વેંત મને બાયરનની નીચલી લીટીઓ યાદ આવી:

There are seven pillars of Gothic mould,
In Chillon's dungeons deep and old,
There are seven columns, massy and gray,
Dim with a dull imprison'd ray,
A sunbeam which hath lost its way,
And through the crevice and the cleft
Of the thick wall is fallen and left,
Creeping o'er the floor so damp
Like a marsh's meteor lamp.

હવે આ ચિત્ર જરા તપાસીએ. એની આડીઅવળી દિવાલો, અનેક દિશાએ દોડતાં પગથિયાંઓ અને પ્રકાશના થતા જાતજાતના ખૂણાઓ, મોગલ સામ્રાજ્યની અથવા પેશ્વાઓના દરબારની ખટપટ જેવા લાગે છે. આટલી વિવિધતા હોવા છતાં એ ચિત્રમાં એક જાતનું કાર્કશ્ય (Rigidity) છે. એટલે દુનિયા ઉપર ચીડાઈ સંન્યસ્ત થએલા કોઈ ટાયમનને આ સ્થાન શોભે' જિંદગીનું શું કરવું એ નહિ સમજવાથી જિંદગીનો જ ત્યાગ કરી બેઠેલા કોઈ જીવનદ્રોહીને આ કારાગ્રહ આનંદ-ધામ જેવું લાગે, અથવા કોઈ મહા ભયથી ભયભીત થએલા જીવનલોભીને આ સ્થાન આશ્રય જેવું જરૂર લાગે. એકાગ્રતાથી કોઈ દીર્ઘકાલિક કાર્ય કરવા માગનારને તેમજ દુનિયાના વિક્ષેપથી અકળાઈ ગએલાને આવા સ્થાનમાં રહેવું ગમે.

બીજી એક ક્ષણે આ ચિત્ર જોતાં મને એમ થયું કે કોઈ અંદરથી સડેલા અને બહારથી અત્યંત સંસ્કારિતા અને ટાપટીપ બતાવનાર સમાજનું જ આ એક ચિત્ર છે. કેટલું દુર્દૈવ કે જેમને જીવતંનું રહસ્ય જડ્યું છે તેઓ બહારની સુઘડતા વિષે આજ સુધી બેદરકાર રહ્યા છે. અને જેઓ અનાચારમાં રીઢા થયા છે તેઓ બહારની સંસ્કારિતા, ભાષાની સફાઈ અને વર્તનના ઔચિત્ય પાછળ પોતાનાં કૃષ્ણ કૃત્યો અને હીન જીવન ઢાંકતા આવ્યા છે. આ બંને છેડાને જુદીજુદી રીતે આ સ્થાન પસંદ પડે એવું દેખાય છે.

આ ચિત્ર જેટલું બતાવે છે એના કરતાં વધારે સૂચન કરે છે. ડાબી બાજુએ પગથિયાં જરાક ચડે છે, અને આગળ જઓ દિશા ફેરવી બાજુના લોઢાના કઠેડા સાથે ક્યાંક ઉપર લઈ જાય છે. જ્યારે છેક જમણી બાજુએ, કમાનની પેલી પાર, એકદમ ક્યાંકથી ઉપરથી નીચે પ્રકાશ પડેલો દેખાય છે. એની પાછળ પાછળ જવાનું મન થાય. ચિત્રની તળેટીમાં જે પગથિયાં દેખાય છે તે ઉપરથી આપણને થાય છે કે કોણ જાણે આ ભોંયરું હજી યે કેટલું નીચે હશે! જ્યાં પ્રકાશ પણ જવાની હિંમત નથી કરતો ત્યાં જતાં કલ્પનાને પણ બીક લાગે એ સ્વભાવિક છે.

ચિત્રની વચ્ચોવચ દિવાલનો કાળો પટ્ટો ચિત્રની એકરૂપતા જાળવવા છતાં ચિત્રને વિભક્ત કરે છે. ઘણાં ચિત્રોમાં ધ્યાનનું એકાગ્ર બિંદુ એ આવશ્યક વસ્તુ હોય છે. આ ચિત્રમાં થતી, અહીં જોવું કે અહીં જોવું કે અહીં જોવું એવી મૂંઝવણ એ જ તેના વાતાવરણની દ્યોતક છે. આટલાં બધાં બારણાંઓ, આટલા ગોખલાઓ ઓટલાઓ અને કમાનો જેણે સર્જ્યાં તે માણસનું મન કેટલું છિન્નભિન્ન અસ્વસ્થ અને પ્રપંચી હોવું જોઈએ! આવે ઠેકાણે પણ પ્રકાશ અલિપ્તભાવે અંદર આવી પોતાનું કાર્ય કર્યે જાય છે. પ્રકાશ પોતે પીડા સહન કરી સેવા-ધર્મ બજાવી રહ્યો છે; એ જોઈ ઈશ્વરના આપભોગનું સ્મરણ થાય છે. માનવની કુટિલતા અને ઈશ્વરની ધીરજવાળી કારુણિકતા બંનેની જાણે અહીં હરીફાઈ ચાલે છે. આ મૂકચિત્ર દ્વારા ગગનેન્દ્રનાથે કેટલી વિવિધ વાતો કરી છે!



ઉદયસાગર અવલોકતી પદ્મિની

સપ્ટેમ્બર '૨૬ના 'મૉડર્ન રીવ્યૂમાં' ઉદયસાગર પર દૃષ્ટિ ફેંકતી પદ્મિનીનું ચિત્ર આપેલું છે. આ ચિત્ર પણ ગગનેન્દ્રનાથની સમર્થ કૃતિ છે. ભવ્યતા એ આ ચિત્રનો મુખ્ય સૂર છે.-સૂચકતા એ એનો પ્રાણ છે. પહાડ જેવી દિવાલની એક બારીમાંથી કેવડો મોટો આકાશખંડ એમાં બતાવ્યો છે! સાન્તમાંથી અનન્ત તો આમ જ બતાવાય. ઉદયસાગરનો મોટો પહોળો ભાગ બતાવી એની વિશાળતા નથી સૂચવી, પણ એનો અત્યલ્પ ભાગ અને દૂરનું ક્ષિતિજ બતાવી સૂચનની પરાકાષ્ઠા કરી છે. આટલો મોટો પ્રકાશ પણ તે અંદર આવતાં ડરે છે. 'બંધન કોને ગમે?' એમ જ જાણે કહેતો હોય એવી રીતે અંદરના પગથીઆ ઉપરનો પ્રકાશ બતાવેલો છે. બહાર બધે પ્રકાશ અને અંદર સાવ અંધારું. આ બે સંયોગભૂમિ ઉપર પદ્મિની ઊભી છે. ચિત્રમાં પદ્મિની કાઠી છે નાની પણ એ કદાવર હોય એમ દેખાડ્યું છે. સીધા કાળા વાળ અને ધોળી સાડી એ સૌંદર્ય સાથે પાવિત્ર્ય સૂચવે છે. પદ્મિનીને રૂપાળી બનાવવાનો અહીં જરા યે પ્રયત્ન નથી કર્યો. પદ્મિની એટલે સૌંદર્યની મૂર્તિ, એની સુંદરતા પ્રગટ કરવાનો વળી પ્રયત્ન કેવો? પણ આ ચિત્રની ખૂબી તો એના પ્રકાશ ને અંધારાનાં પ્રમાણ અને રચનામાં છે. ચિત્રમાં મહત્ત્વ પદ્મિનીને નથી એમ નથી; પણ દૃષ્ટિ ચિત્રમાં બધે ફરીને પદ્મિની ઉપર ઠરતી નથી પરંતુ એના માથા ઉપર જે વિશાળ, નિરાકાર આકાશ ફેલાએલું છે તે જ આપણું ધ્યાન ખેંચે છે. સતી ગમે તેટલી રૂપવંતી હોય તો યે દૃષ્ટિ એ રૂપ ઉપર ઠરી જવાની હિંમત કરતી નથી. માણસ સતીને જુએ કે તરત જ એને થાય છે કે આટલા પાવિત્ર્ય ઉપર ઠરી જવાની દૃષ્ટિની લાયકાત જ નથી. અને દૃષ્ટિ ત્યાંથી ઝટ ખસી જાય છે. એ જ ભાવ આ ચિત્રમાં છે.

આ વિશાળ બારીની બાજુઓ સરખી નથી. એક સીધો છે, તો બીજી વાંકો છે. બધી બાજુની સમાનતા અને વ્યવસ્થિત રચના એ અલ્પમાં જરૂરનું ભલે હોય, વિશાળને એવી મર્યાદાની જરૂર નથી. વિશાળ એ પોતાની વિશાળતાથી જ સ્વયંસિદ્ધ છે. સુંદર છે. એનું અસ્તિત્વ જ ઔચિત્યપૂર્ણ હોય છે.

'સમરથ કો નહીં દોષ ગુસાંઈ'.

दत्तात्रेय बालकृष्ण कालेलकर


(ઇ. ૧૯૨૬ના વખતના એક કાગળમાંથી)

('ગગનેન્દ્રનાથ અને એમની કળા' વિષે આ અંકની માધુકરી જુઓ)

એક આયરિશ સૈનિકને ફ્રાન્સની રણભૂમિ પર પત્નીનો કાગળ આવ્યો કે, 'બધા લડાઈમાં જોડાઇ જતા હોવાથી ખેતર ખોદવા કોઇ નથી મળતો'

જવાબમાં આયરિશમૅને કાગળ લખ્યો, 'જોજે, ખેતર ખોદતી! બધો દારૂગોળો ત્યાં જ દાટેલો છે'

સેન્સરમાં એ કાગળ વંચાયો ને થોડા વખતમાં તો ખાખી પોશાકમાં પાવડા કોદાળીથી સજ્જ સૈનિકોની આખી ટુકડી આવી પહોંચી ને એક છેડાથી બીજા છેડા સુધી આખું ખેતર ખોદી નાખ્યું. દારૂગોળો તો હોય તો મળેને? એ તો ખેતર ખોદાવી કાઢવાની યુક્તિ હતી!



ઉદયસાગર પર પદ્મિની (ચિત્રકાર : સ્વ. ગગનેન્દ્રનાથ ઠાકુર) ચિત્ર અને ચિત્રકારના પરિચય માટે જુઓ આ અંકમાંના બે લેખો

PADMINI LOOKING AT UDAYSAGAR

Prabasi Press, Calcutta

By Gaganendranath Tagore



પદ્મિની (ઇચિંગ) કલાકાર · શ્રી યજ્ઞેશ્વર શુક્લ

શ્રી શુક્લની કળાનો પરિચય 'કુમાર'ને ૧૦૦મા અંકથી પણ પહેલાંનો છે. તે ઈટલીની સ્કૉલરશિપ પામી ત્યાં અભ્યાસ કરવા ગયા હતા તે ખબર પણ 'કુમાર'માં આપી ચૂકયા છીએ. ઇશ્વરકૃપાથી યુદ્ધવિસ્તારની પહેલાં તે હિંદમાં પાછા આવી ગયા અને મુંબાઈની ચિત્રશાળામાં પહેલાંની પોતાની અધ્યાપકની જગ્યા ઉપર પાછા નિયત થઈ ગયા છે. ઈટલીના નિવાસવર્ષે દરમિયાન તેમણે એ દેશનો બની શકયો તેટલો પરિચય મેળવ્યો છે અને કળાના ક્ષેત્રમાં પોતાનાં જ્ઞાન અને તાલીમ અનેકગણાં સમૃદ્ધ કર્યાં છે. ઈટલીના સર્વોચ્ચ કલાકારોના ફ્રેસ્કો (ભિત્તિચિત્રો)ની પદ્ધતિઓનું નિરીક્ષણ અને અભ્યાસ કરવા ઉપરાંત તેમણે યુરોપમાં વિશિષ્ટ કલા ગણાતી 'ઇચિંગ'નો હુન્નર પણ જાણી લીધો છે. ઇચિંગ ત્રાંબાની પ્લેટ ઉપર કલાકારે પોતે ધાતુની અણીથી ઓતરેલું ચિત્રકામ જ છે; અને તે પર ખાસ શાહી લગાડી યોગ્ય ક્રિયાઓ સાચવી હાથેથી જ કાગળ પર છાપ લેવામાં આવે છે. આ છાપની ગણત્રી અસલચિત્રમાં થાય છે; પણ કિંમતમાં તે ઓછી હોવાથી અસલ નહિ ખરીદી શકનારા તેનો સંગ્રહ કરે છે. નકલો પણ બહુ જ થોડી ઊતરે છે. ઓછામાં ઓછી એક ગીનીથી પંદર ગીની સુધી કે વધારે તેની કિંમત પડે છે. જેમ સમય લંબાય તેમ તેમાં વધારો પણ થાય છે. હિંદમાં આજે 'ઇચિંગ' જાણનારા તરીકે કલકત્તાના કલાકાર શ્રી મુકુલચંદ્ર દે અને લાહોરના કલાકાર શ્રી ચુઘતાઈ માત્ર જાણીતા છે.

બાલકાવ્યશાસ્ત્રપ્રવેશિકા

એક સર્વસુલભ થઈ પડેલા સાહિત્યક્ષેત્રની ટોળ કરતો નર્મલેખ



કોઈ પણ વસ્તુ એકવાર શરુ થયા પછી તેને જીવાડવી હોય અને વિકસાવવી હોય તો તેની રચના, તેનું આંતરતત્ત્વ, બાહ્ય સ્વરૂપ વગેરેનો શાસ્ત્રીય અભ્યાસ તરત થવો જોઇએ, અને તેવા અભ્યાસના નીચોડ રૂપે એ વસ્તુનું શાસ્ત્ર લખાવું જોઇએ. વસ્તુમાંથી તેનું શાસ્ત્ર જન્મે અને તે શાસ્ત્ર ફરી વસ્તુને પોષે, વિકસાવે. ભાષાની પાછળ તેનું શાસ્ત્ર એટલે કે વ્યાકરણ આવ્યું, કાવ્યની પાછળ તેનું શાસ્ત્ર એટલે કે અલંકાર-શાસ્ત્ર લખાયું. ગુજરાતી સાહિત્યમાં કાવ્યશાસ્ત્ર વિષે ઘણી ચોપડીઓ લખાઈ છે. પણ તેમાંની એકેયમાં બાલકાવ્યની મીમાંસા થઇ મેં જાણી નથી. મારા એક વિવેચક મિત્ર જેને બાલકાવ્યો કદિ ગમતાં નથી તેને મેં આ હકીકતનું કારણ પૂછ્યું હતું. તેણે એના જવાબમાં કહેલું કે એવા કાવ્યને 'બાલકાવ્ય' શબ્દ-માંના 'કાવ્ય' શબ્દ સાથે કશો સંબંધ નથી હોતો. એ શબ્દ તો માત્ર એના પદ્ય સ્વરૂપનો સૂચક જ છે. કાવ્યમીમાંસકોને જો 'બાલકાવ્ય' વિષે લખવા કહેવું તો પછી કેળવણીકારોને કેળવણીમાં ચામડાંની 'કેળવણી' વિષે લખવાનું શા માટે ન કહેવું? બન્ને વસ્તુ સરખી જ બેહૂદી છે. તેથી કાવ્યશાસ્ત્રમાં કારિકાઓ કે બાલકાવ્યને સ્થાન ન હોઇ શકે. એનો આ જવાબ મને ન રુચ્યો. ન જ રુચે; હું પોતે પણ સારો એવો બાલકવિ છું. (એ તો આ લેખ જ બતાવશે.) મતલબ, બાલકાવ્ય એ કાવ્ય જ નથી એમ માનવાની ધૃષ્ટતા કાવ્યમીમાંસકો કરતા હોય એમ લાગે છે. એ લોકો એમ ભલે કરે. આપણે બાલકવિઓ બાલકાવ્યોનું શાસ્ત્ર ઊભું કરવા સમર્થ છીએ. એના પુરાવા રૂપે આ 'બાલકાવ્યશાસ્ત્રપ્રવેશિકા' હું બાલકવિઓ સમક્ષ ધરવા તૈયાર થયો છું. આ નાનકડા નિબંધની પાછળ બીજી મહાન મીમાંસાઓ પણ લખાશે એવી મારી ખાતરી છે! અસ્તુ.

પ્રસ્તાવના જરા લાંબી થઇ ગઇ. હવે ઝટ મૂળ વસ્તુ પર આવું. બાલકાવ્યો મુખ્ય બે જાતનાં છે: (૧) બાલકો માટે લખાએલાં કાવ્યો (૨) બાલિશ કાવ્યો. પહેલી જાતનાં કાવ્યોના બે પેટા વિભાગો છે. આ રીતે થએલા એકંદર ત્રણ પ્રકારને હવે એક પછી એક લઇ સમજાવું.

૧. અ. પહેલી જાતનાં કાવ્યોમાં આ પેટા વિભાગ છે. તેમાં બાલકો માટે લખાએલાં વાર્તા-કાવ્યોનો સમાવેશ થાય. એ વાર્તા નાના બાબુ વિષે, ગધેડા વિષે, વાંદરા વિષે, ઘરડી ડોશી વિષે, આમ ઘણાંને વિષે હોઇ શકે. એમાં એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું કે વાંદરા કે ગધેડાને કાવ્યમાં 'ભાઇ' અથવા 'જી' શબ્દ લગાડવો. વળી માણસ કરે તેવાં કામો આ પ્રાણીઓ પાસે કરાવવાં. લીટીઓનો પ્રાસ તો મળવો જ જોઇએ. પણ કાવ્ય ગેય હોવાની જરૂર નથી. નીચે એક નમૂનો આપું છું:

નાના સરખા વાનરજી ને મોટું એને પુચ્છ,
નાકે ચશ્માં પહેરી ફરતા સહુને ગણતા તુચ્છ.
ઘરમાં બાબુ બેઠો બેઠો પાઠો નિજના ગોખે,
પાઠ કરી કંટાળે ત્યારે બેઠો વેંગણ જોખે.
વૃક્ષે બેઠા વાનરજીએ નાકે ચશ્મ ચડાવી
દેખ્યો બાબુ; એવું કરવા બુક લીધી તફડાવી.
વૃક્ષે બેઠા વાંચે વાનર—વાએ ડાળો હીંચે—
વચ્ચે આવ્યું ઝોકું બંદરભાઈ ગબડ્યા નીચે.
નાક દબાયું, ફ્રેમો ભાંગી, કાચ ગયા બે તૂટી,
ચશ્માં તો વસમાં પડિયાં ને આંખ ગઇ બે ફૂટી.
સુરદાસ વાનરજી હાવાં લેશ કંઇ નવ ભાળે,
આખર રખડી રખડી પહોંચ્યા અંધોદ્યોગ નિશાળે

. . .   .

આ પ્રમાણે હજી પણ આ કાવ્યને ઘણું લંબાવી શકાય.

૧. બ. હવે આપણે બાલકો માટે લખાતા બીજા એક પ્રકાર વિષે વિચાર કરીએ. આ વિભાગને આપણે 'જ્ઞાનાત્મક બાલકાવ્યો' કહી શકીએ. એવી ઘણી માહિતી છે કે જે બાળકને આપવા જેવી હોય છે. કૂતરાં, બિલાડાં, ગધેડાં વગેરે પ્રાણીઓની ખાસીઅતો, વૃક્ષો કઈ ઋતુમાં ક્યાં થાય છે તેનું જ્ઞાન, બાળકો બાલમંદિરમાં કે બીજે ક્યાંય જઇ શી હિલચાલ કરે છે તેની નોંધ, આવું ઘણું

બાળકોને કહેવા જેવું હોય છે. એ જો ગદ્ય સ્વરૂપે લખીએ તો બાળકોને યાદ ન રહે. એ જ ગદ્યનું જો પદ્ય કરી બાળકને આપ્યું હોય તો તેઓને એકદમ યાદ રહી જાય. જેમકે આપણે કૂતરાંની ખાસીઅતો લઇએ. હવે જો ગદ્યમાં એ કહેવી હોય તો આમ કહીએ:

‘કૂતરાં બોલે છે તેને ભસવું કહે છે. કૂતરાં સામાન્ય રીતે કોઇ શેઠના મોટા કંપાઉંડમાં આઠ દસ ભેગાં થઈ રહે છે. રાતે ચંદ્ર ઊગ્યા પછી કૂતરાં ખાસ ભસે છે. રાતમાં કંપાઉંડમાં ચોર કે ઢોર ઘુસી જાય તો તેની સામે ધસતાં તે ભસે છે. શિયાળામાં સવારે ઠંડી હોય ત્યારે ધ્રૂજતાં ધ્રૂજતાં તે ભસે છે. કહેવત છે કે ‘હાથીની વાંસે કૂતરાં ભસે.’ અજાણ્યો આવે ત્યારે જાણે કે તેનો સત્કાર કરતાં હોય તેમ એક સામટાં બધાં ભસે છે. કૂતરાનું ભસવું વિરાટના હાસ્ય જેવું લાગે છે.’ વગેરે વગેરે.

હવે આ જ વસ્તુને એકાદ ગદ્ય કાવ્યમાં મૂકી દઇએ તો બાળકો સહેલાઇથી તે યાદ રાખી શકશે અને તે ગાતાંગાતાં કૂતરાં વિષે આટલું બધુ શીખી જશે. “બિલ્લી વાઘ તણી માશી” વગેરે કાવ્યો આવી જાતનાં જ છે. વિરાટ શબ્દ વિષે ખાસ કહેવાનું. કેટલાક એવા શબ્દ છે કે જે વાપરવાથી કાવ્યની કિંમત ઓર વધી જાય છે. ‘વિરાટ’ એવો એક શબ્દ છે. કાવ્યમાં એકાદ આવો શબ્દ મૂકી દેવાથી કાવ્યની કિંમત ઘણી વધી જશે. હવે ઉપર આપેલા ગદ્ય લખાણનું ગાઇ શકાય તેવા કાવ્ય રૂપે પદ્ય કરી આપું:

કૂતરાં ભસે રે, કૂતરાં ભસે રે.
ચાંદની રેલે, શેઠને ડેલે રડતાં ભસે રે—કૂતરાં૦
ચોર જો આવે, ઢોર જો આવે, ધસતાં ભસે રે—કૂતરાં૦
વ્હાણલાં વાયે, ટાઢ જણાયે, ધ્રૂજતાં ભસે રે—કૂતરાં૦
હાથીની વાંસે, એક જ શ્વાસે, દૂરથી ભસે રે—કૂતરાં૦
અજાણ્યા દેખે, સ્વાગત લેખે, સામટાં ભસે રે—કૂતરાં૦
કૂતરાં ભસે રે, જાણે વિરાટ હસે રે—કૂતરાં૦

૨. ત્રીજો અને છેલ્લો પ્રકાર તે બાલિશ કાવ્યોનો. આ જાતનાં કાવ્યો બાળકોના બાલિશ વિચારોને પદ્ય રૂપે રજૂ કરવાનો પ્રયત્ન અને દાવો કરે છે. તેથી સામાન્ય રીતે એવાં કાવ્યો ‘બા’ને સંબોધીને લખાએલાં હોય છે. એવાં કાવ્યોની શરૂઆત પણ લગભગ અચૂક ‘બા’ શબ્દથી શરૂ થાય છે. આવાં કાવ્યો ઘણી જ વાર ગદ્ય સ્વરૂપે લખાએલાં હોય છે, પણ હમણાંહમણાં ગેય કાવ્યોનો પ્રચાર વિશેષ છે. હવે એવા એક બાલિશ કાવ્યનો નમૂનો આપું. મેં જ અન્યત્ર લખેલ એક ગદ્ય બાલ કાવ્યનું આ થોડા ફેરફારવાળું ગેય સ્વરૂપ છે.

બાને તાકીદ

(ખમાજના સૂર)

બા, હવે કરને તું મારી સગાઇ.
કેશુ નાનો બહુ, તો યે એને વહૂ
મારો શો વાંક, મોરી માઇ?
છ છ વરસનો ઢાંઢો હવે હું
વાંઢો મરૂં છું શરમાઇ...... બા, હવે૦
‘ના’ જો કહીશ તું, ગોળો ફોડીશ હું
છો ને તું જાતી ચીડાઈ...... બા, હવે૦

આ પ્રમાણે બાલકાવ્ય વિષે થોડોક શાસ્ત્રીય વિચાર આપણે કર્યો. અત્યાર સુધી વાંચેલાં સાંભળેલાં બાલકાવ્યો પરથી આ વસ્તુઓ મેં તારવી છે. નમૂના સ્વતંત્ર કૃતિઓ છે, પણ તેની પાછળ ગુજરાતના કોઈ ને કોઇ બાલકવિ અથવા કાવ્યની પ્રેરણા રહેલી છે જ. એ બધાનો નામનિર્દેશ કર્યા વગર જ આ સ્થળે આભાર માની લઉં છું, છેલ્લો નમૂનો કવિવર ઠાકુરના ‘શિશુ’માંથી ચોરેલો હશે એમ કોઈ શંકા કરશે. શંકા થાય તેમાં નવાઈ નથી. ગુજરાતમાં હજુ આવાં બાલિશ કાવ્યો ઓછાં લખાયાં છે. બંગાળમાં ટાગોર એવાં કાવ્યોના આદ્ય પ્રણેતા છે. આ છેલ્લું કાવ્ય એમનું નથી; એમનાં કાવ્યોમાંથી પ્રેરણા મળી છે ખરી.


ગુજરાતના બાલકવિઓને ને ખાસ કરી ને બાલકવિ બનવા ઇચ્છતા લોકોને આ લેખ થોડે અંશે પણ માર્ગદર્શક થઇ પડે તો મારી મહેનત સફળ માનીશ.

શિશુશાયર
નટવરલાલ પ્રભુલાલ બુચ

એક મુસાફરઃ અમે જ્યાં હતા ત્યાં એટલી બધી તો ઠંડી હતી કે અમે આંખજ ન મીંચતા. રખે પોપચાં ઠરી જઈને પાછાં ઉઘડે જ નહિ!

બીજો મુસાફરઃ એ તો ઠીક છે. પણ અમે જ્યાં હતા ત્યાં તો શબ્દો પણ મોંમાંથી બહાર પડતાં વેંત એવા એવા જામી જતા કે એ સાંભળવા માટે અમારે તે પેણામાં તળવા પડતા!

પ્રાચીન રોમન ગાડું



જગતનો વ્યવહાર વહેતાં પૈડાં

વાહનવ્યવહારના ઇતિહાસમાં, વાહનના બીજા ભાગ કરતાં પૈડાંનો ઇતિહાસ અનોખો ને બહુવિધ છે. લોકકથાઓ અને પુરાણવાર્તાઓમાં તો તેનું આગળપડતું સ્થાન છે જ; ઉપરાંત, માનવ સંસ્કૃતિના પ્રચાર અને વિસ્તારમાં પણ ગતિ વધારનારાં ચક્રોએ ઘણી કામગરી કરી બતાવી છે.


પૈડું પહેલાં કયા દેશમાં, કેવીરીતે તૈયાર થયું એ બાબતમાં ઇતિહાસલેખકોના બે મત છે. કેટલાક માને છે કે તરાપાને પાણીમાંથી જમીન પર લાવવા કિનારેથી તેની નીચે ગોળ થડીઆં મૂકવાની રીતમાંથી ક્રમેક્રમે પૈડાંનું રૂપ સરજાયું. (જુઓ સાથેના ચિત્રમાંની આકૃતિ ૧). પછીથી, એ ગોળ થડિયાં ધરી પેઠે વાપરીને ઠેલણગાડી જેવું બનાવ્યું.(આકૃતિ ૨). ધીમેધીમે ધરીને કાયમ કરી દેવામાં આવી અને તેમાં કાણું પાડેલું ગોળ ગચિયું પરોવવામાં આવ્યું (આકૃતિ ૩), જે આજ લગી ફરતું રહ્યું છે. ધીરેધીરે એ ગોળાકાર ગચિયાંનું વર્તુળ મોટું થતું ગયું અને તેમાં મજબૂતી માટે લાકડાના આડા ઊભા ઘોકા જડી દેવાવા લાગ્યા, જેણે આરાનું રૂપ લીધું (આકૃતિ ૪). ત્યાં સુધી ધરી ગચિયાંને જોડાએલી જ રહેતી, અને તેની સાથે તે પણ ફરતી. પરંતુ પછીથી કોઇએ બુદ્ધિ દોડાવીને એ કાણું પહોળું કરીને ગચિયાંને તેમાં રમતું કર્યું. એટલે હવે તે ધરીની આસપાસ ફરવા લાગ્યું અને તેની ક્રિયામાં વેગ આવ્યો (આકૃતિ ૫). ત્યાર બાદ પૈડાંને વધારે રમતાં તથા હળવાં કરવા માટે તેમાંથી વધારાનો ભાગ છોલી કાઢી બાકોરાં પાડ્યાં (આકૃતિ ૬); અને એમ કરતાં કરતાં આરાની સંખ્યા વધવા લાગી, ગોળાકારનું દળ ઘટીને પાતળું થવા લાગ્યું, તેના પર લોઢાની વાટો ચડાવવામાં આવી, વગેરે સુધારા થતા ગયા (આકૃતિ ૭). કારીગરી વધતી ગઇ તેમ હળવાં પૈડાં બનતાં આવ્યાં.


બીજાઓ માને છે કે ગોળ થડીઆંઓ ઉપર તરાપો ચડાવી દડતો કર્યો ત્યારથી જ ચાર પૈડાંવાળી ગાડીનો જન્મ થયો છે. એવા ચાર પૈડાંના રથો પ્રાચીન મિસરના હતા. પણ હવે તો, સિંધના મોહેંજો ડેરામાંથી ૫૦૦૦ વર્ષ પહેલાંની એક રમકડાગાડી મળી આવી છે, તેથી મિસર કરતાં યે હિંદની પૈડાંની શોધ જૂની ગણાય એમ છે. એટલે તે વખતે અને તે પહેલાં પણ પૈડાં બનાવવાની ક્રિયા હિંદમાં વધુ પાકી જાણીતી હતી.

વાહનનાં એક પછી એક અનેક રૂપો અને રચના બદલાતાં રહેવા છતાં પૈડાં તો તેમાં શરૂથી કાયમ જ રહ્યાં છે. આપણે ઉપર જોયું તેમ લાકડાનાં ગચિયાંની રગડતી ગાડી (log–roller sled)માંથી ધીમે ધીમે એક પૈડાનું, બે પૈડાંનું, ત્રણનું ને ચારનું વાહન હસ્તીમાં આવ્યું. સાદી કેડી પર ભાર ખેંચી જવામાં એક પૈડાની લારી સુગમ થતી હશે, એટલે તે બધા જ

પૈડાંનો ઉત્તરોત્તર વિકાસ દર્શાવતી આ ચિત્રમાંની આકૃતિઓની સમજણ માટે જુઓ સામેનું કૉલમ







જુદાજુદા યુગોમાં જુદાજુદા દેશોમાં વપરાએલાં વિવિધ વાહનોમાં પૈડાંના પ્રકાર

ગ્રામપ્રદેશોમાં પ્રચાર પામી. ચીનમાં તો હજી યે એક ગાડા જેટલો ભાર એક પૈડાના રેંકડા પર ખેંચી જવાય છે.

જમીન ઉપર તેમ જ પાણીમાં પણ પૈડાંનું કામ આમ સરળ થતું જોઈ ચકોર માણસોએ તેનો પ્રયોગ ચલાવ્યો. પોલાં કરેલાં થડીઆંમાં પ્રથમ જળપ્રવાસ કરતાં અને હલેસાંની ગતિથી દિશા-નિયમન કર્યા પછી સુકાન ચોંટ્યું. એમાંથી પછી નાની તર, તરાપા, સુકાનથી ચાલતાં વહાણો વગેરેનો વારો આવી ગયા બાદ ત્યાં પણ બે બાજુ પાણી કાપનારાં મોટાં ચક્કરોએ જળયાનોમાં સ્થાન જમાવ્યું.

નાશ પામી ગએલી સંસ્કૃતિઓના અવશેષોમાં, એ ભૂતકાળના જમાનાની સચોટ સ્મૃતિ રૂપ આ પૈડાંઓ તો એકેએક દેશમાં આગળપડતાં રહ્યાં છે. પ્રજાઓનો નાશ થાય છે કે તે આમૂલ અદૃશ્ય થાય છે તો પણ કુંભાર કામનું ચક્ર અને વાહનનું પૈડું જવાનાં નથી. આપણી ચારે તરફ માનવજાતિએ ઉપજ્ઞ કરેલા પદાર્થો, કળાસર્જન અને જ્ઞાન જીવંત ભરેલાં છે. તેમની જ શોધો ઉપર આજની શોધનાં મંડાણ છે.

પ્રાચીન કે અર્વાચીન ગમે તે ચીજો જોશો તો ચક્ર-માંથી ફૂટતા આરાની રચનાવાળી નકશીઓ, બારીઓ, યંત્રનાં ચક્રોના નમૂનાનો પાર નથી. આકાશમાં ઊડતા એરોપ્લેનને પણ પૃથ્વી પરથી જતાં અને પાછા ઊતરતાં પૈડાંની જરૂર પડી છે. આખી યે પૃથ્વીમાં ઉપર-નીચે, ઉત્તર-દક્ષિણ પૂર્વ-પશ્ચિમ જ્યાં જુઓ ત્યાં ગોળાકાર ગતિ છે અને જ્યાંથી શરૂઆત છે ત્યાં જ પાછો છેડો છે.

(School Arts Magazineમાં આવેલા એક લેખ ઉપરથી)

દીવનો મનીઑર્ડર

પોસ્ટલ ઇન્સ્પેકટરની જાસૂસી

૧૯૦૫ની સાલમાં દીવનો એક વેપારી વહાણમાં ગોવા જવા નીકળ્યો. તેની સાથે કાઠીઆવાડના કેટલાક ઉતારૂઓ પણ હતા. વહાણ ગોવા પહોંચ્યું હશે એ અરસામાં ગોવા પાસેના વેંગુરલા ગામથી દીવના વેપારીનો ઘર પર તાર આવ્યો કે પૈસાની જરૂર પડી છે માટે તારથી રૂ. ૧૫૦નો મનીઑર્ડર કરો. ઘરનાં માણસોએ ચિંતાતુર થઇને રૂ. ૧૫૦ એકદમ મોકલી આપ્યા. એકાદ મહિને વેપારી ઘેર આવ્યો ત્યારે પહેલું જ બધાએ પૃછ્યુ કે પૈસા તો તમે સાથે પૂરતા લીધા હતા તેમ છતાં તારથી તુરત કેમ મંગાવ્યા. દીવનો શેઠ એ સાંભળી તાજુબ થયો અને પૈસાનો તાર કોણે કર્યો અને પૈસા કોણે લીધા તે વાતથી સાવ અજાણ્યુંપણું બતાવ્યું અને તુરત પોસ્ટખાતાને તેની ફરિયાદ કરી.

એ વખતે ભાવનગર સબ ડીવીઝન ઇન્સ્પેક્ટર તરીકે મારા પિતાશ્રી હતા અને તેમને આ કામની તપાસ સોંપાઇ.

એમણે પહેલાંજ દીવના વેપારીને પૃછયું કે તેની સાથેના પ્રવાસીઓ કોણ કોણ હતા. વાતમાં એમ નીકળ્યું કે અમરેલી તરફથી એક વાણીઓ તેની સાથે બહુ વાતો કરતો અને તેણે પોતાના ઘરની બધી વાત પૃછી લીધી હતી એ શખ્સનું વર્ણન પૃછતાં વેંગુરલાથી તારના પૈસા લેનાર આસામી સાથે મળતું જણાયું. એટલે તપાસનું કેન્દ્ર અમરેલી બન્યું. પણ ૪૦૦૦૦ની વસ્તીમાં એક માણસને શોધવો શી રીતે? ટપાલ વહેંચનાર દરેકને વેંગુરલાના ઉઠાવગારનું વર્ણન આપી તપાસ કરવા કહ્યું એટલે વાંકીઆના પોસ્ટમેને પત્તો આપ્યો કે વાંકીઆ ((બાલાપર)માં એવા વર્ણનવાળો માણસ રહે છે અને તેની આ જાતની ખ્યાતિ પણ છે. એટલે પોસ્ટઇન્સ્પેક્ટર વારંટ અને પોલીસપાર્ટી લઇ, ગાડી કરી ગયા બાલાપુર અને પેલાના ઘરની જડતી લીધી. તેમાં ખાસ કંઇ ન વળ્યું પણ ભીંત પર કેટલાક ફોટોગ્રાફો હતા તે હાથ કર્યા. એ ફોટોગ્રાફો કબજે કરી દીવના શેઠને જોવા મોકલ્યા. એમાંથી તેણે તુરત ભાઇબંધને ઓળખી આપ્યો. એટલે તે પ્રતો વેંગુરલા મોકલી તો ત્યાંના પોસ્ટમાસ્ટરે પણ ચહેરાની પીછાન આપી. પણ હવે ગુન્હેગારને ક્યાંથી હાથ કરવો એ સવાલ રહ્યો. તેનાં સગાંવહાલાં કોણ છે તેની ભાળ કાઢી તો જણાયું કે નાના આકડીઆમાં તેનું સાસરૂં છે અને તેની બૈરી પણ હાલ પોતાના પીયરમાં જ છે. એ પરથી ત્યાં આવતી ટપાલ ઉપર નજર રાખવા માંડી. થોડે વખતે એક પોસ્ટ કાર્ડ હાથ આવ્યું તેમાં લખાણ જમણી બાજુથી અવળું લખ્યું હતું. આ રીતેઃ છુંમાંશાખુહું. અને તેમાં પૃછેલું કે તેના વિષે કોઇ તપાસ કરે છે કે નહિ. અને તે પોતે (મુંબઇ પાસે) થાણામાં છે એવા ખબર હતા. તુરત થાણા-પોલીસ ઉપરીને એ આસામીને પકડવા તાર કર્યો પણ ઉસ્તાદ થાપ આપીને નીકળી ગયો. ફરીવાર ટપાલ ઉપર ચોકી રાખવા માંડી અને થોડા જ દિવસે રંગુનમાંથી ભાળ મળી. એ કાગળ રોકયો. રોકવાની જવાબદારી પોતાને શિર લઇને પણ પોસ્ટઇન્સ્પેક્ટરે રંગુન તાર કરી ત્યાં પકડાવ્યો. ગુનેગારને વેંગુરલાની કોર્ટમાં પોલીસે હાજર કર્યો અને ત્યાં કેસ ચાલ્યો કારણકે ગુનો ત્યાં બન્યો હતો. તપાસના પુરાવા અને જુબાનીઓ એટલાં સચોટ હતાં કે એને ત્રણ વર્ષની પાકી જેલની મોજ મળી ગઈ. **ર. મ. રા.**



પ્રાચીન ગુજરાતી લોકકથા



ઊડણ ગરુડ

(લેખક-**શ્રી મંજુલાલ રણછોડલાલ મજમુદાર** એમ.એ., એલએલ.બી.)

ચંદ્રપુરી નગરી. ત્યાં ચંદ્રશેખર રાજા રાજ્ય કરે છે. એ રાજાની કુંવરીનું નામ સૌભાગ્યવતી.

આ સૌભાગ્યવતીના રૂપના છાંટડા પડે છે.

રાજમહેલ પાછળ એક મોટું લક્કડ-પાઠું આવી રહ્યું છે. ત્યાં એક કોળી રાજમહેલની ડહેલી આગળ લાકડાંની ભારી ટેકવી રહ્યો છે.

તે વખતે રાજાની કુંવરી ગોખે ઊભી ઊભી આઘે નગર તરફ નિરખી રહી છે.

કોળીની નજર આ રાજકુંવરી પર પડી. રૂપથી એ મોહ પામ્યો. એને મૂર્છા આવી ગઇ અને એ જમીન પર ઢળી પડ્યો.

ઘડી બે ઘડીમાં મૂર્છા વળી, એટલે પોતાની મેળે ઊભો થયો. ભારી વેચી આવ્યો; અને પછી એક સુતારને ઘેર જઈ પહોંચ્યો.

આ સુતાર સાથે એને ઝાઝું હેત છે. સુતાર તેનો ભાઇબંધ હતો; તેથી એના આગળ કોળીએ મનની વાત કહેવા માંડી.

કોળીએ કહ્યું: 'મેં રાજાની કુંવરીને ગોખે બેઠી દીઠી ત્યારથી તેના રૂપથી હું મોહ પામ્યો છું. મને મૂર્છા આવી હતી: તેમાંથી મને માંડ માંડ ભાન આવ્યું. એ રાજકુંવરી મને વરે એવું તું કરી આપે તો જ મારો મિત્ર સાચો!'

વાત સાંભળી સુતારને હસવું આવ્યું: 'તને, ભાઇ! ભલી આવી ઇચ્છા થાય છે! તારી જાત તો જો–'

ત્યારે કોળી બોલ્યો: 'ભાઇ! તને મિત્ર શા માટે કહેતા હોઇશું? આવે ટાણે કામ ન આવે તેને પછી શું કરવાના?'

સુતારે ધીમા પડી કહ્યું: 'તું વાત તો કરે છે; પણ એ કામ બને કેવી રીતે!'

નિરાશ બનેલો કોળી સુતારને બારણે લાંઘવા બેઠો: 'તું મને રાજકુંવરી પરણાવે તો જ ઊઠીશ; નહિ તો અહીં જ દેહ પાડીશ.'

એમ કરતાં સુતારને પણ ત્રણ ત્રણ લાંઘણ થઇ છે. તે વિમાસે છે: 'આ પાપ વળી મને ક્યાં વળગ્યું!'

સુતાર શિલ્પકળામાં પારંગત છે. બધી આંટી-ઘૂંટી જાણે છે. એણે મનમાં કંઈ નક્કી કર્યું; અને કોળીને કહ્યું: 'ભાઇ! તું ઊઠ અને જમી લે; આપણે કંઇક ઉદ્યમ કરી જોઇશું.'

કોળીએ વાત માની અને અન્નજળ લીધાં.

સુતાર કોળીને ધારીધારીને જોઇ રહ્યો છે. એની આંખને જણાયું કે કોળી શ્યામળો છે છતાં ફૂટડો છે; બોલકણો છે અને વિચક્ષણ છે. ચાતુરી અને કલા પણ એનામાં ઘણાં છે. દેહનો બાંધો પ્રમાણસર છે.

સુતારે પોતાના મનના ઉઠાવથી અને કલા ભરેલી બુદ્ધિથી એક ઊડણ ગરુડ ઘડ્યો. તેને હીંગળોક અને હરતાલના રંગથી ચીતર્યો. ઉપર રોગાન ઢાળ્યો.

ગરુડ તો ભલભલાને મોહ પમાડે તેવો બન્યો છે. ગરુડ પર બેઠક બનાવી છે; અને આમળો દેવાય એવી ખાલી બનાવી છે. ખાલીને આમળો દે એટલે ગરુડ ઊડે છે; અને હાથ છૂટા મૂકે એટલે સડસડાટ નીચે ઊતરે છે.

ગરુડ તૈયાર થઇ ગયો, એટલે રાતને વખતે સુતારે ખોટાં પણ ઝગઝગતાં આભરણ કોળીને પહેરાવ્યાં. પોતાના ઘરના જરિયાન અને કિનખાબનાં રેશમી વસ્ત્ર હતાં તે પણ તેને પહેરાવ્યાં.

આ ઊડતા ગરુડની અંદરથી સુતારે બે હાથ બહાર કાઢ્યા છે. તે હાથ ગરુડ ઉપર બેઠા પછી ખભાની પાછળ જ ફૂટેલા હોય એવા દેખાય છે.

વસ્ત્ર, આભૂષણ અને વાહનને લીધે કોળી તો અભિનવ ચતુર્ભુજ વાસુદેવ જેવો દેખાય છે. તેને જોતાં ભલભલાં માણસો ભૂલાં પડે છે.

એક રાતને સમે પેલા ગરુડને સુતારે રાજમહેલના ગોખ સામે ગોઠવ્યો. પેલા કોળીને લૂગડાં તથા ઘરેણાં સજાવી તે ઉપર બેસાડ્યો. રાતને પહોર ગરુડ પણ

સાચા ગરુડ જેવો જ દેખાય છે, અને કોળી ગરુડગામી વિષ્ણુ જેવો દેખાય છે.

પેલા કોળીએ ખીલીને આમળો દીધો અને તરત ગરુડ પર ચઢી બેઠો. ગરુડ તો આકાશમાં ઊંચે ઊડવા લાગ્યો; ને ઊડતોઊડતો રાજમહેલના ગોખમાં જઈ બેઠો!

પાંખોના ફફડાટથી રાજકુંવરી જાગી ઊઠી. જુએ છે તો દીવાના તેજથી ખંડ ઝળાંઝળાં થઈ રહ્યો છે. કુંવરીને તો સાક્ષાત્ ચતુર્ભુજનાં દર્શન થયાં.

કુંવરી સૌભાગ્યવતી વિષ્ણુનાં સહસ્રનામ ભણવા લાગી.

ચતુર્ભુજ–વેષધારી કોળી બોલ્યો: 'હું તારું રૂપ દેખી તારા પર પ્રસન્ન થયો છું, તેથી ગોપીઓને દ્વારિકા મૂકી આવી તને વરવા આવ્યો છું!'

ધીરગંભીર સ્વરે બોલાએલાં આ વાક્યો સાંભળી રાજકુંવરીને હરખનાં આંસુ આવે છે. એનાથી ઉદ્ગાર નીકળી ગયો: 'મારાં અહોભાગ્ય!'

કુંવરીએ તત્કાળ પિતાને બોલાવરાવ્યા. રાજા પણ ચતુર્ભુજ વાસુદેવને નિરખી ઘેલોઘેલો થઈ ગયો.

રાજાએ તો ત્યાં ને ત્યાં ચાર કળશ માંડ્યા અને ઘડિયાં લગન સાહી કર્યાં.

પેલો કોળી વિષ્ણુના વેષમાં રાજાની કુંવરીને પરણી બેઠો! રાજા પોતાના આવાસમાં ગયો.

વિષ્ણુ–વેશધારી ત્યાં જ રહ્યો. સવાર પડતાં રાજકુંવરીને કહ્યું: 'હું દ્વારિકા જઈને પછી વળી અહીં આવીશ.'

કોળીએ ગરુડની ખીલી ચાંપી. ગરુડ પાંખો ફફડાવતો આકાશમાં ઊડ્યો અને પાધરો સુતારના આંગણામાં આવીને ઊતર્યો.

સુતાર તો તેની જ રાહ જોઈ રહ્યો હતો. એણે અત્યંત જિજ્ઞાસાથી પૂછ્યું, 'કેમ! પછી શું થયું? કેવી વાત બની!'

કોળીએ બધી વાત માંડીને કહી. સુતારને પોતાની કલા માટે ગર્વ થયો. હવે તો રોજ રાત પડે છે અને પેલો કોળી રાજકુંવરી પાસે ગરુડે ચઢીને જાય છે.

એમ કરતાં કરતાં એક વખત રાજાના રાજ્ય ઉપર કોઈ શત્રુનું દળ ચઢી આવ્યું, અને તેણે એના નગરને ઘેરો ઘાલ્યો. રાજા દોડ્યો દોડ્યો ચાર હાથવાળા વિષ્ણુ પાસે આવ્યો, અને જમાઈ બની બેઠેલા વિષ્ણુનાં હજાર નામ બોલી તેમની પ્રાર્થના કરવા લાગ્યો. તે પછી હિમ્મત લાવી શત્રુના લશ્કરે નગરને ઘેરો ઘાલ્યાની વીતકકથા તેણે કહી બતાવી.

એટલે વેષધારી વિષ્ણુ વહારે ચડતા હોય એમ

સાત દિવસનું વર્ષ

સોમવાર હેમન્ત બને જો
મંગળ શિશિરે સૂ સૂ થાય,
બુધવારે જો વસન્ત ખીલે
ગુરુએ ગ્રીષ્મ તપે જો ભાઈ,
શુક્રે વર્ષા વરસે નીર
શનિએ શરદ જમાડે ખીર.

રવિવારે સૌ ઋતુઓ સરખી
સાત દિવસનું વર્ષ બને,
ઝાઝો જો મેવલિયો વરસે
તો તો વચ્ચે રજા પડે.
કેવી મજા! ભાઇ, કેવી મજા!
મેવલા મેવલા દેને રજા!

તનસુખ ભટ્ટ



પાંખોના ફફડાટથી રાજકુંવરી જાગી ઊઠી. જુએ છે તો ખંડ ઝળાંઝળાં થઈ રહ્યો છે. જાણે સાક્ષાત ચતુર્ભુજનાં જ દર્શન થયાં.

બોલ્યા: 'ચિંતા ના કરીશ. આજની રાતમાં જ શત્રુનું સૈન્ય ન હાંકી કાઢું તો મારું માહાત્મ્ય ખોટું છે એમ માનજે.'

રાજા કૃપાવચનથી ગળગળો થઇ ગયો: એ બોલ્યો, 'દેવ! મારું મોટું ભાગ્ય, જે આપ અમ પર આટલી કૃપા કરો છો!'

રાજાના હૈયે તો ધારણ વળી છે. પણ કોળીના ચિત્તના ઉચાટનો પાર નથી!

રાજા પોતાના આવાસ ભણી ગયો.

દ્વારિકાના ધણી કૃષ્ણ વાસુદેવને આ વાતની ચિંતા કરવી પડી: 'મિથ્યા-મિથ્યા પણ મારા નામનો અને વેશનો ઉપયોગ કરનારો પકડાઈ જશે, તો મારું નામ અમસ્થું વગોવાશે; તેથી તેનું કામ કર્યા વગર કેમ ચાલશે?''

તાબડતોબ શ્રી કૃષ્ણે દૂતો મોકલી શત્રુના લશ્કરને હાંકી કઢાવ્યું. ઘેરો ઊઠી ગયો એટલે નગરના દરવાજા ખુલ્લા થયા.

સવારમાં રાજા પથારીમાં જ છે અને આ સુખદ સમાચાર મળ્યા. તે ઘણો રળિયાત થયો.

પેલા કોળીએ પણ સવારે જ ઘેરો ઊઠી ગયાની વાત જાણી. એને તો જાણે વાએ વાદળ વેરાયા જેવું થયું.

એટલે રોજની જેમ ગરુડ પર સવાર થઈ ને રાત પડતાં પેલો કોળી રાજકુંવરીના રણવાસમાં ગયો.

ત્યાં રાજા પણ આવી ચઢ્યો.

પછી તો સાચેસાચ શ્રી કૃષ્ણવાસુદેવ પણ ગરુડે ચઢીને ત્યાં આવ્યા! તે વખતે ત્યાં બે વિષ્ણુમૂર્તિઓ દેખાવા લાગી.

શ્રી કૃષ્ણના ગરુડે કોળીના ગરુડને ઠેશ મારી હલાવ્યો એટલે લાગલાં જ કાષ્ઠ ગરુડનાં બધાં લાકડાં ખખળી ઊઠ્યાં; અને તે ભાંગીને ભોંય પડ્યો.

પેલો વેષધારી લુચ્ચો કોળી તો ભય અને શરમનો માર્યો થરથર કાંપતો અને હાથ જોડતો ઊભો છે!

છતાં હજી ભોળા રાજાથી આનો કશો ભેદ કળાતો નથી. એ તો હજી પ્રાર્થના કરે છે: 'હે પ્રભુ! તારાં તો અનંત રૂપ છે!'

તે સાંભળી ભગવાન શ્રી કૃષ્ણ હસવા લાગ્યા.

ભક્તિભાવથી તરબોળ થઇ ગએલા રાજાનો ભ્રમ હવે ભાંગવા લાગ્યો. એ ધારી ધારીને જમાઇરાજને જોવા લાગ્યો એટલે એનો બનાવટી વેષ અને રંગ-ઢંગ તરત જુદાં પડી ગએલાં જણાયાં.

રાજા ડઘાઈ ગયો. એનાથી બોલી જવાયું: 'આ તો કોઇ કોળી જેવો દેખાય છે.'

રાજાની આંખ રાતી બની હતી; અને પેલા કોળીના મુખ પર શાહી ઢળી હતી.

ભોળવાએલો રાજા વેષધારી ઉપર ખૂબ ખીજાયો. તેના પર રીસે ભરાયો અને તેને મારવા દોડ્યો.

ભગવાન શ્રીકૃષ્ણ વચમાં પડ્યા અને એ બનાવટી વિષ્ણુને દુ:ખમાંથી છોડાવ્યો.

શ્રીકૃષ્ણે કોળી ઉપર કૃપા કરી અને તેને માટે અભય વચન માગી લીધું. તેમણે રાજાને કહ્યું, 'મારે નામે અને મારે રૂપે એ પરણ્યો છે તો મારે તેની વ્હાર કરવી જોઇએ; એને ન દૂભવવાનું કબૂલ કરતા હો તો મારા પગને અડકો.'

રાજાએ અને રાજકુંવરીએ—બન્નેએ—શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ કર્યો અને પાવન થયાં.

શ્રીકૃષ્ણના ગરુડની પાંખો ફફડી અને પલકવારમાં ભગવાન પોતાને સ્થાનકે ગયા.

રાજ્યમાં ઘેરો ઊઠ્યાનો આનંદ વર્ત્યો; નગરમાં મંગળઓચ્છવ થઇ રહ્યો.

પછી રાજાને ડહાપણ આવ્યું. દીકરી જમાઇને સુખી રહેવા દીધાં અને આખો ભેદ ગુપ્ત રાખ્યો.

રાજા વિચાર કરી રહ્યો કે—

(અનુષ્ટુપ)

છાના કો દમ્ભનો પાર, બ્રહ્મા યે પામી ના શકે:
કોળીએ વિષ્ણુના વેષે, રાજકન્યા વરી લીધી! *

---

* પક્ષાખ્યાનવાર્તિક નામે પ્રાચીન ગુજરાતી ગદ્યકથાઓને જર્મન પંડિત જૉન હર્ટેલે ૧૯૨૨માં લિપઝિકમાં પ્રકટ કરી હતી. વિષ્ણુશર્માના પઞ્ચતન્ત્રનું સંપાદન કરતાં, તેને મળતી બાજી વાર્તાઓની શોધ કરતાં તેમને આ ગદ્યકથાઓ હાથ લાગી હતી. ગદ્યકથાઓની હસ્તલિખિત પોથી ભાંડારકર રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટના સંગ્રહમાં છે.

અડતાળીસ વાતોમાંની ચોથી વાર્તાનો પ્રારંભ નીચેના સંસ્કૃત શ્લોકથી થાય છે. સંસ્કૃત પંચતંત્રની ધાટી પર આ

વાર્તાઓ યોજાઇ છે. પણ ફેર એટલો છે કે બધી વાર્તાઓ સોળમા સૈકાના પ્રાચીન ગુજરાતી ગદ્યમાં લખવામાં આવેલી છે: 'ઊડણ ગરુડ'ની વાર્તાનો શ્લોક આમ છે:

" * गुप्तस्यापि दम्भस्य ब्रह्माप्यन्तं न गच्छति।
+ कोलिको विष्णुरूपेण राजकन्या निषेवते॥"

[* પાઠાન્તર अतिगुप्तस्यापि० +પાઠાન્તર कौलिकः०]

આની જ છાયા ઉપર વાર્તામાં આપી છે.

ભાગવતમાં પૌંડ્રક રાજાની વાત "મિથ્યા વાસુદેવ" તરીકે સ્કંધ ૧૦, અધ્યાય ૬૬માં આપી છે. ચેદિ દેશનો આ રાજા વંગ, પુંડ્ર અને કિરાત દેશોમાં સત્તાધીશ હતો. જરાસંધનો મિત્ર હતો. એણે પોતાના 'પુરુષોત્તમ' નામને દીપાવવા શ્રી કૃષ્ણનાં ચિહ્ન ધારણ કરવા માંડ્યાં હતાં. લોકોએ એને મોટાં વખાણથી ખૂબ ચઢાવ્યો, એટલે એણે પોતે થઇને કૃષ્ણ તરફ દૂત મોકલ્યો અને કહેવરાવ્યું કે 'પૃથ્વી પર અવતરેલો સાચો વાસુદેવ તો હું છું. તું મારું નામ અને ચિહ્ન અમસ્થાં બથાવી પડ્યો છું. માટે તે ધારણ કરવાં મૂકી દે અને મારે શરણે આવ; નહિ તો મારી સાથે લઢવા તૈયાર થા.'

કૃષ્ણે કહ્યું: 'તારું મિથ્યાપણું અને તારો ગર્વ ઉતારવા આવું છું.'

આ જાણી પૌંડ્રક ગભરાયો. એણે પોતાનું સૈન્ય તૈયાર રાખ્યું; અને પોતાના મિત્ર કાશીરાજની મદદ મેળવી લઢવા તયાર થયો.

યુદ્ધ વખતે પૌંડ્રકે શંખ, ચક્ર, ગદા, શાર્ઙ્ગ ધનુષ્ય, વનમાલા, પીતાંબર, ઉત્તરીય વસ્ત્ર તથા મુગટ અને અલંકાર ધારણ કર્યાં હતાં. અને પોતે બનાવરાવેલા લાકડાના ગરુડ પર આરૂઢ થયો હતો.

કોઇ રંગભૂમિના નટની જેમ આબેહૂબ પોતાનો વેશ ધારણ કર્યો છે એમ જ્યારે શ્રીકૃષ્ણે જોયું ત્યારે તેમને હસવું આવ્યું.

યુદ્ધને અંતે મિથ્યા વાસુદેવને શ્રીકૃષ્ણે માર્યો: અને એને કૃષ્ણ સ્વરૂપનો મોહ હોવાથી તેને સારુપ્ય મુક્તિ આપી.

—આ પ્રકારની લાકડાના ગરુડ પર ફરતા મિથ્યા વાસુદેવની કથાના બીજ સાથે, 'ઊડણ ગરુડ'ની લોકકથાનું ખૂબ મળતાપણું છે.

સંસ્કૃત **पञ्चदण्डछत्रात्मकसिंहासनप्रबन्ध**—જેના ઉપરથી શામળભટ્ટની "પંચદંડની વાર્તા" રચાઈ છે—તેમાં એક "ઊડણ દંડ"ની વાત આવે છે; એટલે સ્વેચ્છાએ આકાશગમન કરવાની શક્તિ એ 'દંડ'માં હતી એમ આપ્યું છે.

શામળભટ્ટની "બત્રીસ પૂતળીની વાર્તાઓ"માં પંદરમી વાર્તા "કાષ્ઠના ઘોડા"ની છે. ત્યાં સૂતારે બનાવેલા ઘોડાના આકારના કળવાળા કાષ્ઠના સંચાની વાત આપી છે.

એટલે મનુષ્યને જે શક્તિઓ સાધ્ય નથી તે શક્તિઓ સાધ્ય બની છે-એવું બતાવનારી વાર્તાઓ લોકસમાજમાં બહુ આદરપાત્ર બને છે; જુલે વર્નની વિજ્ઞાનની પ્રસિદ્ધ ભોમકા પર ગૂંથાએલી વાર્તાઓ તેથી જ બહુ વંચાય છે.

'ઊડણ ગરુડ'ની લોકકથા આ વર્ગની છે. —મં.

કલાવિષયક કેટલાંક
ચબરાકિયાં

કલાકારને પોતાની કૃતિ વિષે 'સુઘડ અહંભાવ' સાથે માનવ-અભિપ્રાય પ્રત્યે 'સુઘડ માનભાવ' પણ હોવો ઘટે.

ચિત્ર વડે ભીંતને શોભાવી જાણનાર થોડાક જ, ને ભીંત વડે ચિત્રને શોભાવનાર તો કોઈક જ.

કલાકારો પ્રથમતઃ સૌંદર્યની પ્રકૃતિના અભ્યાસી હોય છે અને પછી તેઓ પ્રકૃતિના સૌંદર્યના આલેખક હોય છે.

જેમાંથી 'ચિત્ર પ્રકટે' તેનું નામ તે સંગીત, ને જેમાંથી 'સંગીત રણકે' તેનું નામ તે ચિત્ર.

સરસ ચિત્રનું પ્રત્યક્ષ સૌંદર્ય, રંગ રેખા ને આકૃતિનું; સરસ ચિત્રનું અપ્રત્યક્ષ સૌંદર્ય, સ્વર વાણી ને ગતિનું.

કદરૂપ વસ્તુના તાદશ ચિત્રણને જ 'કદરૂપતામાં સુંદરતા' એવી સંજ્ઞા વડે ઓળખાવી શકાય; પરન્તુ જે વસ્તુનું ચિત્રણ જ કદરૂપું તેને 'કદરૂપતામાં સુંદરતા' કહી બચાવી ન જ શકાય.

ચિત્રકાર ને વાર્તાકાર એ કલાકાર જ. પ્રકૃતિના હૃદયમાં પ્રવેશવું એ કામ ચિત્રકારનું; હૃદયની પ્રકૃતિમાં પેસવું એ કાર્ય વાર્તાકારનું.

જે કલાકાર પોતાની ઊર્મિઓને માર્ગ મળી રહે એવા હેતુથી કલાકૃતિઓ ઘડે છે તે અધૂરો કલાકાર છે. પણ જે કલાકાર પ્રેક્ષકજનતાને પોતાની ઊર્મિઓના ભાગીદાર બનાવવાના હેતુથી કલાકૃતિઓ સરજે છે તે પૂરો કલાકાર છે. પહેલો ઘણું ઘણું તો પોતાના હૃદયની જાહેરાત કરે છે. બીજો ખચિત જ પોતાના હૃદયની ખેરાત કરે છે.

વાયુ, વાદળ ને વીજળી એ ત્રણ કુદરતના મહાન રેખાકાર; સૂર્ય, ચંદ્ર ને તારા એ ત્રણ કુદરતના મહાન રંગકાર.

કલા મહીં અનીતિની અધમતા લાવે તે નખોદિયો કલાકાર; કલા મહીં અત્યુક્તિની વિશેષતા જમાવે તે સરોડિયો કલાકાર.

ફિરોજશાહ રુસ્તમજી મહેતા

કેટલાક પરિચયો



ઇરાની કલાકાર
સરખિસ કચાદોરિયાં
(Sarkis Katchadourian)

એશિયાનાં પ્રાચીન ચિત્રોનો અજોડ નકલસર્જક માત્ર નહિ પણ સંજીવક કહી શકાય એવા આ કલાકારે હિંદુસ્તાનનાં અજંતા, બાઘ, સીગિરિ, બદામી, સીતાન્નવાસલ, કુમાત્ગી વગેરે સ્થળોનાં ચિત્રોનું એકલે હાથે મહાભારત બનાવી લીધું છે. કેટલાં યે નવાં ચિત્રો તેની વેધક દૃષ્ટિ સામે ફૂટી આવ્યાં છે. પોતાના પરાક્રમી કાર્યક્રમથી એશિયાની કળાની તેણે અપ્રતિમ સેવા કરી છે.

એનો જન્મ ઇરાનના તબ્રેઝ નગરમાં ઈ.સ. ૧૮૮૬માં થયો હતો. એણે રોમ, બર્લિન અને પારીસની ઍકેડેમીઓ સેવી છે અને એનાં કરેલાં ભીંતચિત્રો–Murals–યુરોપનાં લગભગ બધાં પ્રખ્યાત ચિત્રાલયો માટે ખરીદાયાં છે. પણ એની પ્રશસ્તિનું માપ છાપેલાં ચિત્રોથી આપવું મુશ્કેલ છે. ખોદાઈ ખવાઇ ગએલી ભીંતો પર જે અસલ ચિત્રો હતાં નહતાં લાગે છે તે પર આંખ ફેરવીફેરવી, જાદુગરની સમાધિ સાધીને પૂર્વચિત્રિત ભૂમિ અને રેખાવિલાસ ઉપજાવવો એ કોઇ વિરલ શક્તિનું જ કામ છે.

ઇરાનના શાહ અબ્બાસના રાજમહેલોનાં ખંડિયેરોમાં દેખાતાં કેટલાંક રંગધાબાં બસો વરસથી લોકો જોયા કરતા. તેમાંથી શાહ અબ્બાસના શાહી કલાકારોનો વારસો સજીવન કરીને કચાદોરિયાંએ પહેલે જ ઝપાટે પોતાની પ્રતિષ્ઠા જમાવી દીધી. એ ગાબડાંવાળી સપાટી તે કલાકોના કલાકો સુધી જોયાં કરે અને રેખાના પ્રવાહો સંધાતાં એકદમ સ્મિતપ્રસન્ન ચહેરો કરી પોતાના મોટા બોર્ડ ઉપર રેખા આખી ખેંચી કાઢે ત્યારે જોનારની નજરે પ્રાચીન ઈરાની કવિતાનો કોઇ સુંદર નાયક તૈયાર થઈ જાય.

ઈરાની કળા અને મોગલ કળાને આપણે માત્ર નાનાં ગ્રંથચિત્રોથી જ પિછાનીએ છીએ. મુગલ દરબારમાં શાહ અબ્બાસના ચિતારા પણ આદર પામ્યા હતા; પરંતુ મોટાં મોટાં ભીંતચિત્રોના નમૂનાનું અસ્તિત્વ મળ્યું નહોતું. મિ. કચાદોરિયાંના ઇરાની નમૂનાઓ પરથી લાગે છે કે શાહ અબ્બાસ સુધી તો અજંતાએ પ્રચારેલી રેખાની કળા એશિયામાંથી લુપ્ત થઇ નહોતી. અને એ જ સગપણના નાતાએ કચાદોરીઆં હિંદુસ્તાન તરફ ખેંચાયા હશે એમ લાગે છે.

આ પ્રાચીન ચિત્રકળાની અપાર સૌન્દર્ય-ધારણ-શક્તિ દુનિયા ઓળખે તે પહેલાં વિદાય થઈ જાય તેનો ભય ઓળખીને તેનો સંગ્રહ કરવા નીકળી પડેલા આ મહારથીને કલાજગતનું અભિનંદન ઘટે છે. માત્ર આટલી જ તમન્ના સિવાય તેને કોઇની સહાય નથી. તેના કાર્યમાં ત્રાસ અને સંકટો, મુસીબતો અને નિરાશા હોવા છતાં સંપૂર્ણ અનુભવદૃષ્ટિ અને કલમકુશળતાથી પોતાનું ધ્યેય તે પાર ઉતારે છે. તેનાં ચિત્રો અસલનું પ્રતિનિધિત્વ સર્વાંશે સાચવવા સાથે, લુપ્ત થએલાં રેખાબંધનો રંગાવટ અને પાત્રગુંફન પણ સુરુચિપૂર્વક તે સાચવી લે છે. (જુઓ આ અંકમાંનું ચિત્ર.) **ર.મ.રા.**

ભોંતળવાસી કલાકાર
કૃષ્ણાજી આરા

ખરેખર, એક મકાનના ભોંતળના એક નાના કમરામાં જ એ રહે છે. મુંબાઈની મલબાર હિલની ઊંચાઇ પર આવેલા એક જૂની ઢબના વિશાળ બંગલાનું ભોંતળ જમીનથી એ ફૂટ નીચે છે; એમાં જ એ એની કળાની ફૂલવાડી જમાવી બેઠા છે. પરિસ્થિતિ પર વિજય મેળવી પોતાની સાધનાને વળગી રહેનાર એ એક બહાદુર તરુણ કલાકાર છે. એની નોકરી એને માત્ર રાત્રે આ વાડીમાં મહાલવાની તક આપે છે. આખો દિવસ એના જાપાની શેઠની મોટર સાથે મુંબાઈમાં ઘૂમીને પરવારે ત્યારે જ પીછી અને રંગથી તે કલાની આરતી ઉતારે છે.

એને મળવાનું રાતના નવ કે દસ વાગ્યે જ શકય બને. ઉપર વસતો હૉંગકૉંગ અને શાંઘાઈ બૅંકનો સ્ટાફ શાંત નિદ્રાને આધીન હોય તે વખતે એની રંગબેરંગી કૅનવાસોથી ભરચક ઓરડીમાં પ્રદર્શન જેવો ઉલ્લાસ માણતો કૃષ્ણાજી એક ચડ્ડી અને બાંડિયું પહેરી રંગનાં સ્વપ્નાં સજીવ કરતો હોય છે. ચારેક પ્રદર્શનમાં મળેલાં સર્ટિફિકેટો ટેબલની ઉપરની દિવાલે લટકે છે. તે સિવાય આડાંઅવળાં ચિત્રોનાં ભૂંગળાં અને ઊંધા મૂકેલા કૅનવાસો તથા ભેગાં કરેલાં પુસ્તકોથી અભરાઇ, ખૂણા અને દરેક જગ્યા ભરચક છે. પુસ્તકોમાં તેની પાસે આજની યુરોપિયન કળાના અગ્રનાયકો–સેઝાં, વાન ગફ, રેન્વા અને દોમિયર છે. ફ્રૅંચ ઇમ્પ્રેશનિસ્ટોની તેના પર જબ્બર છાપ છે એ તેનાં ચિત્રો જોનારથી ઘડીવાર પણ છાનું ન રહે.

એમની જ ઢબે ફળસમૂહો, વૃક્ષો ઉપરની સુરખીભરી રંગજમાવટ, અને સૂર્યથી જળહળતી નગરવાટ કે સમુદ્રકિનારો એનાં ચિત્રોના વિષયો છે. મુંબાઈના કલાકારો પાસેથી પ્રાથમિક દીક્ષા પામેલો છતાં તેની શૈલી અનોખી અને સ્વતંત્ર છે. રંગો અને પીછીઓનો ખર્ચ તેની બચત બધી ખાઈ જતો જ હશે. એથી જ આ મસ્ત કલાકારની સાધના લોકાશ્રયથી પરિપોષિત કલાકારનું મસ્તક પણ નમાવી શકે છે.

કૃષ્ણાજીનો જન્મ દક્ષિણ હૈદરાબાદમાં થએલો. ત્યાં જ મિડલ સ્કૂલમાં ચોથા વર્ગ સુધી એણે અભ્યાસ કર્યો. એ અરસામાં મહાદેવસિંગ નામે ચિત્રશિક્ષક એના ચિત્રોથી મુગ્ધ થતા. એની જ સહાયથી એનો અભ્યાસ આટલે પહોંચેલો. મહાદેવસિંગના ચિત્રોનું તે ધ્યાનથી અનુકરણ કરતો. એની માતાના અવસાન પછી એના પિતાની ઇચ્છા તેને ઘરખર્ચમાં મદદરૂપ બનાવવાની થઇ તેથી નોકરી માટે મુંબાઈ આવવું પડ્યું. કોઈ યુરોપિયન કુટુંબમાં નોકરી મળી. ત્યાં નવરાશે ચિત્રો કે સ્કેચ કરતો એ તેના શેઠના જોવામાં આવ્યો. તેણે પ્રસન્નતાપૂર્વક કોઇ ચિત્રકાર પાસે શીખવા જવાને સગવડભર્યો સમય કરી આપ્યો તે પરથી તે મિ. કેતકરના સ્ટુડિયોમાં જવા લાગ્યો. એવામાં એ સાહેબને મસૂરી જવાનું થયું, પણ જતાંજતાં તેણે એને બીજી સરસ નોકરી અપાવી.



ભોંતળવાસી કલાકાર · કૃષ્ણાજી આરા

એ અરસામાં સત્યાગ્રહનો સંગ્રામ શરૂ થયો. મુંબાઇમાં એ વખતે સાર્વજનિક થઇ પડેલા મીઠાના સત્યાગ્રહમાં કૃષ્ણાએ સૈનિક તરીકે જોડાઇ ચાર મહિનાની જેલનો સ્વાદ માણી લીધો.

જેલમાંથી બહાર આવ્યો એ જ માસમાં તેના પિતાનું અવસાન થયું. એ વખતે હૉંગકૉંગ બૅંકમાં ડ્રાઇવરની નોકરી કરતા એના કાકાએ પોતાની સાથે એને નોકરીમાં રાખી લીધો. આ બધાં વર્ષમાં એણે કંટાળા વિના અસંખ્ય ચિત્રો અને સ્કેચ કર્યાં છે. ત્રણેક વર્ષ ઉપર રવિભાઇએ એનું કામ જોયું અને તેના આ વ્યારંગથી મુગ્ધ થયા. એ મુલાકાત વખતે આપેલી સૂચનાઓથી એને પોતાની શક્તિમાં વિશ્વાસ ઉત્પન્ન થયો છે. એ પછી થોડા જ મહિનામાં સીમલા ફાઈન આર્ટસ પ્રદર્શનમાં એને 'પૂજા' નામના ચિત્ર માટે પતિયાલાના મહારાજા તરફથી અપાતું ઇનામ મળ્યું. મુંબાઈના આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં પણ ઇનામ મળ્યું. એમ એની કળાની યોગ્ય કદર અને પ્રતિષ્ઠા તો થઇ છે. પરંતુ એની વ્યક્તિત્વભરી રંગવિશ્લેષણની શક્તિને પૂર્ણ વિકાસ આપે એવા કલા-



પરિચયો : પાંચ કલાકારોના · · અને એક તરુણ પુરાન્વેષકનો

શિક્ષણની ઉણપ છે. એ પણ એમ જ કહ્યાં કરે છે: 'મને સમય અને સગવડની જ જરૂર છે.' **હરિશ્ચન્દ્ર ભ. ભટ્ટ**

દિગ્વિજય કરી રહેલા સૈયદ ફોટોકલાધરો

પાલણપુરના મશહૂર ફોટો-આર્ટિસ્ટ શ્રી ખાનજીભાઈ એક અસલ ખાનદાન પુરુષ છે અને પોતાના માનવંતા કલાપ્રેમી નવાબ સાહેબની ખાસ પ્રીતિ ને પરિચયના પાત્ર છે. એમની કાબેલિયતભરી ફોટોગ્રાફી આમવર્ગને તો ભાગ્યે જ જોવા-જાણવા મળે. બિકાનેર, ઉદયપુર, જોધપુર જેવાં રાજ્યોની કામગરી તેમને ઘડીએ ઘડીએ તેડાં કરે છે.

પણ એ પીઢ કલાકારે પોતાની કળાનો પ્રસાદ પોતાના કુટુંબમાં પૂરો ઉતારી દીધો છે. તેમના નાના ભાઇ આબીદભાઇ સૈયદ, અને બે પુત્રો અખતરભાઈ અને અસદભાઇએ તો હિંદુસ્તાનની જનતાની ખૂણેખૂણે ફરીને એવી છબીઓ ઉતારી છે કે પૃથ્વીના ઘણા મુલકોમાં પ્રદર્શનો અને સચિત્ર પત્રોમાં તેમને મળતી પ્રશંસા અને પારિતોષિકોનો પાર રહ્યો નથી. હજારો ચુનંદા ફોટોગ્રાફરોની હરીફાઇમાં તેમણે ઊંચા નંબરો હાથ કર્યાં છે. હિંદનું 'ઈલસ્ટ્રેટેડ વીકલી' તો જાણે તેમનાં જ ચિત્રો પર પૂંઠાની વિવિધતા જાળવી શકતું હોય એમ લાગે છે. એમની આંખ અને ચાંપ બંને એવી ક્ષણોએ ઉઘાડવાસ થાય છે કે જાણે કુદરતે તેમને જ પોતાના વહીવંચા બનાવી દીધા ન હોય! એમની સફળતામાં ગુજરાતની શોભા અને કીર્તિ છે.'કુમાર'ને તેમણે અનન્ય પ્રકારે પોતાની કળાનો લાભ આપ્યા કર્યો છે. **ર. મ. રા.**

તરુણ પુરાવિદ્યા અન્વેષક ભોગીલાલ સાંડેસરા (એમના પોતાના શબ્દોમાં)

પોતાનો સ્વભાવ અમુક પ્રકારનો કેમ છે તેનું જો માણસ સાચું નિદાન કરી શકે તો પોતાને અમુક વિષયમાં આટલો રસ કેમ પડે છે તે કહી શકે. પણ એ કહેવું ઘણું મુશ્કેલ છે.

તોપણ બચપણથી જ પુરાતન વિષયો પ્રત્યે મને પ્રેમ હતો એમ તો અવશ્ય કહી શકું. ગુજરાતી પાંચમીમાં ભણતો હતો ત્યારે ચાર ગ્રન્થો સૌથી વધુ રસપૂર્વક વાંચેલા; એ ચાર ગ્રન્થો તે મહાભારતનાં કેટલાંક પર્વો, રામાયણ અને ભાગવતના અનુવાદ તથા બૃહત્કાવ્યદોહનનો પહેલો ભાગ. કુટુંબી જનોને સંભળાવવા માટે ભાગવતનું તો બે વાર પારાયણ પણ કરેલું. ઘરનું વાતાવરણ રૂઢ અર્થમાં સાહિત્યરસિક નહિ, પણ સંસ્કારી અને ભક્તિપૂત ખરું. એનો પણ લાભ મળ્યો હશે.

નવ વર્ષ સુધીનો બાલ્યકાળ તો અમદાવાદમાં ગએલો. ત્યાર પછી પિતાશ્રીનું અવસાન થતાં અમારું કુટુંબ અમારા વતન પાટણમાં રહેવા ગયું અને ત્યાં જ વિશિષ્ટ અર્થમાં મારા અભ્યાસનાં બીજ રોપાયાં.



ગાયકવાડ સરકારની પુસ્તકાલય પ્રવૃત્તિએ મારા જેવા કેટલાયના અભ્યાસને અને વિકાસને વેગ આપ્યો હશે. પાટણનું પુસ્તકાલય કોઈપણ શહેરની મધ્યવર્તી અભ્યાસસંસ્થાને શોભાવે એવું છે. ત્યાં મારી વાચનભૂખને બહુ સારો ખોરાક મળ્યો. એ વાચન પંચભેળિયું હતું. આજ ટૉડનું 'રાજસ્થાન' અને કાલે 'વેરની વસુલાત', તો પરમ દિવસે 'આર્ય રસાયનશાસ્ત્ર'-એવી વિલક્ષણ એ વાચનપ્રવૃત્તિ હતી અને દરરોજ ઓછામાં ઓછું એક પુસ્તક તો પૂરું કરવું જ એવી વૃત્તિ હતી. ત્યાં એક દિવસ સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસે સંપાદિત કરેલો કવિ લાવણ્યસમયનો 'વિમલપ્રબંધ' મારા હાથમાં આવ્યો. એનો સુન્દર ઉપોદ્‌ઘાત અને મૂળના પાદટિપ્પણ રૂપે આપેલો ગુજરાતી ગદ્યાનુવાદ, પ્રાચીન ગુજરાતીના બુઝર્ગ છતાં મારે માટે તો સાવ નવા વિષય પ્રત્યેની સ્વાભાવિક મુગ્ધતા અને કુતૂહલથી હું વાંચી ગયો. ત્યારે મારા પુરાતત્ત્વપ્રેમી માનસને ચેતનાનો એક પ્રોત્સાહક ધક્કો લાગ્યો, અને સ્વતંત્ર રીતે કંઇક જાણવાની કે શોધવાની આકાંક્ષા જાગી. જૂના પાટણની રાજગઢીની બહાર આવેલા કાલકા માતાના મન્દિરમાંના સં. ૧૨૮૪ના બે શિલાલેખો ઉકેલવાનો પ્રયાસ કર્યો, પણ નિષ્ફળ. પંચાસરા પાર્શ્વનાથના મન્દિરમાંની મૂર્તિઓ નીચેના શિલાલેખો વાંચવા મથ્યો, પણ મુંઝાયો. એ વખતે મારું વય ચૌદ વર્ષનું હશે.

એ અરસામાં, ૧૯૩૧માં, ગુજરાતના પ્રખર પુરાવિદ્ શ્રી જિનવિજયજીનું પાટણમાં આગમન થયું. જૈન બોર્ડિંગમાં એક મિત્રને મળવા ગયો હતો, ત્યાં તેઓ આવ્યાના સમાચાર જાણ્યા. બીતાંબીતાં હું તેમની પાસે ગયો અને ગુજરાતના ઇતિહાસ અંગેના મારા વાચનમાંથી ઊભા થએલા કેટલાક પ્રશ્નોના ખુલાસા પૂછી લાંબી વાતચીત કરી અને તેમની પાસેની કેટલીક હાથપ્રતોનાં દર્શન કર્યાં. શ્રી જિનવિજયજીએ પૂછ્યું, 'અહીં પુણ્યવિજયજી જેવા વિદ્વાન છે, અને તમે કેમ તેમનો લાભ લેતા નથી ?' મેં મારો સંકોચ કારણ રૂપે રજૂ કરતાં તેમણે બીજે દિવસે પુણ્યવિજયજી પાસે લઈ જવાનું વચન આપ્યું.

અને એ રાત્રે મને હાથપ્રતોનાં જ સ્વપ્ન આવ્યાં.

બીજે દિવસે શિષ્ય તરીકે મારી સોંપણી થઈ, અને ત્યારથી મારા વ્યવસ્થિત અભ્યાસનો આરંભ થયો. વેકેશનનો લાભ લઈ હેમચન્દ્રનું પ્રાકૃત વ્યાકરણ પુણ્યવિજયજી પાસે તૈયાર કર્યું, અને હાથપ્રતો વાંચતાં શીખ્યો: શિલાલેખો

તથા ધાતુપ્રતિમાલેખો વાંચવામાં સફળતા મળતાં તથા જૂની ભાષા સમજવાની સરળતાં થતાં મારો ઉત્સાહ ઓર વધી ગયો. ત્યારથી દરરોજ ઉપાશ્રયમાં જવું, હાથપ્રતો તપાસવી, ચર્ચા કરવી અથવા શિષ્યભાવે ગ્રન્થો વાંચવા એ મારો નિત્યક્રમ થઈ ગયો. રોજ નવું નવું જોવા જાણવામાં મારી માનસદૃષ્ટની ક્ષિતિજરેખા પ્રતિદિન દૂર જવા લાગી.

મારા અભ્યાસના એ આરંભકાળને આજે દશ વર્ષ થયાં. છ વર્ષ થયાં પાટણ છોડીને અમદાવાદને મેં મારું કાયમી નિવાસ સ્થાન બનાવ્યું. એકાન્ત સ્થાનમાં સ્વાભાવિક એવા એકલક્ષી વૈપુલ્યને ઠેકાણે અનેકલક્ષી વિશાળતા તથા અનેક પ્રવૃત્તિઓને પરિણામે ધમાલનો પ્રવેશ થયો પત્રકારત્વ, કોલેજનો અભ્યાસ અને બહુજનસંસર્ગ એ ત્રણેએ મારા જીવનમાં કંઈક જુદા જ વિચારોનાં બીજ નાખ્યાં છે. એમાંથી કેવું વૃક્ષ ઊગશે તે અત્યારે કેમ કહી શકું?

અપભ્રંશ અને જૂની ગુજરાતીના શાસ્ત્રીય અભ્યાસ મને ગમે છે. ઇતિહાસનો મને શોખ છે. શિલ્પ સ્થાપત્યમાં મને રસ પડે છે. પરન્તુ એટલું અવશ્ય કહી શકું કે અંધ પ્રાચીનતાપ્રેમનો હું ઉપાસક નથી. નૈયાયિક સિદ્ધસેનના શબ્દોમાં કહું તો—

जनोऽयमन्यस्य मृतः पुरातनः पुरातनैरेव समो भविष्यति ।
पुरातनेष्वित्यनवस्थितेषु कः पुरातनोक्तान्यपरीक्ष्य रोचयेत् ॥

અર્થાત્ હું પોતે પણ મરણ પછી કંઈક સમય જતાં પુરાતન બની જઇશ. ભાવાર્થ કે મરણ પછી સર્વ પુરાતન ગણાય છે. પરન્તુ આવી અનવસ્થિત પુરાતનતાને કારણે કયો બુદ્ધિમાન મનુષ્ય કોઈ પ્રકારની પરીક્ષા કર્યા વગર પુરાતનોક્ત વસ્તુઓને સ્વીકારી લેશે?

સંશોધનને ખાતર સંશોધનમાં રાચતી મનોવૃત્તિ મારામાં નથી એટલો સન્તોષ છે. હકીકતો એકત્રિત કરવી અથવા વ્યવસ્થિત કરવી એમાં સંશોધનની પર્યાપ્તિ નથી. અલબત, સંશોધનનું તે અગત્યનું અંગ છે, છતાં એમાંથી જો થોડાક સામાન્ય સિદ્ધાન્તો તારવી ન શકીએ તો હકીકતોનું સ્વતંત્ર મહત્ત્વ કેટલું?

મારું કલ્પનાચક્ષુ ખૂબ સતેજ હોવાનો દાવો મારાથી ન થાય; છતાં જ્યારે કોઇ પુરાતન સ્થાનની મુલાકાત લઉં છું ત્યારે કોઇ અવર્ણનીય વિલક્ષણ મધુર પરન્તુ કવચિત્ અવસાદયુક્ત સંવેદનો અને કાલ્પનિક દૃશ્યો મને ઘેરી લે છે. પ્રાચીન પુસ્તકભંડારોનાં ભોંયરા જેવાં મકાનોની વાસ લેવામાં મને વિચિત્ર મજા પડે છે. પોથીઓને સાદ્યંત વાંચતાં મને સ્નેહીઓના પત્રો વાંચતાં થાય એવી કંઇક ઉત્સુકતા અને અધીરાઈ થાય છે. ભાવી માનવજાતને આજની સંસ્કૃતિનું અભિજ્ઞાન કરાવવા માટે શિકાગોના વિશ્વમેળામાં તૈયાર કરવામાં આવેલી પેટીની માફક પુરાતન ગૂજરાતે કેમ જાણે આજની પ્રજાને પોતાની ઓળખાણ આપવા માટે ભંડારોની પેટીઓ ભરી મૂકી ન હોય!

દ્વારિકાનું જગતમન્દિર કે મોઢેરાનું સૂર્યમન્દિર જોઇ મને અવર્ણનીય હર્ષ થાય છે. જગતમન્દિરમાં તો જાણે આજે પણ સુવર્ણદ્વારિકાના ધીરગંભીર ઘંટનાદ રત્નાકરની ગર્જનાઓ સાથે મળી પ્રજાને પ્રબોધી રહ્યા છે. મોઢેરાનું દેવવિહોણું સૂનું મન્દિર કલ્પનાને એમજ સળવળાવે છે. એની પુનઃ પુનઃ પ્રદક્ષિણા કરતાં, સવારના પહોરમાં કુંડમાં સ્નાન કરી પૂર્વાભિમુખ ઊભા રહી સૂર્યને અર્ઘ્ય આપતા બ્રાહ્મણો અને સભામંડપમાં શોખથી નાટારંભ જોતા પૌરજનો મને પ્રત્યક્ષ થાય છે. એક તરફ મોટા ઓરશિયા પર ઘસાતા ચંદનની સુવાસ ચોમેર પ્રસરે છે. અને સામે ગભારામાં બાર ફૂટ ઊંચી પ્રચંડ સૂર્યમૂર્તિને નીસરણી પર ચઢીને તિલક કરતા મગ બ્રાહ્મણની પડછંદ તોયે મૂર્તિ આગળ વામણી લાગતી આકૃતિ ઝાંખી ઝાંખી પણ નજર આગળ તરે છે. પરન્તુ એટલામાં વિધર્મીઓના ઘણના ઘાથી અપંગ બનેલી રૂપરૂપના અંબાર જેવી નર્તિકાઓ અને ગામડાનાં અબુધ બાળકોએ બગાડેલી, રસ્તામાં રગદોળાતી ધૂલિધૂસર મૂર્તિઓ ઉપર મારી નજર પડે છે ત્યાં અવસાદ અને ખિન્નતાનું એક મોજું ચઢી આવે છે. પણ બીજી જ પળે **नोचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण** એ જાગતિક ઇતિહાસના કવિનિર્મિત સંક્ષેપનું રહસ્યદર્શન થાય છે.

મારી પહેલી પચીસી હજી પૂરી થઈ નથી, છતાં મારી નાની જિંદગી પર ઊતરેલા ગંભીર ઝંઝાવાતના સમયમાં પણ આ વિદ્યાભ્યાસંગે મને અદ્ભુત રાહત અને નિરતિશય આનંદ આપ્યાં છે. **ભોગીલાલ જ. સાંડેસરા**

ગીત

યુવાનને ઉર ઉગે અભિલાષ જેમ
એવા ઝગે તારક સ્વચ્છ વ્યોમ
શાંતિ છવાઈ જન નીંદ લે ત્યાં,
આવ્યું, ઉડી ગીત ઝીલાવી લેવા.
સ્હવારના સોડ ગુલાબી છોડી
ઊઠે રવિરાજ ઉમંગભેર
પ્રભાતના રશ્મિ જ્વલંત દે ત્યાં
પ્રકાશના તાર હલાવી ઊછું
મધ્યાહ્નના તાપ તપી ધરામાં
ફુલો ઝુકાવી મુખ છાંય શોધે
આવ્યું સુંવાળી હુંફ શોધતું હું
તપેલ દિલે ફુલ શું સમાલા.

શશિકલા યાજ્ઞિક

વિક્રમના ચૌદમાથી અઢારમા સૈકા સુધીમાં પ્રચલિત

વિજ્ઞપ્તિપત્રોની

રાજસ્થાની કળાનો એક નમૂનો



વિક્રમના ચૌદમા સૈકામાં ગુજરાતનાં નરનારી

ચૌદમા સૈકાના ગુજરાતના એક વિજ્ઞપ્તિપત્રમાંના આલેખનનો નમૂનો

વિક્રમના ચૌદમાથી અઢારમા સૈકા સુધીમાં જૈન સંપ્રદાયમાં એક રિવાજ પ્રચલિત હતો. જૈન મુનિઓ વિહારમાં નીકળે તેમને જુદાંજુદાં શહેરો તથા ગામોના જૈનસંઘો પોતપોતાને ગામે પર્યુષણ કરવા તથા ચાતુર્માસ કરવાનું જે આમંત્રણ આપતા તે મોટાં ટીપણાના આકારનાં વિજ્ઞપ્તિપત્રો લખીને આપતા. તેમાં ધાર્મિક ચિત્રપ્રસંગો આલેખાતા; તથા તે ઉપરાંત નગરવાસીઓ સાધુદર્શન તથા સંતસમાગમ માટે કેટલા ઉત્સુક છે તે વર્ણવવામાં આવતું અને પછી પોતાના નગરમાં શી શી સગવડો છે, નગરની ભૌતિક તથા નૈસર્ગિક સમૃદ્ધિ કેવી છે વગેરેનાં સચિત્ર વર્ણનો આલેખવામાં આવતાં. આ વર્ણનો તથા તે સાથેનાં ચિત્રો ઉપરથી તે સમયની ગુજરાતની સામાજિક સ્થિતિરીતિનો અચ્છો ખ્યાલ આપણને મળે છે. લોકોના રીતરિવાજ અને ઉત્સવો, તેમના પહેરવેશ, આભૂષણો, ઉપસ્કરો, વાહનો વગેરેની વિગતવાર માહિતી એ ચિત્રો પૂરી પાડે છે, અને એ રીતે એ વિજ્ઞપ્તિપત્રો અત્યંત મૂલ્યવાન ગણાય છે.

એવા એક વિજ્ઞપ્તિપત્રના પ્રારંભખંડમાંથી પ્રસ્તુત ચિત્ર લેવામાં આવ્યું છે. આ વિજ્ઞપ્તિપત્ર પાટણ મુકામે સ્થિતિ કરી રહેલા મુનિશ્રી વિજયલક્ષ્માસૂરિ ઉપર આબુ પાસેના શિરોહી ગામના જૈન સંઘે વિક્રમ સંવત ૧૭૮૨માં પાઠવ્યું હતું. એમાં મુનિશ્રી અને તેમના સાથને શિરોહીમાં પર્યુષણપર્વ કરવા તથા ચાતુર્માસ ગાળવાનું નિમંત્રણ છે.

વિજ્ઞપ્તિપત્રના અંતભાગમાં તે સમયના રિવાજ મુજબ ગુજરાતી કાવ્યમાં શિરોહીવાસીઓ સાધુદર્શન માટે કેટલા તલસે છે અને સમાગમના કેટલા ઉત્સુક છે તે વર્ણવ્યું છે. એમાંની છેવટની લીટીઓવાળો ભાગ ફાટી ગએલો છે. કદાચ એમાં ચિતારાનું નામ પણ હશે. લખાણની ભાષા દક્ષિણ રાજસ્થાની જે એ વેળા આબુની આસપાસ પ્રચલિત હશે તેજ બાલબોધલિપિમાં લખી છે.

નિમંત્રણનાં આવાં પત્રો ઉપરાંત સાધુઓ પોતાના ગુરુને વર્ષના વૃત્તાંત અને બીજી જ્ઞાનચર્ચા લખતા ત્યારે પણ સચિત્ર પટોનો ઉપયોગ થતો. ઘણાએક ચિત્રપટોનું આલેખન સાધુઓને હાથે થયું છે ખરું, પણ મોટે ભાગે એ કામ ધંધાદારી ચિતારાઓનું જ હતું. આ ચિત્રપટો દસથી પંદર ફૂટ સુધીના હોય છે. વળી સાલ અને તિથિ સુદ્ધાં હોવાથી તે ગુજરાત, રાજસ્થાન વગેરે સ્થળે એ કાળે પ્રચલિત ચિત્રકળાના નમૂનાની શુદ્ધ સાક્ષી બને છે. વળી એ કાળના જૈન સંઘના શિષ્ટાચારો પર સુંદર સમજણ આપવા સાથે ઐતિહાસિક દૃષ્ટિએ પણ એ પટો બહુ મહત્ત્વભર્યા છે.

ગુજરાત અને રાજસ્થાની કલમના જ આવા નમૂનાઓ ઉપરાંત મુગલ કલમના ચિત્રપટો પણ મળ્યા છે. સં. ૧૬૬૭ની સાલનું જહાંગીર બાદશાહના હજુર કલાકાર ઉસ્તાદ શાલીવાહનનું કરેલું ચિત્રપટ શ્રી નાનાલાલ મહેતાના 'Studies in Indian Painting'માં છે.

આપણી પાસે રજૂ થએલા વિજ્ઞપ્તિપત્રમાં આરંભે ગણેશ, નાંદીનૃત્ય અને જૈન તીર્થંકરોની માતાને દેખાએલાં ચૌદ સ્વપ્નો આપેલાં છે. આવા ચિત્રપટોનાં ચિત્રોનો વિષય મોટે ભાગે ધાર્મિક જ હોય છે. કોઇકમાં જ અંદર વર્ણવેલી બાબતો પર ચિત્રો આપ્યાં છે. આપણી પાસેના ચિત્રપટમાંથી આ અંકમાં જે ચિત્ર નમૂના રૂપે આપવામાં આવ્યું છે તેમાં શ્રી મહાવીરનાં માતા ત્રિશલાદેવી પોતાના પર્યંક પર સૂતાં છે અને દાસી વીંઝણાથી પવન નાખી રહી છે.

આ જ વિષય પર કલ્પસૂત્રોમાં અનેક ચિત્રો થયાં છે; પણ શ્રી રવિશંકર રાવળે મારી સૂચનાથી આ ચિત્ર છાપ્યું છે. તેની રંગ અને આલેખનની પદ્ધતિ ખાસ લક્ષ ખેંચે એવી છે. ચિત્ર તો ૧૮મા સૈકાના આરંભ કાળમાં જ ચીતરાયું છે, છતાં તેમાં ૧૬મા અને ૧૭મા સૈકાની રાજસ્થાની કળાનાં સર્વ લક્ષણો છે.

ચહેરાનો પડખેથી દેખાતો ભાગ તદ્દન સપાટ લાગે છે. આંખ ઊપડેલી અને નાક ખાસ આગળ પડતું

છે. જૂના નમૂનાઓનાં ચિત્રો પ્રમાણે નીચેનું વસ્ત્ર કે અંગ દેખાય એવી રીતે સાળુ બતાવ્યો છે. વાળ ને કાનનાં કુંડળો પણ એ જ ઢબનાં છે. પોશાક અને અલંકારોમાં પણ કશો ફેરફાર થયો નથી. હાથની કોણી પર અને તકિયાના બંધ આગળ લટકતાં ફૂમતાં પણ છે. જરાક દેખાતી આકાશબારી ને મકાનનું સ્વરૂપ એનું એ છે; તેમજ રંગમાં પીળો અને લાલ એટલા જ જલદ રીતે વપરાયા છે.

અસલના રાજસ્થાની રંગમાં લાખની ચળક લાગતી એ આ ચિત્રના રંગોમાં—ખાસ કરી લાલ રંગમાં—નથી. ૧૮મા સૈકાના અંત ભાગનાં બીજાં ચિત્રોમાં પણ લાલ રંગની આ ચટકી કમી થતી દેખાય છે. વળી એ સદીનાં ચિત્રોમાં આંખ અને ભમરોમાં કમાન વધી છે તે આ ચિત્રમાં નથી જણાતી. આ ચિત્ર પાછળનું છતાં તેમાં આંખોને નાકની નજીક ઘુસાડી છે ને હોઠ પણ નાકને અડતા કર્યા છે; પણ દાઢીનો ભાગ વધુ ગોળાકાર છે; પહેલાંની માફક અણીદાર નથી. હોઠ પણ લાલ કર્યા છે, જે બીજે નથી; તેમજ ચહેરાનો વર્ણ પણ જુદો છે. અગાઉનાં ચિત્રમાં આછો તામ્રવર્ણ ખરેખરો બતાવ્યો છે જ્યારે આમાં તો ફીકો પીળો છે.

બીજા ઘણા તફાવતો છે, પણ બીજી શૈલીનું ચિત્ર પાસે રાખીને જોવાય નહિ ત્યાં સુધી કોઇને સમજ પડે નહિ. કપડાંમાં પારદર્શકતા બહુ નથી. વાળની લટ કપાળ પર લાવવામાં પણ ફરક જણાય છે.

આ જાતના કૌશલ્યના પ્રકારોની ઊણપો હોવા છતાં આ અણઘડ લાગતા ચિત્રમાં જે રસદૃષ્ટિ છે તે બીજાં ચિત્રોમાં નથી. હું તેને ઉતારી પાડવાના અર્થમાં અણઘડ શબ્દનો પ્રયોગ કરતો નથી. અણઘડ એટલે તાલીમબાજ હાથે નહિ બનેલું, એટલું જ. મારી તો દૃઢ માન્યતા છે કે ઉત્કૃષ્ટ કાબેલિયત અને અણઘડતા બંનેથી કંઈ જુદું જ એવું રસતત્ત્વ છે.

અસલનાં બીજાં ચિત્રોમાં રંગની ભભક, સબળ ચિત્રકારી અને અટપટી યોજના ભલે આકર્ષક તત્ત્વો હોય; પણ શું કરું કે આ ચિત્રનો સંવત તેને ૧૮મા સદીના આરંભનું ઠરાવે છે; નહિતો તેની ઢબછબ ઉપરથી હું તો તેને બહુ જૂનું ઠરાવું. અને એ જ રસમય હકીકત છે કે ૧૮મી સદીના આરંભકાળ પર્યંત કોઇ ને કોઈ ઠેકાણે ૧૬મા અને ૧૭મી સદીનો ચિત્રસંપ્રદાય જીવંત રહ્યો હતો. એ જૂની ચિત્રશૈલીનાં મૂળ ૧૨મા સૈકાનાં તાડપત્રોમાં હતાં એમાં તો મને શક જ નથી. આ લેખમાં એની ચર્ચા અસ્થાને ગણાય. ગુજરાતી અને રાજસ્થાની કળાની એકતા સિદ્ધ કરનારૂં આ ચિત્રપટ ગુજરાતને સીમાડેથી જ મળ્યું છે. અને વધુ સંશોધન એમ પણ કહે છે કે ગુજરાતી કે રાજસ્થાની જેવા કોઇ ભેદ જ હતા નહિ. **કાર્લ ખંડાલાવાળા**

ઘરઆંગણું

ભલે જગતનો બનું શહનશાહ, તો યે કદી
નથી વિસરવી જ અંશભર યે સ્મૃતિ તાહરી
ઉદાર ઘરઆંગણા ! નહિ જ ભૂલું; કાં કે રહ્યું
સુદૂર મુજનું મનોધન ખરૂં તું ઐકાંતિક.

તરે નજરમાં, વસે હૃદયમાંય વાત્સલ્યની
સુધાસભર માવડી, ઝગડતી રડી બેનડી,
તથા ય ધમસાણ સર્વ અમ ભાંડુઓનાં અને
પિતા ધરમરાજ તાદૃશ હજી ય સંભારતાં.

નિશાળ છુટતાં જ વ્યૂહરચના કરી ઘેર જે
સલેટ ફગવી તમામ ત્યમ ચોપડાં ફેંકતાં
સટાક ઘરની બહાર લઇ ગિલ્લી ને દાંડિયા,
કદી ભમરડા, પતંગ નવલા, લખોટા કદી
લઈ સરકતા, રમી, જઇ બજાવતા આરતી;
નચિંત મસતી કને શહનશાહતો બાપડી.

નાનું છતાં યે નભથી વિશાળવું,
શમાવતું સંકુલ તો ય સૌ દિશા;
જ્યાં ફૂટતી કુંપળ કર્મપ્રસૂતા,
તારી ચિરંજીવ રહો સ્મૃતિ સદા.

અશોક હર્ષ

(શ્રી અમૃતલાલ વ. પંડયાએ મારા માટે આ લેખની કેટલીક માહિતી અને અનુવાદ મૂળ વિજ્ઞપ્તિપત્રમાંથી તૈયાર કરી આપ્યાં તેનો સાદર સ્વીકાર કરું છું. —કા. ખં.)

તોફાની!

એના કાકાએ કહ્યું, એની મોટી માએ કહ્યું, વૃદ્ધ વત્સલ દાદાએ પણ કહ્યું: તોફાની! પણ એક અજાણી બાઈએ તો બીજું જ કંઈક કહ્યું......

ઘડિયાળનો કાચ ફૂટ્યો એમાં એકલા રમેશનો જ વાંક નહોતો; છતાં જ્યારે નટવરકાકાએ પોતાને ત્રણ લપડાક જડી દીધી અને કનુને માત્ર આંખો કાઢીને જતો કર્યો ત્યારે રમેશને ખૂબ માઠું લાગ્યું. કનુ એની ફોઈનો દીકરો ને ઉપરાંત દોસ્ત થતો હતો. એની સોબતની હૂંફે જ દાદા–દાદી સાથે રહેવાનું કનુએ સ્વીકાર્યું હતું. એના પિતા જે જગ્યાએ નોકરી કરતા હતા ત્યાં એમની સગવડ સાચવવા માટે એની બાને ગયા વિના ચાલે એમ નહોતું, પણ એ જાય ને જોડે રમેશને લઈ જાય તો વગડા જેવા એ સ્થળમાં નિશાળ નહિ હોવાથી રમેશનું ભણતર બગડે એમ હતું. પરિણામે રમેશ દાદા–દાદીની સાથે રહે ને બા જાય એમ ઠર્યું. રમેશે પ્રથમ તો વાંધો ઉઠાવ્યો, પણ કનુ લાંબો વખત મોસાળ રહેવા આવેલો ને વળી નિશાળમાં પણ દાખલ થએલો તેથી ગમ્મત આવશે કરીને રમેશે એકલા રહેવાની હા પાડેલી. પણ એની સોંપણી કરીને બાને ગયાને ચારપાંચ દિવસ થયા હશે ત્યાં તો ઉપરનો પ્રસંગ બન્યો.

બન્યું હતું એમ કે રમેશ અને કનુ લાકડીઓ લઈને ઘરમાં જ દાવ ખેલતા હતા. ખેલતાં ખેલતાં બન્નેએ લાકડીઓથી યુદ્ધ ખેલવું શરૂ કર્યું. અકસ્માત કનુની લાકડી, મોટું વાગતું ઘડિયાળ જે ખોખામાં મૂક્યું હતું તેના કાચને લાગી ગઈ અને કાચ ફૂટ્યો. રાંધણીમાંથી મોટીમાએ આથી જે ટહુકો કર્યો તેથી બન્ને લાકડીઓ પડતી મૂકીને ભાગ્યા. પણ એ વાત કાંઈ છાની રહે એમ ઓછી જ હતી? જ્યારે નટુકાકા બહારથી આવ્યા ત્યારે તેમણે આ પરાક્રમ જોયું ને સારી પેઠે ચીડાયા. ઘરમાં શૉખની ને ખપની રઢિયાળી ચીજો વસાવવાનો ને કાળજીથી એ ચીજોને જાળવવાનો એમનો નાદ જબરો હતો. એ ચીઢાય તે સમજી શકાય એમ હતું. પણ હાથમાં આવ્યા પછી એમણે રમેશને સજા કરી અને કનુને જતો કર્યો એ રમેશને વસમું લાગ્યું. એને કનુ પ્રત્યે કાંઈ જ દ્વેષ નહોતો; ઉલટું કનુ ઉપર એને અથાગ પ્રેમ હતો અને એને લીધે તો એણે અહીં રહેવાનું સ્વીકાર્યું હતું. પણ ઘડિયાળના ખોખાનો કાચ તો કનુની જ લાકડીથી ભાંગ્યો હતો. રમવામાં પોતે સામેલ હતો માટે ભલે પોતે પણ સજા પામે, છતાં કનુ સાવ રહી જવો જોઈતો નહોતો. છતાં જ્યારે કાકાએ જાણી જોઈને કનુને ટાળ્યો ત્યારે બાના ગયા પછી પહેલી જ વાર એ દુભાયો ને સોરામણ પણ વેઠી. કનુએ જે હર્ષથી શિક્ષામુક્તિને ઉજવી તેથી એ ચીઢાયો ને કનુ પર એને માઠું પણ લાગ્યું. પણ આ સઘળા દુઃખના કારણરૂપ નટુકાકા ઉપર એને ખૂબ રોષ ઊપજ્યો. એનું ચાલત તો એ સામો એમને ત્રણ લપડાક ચોડી દેત, પણ એમ કરવાનું એનું ગજું નહોતું, એટલે એણે રડતે ઘાંટે ચલાણી ગીત ગાયું:

> નટવર નાડી, નાત જમાડી,
> નાતમાં ઘી ખૂટ્યું ત્યારે બાયડીને મારી....

એ ગીત પૂરું કરવાનો એને અત્યારે ઉમળકો નહોતો. પણ ડુસકાએલા આ ગીતની પણ ધારી અસર થઈ. નટુકાકા ચીડાયા ને 'ઊભો રહે તું' કરતા એની ઉપર ધસી ગયા. રમેશને નાસવું હતું જ નહિ. 'લો મારો' કહીને એ છાતી કાઢીને ઊભો રહ્યો. કાકાએ પાસે આવીને એની કાનપટ્ટી પકડી, સહેજ આમળી પણ ખરી, ને તડૂક્યા: 'હરામખોર! કાચ ભાંગ્યો ને ઉપરથી નાને મોઢે મોટું બોલે છે!'

'મેં કાચ ભાંગ્યો જ નથી. પૂછો કનુને.'

'એને શું પૂછવાનું છે! તું નહોતો રમતો લાકડી વતી?'

'રમતો 'તો, પણ કાચ કનુથી ભાંગ્યો છે. તમે મને એકલાને શા માટે માર્યો? મારવા'તા તો અમને બન્નેને મારવા'તા.'

'કનુ તારા જેવો નપાવટ નથી તો. જો એ કેવો ડાહ્યો છે!'

તિરસ્કારથી રમેશ કાંઈ જ બોલ્યો નહિ. નટુ કાકાએ આથી કનુને પૂછ્યું: 'કનુ, કાચ તારાથી ભાંગ્યો છે?'

'ના.' સ્વાભાવિક રીતે જ કનુ જૂઠું બોલ્યો. કાકાએ પોતાના દોષના ડંખને કાઢવા વાસ્તે કનુને પ્રશ્ન પૂછ્યો હતો, પણ કનુના જુઠાણાએ દોષ પર ન્યાયનો ઓપ ચડાવ્યો તેથી કાકામાં હિંમત આવી, અને કાનપટ્ટીને

જરીક વધુ આમળીને કહ્યું: 'ગા, ગા, પેલું નટવર નાડી વાળું ગીત ગા!'

રમેશે ગાયું નહિ. પણ એની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ ટપકવા માંડ્યાં. કાકાએ એને છોડી દીધો. એને કનુ ઉપર પણ ખૂબ રોષ ચડ્યો ને સૌની સાથે બોલવાનું બંધ કરી દઈ એ બહાર ચાલ્યો ગયો. ખાવા પણ એ ન આવ્યો. કનુ એકવાર બોલાવવા આવી ગયો, પણ 'તારે મારી જોડે બોલવું નહિ' કહી એને ધુત્કારી નાખ્યો. પછી કોઈ બોલાવવા પણ આવ્યું નહિ.

બપોરના બાર એક વાગ્યા હશે ત્યારે લાકડી ઠોકતા ઠોકતા દાદા બહારથી આવ્યા, નહાયા અને જમવાની તૈયારી કરવા લાગ્યા. એમની ટેવ મુજબ બધા જમ્યા કે નહિ એની એમણે પૂછપરછ કરી ત્યારે નહિ જમનારામાં રમેશનું નામ નીકળી આવ્યું ને મોટીમાએ વિસ્તારથી એનો વાંક પણ વર્ણવી બતાવ્યો. પણ દાદા પર કશી અસર થઈ નહિ. લાકડી લઈને એ ફળિયામાં આવ્યા ને રમેશને સાદ પાડ્યો. રમેશ આવ્યો. દાદા એને ખાવા માટે આગ્રહ કરવા લાગ્યા ત્યારે એણે ના કહી દીધી ને કાકા સામેની ફરિયાદ રજૂ કરી. જ્યારે દાદાએ કાકાને વઢવાની ખાત્રી આપી ત્યારે જ એ જમવા ગયો.

દાદાએ ઘરમાં આવીને નટવરકાકાને ઠપકાર્યા. પણ દાદા ઘરડા થયા હોવાથી એમનો કડપ ઓછો થયો હતો; વળી નટવર એમનો સૌથી નાનો દીકરો, ઝાઝો મોંએ ચડાવેલો, તેથી એણે તો ડોસાને ઉલટા ઉધડા લીધા: 'એમ બાપાબચોલા કરીને તમે જ એને બગાડવાના છો. નથી લેસન કરતો, નથી પાંસરો ઠરીને બેસતો, ને આખો દહાડો અહીંથી તહીં ડો ગોવાળિયા ડો કર્યા કરે છે. તમે મહેરબાની કરીને એને મોંએ ન ચડાવો તો સારૂં. બાકી હું તો એને પાંસરો દોર જ કરી નાખીશ.'

'ક્યાં ક્યાં હવે.' દાદાની સોડમાં બેસીને હિંમતથી રમેશે સંભળાવ્યું.

'બેશ, ચબાવલા!' કાકાએ આંખો તતડાવીને કહ્યું. પણ રમેશે એમના ચાળા પાડ્યા ને ક્રોધથી કાકા સમસમી રહ્યા. દાદાએ રમેશને સહેજ વાર્યો ને આ પ્રકરણ અહીં સમાપ્ત થયું.

એ કુટુંબમાં દીકરાના દીકરા કરતાં દીકરીના દીકરા ઉપર વધારે વ્હાલ વરસાવવામાં આવતું હતું. અપવાદરૂપ કહી શકાય એવું એમાં કોઈ નહોતું. દાદાને કુટુંબનો



રમેશે અદાથી વાટકીને પગ વતી ઠેસ લગાવી દીધી

વેલો વધતો રહે એવી ઇચ્છા હશે તેથી રમેશ પ્રત્યે પ્રેમ હતો, પણ કનુ કરતાં ઓછો. કનુ એનાં શ્રીમંત માબાપનો એકનો એક દીકરો હતો અને એમની શ્રીમંતાઇનો પ્રભાવ આ કુટુંબ ઉપર ઝાઝો પડ્યો હતો, એટલે પણ કનુ તરફ વિશેષ પક્ષપાત હતો. મોટીમાને મન તો રમેશ જાણે હોય જ નહિ એમ કનુ ઉપર જ હેત ઢાલવવાનું સૂઝતું. એકને હેત ને બીજાને છાસિયાં કરીકરીને એમણે રમેશનો ધિક્કાર વહોર્યો હતો. કાકાનું પોત પણ પ્રકાશ્યું ને દાદા જ નભાવી લેવાય એવા લાગ્યા. પણ વેરઆંતરાનું આ વાતાવરણ રમેશને હવે અસહ્ય થઇ પડ્યું. એની બાને આ વાતાવરણની ઝાંખી તો થઈ જ હતી, પણ પતિના આદેશને ઉથાપવાનું કે એમના જ ઘરના વાતાવરણ ઉપર આક્ષેપ ઢોળવાનું એને ફાવે એમ નહોતું. વળી રમેશના ભણતરનો પ્રશ્ન તો ખડો જ હતો; એટલે એને મૂકી નિરુપાયે એને જવું પડ્યું હતું.

રમેશ ઉપરનો પ્રસંગ તો ભૂલી જઇ શક્યો, પણ એના ભાવ કાયમ રહ્યા. એણે ફળિયાના દોસ્તદારોમાં હવે વિશેષ રસ લેવા માંડ્યો ને કાકાની સૂચનાઓ નહિ ગણકારવાની પણ ધૃષ્ટતા કરી. ફળિયાના નાનકડા જગતમાં ત્યારે યુદ્ધનાં વાદળાં ગોરંભાતાં હતાં, અને ચોકખા બે પક્ષોમાં નાનકડા યોદ્ધાઓ વહેંચાઈ ગયા હતા. કનુએ પોતાનો પક્ષ નક્કી કરી લીધો; પણ રમેશ એ જ પક્ષમાં હતો. માત્ર એને જ કારણે રમેશ સામા પક્ષમાં જઇને ભળ્યો. બન્ને પક્ષો એકબીજાને મારવાની વાતો કરતા હતા અને ભાંગેલી છત્રીના સળિયાઓને ઘસીઘસીને અણીદાર ભાલાઓ તૈયાર

કરતા હતા. વળી એ બાલાઓને ઓયાંની ગુપ્તીઓમાં સંતાડી રાખવામાં આવતા હતા.

એ બે પક્ષો તો લડે ત્યારે ખરા, પણ રમેશ ને કનુએ તો ઊંધી ભાષામાં,ઘરનાં માણસો ન સમજે એમ, એક-બીજાને ધમકીઓ આપવાનું શરૂ કરી દીધું હતું. 'ચ'ની, 'રમ'ની ને અવળી, એમ ત્રણે ભાષામાંથી ખસીને એમનું વાગ્યુદ્ધ હવે વખતોવખત ચૂંટલા, ન્હોર, બચકાં ને બથ્થંબથ્થા સુધી પહોંચી જતું. કનુ રમેશ કરતાં એક વર્ષે મોટો હતો ને વધારે જોરાવર હતો તેથી રમેશ જ વધારે ઘવાતો, પરંતુ ઘાના પ્રમાણ કે શક્તિના મુકાબલા કરતાં રમેશને મન યુયુત્સુ વૃત્તિનું વધારે મૂલ્ય વસ્યું હતું. છતાંય બન્ને બાટકે ત્યારે મોટીમા વચ્ચે પડીને એમને છોડાવી રહ્યા પછી રમેશને જ અવળચંડો, ડસીલો ને ઉધમાતિયો ગણતાં; એટલું જ નહિ, પણ કનુએ વધારે માર ખાધો હોય એમ એને પંપાળતાં. 'જા તારી મા પાસે, એટલે અમે તારા ત્રાસથી છૂટીએ. તારાથી તો બાઈ, તોબા'' એમ પણ એ વારંવાર કહેતાં.

એક વાર રમેશ નિશાળેથી કનુ કરતાં મોડો ઘેર આવ્યો. એ આવ્યો તે પહેલાં કનુએ જમી લીધું હતું. કનુ અને રમેશમાં એક ફરક એ હતો કે કનુને દૂધ ભાવતું નહિ ને રમેશને ભાવતું. કનુને દૂધ પાવા માટે મોટીમાને હાથ જોડવા પડતા ને કેટલા ય ભાઇબાપા કરવા પડતા ત્યારે માંડ એ દૂધ પીતો. આજે પણ એણે રાબેતા મુજબ દૂધ છાંડયું ને રમેશ આવ્યો ત્યારે એને પીવડાવવાની જ રકઝક ચાલતી હતી. તે દિવસે કનુ એકનો બે ન જ થયો. જ્યારે રમેશ જમવા બેઠો ત્યારે એણે દૂધની વાડકીમાં નજર કરી તો બળેલી ભાખરીની ઝીણી કાળી કરચો એમાં તરતી હતી ને શાકના તેલની ચીકણી રંગીન પીળાશ પણ એમાં દેખાતી હતી.

'મા, મને કનુનું એઠું દૂધ કેમ મૂક્યું છે?' રમેશે મોટીમા પાસે જવાબ માગ્યો.

'લે બા, તને એઠું દૂધ શું કામ મૂકું? કંઇ એ વાંઝીઆઆરનો ને તું અળખામણો છે?'

'આ દૂધ એઠું જ છે. હું નહિ ખાઉં.'

'શેના ખાઓ, કુંવર? આમ અછરાશો તો દૂધ પણ નસીબમાં નહિ રહે.'

ઊંચા સ્વરનો સંવાદ સાંભળી દાદા ધાઇ આવ્યા એટલે મોટીમાએ દલીલ ફેરવી વાળી. દૂધ કનુએ એટલું નથી એ નવો મુદ્દો એમણે રજૂ કર્યો. રમેશે અદાથી વાટકીને પગ વતી ઠેસ લગાવી. દૂધ ઢોળાઇ ગયું. દાદા ન્યાય કરી શકે એટલે દરજ્જે માહિતી મેળવી શકયા નહોતા એટલે રમેશની ઉદ્દંડતા જોઇને એમણે રમેશને આછી ઠેસ મારી. ખાધા વગર રમેશ ઊભો થઈ ગયો.

ત્રીજે દિવસે ટપાલમાં રમેશના પિતાને બે કાગળો મળ્યા. એકમાં નટુકાકાએ લખ્યું હતું કે રમેશ ભણતો ગણતો નથી, પજવ્યા કરે છે, ગાંઠતો નથી ને સચવાતો નથી, માટે એનો કાંઈ બંદોબસ્ત કરશો. બીજા કાગળમાં —રમેશને એની બાએ થોડાં કાર્ડ આપી મૂકયાં હતાં— રમેશે એની ભાંગીતૂટી વાણીમાં લખ્યું હતું કે બધા એને સતાવે છે, કનુનું એઠું ખવાડે છે, કનુને વ્હાલો ગણે છે, પોતાને અળખામણો ગણે છે, નટુકાકા વારંવાર કાનપટ્ટી આમળે છે, માટે પોતે દાદાને ત્યાં રહેશે નહિ. જવાબમાં રમેશના પિતાએ કોઈ આવતાજતા સાથે રમેશને મોકલી દેશો એમ લખી દીધું.

રમેશના પિતા જ્યાં નોકરી કરતા હતા ત્યાં અમદાવાદ ઉપર રહીને જવાતું હતું. એટલે અમદાવાદ જનારની સાથે રમેશને મોકલી દેવો ને અમદાવાદમાં એની માશીને ત્યાં એ માણસ એને મૂકી આવે ને પછી એનાં માબાપભેગો એ થઇ જાય એમ દાદાનાં ઘરનાં માણસોએ નક્કી કર્યું. એ મુજબ એક મોહનલાલને રમેશની સોંપણી થઈ ગઈ. સોંપણી કરતી વખતે મોહનલાલને રમેશની મોટીમાએ રમેશની વિરુદ્ધ કેટલું યે કહી નાખ્યું. એના ઝાલા ઝીલાય નહિ; એનાં તોફાન વેઠાય નહિ; અમને બાકી શું ભારે પડવાનો હતો? એની મા જાણે કે અમે હાડછેડ કરતાં હઇશું; પણ છોકરાં અવળચંડાં એટલે કોઇ શું કરે?' વગેરે ઘણુંઘણું કહીને એને સંભાળીને લઈ જવાની ભલામણ કરવાનું પણ મોટીમા ચૂકયાં નહિ.

રમેશ ગયો. જતાંજતાં કનુને પોતાની ગુપ્તી ભેટ આપતો ગયો ને અક્કા છૂટી ગયા એમ પણ કહેતો ગયો.

મોહનલાલ પર મોટીમાના પ્રચારની ધારી અસર થઇ હતી. આ સોહામણો, તરવરતો, આઠ વર્ષનો ચંચળ છોકરો ગાડીમાં સખણો બેસતો નહોતો, એથી એ તોફાની છે એની એમને પણ પ્રતીતિ થઈ ગઈ. એને બારી પાસે એમણે ન બેસવા દીધો તે ન જ બેસવા દીધો. ગાડી અમદાવાદ આવી ત્યારે રાત પડી ગઈ હતી.

રાતે ને રાતે રમેશને એની માશીને ત્યાં મૂકવા જવાની એવડી તે શી ઉતાવળ છે એમ માનીને મોહનલાલે એને રાતે પોતાને ત્યાં જ રાખવો એમ નક્કી કર્યું.

મોહનલાલ ઘેર પહોંચ્યા ત્યારે એમનાં પત્ની એમની રાહ જોઇને જ બેઠાં હતાં. રમેશને જોતાં જ 'આ કોણ?' એમ એણે પૂછ્યું. એ નિઃસંતાન બાઇની આંખમાં આ છોકરો એકદમ વસી ગયો. પણ મોહનલાલે તો એનાં માબાપની ઓળખ આપી લાગલું જ કહેવા માંડ્યું કે 'એ તો મહા તોફાની છે. છીરવાયો નહિ માટે તો એને ત્યાંથી વિદાય કરવો પડ્યો.'

'જાવ જાવ હવે, શેણે તોફાની છે?' કહીને મંગળાએ એને પોતાની સરસો તાણ્યો. બે મહિનાના ગાળામાં આવું વહાલ રમેશ ક્યાંથી પણ પામ્યો નહોતો, એટલે તરત જ એ મંગળાનો બની ગયો.

'તારૂં નામ શું?' મંગળાએ પૂછ્યું.

'રમેશ.' અને હવે એણે પૂછ્યું: 'તમારું નામ શું?'

'મંગળા.' હસીને એણે જવાબ આપ્યો.

'મારે તમને શું કહીને બોલાવવાનાં?'

'કેવો મિઠ્ઠો છે, મારો ભાઈ? તારે મને મંગળા માશી કહેવી, હોં ભાઈ. આ તારા કાકાને મન તું તોફાની છે ને, એટલે હું કાકી નહિ બનું. તારી બા જોડે હું બ્હેનપણાં બાંધી લઇશ, હોં!'

મોહનલાલ ભણી જોઇને એણે કહ્યું: 'કહેતા'તા ને કે છોકરો તોફાની છે? જુઓ, કેવો ડાહ્યો ને કહ્યાગરો છે? કેટલો મિઠ્ઠો છે?'

અને મંગળાએ પાસે બેસાડીને એને જમાડ્યો, વ્હાલથી કેટલી યે બચીઓ ભરી અને રાત્રે પણ એને પોતાની પથારીમાં જ સુવાડ્યો. **યશવંત શુક્લ**

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'જંગલમાં'–ચતુર્ભુજ મરચંટ(ઘાટકોપર); બીજું ઇનામ: 'તૃષાતુર'–હીરાલાલ ભટ્ટ (અમદાવાદ); ત્રીજું ઇનામ: 'ચાલો, પૂરી દઉં!'–રસિક (ભાવનગર); ઉત્તેજના: 'તૂટેલો વિસામો'–મનુ પટેલ (અમદાવાદ). નોંધપાત્ર: રતિલાલ કામદાર (કરાંચી); તી.ઈ. રૈશુલ્લાભાઈ (સુરત).

પહેલું ઇનામ જીતનાર ભાઇ મરચંટનું ફોટો–ચિત્ર એક રોમાંચક સૃષ્ટિસૌંદર્ય રજૂ કરે છે. એનાં સંયોજન તથા ક્રિયાભાગ પણ સારાં ગણાય. ડાબી તરફના ઝાડનું થડ તથા ડાબી જમણી તરફ નમીને તે બાજુના કેન્દ્રરૂપથી નાના જણાતા ઝાડની ટોચ સાથે હાથ મિલાવી રહી પહાડી રસ્તાનું એક જાતનું તોરણ ઉપજાવે છે. તેમાં દાખલ થતો નાનોશો માનવી કુદરત તથા માનવતાનો સંબંધ તાજો કરે છે. એકંદરે ચિત્ર સારૂં છે, પરંતુ તેમાં માત્ર જરૂરી તીક્ષ્ણતા ખૂટે છે. ડાબી બાજુનું ઝાડ વધારે સ્પષ્ટ ઉઠાવ માગે છે.

કામ કરતાં મનુષ્યોનાં ફોટો–ચિત્રોમાં હમેશાં ચિત્ર-રહસ્ય નિપજાવતી બે વસ્તુ સમાએલી હોય છે: એક ચિત્રનું પાત્ર અને બીજું તેનું કાર્ય. આમ એકીસાથે રજૂ થતી એ બે વસ્તુઓને એકબીજાથી વેગળી ન પડી જવા દેતાં તેની એકતા સાચવીને જ ચિત્રમાં રસ લાવી શકાય. તેની સાથે ચિત્ર–ગૂંથણી, છાયાપ્રકાશની મિલાવટ, પોતાનું ચિત્ર વિસ્તારમાં સ્થાન વગેરે તત્ત્વો સંપૂર્ણ પરિણામ લાવી શકે છે.

ભાઈ ભટ્ટના 'તૃષાતુર' ચિત્રને આ દૃષ્ટિએ જોતાં પાણી પાનાર તથા પીનારને જોડનાર માટલાથી અને તેમાંની પાણીની ધારથી એ બે પાત્રોનું અનુસંધાન થાય છે અને જોનારની નજર એકથી બીજા તરફ આપોઆપ દોડે છે. તપતો સૂર્ય, આંજી નાખતો તડકો અને નિર્મળ આકાશ ચિત્રમાં વાતાવરણ ઉપજાવે છે.

રસોઇમાં નિમગ્ન બ્હેનનું ભાઈ રસિકનું ફોટોચિત્ર, હિંદુ ગૃહજીવનના એક સુંદર દૃશ્યનું આલેખન કરે છે. આ પ્રકારનાં ચિત્રો લેતાં અગાઉ ફોટોગ્રાફરે પોતે વિચાર કરી, ચિત્રમાં હરકત રૂપ બનતી વસ્તુઓ દૂર કરવી ઘટે. આ ચિત્રમાં દેખાતી બે થાળી, વાટકા, સ્ટવ, પાટલો વગેરે ઉપાડી લેવાયાં હોત તો ચિત્રમાં સાદાઈ આવત અને તેનું આકર્ષણ વધત. રાંધનાર બ્હેનનું ધ્યાન જે તવી ઉપર છે તે જ તવી ચિત્રમાં કપાઇ ગઈ છે તે ક્ષતિ ગણાય. કૅમેરાને ડાબી તરફ ફેરવી એ વસ્તુનો ચિત્રવિસ્તારમાં સમાવેશ કરવાની જરૂર હતી. ચિત્રમાં દેખાતી ભીંત પણ ચિત્રનું વાતાવરણ બગાડે છે.

હિંદના એક નીચલા થરના સમાજનું ચિત્ર રજૂ કરતા ભાઇ મનુ પટેલના ચિત્રમાં સર્વત્ર પ્રસરતી ગરીબાઇનો ખ્યાલ આવે છે. ગાડાના પૃષ્ઠભાગ ઉપર ફાટીતૂટી ગોદડીથી શાળો ઉપજાવી તેની નીચે બાંધેલા ઘોડીઆમાંથી ડોકિયું કરતા બાળકના ચહેરા પર રહેલું આશ્ચર્ય જણાઈ આવે છે. કૅમેરા જેવું કોઈ નવીન કાળું પક્ષી જોતાં એને કૌતુક કેમ ન થાય? નવીન વસ્તુ અને ચિત્રવાર્તાનું જ આમાં આકર્ષણ છે. બાકી તો તે સાધારણ સ્નેપ જ ગણાય.

જોડણી શીખવાની સહેલી ચાવીઓ

એ ઘણા આનંદનો વિષય છે કે આજ વર્ષો થયાં ગૂજરાતી ભાષામાં જોડણીની જે અ-રાજકતા હતી તેની મુંબઇ સરકારને પણ સમજ પડતાં તેણે ગૂજરાત વિદ્યાપીઠે પ્રસિદ્ધ કરેલા 'જોડણીકોશ'માંની જોડણીને સ્વીકાર્ય ગણી છે. મુંબઇ યુનિવર્સિટીએ તેનું સન્માન કર્યું ત્યારથી જ એ આશા બંધાવા લાગી હતી; અને હવે તેને રાજકીય શાસનનો ટેકો મળી જવાથી આજે તેની અરાજકતા પર દાબ આવ્યો છે. પાઠ્ય પુસ્તકોમાં પણ હવે તે જ જોડણી સ્વીકારવાની છે.

આજે 'જોડણીકોશ'માં જોડણીના બધા મળીને ૩૩ નિયમો થવા જાય છે. સર્વસામાન્ય જનતાને તે બધા સમજવા અને યાદ રાખવા મુસ્કેલ જ પડે. એ દૃષ્ટિને ખ્યાલમાં રાખી, બહુ જ થોડી સંખ્યામાં એ બધા નિયમોનો સમાવેશ થઈ જાય એવો અહીં પ્રયત્ન કર્યો છે. અને એ નિયમો સમજવા અઘરા ન પડે તે માટે ભાષા પણ જેમ બને તેમ સરલ રાખવામાં આવી છે.

જોકે આ નિયમો ભાષામાં વપરાતા બધાજ શબ્દોની જોડણી બતાવી શકે નહિ. આ તો જોડણી નક્કી કરવાની અમુક ચાવીઓ બતાવીને તેનાં થોડાં ઉદાહરણોથી સામાન્ય ખ્યાલ આપી શકે. કોઈ અજાણ્યા કે શંકા પડતા શબ્દોની બાબતમાં વારંવાર 'જોડણીકોશ'નો ઉપયોગ કરવાનું તો રાખવુંજ જોઇએ; છતાં, આ ચાવીઓ ધ્યાનમાં રાખનારને તેનો ઘણોખરો ખ્યાલ આવી જશે.

આપણી ભાષામાં સંસ્કૃત, ફારસી વગેરે પરભાષાના શબ્દો બારોબાર છે. જેમને અભ્યાસને લીધે એ બધાની જોડણી યાદ ન હોય તેમને તે બધાની શુદ્ધિ જાળવવાને માટે તો 'જોડણીકોશ'ની મદદ જરૂરી છે જ. લાંબા પરિચય પછી એવા શબ્દોની શુદ્ધિ સરળ બને છે; પરંતુ કોઇપણ રીતે ગૂજરાતી થઇ ચૂકેલા અને તળપદા ગૂજરાતી શબ્દોની શુદ્ધિ તો મોટે ભાગે જોડણીના નિયમોમાંથી જ સમજી લઇ શકાય. અને તે આ નિયમોથી થોડા વખતમાં જરૂર કાબૂમાં આવી શકે.

એ નિયમોને મુખ્યત્વે બે વિભાગમાં જુદા પાડી શકાય : સંસ્કૃત, અરબી, ફારસી વગેરે બીજી ભાષાના મૂળ (તત્સમ) શબ્દો શુદ્ધ સ્વરૂપમાં હોય તે કેવી રીતે લખવા તે એક વિભાગ; અને તે તે બીજી ભાષાઓમાંથી વિકાર પામીને આપણે ત્યાં આવેલા (તદ્ભવ) અને તળપદા શબ્દો કેવી રીતે લખવા તે બીજો વિભાગ.

નિયમો

અ પરભાષાના શુદ્ધ (તત્સમ) શબ્દોની જોડણી

(૧) સંસ્કૃત, અરબી, ફારસી, અંગ્રેજી વગેરે ભાષાના શુદ્ધ શબ્દોની જોડણી ગૂજરાતી ભાષામાં જાણીતાં ઉચ્ચારણોને ધ્યાનમાં રાખી મૂળ પ્રમાણે કાયમ રાખવી. સંસ્કૃત નામ અને વિશેષણ હોય તો તેમનાં વિસર્ગ અને સંસ્કૃત પ્રત્યય વિનાનાં પહેલી વિભક્તિ એકવચનનાં રૂપ લખવાં. જેમકેઃ મૂળ સંસ્કૃત મતિઃ; તે ઉપરથી મતિ લખવું. એજ રીતે ગુરુ, હરિ, શાંતિ, નીતિ, નિધિ, સ્થિતિ, શ્રીયુત, પાશ્ચાત્ય-ત્ય, પૌરસ્ત્ય, પ્રામાણિક, કર્તા, પિતા, વિદ્યાર્થી, હસ્તી, યશસ્વી, મનસ્વી, વિદુષી, ભગવતી, શ્રીમતી, સુદિ, વદિ; આગાહી, અમારી, ઉર્દૂ, કાબૂ, કાબુલી, કિસ્સો, કીમતી, ખૂબી, ગિરો, ચાકૂ, જાદૂ, જાસૂસી, તંબૂ, તૂતી, તૈયારી, દારૂ, દાવૂદી, પીલૂ, બાજૂ, રજૂ, રૂબરૂ; મ્યુનિસિપાલિટી, કમિટી, યુનિવર્સિટી, વગેરે.

અપવાદ—જેને છેડે વ્યંજન હોય તેવા શબ્દો ગૂજરાતી પ્રત્યય લેતા હોય તેઓને અકારાંત ગણીને લખવા. જગત્ નહિ પણ જગત; એમ જ—વિદ્વાન, ભગવાન, પરિષદ, સંસદ, ધનુષ, આશિષ, આયુષ, અકસ્માત; અકીક, અજબ, અંગૂર, અંજીર, આલિશાન, ઇજાર, ઈમારત, ઈલાજ, કબૂતર, કબૂલ, કસૂર, કાનૂન, કૂચ, કોશિશ, કોહિનૂર, ખુદ, ખૂન, ગુમ, ચાબુક, જરૂર, જાસૂસ, ઝનૂન, તવારીખ, તાસીર, દસ્તૂર, દીવાન, દીવાલ, નસીબ, નાખુદ, નાજુક, પુલ, બહાદુર, બારીક, બંદૂક, સાબિત; અપીલ, કોર્ટ, કેબલ, પેન્સિલ, બૂટ, સ્કૂલ, બૂક, ડૉક્ટર, સ્ટેશન, વગેરે.

પ્રત્યપવાદ—પશ્ચાત્, કિંચિત્, અતીત્, ક્વચિત્, સાક્ષાત્, એવા શબ્દો એકલા આવે ત્યારે છે તેમજ

વ્યંજનાંત લખવા. જેમકે ક્વચિત્, સાક્ષાત્. પણ આ શબ્દો પછી જ્યારે 'જ' અવ્યય આવે ત્યારે તે વ્યંજનાંત ન લખવા; જેમકે ક્વચિત જ, સાક્ષાત જ, વગેરે.

સૂચના-(અ) અંગ્રેજી શબ્દોમાં જ્યાં જ્યાં પહોળા એ કે ઓ હોય ત્યાં ત્યાં ગૂજરાતીમાં તે ઊંધી માત્રાથી જોડણીમાં બતાવવા. ડૉક્ટર, કૉલેજ, ઍક્ટ, બૅંક વગેરે.

(આ) અરબી, ફારસી શુદ્ધ શબ્દોમાં મધ્યે લઘુપ્રયત્ન અ જેવો ઉચ્ચાર હોય ત્યાં તે શબ્દોમાં વ્યંજન ખોડા ન લખતાં અકાર ઉમેરી જોડણી કરવી. અખ્બાર નહિ પણ અખબાર; એ જ રીતે અકસ્માત, અરજી, અશરફી, કુદરત, ખુશબો, ગિરદી, ચરબી, તકરાર, તસવીર, દરદી, બિલકુલ, દૂરબીન વગેરે.

(૨)અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો ભિન્ન ભિન્ન વાપરવાં નહિ; છતાં શક્ય હોય ત્યાં અનુસ્વારના વિકલ્પમાં અનુનાસિક વ્યંજનો વાપરી શકાય. જેમકે 'અંત' અને 'અન્ત' બન્ને વાપરવા. એ જ રીતે દંડ-દણ્ડ, સાંત–સાન્ત; તંબૂ–તમ્બૂ વગેરે.

વિકાર પામેલા (તદ્ભવ) શબ્દોની જોડણી ઇ-ઈ, ઉ-ઊ

(૩) વિકાર પામેલા શબ્દોમાં, કોઇ પણ સ્થળે રહેલા ઇ અને શબ્દને છેડે ન હોય તેવો ઉ નાકમાંથી બોલાતા (પોચા) ઉચ્ચારવાળા હોય, તે દીર્ઘ લખવા; દાખલા તરીકે વીંછી, દહીં, ટૂંક, ઊંઘ. પણ તેવો ઉ જો શબ્દને છેડે હોય તો તે હ્રસ્વ લખવો; દાખલા તરીકે સીંચવું, ટૂંકું, ઊંચું, ઊંધું, શું, થું, હું, તું વગેરે.

અપવાદ-પરંતુ એ નિયમ પ્રમાણે કૂંવર-રી નહિ પણ કુંવર-રી. એવા જ બીજા અપવાદો: કુંવારું, કુંભાર, કુંવાર-રું, સુંવાળું. પણ ઉંદર–ઊંદર એમ બે ય રૂપ સ્વીકારવાં.

(૪) તદ્ભવ શબ્દને છેડે આવતા ઇ એટલા દીર્ઘ, અને ઉ એટલા હ્રસ્વ લખવા. ઘી, ધણી, વિનંતી–વીનતી વગેરે; તથા પિયુ, લાડુ, ચાલુ, લાગુ, ડાહ્યુ વગેરે.

અપવાદ-એકાક્ષરી શબ્દોમાં તેવો ઊ દીર્ઘ જ લખવો: જૂ, લૂ, થૂ, ભૂ, છૂ, રૂ, વગેરે.

(૫) તદ્ભવ શબ્દોમાં આવતા જોડાક્ષરથી જ્યાં આગલા સ્વરને થડકો લાગતો હોય ત્યાં ઈ કે ઉ જે હોય તે હ્રસ્વ લખવો. દા. ત. શિસ્ત, ફુક્કર, ચુસ્ત, જુસ્સો, છુટ્ટું (છૂટું પણ), ભુક્કો (ભૂકો પણ), દિલ્લો, જિલ્લો, છેતરપિંડી, જિંદગી, નિંગોડી, ઢુંઢ, તુંડાઇ વગેરે.

(૬-અ) બે અક્ષરના જે શબ્દોમાં ઉપાન્ત્ય (છેડે ન આવતા હોય તેવા) ઇ અને ઉ હોય તે દીર્ઘ લખવા. લુખું નહિ, પણ લૂખું. એ જ રીતે બીડી, ખીલી, સીડી, ઝીણું, રીઢું, ચીડ, સીધું, ઈસ, ફીનો, ચૂરો, ચૂક, ચૂનો, સૂનું, ફૂંકું, ધૂલી-લું, ફૂલ, સૂવું-સૂએ-સૂઓ, વગેરે.

અપવાદ-પણ જ્યાં વ્યુત્પત્તિને કે રૂઢિને કારણે જુદી જોડણી થતી હોય એવા શબ્દોમાં હ્રસ્વ લખવા. દા૦ત૦ મુજ, તુજ, વિશે-વિષે, સુધી, જુદું, જુએ-જુઓ, ધુએ–ધુઓ, ખુએ, ખુઓ, રુએ–રુઓ વગેરે.

(૬–આ) ત્રણ અક્ષરના શબ્દોમાં ઉપાન્ત્ય ઇ કે ઉ પછી હ્રસ્વ સ્વરવાળો વ્યંજન હોય તો તે દીર્ઘ લખવા. જેમકે નીકળ; અને દીર્ઘસ્વર વાળો વ્યંજન હોય તો હ્રસ્વ લખવા. જેમકે કિનારો. એ જ રીતે ઊતર, મૂલવ, મજૂર, બેડૂત, વગેરે; અને વિમાસ, ખુશાલ, વિસામો, નિસાસો, દુકાળ, સુતાર, ભુલાવો વગેરે.

અપવાદ-(૧) પરંતુ આમાં પણ જ્યાં વ્યુત્પત્તિ કે રૂઢિને કારણે જુદી જોડણી થતી હોય ત્યાં અપવાદ કરવો. જેવા કે ઉપર, ચુગલી, કુરતું, ટુકડો, ટુચકો, કુમળું, કુસકી, ગુટકો, કુલડી, મુગટ, ટહુકો, મહુડું, મધુરું, ફઉડી, સ્ફુરતું; અને પૂજારી, દંતૂડી, કબીલો, ગોટીલો, દાગીનો, રંગીલું વગેરે.

અપવાદ-(૨) વિશેષણ ઉપરથી થતાં નામો તેમ જ નામો ઉપરથી થતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી. ગરીબ–ગરીબાઇ, વકીલ–વકીલાત, ચીકણું-ચીકણાશ-ચીકણાઇ-ચીકાશ, મીઠું-મીઠાશ-મીઠાઇ-મીઠાણ, જૂઠું-જૂઠાણું, પીળું–પીળાશ વગેરે.

અપવાદ-(૩) ક્રિયાપદોનાં મૂળ રૂપને કે સાધિત રૂપને કૃદંતના પ્રત્યયો લગાડવા હોય ત્યારે ઉપર મુજબ મૂળ તેમ જ સાધિત રૂપની જોડણી સિદ્ધ કર્યા પછી જ પ્રત્યયો લગાડવવા. જેમકે ભૂલ(વું) પરથી ભૂલનાર, ભૂલેલું; પણ સાધિત રૂપ ભુલા(વું) પરથી ભુલાનાર, ભુલાવેલું, ભુલાવડાવેલું; વગેરે.

સૂચના-ઊતરવું, નીકળવું, મૂલવવું એ પ્રમાણેનાં સર્વ મૂળ ક્રિયાપદોમાં 'વું' રહિત જ રૂપો અક્ષરગણતરી માટે રાખી નિયમ ૬ આ પ્રમાણે જોડણી કરવી.

(૬–ઇ) ચાર અથવા તેથી વધારે અક્ષરના શબ્દોમાં શરૂમાં આવતો વ્યંજનવાળો કે વ્યંજન વિનાનો ઇ-ઉ

હ્રસ્વ લખવો: હિલચાલ, કિલકિલાટ, ખિસકોલી, ટિપણિયો, ચિચિયારી, ટિટિયારી, ટિચકારી, નિમણુક, ઉજાગરો, ઉનામણો, ઘતરડી વગેરે.

અપવાદ-ગુજરાત અથવા ગૂજરાત બંને રૂપ સ્વીકારવાં.

ય-શ્રુતિ

(૭) શબ્દના બંધારણમાં ઇ પછી ય-શ્રુતિ વ્યક્ત થતી હોવાથી પૂર્વેનો ઇ હ્રસ્વ કરી, પછીના સ્વરમાં ય ઉમેરી જોડણી કરવી: દરિયો, કડિયો, રેંટિયો, ફડિયો, ફળિયું, ધોતિયું, માળિયું, ઢાળિયું, કાઠિયાવાડ, પિયર-પિયેર, દિયર-દિયેર, મહિયર, સહિયર, પિયુ વગેરે.

અપવાદ-(૧) પણ પીયો (ચેપડો) એવું રૂપ લખવું. અને પિયળ-પીયળ એવાં બંને રૂપ સ્વીકારવાં.

અપવાદ-(૨) વિભક્તિ કે વચનના પ્રત્યયો લગાડતાં કાંઇ ફેરફાર ન કરવો. નદી-નદીએ, નદીઓ; સ્ત્રી-સ્ત્રીએ, સ્ત્રીઓ; ખૂબી-ખૂબીઓ.

અપવાદ-(૩) વર્તમાન કાળમાં કરીએ, છીએ, ખાઈએ, ધોઈએ, સૂઇએ, એવાં રૂપો સ્વીકારવાં.

(૮) ભૂતકૃદંતનાં 'એલું' પ્રત્યયવાળાં રૂપોમાં 'એલું' પહેલાંના અંગમાં અ, આ, ઓ આવ્યા હોય ત્યારે 'એ'-માં 'ય' ઉમેરી જોડણી કરવી. ગયેલું, થયેલું, સચવાયેલું, મુકાયેલું, જોયેલું, ખોયેલું, ધોયેલું, રોયેલું, વગેરે.

ઐ-ઔ

(૯) શબ્દના રૂપમાં અ+ઈ, અ+ઉ જેવાં ઉચ્ચારણની ભ્રાંતિ થતી હોય ત્યાં ઐ અને ઔ લખવા. જેમકે પઇસો નહિ પણ પૈસો: એ જ રીતે પૈડું, ચોંટું, ચૌદ, કૌંસ, રવૈયો, ગવૈયો, કૈં વગેરે.

અપવાદ-પણ પાઇ, પાઉંડ, એ શબ્દો તે મુજબ છૂટા લખવા. તથા જઇએ. થઇએ તેમ જ ઘઉં, ઊડઈ, સઇ અને સંબંધક કૃદંતનાં જઇ, થઇ, વગેરે રૂપો અહીં લખ્યા પ્રમાણે લખવાં. તેમ ઊધઇ-ઉધેઇ.

હ-શ્રુતિ

(૧૦) વિકાર પામેલા શબ્દોમાં હકારનું શ્રવણ થતું હોય ત્યાં પૂર્વના વ્યંજનમાં અકાર ઉમેરી જોડણી કરવી. જેમકે બ્હેન નહિ પણ બહેન; એ જ રીતે વહાણું, વહાલું, પહોળું, મહાવત, શહેર, મહેરબાન, મહોલ્લો, મહાવરો, મહોર, કહે, રહે, પહેર, પહોંચ, વગેરે.

અપવાદ-(૧) પરંતુ મ્હને ને બદલે મને રાખવું. એ જ રીતે મારું, તારું, અમારું, તમારું, તેનું, એનું નાનું, બીક, સામું, ઊનું, મોર (આંબાનો), મોં, મોવું (લોટનું), જ્યાં, ત્યાં, જ્યારે, ત્યારે, ક્યાં, ક્યારે, વગેરે જે પ્રમાણે ચાલે છે તેમ જ લખવા.

(૨) ચાહ, સાહ, મોહ, લોહ, દોહ, કોહ, સોહ એ ધાતુઓને અનિયમિત ગણી 'જોડણીકોશ'માં બતાવ્યા પ્રમાણે તેઓનાં રૂપ લખવાં. (જુઓ 'જોડણીકોશ'નો (૩જી આવૃત્તિ) નિયમ ૧૦મો, પૃ. ૧૮)

(૩) કાઢ, વાઢ, કઢી, ટાઢ, અઢાર, કઢવું, ચઢવું અને તે ઉપરથી થતા શબ્દો બતાવ્યા મુજબ લખવા.

પ્રકીર્ણ વ્યંજનો

(૧૧) જોડાક્ષરોમાં નિકટના અલ્પપ્રાણ અને મહાપ્રાણ ન લખતાં મહાપ્રાણ જ બેવડા લખવા. ચોકખું નહિ પણ ચોખ્ખું; એ જ રીતે પથ્થર, ઝભ્ભો, ઓધ્ધો, સુધ્ધાં, સભ્ભર વગેરે.

અપવાદ-માત્ર ચ્ છ્ ના સંયોગમાં ચ્છ લખવા. અચ્છેર, પચ્છમ, અચ્છું વગેરે.

(૧૨) જેમાં ય ની ભ્રાંતિ છે તેવા શબ્દોમાં ય ન લખતાં મૂળ શુદ્ધ રૂપ લખવું. ચાયણી નહિ ચાળણી; એ જ રીતે પારણું, બારણું, શેરડી-શેલડી, દોરડું, બરણી, ખાંડણી, દળણું, શરણાઈ વગેરે બતાવ્યા મુજબ લખવા.

(૧૩) નીચેના શબ્દોમાં બતાવ્યા મુજબ બંને જોડણી કરવી:

(અ) ડોશી-ડોસી, માશી-માસી, ભેંશ-ભેંસ, છાશ-છાસ, બારશ-બારસ, એંશી-એંસી, વિશે-વિષે વગેરે.

(આ) પણ શોધવું (સોધવું નહિ), શકવું, એમ જ લખવાં.

(ઇ) સંઝા અને સમઝ નહિ પણ સજા સમજ રાખવું; પણ, ગોઝારું, મોઝાર એમાં ઝ રાખવા. છતાં, સાંજ-સાંઝ, મજા-મઝા એમાં બંને રાખવાં.

(ઈ) આંબલી-આમલી, લીંબડો-લીમડો, ઉંબરો-ઊમરો, તૂંબડું-તૂમડું, કાંબળી-કામળી, ડાંભવું-ડામવું, પૂંભડું-પૂમડું, ચાંદલો-ચાંલ્લો, કડલાં-કલ્લાં, સાડલો-સાલ્લો, ગાડલો-ગાલ્લો વગેરે બંને રાખવાં.

(ઉ) પ્રેરકના પ્રત્યયોમાં આવતો અડાવ કે અરાવ એ બંને પ્રત્યયો વિકલ્પે રાખવા (ઇચ્છા મુજબ ચલાવવા): કહેવડાવ-કહેવરાવ, ગવડાવ-ગવરાવ. તે જ પ્રમાણે આડ કે આર પ્રત્યયો પણ વિકલ્પે રાખવા. જેમકે બેસાડ-બેસાર. પણ દેખાડમાં તો ડ જ રાખવો.

આ પ્રમાણે મૂળ જોડણીકોશના ૩૩ નિયમોને ઉપલા ૧૩ નિયમોમાં સમાવી ચાવી રૂપ બનાવ્યા છે. એ ખ્યાલમાં રાખીને લખવાનો અને શંકા વખતે 'જોડણીકોશ' નો ઉપયોગ કરી નિર્ણય મેળવી લેવાનો જો આગ્રહ રાખવામાં આવે તો થોડા જ સમયમાં જોડણી ઉપર પ્રભુત્વ આવી જાય.

'જોડણીકોશ'માં પુષ્કળ વિકલ્પો મળે છે. એમાંના જે વિકલ્પો સ્વાભાવિક ઉચ્ચારણોની નજીકના હોય તે અપનાવી લઇ એકસરખી જોડણી કરવાનો કોઇપણ વિશિષ્ટ પ્રયત્ન કરે તો ભાષાના સ્વાભાવિક સ્વરૂપ તરફ એ પોતે પણ આવી શકે અને બીજાને પણ લાવી શકે. જેમ સંસ્કૃત ભાષામાં લખનાર સતત સાવચેતી રાખે છે, તેથી પણ વિશેષ સાવચેતી રાખી ગૂજરાતી ભાષા લખવાની અનિવાર્યતા છે. તોજ ભાષા નિયમબદ્ધ રહી શકે.

ભાષા એટલી વિશાળ છે કે એના પ્રત્યેક શબ્દની શુદ્ધિ ઉપર પ્રભુત્વ લાવવું સુકર નથી; છતાં એટલું ખરું કે 'જોડણીકોશે' જે નિયમાવલી ઘડી આપી છે તેનો યથાશક્ય અભ્યાસ કરીનેજ આ નવી નિયમાવલી ઉપજાવવામાં આવી છે. એમાં રહેલી ભૂલો બતાવવામાં આવશે તો તેનો સહર્ષ સ્વીકાર કરી, નવા પ્રયાસમાં તે સુધારી લેવામાં આવશે.

કેશવરામ કા. શાસ્ત્રી

સમયને સંબોધન*

ઓ સમય! શું હું વર્ણવું તારી શેતાની ?
કરનાર જોર સર્વને જબરદસ્તીથી !
જે મંદ હતા તે બની ગયા તોફાની,
હુશિયાર થયા બેભાન તારી મસ્તીથી;
કૈકને ઉખેડી દીધા ફેંકી હસ્તીથી—
તારાજ થયા જે હતા પાદશાહી પર !
થયું નાશ નગર, વન રહ્યું હસી વસ્તીથી:
માનીને શિખામણ તારી જ્ઞાની, યોગી નર
પણ ગયા હતા પટકાઇ, ગયા પટકાઈ પ્રેમ-વેદી પર !

બળવાન, અબોધ જગવનાર ઓ બળવા !
શા ફેલ તાહરા, શી ય તારી ફેરવણી ?
તૈયાર થા તું તાહરી ગિબત સાંભળવા
જે કરે તને છે યુક્ત તાહરી કરણી:
સત્તાથી તારી છે રહી ધ્રૂજી આ ધરણી
પણ નહીં તેથી કંઇ માન વધ્યું છે તારૂં.
તુજ શાણપણા પર ફરી ગઇ સાવરણી
જો કર્યું વિશ્વને નાહીં વધારે સારૂં:
કલ્યાણ લેખ તુજ ખરૂં જેહમાં છે કલ્યાણ અમારૂં !

ઇચ્છતો નથી હું તેહ પાસ આશ્વાસન
જેહણે કર્યું છે હૃદય માહરૂં કાણું;
જો હોય સકળ સૃષ્ટિ આ તારું રાજ્યાસન
આકાશ નીચે, ને અણુ થકી પરમાણુ
ગાનાર થઇને ઉભાં તારૂં જશ-ગાણું,
તો આવું કને હું તારી એલચી રૂપે—
પડકાર નમન, ધિક્કાર માહરૂં નજરાણું
જિંદગી સકળ કર માંહીં લઈ જે ભૂપે
છે આપી જાગીરી મને નિધનના અતલ, અગોચર કૂપે !

અદશ્ય જાદુગર! ખેલ રચ્યો જે ખેલી
અવનવા, રીઝવવા કાજ જગત્કર્તાને,
પૃથ્વીની ઉપર પૃથ્વીઓ કૈંક હડસેલી,
નક્ષત્રમાળના બધા તેજગોળાને
હાથમાં લઇ ફરનાર! કોઇ સત્તાને
રાખતો સ્થિર નહિ, બધે ક્રમણ આદરતો;
તાકતો, તડપતો રંક અને મોટાંને,
ઇતિહાસ તણા અવકાશ મહીં પગ ભરતો
જે પડે નજરમાં કાંઈ સર્વ પોતાનું તેહને કરતો !

ઓ સમય! પડ્યા તુજ કરે કોટ ને કિલ્લા,
ગઇ સડી કમાનો, કારિગરી ગઇ કોહી
જેહના ઉપર તુજ સતત રહ્યા થઈ હલ્લા;
આસનો અરીસા સૌમ્ય રહેલા સોહી
જે ઉપર વાપર્યું હતું હૃદયનું લોહી
નહિ રહી વજૂદી તેહ અને રહ્યું બૂતું:
ખુબસૂરતી, જે પર હતું રહ્યું જગ મોહી
ગઇ ક્યાં હેલન? સ્મિત ક્યાંય મિસરનું સૂતું !
ને એવું જાણવા જોગ ઘણું હા! એક બબત જે હતું ?

પતીલ

* 'દુખિયારા દિલ્લખનો કરુણ કિસ્સો' એ નામની એક લાંબી આશરે ૭૦૦૦ પંક્તિની પાંચ સર્ગની સળંગ રચનામાંથી.

ફારસી સાહિત્યની વાનગી

ગઝનીના બાગમાં શાહ મહમૂદના દરબારના ત્રણ કવિઓ ઉન્સરી, ફરરૂખી અને અસ્જદી ઉજાણી કરી રહ્યા હતા. ત્યાં એક પરદેશી આવી ચડ્યો. કવિઓએ આ પરદેશીને જોઈને અણગમો દાખવ્યો. એકે તેને મારી કાઢવાનો વિચાર કર્યો. બીજાએ કહ્યું કે નહિ, ટાઢે પાણીએ ખસ જાય એવું કાંઈ કરીએ. ત્રણે કવિઓને પોતાની કાવ્યશક્તિ માટે ખૂબ જ અભિમાન હતું. તેઓએ મસલહત કરી ફારસી ભાષાના એવા ત્રણ શબ્દો શોધી કાઢ્યા કે જેનો કાફિયો (પ્રાસ) મેળવવા ચોથો શબ્દ હોય જ નહિ. તેઓએ પેલા પરદેશીને જણાવ્યું કે અમે ત્રણ એકેક લીટી બોલીશું, તારે ચોથી લીટી રચી કાવ્ય પૂરૂં કરી આપવું. ન થઈ શકે તો અહીંથી ચાલ્યા જવું. પરદેશીએ નમ્રતા દાખવી શરત કબૂલ કરી.

કવિઓએ કાવ્ય-લડાઈ શરૂ કરી. ઉન્સરીએ પહેલી લીટી આમ રચી:

ચું આરે ઝે તો માહ નબાશદ રઉશન્

(તારા મુખ જેવો તો ચંદ્ર પણ ઝળકાટભર્યો નથી)

ફરરૂખીએ ઉમેર્યું:

માનન્દે રોખત ગુલ્ ન બુવદ દર્ ગુલશન્

(તારા ગાલ જેવું તો આ બાગમાં ગુલાબનું ફૂલ પણ નથી)

અસ્જદીએ સૂર મેળવ્યો:

મેઝગાનત ગુઝર્ હમી કુનદ દર્ જઉશન્

(બખ્તરને ય વીંધે એવાં તારી આંખનાં પાંપણ છે)

પરદેશી, જે કોઈ જ નહિ પણ શાયર ફિર્દોસી હતો, તેણે શીઘ્ર કાફિયો પૂરો કર્યો:

માનન્દે સનાને ગીવ્ દર્ જન્ગે પશન્

(પશનની લડાઈમાં જેમ ગીવનો ભાલો)

આ ચારે લીટીનો અર્થ એક હિંદુ લેખકે આમ કર્યો છે:

સુંદરી, તારા વદનના તેજ આગળ ચંદ્રનું તેજ કુચ્છ વિસાતમાં નથી. તારા ગાલ સાથે હરીફાઈ કરે એવું ગુલાબફૂલ કોઈ પણ વાડીમાં મળે એમ નથી. તારા નેત્રકટાક્ષ કવચનું યે વિદારણ કરવા સમર્થ છે. તેને ઉપમા તો પશનના યુદ્ધમાં મહારથી ગીવના ભાલાની જ શોભે.

卐

મોગલ શાહનશાહ જહાંગીરની પત્ની નૂરજહાન કવિ હતી. જહાંગીર પણ તેવો જ રસિક હતો. બંને એકલાં હોય ત્યારે કાંઈ ને કાંઈ કાવ્યગોષ્ઠિ કરે. એક દિવસ મહેલની અટારીએ ઊભાં રહી તેઓ નીચે રસ્તા ઉપરથી જતા રાહદારીઓનો મહેમાર જોઈ રહ્યાં હતાં. કેટલાંક માણસોને ઘડપણને લીધે કમરેથી વાંકા વળીને જતાં જોઈ જહાંગીરે પૂછ્યું:

ચરા ખમ ગશ્તેહ્ મી ગરદન્દ પીરાને જહાન દીદેહ

(આ માણસો પોતાના શરીર વાંકા વાળીને કાં ચાલી રહ્યાં છે?)

નૂરજહાંને તુર્ત જવાબ આપ્યો:

બઝીરે ખાક મી જુયન્દ અય્યામે જવાની રા

(કારણકે તેઓ પોતાની યુવાનીના દિવસો ધૂળમાંથી શોધી રહ્યા છે)*

卐

દરબારની એક ખૂબસૂરત યુવતી બોલતાં તોતડાતી હતી. એ બોલવા જાય ને બધા હસી પડે. એની મૂંઝવણ જાણીને દરબારના એક કવિએ નીચલી ટૂંકોથી એનો બચાવ કરી દીધો:

જ઼ લકનત નીસ્ત આન મેહ રા સુખન્ કે
ઝ દયર્ મીં આયદ
જુદાઇયે અઝ આન્ દહ્‌ાને ઊ સુખન્ રા
આર મી આયદ

(આ ચંદ્રમુખીના શબ્દો તેના ઓષ્ઠ વાટે ધીમે ધીમે બહાર પડે છે તે કાંઇ તેના તોતડાપણાને લીધે નહિ; ખરૂં કારણ તો એ છે કે શબ્દો એના મીઠા મુખથી જુદા પડવા જ નથી માગતા!)

卐

ફારસી સાહિત્યમાં 'સવાર પડી', 'સૂર્ય ઊગ્યો', 'રાત થઈ' એ કહેવા માટે અલંકારી ભાષા ભરપૂર છે. એમાં શાયર ફિર્દોસીએ કમાલિયત દેખાડી છે. બે ઉદાહરણ:

બબુર્જે બરહ તાજ બર્ સર્ નેહાદ
અઝૂ ખાવરો બાખ્તર્ ગશ્ત શાદ.

(મેષ રાશીમાં પ્રવેશીને સૂરજે પોતાને માથે તાજ મેલ્યો ત્યારે પૂર્વથી પશ્ચિમ સુધીની દુનિયા ખુશાલ બની.)

બદાનગહ કે ખુર્ ચાદરે મુશ્કબૂય્.
બેદરીદો બર ચર્ખ બેન્મૂદ રૂય્.

(સૂરજે કાળી કસ્તૂરીની સુવાસિત ચાદર ફાડી નાખીને આકાશ ઉપર પોતાનું મુખ ખુલ્લું કર્યું.)

નરીમાન સોરાબજી ગોળવાળા

---

* સરખાવો કવિશ્રી દલપતરામનું કાવ્ય 'જમેલી ડોશી

કુમારવિહાર (અનુ૦ પાછળના પાન ૨૯૫ થી)

નહિ ચાલે; આ મૂર્તિઓ પણ જોવી પડશે; જે જોશે તે જરૂર કવિ કહે છે તે પ્રમાણે 'નાટ્યજ્ઞ' થશે.

કવિની દૃષ્ટિ સ્ફટિકના સ્તંભો અને તેના પર રહેલી સોનાની કુંભાવલીને જોતા જાતજાતના લોકો ઉપર પડે છે. સ્તંભોની ચાંદનીથી સુવર્ણના કુંભો પણ રૂપાના દેખાય છે, એટલે ગામડિયાઓને દૂધના અને વિલાસીઓને કપૂરના ભાસે છે; ધાતુવાદનો ભ્રમ રાખનારને પારાના ભાસે છે, જ્યારે સોનીઓને રૂપાના દેખાય છે (૧૪).

મંદિરના વિશાળ રંગમધ્યમાં માણસો ઊભરાવાથી સંકડામણ છે. અપ્સરાઓને તેમાં ચાલતાં નૃત્યાદિ જોવાની ઉત્કંઠા છે, એટલે સુંદર મણિપૂતળીઓના છળથી (એ રૂપે) તેઓમાંની કેટલીક પ્રબળ વેગથી મંડપ ઉપર ચઢી ગઇ, કેટલીક સ્તંભોની ઊંચી બાજૂ ઉપર ગોઠવાઇ ગઇ, અને કેટલીક શિખરની વિશાળ મેખલા ઉપર ચઢી ગઇ (૧૫). રંગમંડપ ઉપર અપ્સરાઓની વિવિધ સ્થાને જે મૂર્તિઓ ગોઠવેલી છે તે ઉપર કવિની આ ઉત્પ્રેક્ષા છે, અને તે દ્વારા તે રંગમંડપમાં થતા, દેવોને પણ કુતૂહલ કરે એવા નૃત્યનું સૂચન છે. દેલવાડામાં રંગમંડપનું એ શિલ્પ આજે પણ રોમાંચ કરે છે.

રંગમંડપ ભેદી, કવિ શિખર ઉપર આકાશમાં ચાલ્યો જાય છે. ત્યાં પાટણમાં થઇને મધ્યાહ્ને પણ સૂર્યનો રથ જઇ શકતો નથી; કારણ એવું છે કે એ ઉત્તુંગ ચૈત્યના શિર ઉપર વિકરાળ મુખવાળા સિંહ ઊભા છે, અને સૂર્યના ઘોડા ભડકીને એ રસ્તે આવતા જ નથી (૧૬). પાટણમાં તાપ તો ઘણો પડે છે અને કવિ રામચન્દ્રના કાળમાં પણ ઓછો નહિ પડતો હોય! એટલે મંદિરના શિખરની ઊંચાઈ અને સિંહોની ભયાનક વિકરાળતાથી આપણે આભા બનવું હોય તો બનીએ, પણ સૂર્યના ઘોડા એનાથી ડર્યા હોય એમ માનવામાં આવતું નથી. પણ ત્યાં રાત્રિએ સદા પૂર્ણિમા પ્રકાશે છે એ મનાય એવું છે; કારણકે રાતે રાતે, મન્દ્ર, મધ્ય અને તાર સપ્તકોમાં ઘૂમતા, વલ્લકી (તન્તુવાદ્ય)ના સાથમાં સંપૂર્ણ સ્વરલયની ઘટનાથી વહી રહેતા ગીત-અમૃતની તૃષ્ણાના આવેશથી ચન્દ્રનો કુરંગ પ્રત્યેક પદની રચના સાંભળવા કાન ઊંચા કરી આકાશમાં ઊભો રહે છે તે ખસતો નથી (૧૭).

શિખર ઉપરના આકાશમાંથી સૂર્યના અશ્વોની ભડક અને ચંદ્રના કુરંગની સંગીતલોલુપતા જોઇ કવિ પાછો મંદિરના મધ્ય ભાગમાં આવી જાય છે: અને જુએ છે તો લોકો જાણે દરવાનો રોકતા હોય તેમ ખચકાતાખચકાતા પ્રવેશ કરે છે. પણ દરવાનો તેમને રોકતા નથી; અપૂર્વ કૌતુકથી તેમનું હૃદય જ તેમને જતાં અટકાવે છે; સુવર્ણની કુંભપંક્તિ, અનુપમ પીઠિકા, વિવિધ ચંદરવા અને પૂતળીઓ જોતાં જોતાં ધરાય ત્યારે લોક આગળ જાયને! (૧૯).

પણ આ મુગ્ધાઓ પુષ્પાંજલિ લઇને આવી છે તે કેમ વાટ જોતી ચિરકાળે મધ્ય ભાગમાં પ્રવેશે છે? એમને પૂછો તો કહેશે કે 'ભીડમાં ક્યાં અથડાઇએ?' અરે પણ ભીડ ક્યાં છે? આ તો તમારા પોતાનાં પ્રતિબિમ્બ જ નિર્મળ શિલાતળમાં પડેલાં છે, તેની તમને ભીડ દેખાય છે (૨૦). વળી, નગર-યુવતીઓને નીલમણિની પરનાળના મગરમુખમાંથી કેતકી પુષ્પની સુગંધવાળા પાણીને સ્પર્શ કરવા જતાં સુગંધથી ખેંચાઈ આવતા ભમરાઓનો ભ્રમ થાય છે, પણ છે તો એ નીલમણિઓનો ઊડતો ઝળહળતો પ્રકાશ! (૨૩); જ્યારે, ધવલ શિલાનાં કિરણોને 'આ તો ધારાગૃહ (ફુવારો) છે' એમ માની કસૂંબલ ચીની વસ્ત્રો ધારણ કરનારીઓ તો બહાર જ ઊભી રહે છે (૩૯).

બીજી યુવતિઓ મંદિરના મધ્યમાં પ્રવેશે છે ત્યારે ચન્દ્રકાન્ત શિલાઓના ઊમરા ઉપરના કુંભની પ્રભાઓને પણ પાણી માની કટિ ઉપરથી લટકતાં વસ્ત્રોના છેડા ઊંચા કરે છે, પણ વડીલો તે જોતાં સંકોચથી પગલાં ભરે છે (૫૬).

એ મંદિરમાં સુંદરીઓ—નીલઆભાસવાળા દ્વારમાં મૂંઝાઈ ઝડપથી ચાલી જતી અને સૂર્યકાન્ત મણિઓની પૂતળીઓ જોઇ હર્ષ પામતી, પીઠ ઉપર રહેલા સિંહોથી ભય પામતી અને શ્રદ્ધાળુઓની ભીડથી સંકોચ પામતી, (એ જ ભીડમાં) વહાલમોના અંગથી અંગ ઘસાતાં રોમાંચિત થતી અને વાજિંત્રોના નાદે (અથવા નાદ પ્રમાણે) નાચી ઊઠતી સુંદરીઓ—યુવાનોને આનંદ આપી રહી છે (૬૮).

આ મંદિરની રાતી શિલાઓ—ભીંતોમાં જડેલા પદ્મરાગ મણિઓ—નગરની વિધવાઓને પણ સધવાનો શણગાર સજાવે છે; તેમનાં ચરણ ઉપર અળતો ચોપડે છે, લલાટપ્રાન્તે સિંદૂરરેખા દોરે છે, અંગો ઉપર કેસરનો રંગ છંટાય છે, (ધોળાં) ચીનીપટ ઉપર કસૂંબલ છટા

છો ને—

તૂફાનમાં સમદરે ઉરનાવ છોડું,
વંટોળમાં હૃદયને રમણે જવા દો;
આષાઢની નયન-પાવન વીજ આંજી
ચક્ષુ મહીં, પૃથિવી આભ જરા નિહાળું—
એવા ઊંડે ઉર અજંપ હસે કદિ કો,
છો ને. અજંપ ઉરના મનુના ફળે ના
તો યે અજંપ ઉપરે ઉરનાવ છોડું.

મુરલી ઠાકુર

આવી જાય છે, અધર ઉપર મનોહર તાંબૂલનો રંગ લાગી જાય છે (૪૫).

દ્વારવેદીમાં બિંબિત થયેલો ચન્દ્ર ભગવાનને કહે છે કે આપના પદકમલને જોવા ઇચ્છા છે પણ આ મારો મૃગ આપની ભદ્રપીઠી ઉપર બેઠેલા સિંહથી ડરે છે (૫૪).

મંદિરમાં નટલોક નૃત્ય કરે છે; પૃષ્ઠપીઠે મયૂર કેકા કરતો નાચે છે; લોકનાં ચિત્ત એ તરફ ખેંચાય છે, એટલે નટો મયૂરો ઉપર રોષે ભરાય છે (૨૪). ગંધર્વોના કાનમાં મધુ સિંચતા અને બહુ શ્રમ પૂર્વક સાધેલા એવા ગેય અને વાદ્યોના પ્રકારોને મંદિરમાં આવતા શ્રદ્ધાળુ લોકો, ગીતજ્ઞોએ વાર્યાં છતાં વારંવાર ઘંટારવ કરી વ્યર્થ કરે છે અને બિચારા ગંધર્વોને ઉદાસીન કરી નાખે છે (૬૭).

નીલ શિલાઓવાળા ભાગમાંથી જતાં નર્તિકાઓને અંધકારનો ભ્રમ થાય છે એટલે હાથ હલાવતી—આગળ ધરતી—ભમે છે; એમ જતાં કોઇ સ્થળે ધોળા પત્થર સાથે કપાળ અથડાય છે એટલે હાથથી દબાવતી ચાલે છે, અને કોઇ સ્થળે પોતાના પ્રતિબિંબને જ બીજું કોઈ માની ડરથી ફલંગ મારી ઓળંગે છે. સાથે રહેલા વિટો આ મૌગ્ધ્ય જોઇ હસે છે (૫૮). નર્તકી નૃત્ય કરે છે, સામે રૂપાનો સ્તંભ છે. સહૃદયોનાં હૃદયને આનંદ આપે એવા દૃષ્ટિભેદોનો અભિનય નર્તકી કરે છે; તાલ અને ગીત તથા સ્પષ્ટ પટહ અને મૃદંગને અનુસરતા લાસ્ય-સૌન્દર્યને નવાંનવાં કરણો તથા હસ્ત અને ચારીઓના વૈવિધ્યથી વિસ્તારે છે. પેલો એક રૂપાનો સ્તંભ આ બધું ઝીલી ઉપદેશ આપતો હોય એમ પોતે નર્તનાચાર્ય સરખો ઊભો છે (૬૧).

એ મંદિરમાં—મધ્ય ભાગ કે મંડપ, અથવા બહારનું આંગણું કે નાટ્યલીલાગૃહ—એવું કોઈ પણ સ્થાન ન હતું કે જે હજારો માણસોથી રોકાઈ ગયું ન હોય! ફક્ત દિવસે સૂર્યકાન્તમણિની વેદી પાસે કોઈ ન આવતું. તણખાથી દઝાતાં લોકો એ દૂરથી જ જોતા (૮૩). આ સૂર્યકાન્તમણિની વેદી કેવી હશે? કે ફક્ત 'કવિસમય' જ છે?

રાતના દેવીઓ એ મંદિરમાં રાસ રમવા આવે છે. એ દેવીઓના રાસ જોવા નગરની સુંદરીઓ પહેરાવાળાઓની ઝૂંપડીઓમાંજ સતત બેસી રહે છે, અને પ્રિયતમોને ખીજવે છે (૯૦).

યાત્રાપ્રસંગે દિવ્ય સંગીતના અવધિ સમા મધુસિંચતા રવ-વેણુ અને વીણાના—અને તેમના શત્રુસમાં બીજાં વાજિંત્રોના ઘોર નિનાદો થઇ રહે છે ત્યારે લોકોની એવી તો ઠઠ જામે છે કે હાથ પણ હાલી શકતા નથી, એટલે ફક્ત નેત્રો નચાવીને જ વ્યવહાર કરવો પડે છે (અવાજથી પણ કામ નથાય)(૧૮૩). આવા મહોત્સવોમાં વૃદ્ધો પહેરાવાળાઓને વિનંતી કરે છે: ભાઇ, મને વચમાં લઈ જા; મહાતીર્થ પાર્શ્વપ્રભુનું જરા મુખ દેખાડ (૧૦૭).

મંદિરમાં લોકો બેઠેલા જ હોય છે, પણ સૌની ઇચ્છા જુદીજુદી હોય છે. શ્રદ્ધાળુઓ પુણ્ય થાય એટલા માટે બેઠા છે, રોગીઓ નીરોગી થવા બેઠા છે, કુશળો (કારીગરો) શિલ્પ જોવાની ઇચ્છાથી બેઠા છે, કદ્રૂપા રૂપાળા થવા બેઠા છે, પૈસા ખૂટી પડયા છે એવા ધનની ઇચ્છાથી બેઠા છે, રસભોગીઓ સંગીતક (નાટક)ની શ્રદ્ધાથી બેઠા છે અને સેવકો શેઠ થવાની ઇચ્છાથી બેઠા છે (૭૧). કવિને આ શ્લોકમાં કાંઈ ખાસ કહેવું છે કે ફક્ત એટલું જ કે બધાને આ મંદિરમાં અવકાશ છે, બધાની ઇચ્છાઓ પૂરી થાય છે! પણ બધા પુણ્ય માટે નથી આવતા એટલું તો કવિ જાણતો હશે ખરું ને?

પૂજારીઓ ધનની આશાએ સ્ત્રીઓને સમજાવે છે: 'આ દેવ સોનાના છે હોં, અને આ સ્તંભો ચન્દ્રકાન્તમણિના બનાવેલા છે; પેલી પૂતળીના હાથમાં કંકણ એવી રીતે કોર્યું છે કે તે ઊંચું નીચું થાય છે* (સ્ત્રીઓના હાથના કંકણ ઉપર નજર નાખતો એ પૂજારી બોલ્યો હશે!); અને આ નાટ્યગૃહ તો દૃશ્યની અવધિ છે; આ વ્યાખ્યાનશાળાને રચીને સ્થપતિ હવે વિરામ કરે છે. (વધારે સારું થઇ ન શકે એટલે). ત્રૈલોક્યનું અદ્ભુત—આ ચિત્રાલય જુઓ; ચીનાઇ કાપડના આ

---

* પાઠક સાહેબ અને રવિભાઇ કહે છે કે બેલૂરના મંદિરમાં અત્યારે પણ આવી મૂર્તિ છે જેના હાથમાં કોરેલું કંકણ ફરે છે.

મમ દીપ પેટવું



પ્રભાતની કોમળતા સરી ગઈ,
મધ્યાહ્નઉષ્માગ્નિ હરી ગયો બધુંય
સંધ્યા તણી સૌરભવેળ યે ખૂટી
આવ્યું હવે રાત્રિતમિસ્ર ગોળ.
આવ્યું ભલે, અંતરમાં વસી રહો!
જલે જહીં ઉર તણું ખમીર;
ખમીરને દીપ દિવાળી ઊજવું,
વિશ્વાંધકારે મમ દીપ પેટવું.

મોહિનીચન્દ્ર

ચંદરવા જુઓ, અને આ મોતીની ઝૂલ, જેને રચતાં બ્રહ્મા પણ વાંકો વળી જાય, અને આ મહાબલ યક્ષેન્દ્ર જુઓ—જાણે સાચે જ ખરેખર એ છે' (૭૨–૭૩).

કુમારવિહારમાં પુરજનોની સકલ ઇન્દ્રિયો તૃપ્ત થતી—હરહંમેશ નિત્ય અને નૈમિત્તિક (પુણ્યતિથિ આદિના નિમિત્તને લઈને) ઉત્સવોમાં કર્ણેન્દ્રિયને ગીતોદ્દગારમાં નિમંત્રણ મળતું, નેત્રો અભિનવ અને ઉત્કૃષ્ટ નાટ્ય-પ્રબંધોમાં દબાઇ જતાં, અને સ્નાનજલના પરિમલથી ઘ્રાણેન્દ્રિયો ખેંચાઇ જતી-સકલ ઇન્દ્રિયોની કામના એટલી બધી તૃપ્ત થતી કે બીજી કાંઇ કામના રહેતી નહિ; એ-ટલે અંતઃકરણમાં કોઇ પુરજન નિર્વેદ (વૈરાગ્ય)ને સ્પર્શ કરે છે (૧૦૯).

આવાં વિવિધ સૌન્દર્યોનું વર્ણન કરી રામચન્દ્ર અંતભાગમાં એક વિચિત્ર મૂર્તિનું વર્ણન કરે છે. એક વાનર એક પૂતળીનું કટિવસ્ત્ર ખેંચે છે. (મોઢેરામાં આવું કંઈ જોયાનું સ્મરણ થાય છે, આ પાંચાલી (પૂતળી) કામુકોના મનમાં ઔત્સુક્ય કરે છે,) તાત્ત્વિકોના મનમાં વિવેકને પરાકાષ્ઠાએ લઈ જાય છે, અને ધાર્મિકોને ફરી ફરી જુગુપ્સા કરે છે.'

આ અંતભાગનું વર્ણન સૂચક છે. આપણાં પ્રાચીન મંદિરોમાં સમગ્ર લોકવૃત્ત ચીતરવાનો પ્રયાસ હોય છે. એમાંનો કેટલોક ભાગ મંદિરની આપણી કલ્પનાને બંધ ન બેસે તેવો—રુચે નહિ તેવો—લાગે છે અને વારંવાર પ્રશ્ન થાય છે કે મંદિરમાં આવું શિલ્પ ક્યાંથી? ઉપરના શ્લોકમાં રામચન્દ્રે કંઇક ખુલાસો કર્યો છે.

આવા સુંદર ચૈત્યને નજર ન લાગે એટલા માટે (દષ્ટિદોષ રોકવા) 'તટ' ઉપર એક કદ્રૂપા ભીલનું પૂતળું કર્યું છે; અને તે પણ એક પૂતળી પાસે. ભીલ મૃગનો શિકાર કરવા જાય છે; માથે પાઘડું છે, લાંબો એવો દાઢીનો કૂચો છે, મોટું એવું પેટ છે; સાથળ, કેડ અને પગ જાડાં છે; ગરદન ટૂંકી છે અને કાયા ઠીંગણી છે. મોં, માથું, નાક, કાન, અને આંખ અત્યંત નાનાં છે. પાછળ છરી બાંધી છે. મંદિરના તટ ઉપર આ પૂતળું બેસાડ્યું છે. મંદિરનો 'તટ' એટલે કયો ભાગ સમજવો? એકાદ બાજૂએ?

૪

કુમારવિહારશતકના કેટલાક શ્લોકોનો આ ભાવાર્થ છે. કવિ રામચંદ્રે પોતાની પ્રતિભામાં અંકિત થયેલા આ ચૈત્ય-ને ઉત્પ્રેક્ષાઓ ઉપર ઉત્પ્રેક્ષાઓ કરી શબ્દમાં પ્રતિબિંબિત કરવા પ્રયત્ન કર્યો છે; એની ભભકથી અંજાયેલો કવિ આપણને શબ્દોની ભભકથી આંજી નાખવા પ્રયત્ન કરે છે. આ ચૈત્યની 'सौन्दर्यलक्ष्मीम्' (સૌન્દર્ય લક્ષ્મી)ને ચતુર્મુખ બ્રહ્મા પણ વર્ણવી ન શકે તો પ્રકૃતિથી 'મલિન'-બુદ્ધિ એવા માણસની તો વાત શી કરવી? છતાં એક રીતે કવિએ પ્રથમ શ્લોકમાં જ પોતાનો ભાવ બે વિશેષણોથી કહી દીધો છેઃ આ મંદિર એ આશ્ચર્યોનું મંદિર છે; અને પૃથ્વી સુંદરીનું તિલક બન્યું છે.

આશ્ચર્ય–મંદિર ઉદાર ગુણે સુશોભી
ને સુંદરી પૃથિવિનું તિલક પ્રભાસી
એ ચૈત્ય ચુલુક્કવંશજ રાજવીનું
અર્પો પ્રભા બહુ કુમારવિહાર નામે. (૧)

વિવિધ પ્રકારના તેજથી ઝળહળતું એ ચૈત્ય આપણને 'તેજ' અર્પે એ આશીર્વાદ પણ ઉચિત જ છે.

૫

ગુજરાતની, અથવા સમગ્ર ભારતવર્ષની પ્રાચીન સંસ્કૃતિમાં ધર્મમંદિર એ કલામંદિર બનતું. પણ એટલું જ નહિ, લોકના સમગ્ર જીવનને તાજગી આપી તાજું રાખતું સંસ્કૃતિનું વિધાયક બળ હતું; એટલું જ નહિ, જીવનને રૂક્ષ કર્યા વિના ધર્મના પ્રાણવાયુથી ઉત્તરોત્તર ભૂમિકાઓનું માણસને ભાન કરાવતું મોટું આધ્યાત્મિક બળ હતું.

આજે તો આપણે કવિ રામચંદ્રે વર્ણવ્યા છે એવા 'કલાકામુકો' છીએ! પ્રાચીન મંદિરો એ દષ્ટિથી જ જોઇએ છીએ! મંદિરોમાં હવે ધર્મ નથી રહ્યો એટલે કે માણસમાં નથી રહ્યો એટલે?

કુમારો આ પ્રશ્ન વિચારશે; અને મોટેરાઓ પણ.

ગુણસમીક્ષા

'કુમારે' તમારા જીવનમાં શો ફાળો પૂર્યો છે?

એવા અમારા પ્રશ્નના ઉત્તરમાં અનેક 'કુમાર'પ્રેમીઓ તરફથી આવેલા ઉત્તરોમાંના કેટલાક અત્રે ઉતાર્યા છે. સ્થળસંકોચને લીધે એ પત્રોનાં કેટલાંક લખાણ ટૂંકાવવાં પડ્યાં છે; પરંતુ શબ્દો અક્ષરશઃ લખનારના જ લીધા છે.

'કુમાર'ને

આયુષ્પથે અબુધ મુગ્ધ ઉરે નિહાળ્યું
થૈ સ્તબ્ધ, શાં શિખર પારહીણાં પથાર!
તેં ત્યારથી ક્ષિતિજ પે ધ્રુવ-તારલા શા
-શ્રદ્ધા થકી નિરખવા ઋત દૃષ્યપાર-
સંસ્કારનાં દરશને કીધ દૃષ્ટિદાન;
કાવ્યો તણાં મધુર અમૃત પાઇ એને
દીધી ચિરં જીવન જે કવિતા અખંડ
દે નિત્ય શ્વાસ બલ જિન્દગીને ચઢાવ.
સંસ્કાર ને કવનના વિભવે સુહાતી
તારી રહો પરબ જીવન નિત્ય પાતી.

નીલકંઠ જાગીરદાર

'કુમાર'ને

તમે મારા નાના અબુધ શિશુના મુગ્ધ ઉરને,
સદા સંસ્કારોના મધુર પયનાં પોષણ દઈ
ઉછેર્યું; કાવ્યોનાં વિશદ નવલાં અમૃત થકી
તમે દોર્યો મારા જીવનકવિતાના ઉગમને,
ભલે આછો તો યે, જીવનપથમાં શાશ્વત કર્યો.
હજુ ઇચ્છું હૈયે
ધરી રહો આયુષ્યે વરદ નિત એવી પથદ્યુતિ.

કોઇને ય વધારેપડતું ન લાગે—'કુમાર'ના વાચકોને તો નહિ જ—એવી આ વાત છે. મારા જીવનના ઘડતરમાં 'કુમાર'નો ઘણો મોટો ફાળો છે. કવિતા શું, સાહિત્ય-વાઙ્મય શું, એ વિષે જે થોડીઘણી સમજ છે તેમાં યે 'કુમાર'નો ભાગ ઘણો મોટો છે. ઊગતા જીવનમાં મહત્ત્વની છતાં યે નીરસ ન લાગે પણ દિલ થાય એવીરીતે ઘણી યે વસ્તુઓ 'કુમારે' આપી છે. વય વધવાની સાથે પણ 'કુમાર' રસહીન ન લાગે એવી માહિતીને મનન એમાંથી મળે છે. વધારે તો શું? પણ જીવનસંસ્કારનાં એનાં ઋણનો ક્યારે ય કોઈ ઈન્કાર કરી શકે એમ નથી.

(દુર્ભાગ્યે, આ અભિપ્રાય સાથેનો લેખકનો પત્ર સરતચૂકથી અમારાથી ગેરવલ્લે મુકાયો છે. એ ભાઈ પોતાનું નામ સરનામું મોકલવાની કૃપા કરે.)

ઋણસ્વીકાર?

નિષ્પ્રાણ જીવનને જે મજબૂત, પ્રાણવાન અને ધ્યેયલક્ષી બનાવી શકે, ઉદાસીનતાને નસાડી જિંદગીની પ્રત્યેક ધબકમાં તાઝગી, તાકાત અને તરવરાટ લાવી શકે એનું ઋણ શબ્દોના આભારદર્શનથી વળી શકતું નથી. આ લખાણ, ન અદા થઈ શકે એવા ઋણની કબૂલાતનો પ્રયત્ન માત્ર છે.

એક સમય એવો હતો કે જ્યારે હું પડછાયાથી પણ ડરી જતો; ઘરની બહાર એકલો પગ મૂકતાં ગભરાતો. લગભગ એ અરસામાં જ મને 'કુમાર'નો પરિચય થયો.



એમાં નિયમિત પ્રગટ થતી સાહસકથાઓ સ્વપ્નોમાં રમવા લાગી. જીવનચરિત્રો નજર સમક્ષ તરવરવા લાગ્યાં. સાથે સાથે મારી દૃષ્ટિમર્યાદા વિસ્તરતી ગઇ—અમદાવાદથી ગુજરાત, હિંદુસ્તાન ને પૃથ્વીભરની પ્રદક્ષિણા કરવા લાગી. દુનિયાની રાજકીય, સામાજિક, ભૌગોલિક, ઐતિહાસિક અને વૈજ્ઞાનિક સીમાઓ અતિ નિકટમાં આવતી ગઈ મહાસાગર-સફરો. ગિરિ-આરોહણ અને આકાશ-ભ્રમણની પરાક્રમકથાઓએ જીવનની સુપ્તતાને પડકારી અને જાગૃત કરી, સ્વશક્તિને સભાન બનાવી.

મહીનાઓ અને વરસો વહેતાં ગયાં. 'કુમાર'ના વાચનનો કેફ રગેરગમાં વ્યાપી ગયો. કહેવા દો કે જીવનમાં બળવો થયો. અંતરમાં દુનિયાભરને ખૂંદી વળવાનો પોકાર ઊઠ્યો. 'તું ઊઠ, દોડ'નો અવાજ સંભળાયા કર્યો. ને એ અવાજે મને ખરેખર દોડાવ્યો યે ખરો. સાથીદારો સાથે ને એકલો દેશના ચારે ખૂણા ખૂંદી વળ્યો. જીવનમાં આ પલટો 'કુમાર'ના પ્રતાપે.

આજે યે જ્યારે 'કુમાર' હાથમાં આવે છે ત્યારે એ જ શાશ્વત પોકાર ફરીથી ઊઠે છે: 'તું ઊઠ, દોડ'. મને વિશ્વાસ છે કે કોઇક દિવસ આ પોકાર મને દુનિયાની સીમાઓ શોધતો કરી મૂકે.

મગતરાંમાંથી માનવ બનાવનાર 'કુમાર'નો ઋણસ્વીકાર શો?

નંદલાલ જોષી

ઘોડા છાપનાં ચોપાનિયાં વાંચનારની કથા

માળામાં પક્ષી ફફડે તેમ સહુ ફફડતા હતા. આગલે દિવસે કસરતમાં ભૂલથી કોઈ ગયું નહોતું. તેમાં વળી કોઇ બોલ્યું કે હેડમાસ્તર ચાલ્યા આવે છે. અમે તો મેંદીની સબ સબ બોલતી સોટીનો સામનો કરવા હાથ સજ્જ રાખ્યા. ત્યાં તો હેડમાસ્તર સોટીને બદલે ભૂંગળું વાળેલી ચોપડી હાથમાં લઇને વર્ગમાં દાખલ થયા અને કસરતમાં ગેર-

હાજર રહેવા બદલ ખૂબ ઠપકો આપી રહ્યા પછી 'કસરત કરશો તો તમારૂં શરીર એના જેવું થશે.' કહી પેલી ચોપડીમાંથી એક કસરતબાજનો ફોટો બતાવ્યો. એ વખતે એ ચોપડીનું નામ તો વાંચી શકાયું નહિ, પણ તેના પૂંઠા ઉપરનો ઘોડો તથા ક્ષિતિજ પાર જવા મથતો યુવાન ઘોડાં અછતાં રહી શકે તેમ હતાં? તુરત મારી આંખો એ ઘોડા ઉપર પડી અને એ યાદ રહી ગયો—ભવિષ્યમાં સદાને માટે 'ઘોડાછાપ ચોપડી' તરીકે યાદ રહેવાને ....

એવામાં એક મિત્ર કોઈ જૂની ચોપડીઓવાળા પાસેથી કે કોણ જાણે ક્યાંથી એક ફાટ્યુંતૂટ્યું 'કુમાર' ઉપાડી લાવ્યો અને સાંકડા હવાડામાંથી ત્રાંત્રાં ઢોર મોં ઘાલીને પાણી પીએ તેમ એકીસાથે ત્રણ મિત્રોએ 'પેટ ભરીને' 'કુમાર' વાંચ્યું.

અંગ્રેજી પહેલા ધોરણ સુધીમાં 'કુમાર'નું ઠીકઠીક પ્રમાણમાં વાંચન કર્યું. એ વાંચનને પરિણામે માનસિક ફેરફાર થયો હતો કે નહિ તે તો ખબર નથી, પણ શારીરિક દેખીતો ફેરફાર એક તો એ થયો કે વર્ગમાં પહેલી પાટલીએથી ઊડીને છેલ્લી પાટલીએ અડ્ડો જમાવ્યો. ટટ્ટાર, શિક્ષકની સામે જોઇને બેસવાને બદલે મેજની કોર ઉપર કપાળ ટેકવી નીચું જોઇને બેસવા માંડ્યું. કોઇકોઇ વખત પ્રશ્નોના ટર્ન ચાલ્યા જતા ત્યારે શિક્ષક ગુસ્સાથી બોલતા, 'કેમ અલ્યા અહીં ઊંઘવા આવ્યો છે કે શું? ઊંધું ઘાલીને પડ્યો છે તે?' પણ તેઓ મહાશય જરા તકલિફ લઈને ત્યાં નજીક આવીને જુએ તો ખબર પડે ને કે ત્યાં તો નીચેના પાટિયા ઉપર પડેલી 'ઘોડાછાપ ચોપડીઓ'ની ખાસ્સી થપ્પીમાંથી વાંચન ચાલી રહ્યું છે!

તે વખતે હું અંગ્રેજી ચોથા ધોરણમાં હતો. 'કુમાર'ના અંક જૂના અને નવા જે હાથ આવે તે વાંચવાનું લગભગ બંધાણ થઇ ગયું હતું. તેમાં એક દિવસ ૬૬મો—બહુ જૂનો, છેક જેઠ '૮૫નો—અંક હાથ આવી ચડ્યો.. એ ક્યાંથી મળ્યો હતો તે તો યાદ નથી, પણ એમાંના 'મિજલસ'ના લખાણે મને ખૂબ આકર્ષ્યો. તેમાં અત્યારની શાળાઓ તથા કૉલેજોની તથા તેમાં અપાઈ રહેલા શિક્ષણની જે અસરકારક તથા સોંસરી ઊતરી જાય તેવી શૈલીમાં ઝાટકણી કાઢી છે તેણે મારા ઉપર ખૂબ અસર કરી. આધુનિક કેળવણીની પોકળતા પહેલી જ વાર સમજાણી. આખા યે લખાણમાં આ પૅરેગ્રાફ તો હું ધારૂં છું કે સહુ યુવાનોને માર્ગદર્શક થઈ પડે તેવો છેઃ 'જે સુભાગી વિદ્યાર્થીને પોતાના જીવનક્રમના સંકલ્પ સૂઝે તેણે બહુ વહેલાંથી તે બાબતમાં રસ લઇને તથા તેને લગતી માહિતીઓ મેળવીને તૈયારી જ કરવા માંડવી જોઇએ ને પોતાના ભાવિ જીવનની પ્રાથમિક તૈયારી શાળા છોડતાં પહેલાં કરી નાખવી જોઈએ. આમાં માબાપ કે શિક્ષક તેને જરા યે મદદગાર નહિ થઈ શકે. પોતાના પ્રિય વિષય માટે કે ધંધાને માટે તેણે જાતે જ શિક્ષકો શોધી લઇ ગમે તે શરતે પણ તેમની પાસેથી વિદ્યા કે જ્ઞાન મેળવવા મથવું જોઇએ.' તે વખતે કેટલા યે દિવસ સુધી 'મિજલસ'ના એ લેખનો બહુ જ ધીમેધીમે, કરકસરથી—રખેને જલદી ખૂટી જાય તેવી બીકથી—શબ્દેશબ્દ વાગોળ્યો હતો. એ લખાણે તે વખતે મારા ઉપર જાદુઇ જેવી અસર કરી હતી. ત્યારથી મેં શાળા તથા કૉલેજની કેળવણીને બહુ ઝાઝું મહત્ત્વ ન આપતાં, એકમાત્ર ધ્યેય—end ગણવાને બદલે એક સાધન—means ગણી છે. તેને મુખ્ય પ્રવૃત્તિ નથી ગણી. મારી 'ઇષ્ટ' પ્રવૃત્તિ—જેનું તે વખતે અતિ ઝાંખું દર્શન થયું હતું--જેનો નહિ જેવો સંકલ્પ મેં કરી રાખ્યો હતો તેને આ પૅરેગ્રાફે અનેકગણો દૃઢ બનાવ્યો અને મારા હૃદયમાં શ્રદ્ધાનું કોઈ અદ્ભુત રસાયણ રેડ્યું અને હું પણ 'કંઇક' છું એવું સહેજ સ્વાભિમાન પ્રેર્યું. મારા પ્રિય વ્યવસાય માટે જાતે જ શિક્ષકો શોધવા માંડ્યા તથા તેને લગતી માહિતીઓ મેળવવા માંડી અને અભ્યાસક્રમને એ 'ઇષ્ટ' પ્રવૃત્તિથી ગૌણ સ્થાન આપ્યું.

અત્યાર સુધીમાં મેં જે કાંઇ થોડું વાંચન કર્યું છે તેમાં આ એક નાના પૅરેગ્રાફે જેટલી અસર કરી છે તેટલી અસર ભારે વજનનાં થોથાંઓએ પણ નથી કરી. હજી સુધી 'મિજલસ'નાં એ બે પાનાં તથા ખૂબ ભાર દઇદઈને નીચે લીટીઓ દોરવાથી લગભગ કાળો અને હવે મુશ્કેલીથી વાંચી શકાય તેવો થઇ ગએલો એ પૅરેગ્રાફ, કોઇ અમૂલ્ય રાચની જેમ બહુ જ જતનથી સાચવી રાખ્યાં છે.

ચુનીલાલ મઢિયા

કળા અને કુદરતમાં રસદષ્ટિ આપી

જીવનની અટપટી આંટીઘૂંટીમાં અટવાઇ, તેની જંજાળો અને મુસીબતોના ભારે મરતા અનેક માનવીઓને કળા પોતાનો પ્રકાશ પ્રસરાવી, તેમની રસવૃત્તિને જાગ્રત કરતી તેમના જીવનની ચોમેર ફરી વળેલા અંધકારને દૂર કરે છે; તેમનો જીવનપથ ઉજાળી સરળ બનાવે છે. એ રસવૃત્તિની અજબ ચેતના અને પ્રેરણા વડે જીવન તાજગીથી ભર્યુંભર્યું બની રહી આહ્લાદક થઇ રહે છે. 'કુમારે' કળાના રજૂ કરેલા (મારી માન્યતા મુજબના મારા) આ આદર્શને, દિલ્હીના મશહૂર કળાકાર શ્રી શારદાચરણ ઉકિલે, દેહરાદૂનમાં કળાની ખૂબીઓની અમારી વાતો દરમ્યાન, એક દિવસ, કળાની આ ભાવના અને ઉદ્દેશને ચક્ષુગોચર થાય તેમ સહેજ આલેખી આપ્યું. (પછીને પાને તે આપ્યું છે.)

કળાના કાંઈ અનોખા સૌંદર્યતત્ત્વનો સમાદર કરી, કળા અને કુદરતનું સૌંદર્ય સમજવા, આપણા ઉપર ઊંડી અસર કરતી જે શુભ અને ઉન્નત કળાભાવના સંવિધાનપૂર્વક 'કુમારે' રજૂ કરી છે તે આપણને ગૌરવ આપનારી છે. કળાના



એ સંસ્કારસામર્થ્યે અને ભાવુક પ્રેરણાબળે ગુજરાતનો કળાપ્રેમ અને રસિકતા અનેકધા વિકસ્યાં છે અને તેથી કેટલાં યે જીવન સંસ્કારસમૃદ્ધ અને કૃતાર્થ થયાં હશે.

મારા શાળાજીવનની શરૂઆતમાં જ 'કુમાર'ની કળાનો પ્રથમ પરિચય, આફ્રિકાનિવાસી મારા મોટા ભાઈ મારફતે મને થએલો. ત્યારથી કળા અને કુદરતપ્રેમે હૃદયમાં સ્થાન મેળવ્યું. અભ્યાસજીવનના વિવિધ પલટાઓમાં પણ કળાપ્રેમના એ અંકુરો વિકસી કુદરત ને કળાકૃતિઓમાં રસાસ્વાદ લેતા તો જરૂર થયા; અને પછી સૃષ્ટિસૌંદર્યનાં અનુપમ અને અવનવાં દૃશ્યો અને કંઇ કેટલાંયે કલાધામો આંખ ભરીભરીને નિરખતાં કરેલા પ્રવાસોમાં અને હિમાલયની અંતરાલના ઊંડાણોમાં પગ તળે કાઢેલા પ્રદેશની ભવ્ય અને રમ્ય પ્રકૃતિલીલાથી એ રસદૃષ્ટિને પોષણ મળ્યું.

ચિત્રાર્પિત અને અન્ય કળાકૃતિઓ ઉપરાંત આકાશદર્શન દ્વારા દેવોનાં કાવ્યોનો રસાસ્વાદ ચખાડી અને વનવગડાનાં વાસીઓનો પરિચય આપી, 'કુમારે', પ્રકૃતિનો અંતરપટ ખોલી, કળા અને કુદરતમાં જે રસદૃષ્ટિ નિર્દેશી છે તે વિશિષ્ટ હોઇને તદ્દન અનેરી છે. અસાધારણ રસગુણ પ્રસરાવતી 'કુમાર'ની કળાની આ સિદ્ધિ પાછળ કેટલી સબળ સાધના, જહેમતભર્યો અભ્યાસ અને સંચયક્રિયા છે તેનો પાર પામવા તો, 'ચિત્રકૂટ' પરથી નિગૂઢ નેપથ્ય માર્ગે પરિપુષ્ટ થઇ સ્રવતા કુમારની કળાના રસસ્રોતનો અંતરંગ પિછાણી, તેના પ્રવાહના પૂર સાથે કુમારઅશ્વે ચડી ઊંચાનું કેટલું જરૂરી છે, તેટલું જ શ્રી રવિભાઇના 'ચિત્રકૂટ' પર પહોંચી શ્રી બચુભાઈના 'નેપથ્ય'માં ડોકિયું કરવું આવશ્યક છે. અને આપોઆપ, કળા અને કુદરતના સમન્વય અને સંસ્કારથી પોષાએલાં જ્ઞાન અને અભ્યાસથી આપણા કુમારજીવનને રસમય અને પ્રફુલ્લ બનાવી જીવનદર્શન કરાવતા 'કુમાર'ની પારમિતાનો પાર પામી, તેના રસોલ્લાસના આ રાસમાં કૃતાર્થતા અનુભવાય છે. 'કુમાર' રસો વૈ સઃ

[illegible]સિંહજી કા. રાઠોડ

પાઠ્ય પુસ્તકની જેમ

'કુમારે' કરેલી સેવા તો ગુજરાતના વતનીઓ ક્યારે ય પણ ભૂલે તેમ નથી. નવાં નાગરિકોના સાંસ્કારિક ઘડતરમાં 'કુમાર' જેવો ફાળો કોઇનો નથી. હું તો એનો કોઇ પાઠ્ય પુસ્તકની જેમ નાનપણથી અભ્યાસ કરતો આવ્યો છું અને અત્યારે સાહિત્ય તરફ સહેજ પણ અનુરાગ પ્રગટેલ હોય તો તે પ્રતાપ 'કુમાર'ના છે. **રાયસિંહજી કા. રાઠોડ**


કુમારની મહત્તા

લગભગ ૧૭ વર્ષ ઉપર વડોદરા કલાભવનમાં પ્રદર્શન હતું તે સમયે 'કુમાર'ની નવીન શૈલીએ પ્રકટ થએલી જાહેરાત જોવામાં આવી. સમય જતાં 'કુમાર'નો પ્રથમ અંક જોયો. ઘોડેસવાર કુમારનાં રેખાંકનો અને અરુણનું મુખચિત્ર જોતાં હૃદય નાચ્યું. પછી તો પ્રત્યેક અંકમાં નવીનતાનો જ સંભાર ભરેલો લાગતો.

શ્રી રવિભાઈ અને શ્રી રવિશંકર પંડિતનાં જ ચિત્રો જોવાં મને તે વખતે બહુ ગમતાં. શ્રી રવિભાઈનાં ચિત્રોમાં આપણો પૂર્વનો ભાવ અને સંસ્કૃતિ ભારોભાર જણાતાં. કલા પ્રત્યે મારામાં જે કઈ પ્રેમભાવના હતી તેમાં 'કુમારે' ઘણી વૃદ્ધિ કરી એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ગુજરાત કલારસિક છે એવી ખાત્રી તેણે સારા યે હિંદમાં કરી આપી છે . . . 'કુમાર' દીર્ઘાયુ બનો ને એનો પ્રવાસ સફળ બનો. **ઉમિયાશંકર ઠાકર** (તંત્રી 'બાલમિત્ર')

ચિત્રરસ અને કાવ્યરસ કેળવ્યો

મૅટ્રિક થયા પછી એકદમ નોકરી નહિ મળવાથી બધો વખત વાંચનમાં ગુજારવો પડતો. એવામાં એક મિત્ર પાસેથી 'કુમાર'ની થોડી ફાઈલો વાંચવા મળવા લાગી. જેમજેમ અંકો વંચાતા ગયા તેમતેમ કાવ્યો, વાર્તાઓ, શિકારકથાઓ અને ચિત્રોમાં રસ કેળવાતો ગયો. એક મિત્ર જે મારી સાથે અંકો વાંચતા તે અને હું વાર્તાની તેમજ ચિત્રોની ખૂબીઓ ને રહસ્યો અરસપરસમાં સમજાવતા. શ્રી સુન્દરમ્, જોષી અને શુક્લ વગેરેનાં કાવ્યો સમજાતાં ગયાં, અને જેમાં મઝા પડતી તે તે હું ઉતારી લેતો. એમ, કાવ્યો વિષે રસવૃત્તિ કેળવાવાથી બીજાં માસિકોમાંથી પણ કાવ્યો વાંચતો થયો છું. કાવ્ય નીચેની સમજૂતથી કાવ્યો એટલાં સરસ સમજાતાં કે ફરી વાંચવા માટે હું તે ઉતારી લેતો, જેના પરિણામે હાલ સારો એવો, સારાંસારાં કાવ્યોનો સંગ્રહ



સાકરલાલ છ. પંચાલ

પાકી બાંધણીમાં મારી પાસે છે.

પરોક્ષ રહીને, 'કુમાર'ના સંચાલકોએ 'કુમાર' મારફતે કુમારોમાં ચિત્રરસ કેળવવા અને ચિત્રકળામાં સ્વશિક્ષણ આપવા પ્રયત્નો કર્યા છે તેના પરિણામ વિષે હું નહિ પણ આ સાથે જુદા બુક-પોસ્ટથી મોકલાવેલી થોડી કૃતિઓ જ બોલશે.*

મૅટ્રિક થયા પછી, બે વર્ષના 'કુમાર' વાચનથી એટલી તૃપ્તિ લાગે છે કે જો એટલું 'કુમાર'વાચન ન મળ્યું હોત તો મૅટ્રિક તરીકેની લાયકાત અપૂર્ણ જ રહેત. મૅટ્રિક થયા પછી આગળ ભણવા નહિ જવા વિષેનો વિચાર મક્કમ થએલો તે 'કુમાર'ના તંત્રીલેખના બીજનું ફળ છે.

'કુમાર'ની દોસ્તી આટલી બધી મોડી થઈ એ માટે પસ્તાવો તો થાય છે. જોકે એ માટે મોટે ભાગે શાળાના શિક્ષકો જવાબદાર છે. પણ હવે પસ્તાવો કર્યે કંઇ વળશે નહિ એવી ચોક્કસ ખાત્રી હોવાથી, અમારી (હું અને મિત્ર કાન્તિલાલ, કેમકે 'કુમાર'નું વાચન અમે બંનેએ છેક મૅટ્રિક થયા પછી બેકારી દરમ્યાન કર્યું હતું) માફક બીજાઓને પસ્તાવું ન પડે એ માટે શાળાના વિદ્યાર્થીઓ, મિત્રો, મિત્રભ્રાતાઓ અને જે જે અમારા પરિચયમાં આવે છે એમને 'કુમાર'ની ભલામણ કરીએ છીએ. એમાંથી એમને ઉપયોગી થઇ પડે એવું સંગીન સાહિત્ય વંચાવીએ છીએ અને એ રીતે 'કુમાર' પ્રત્યે અમારી ફરજ અદા કરીએ છીએ.

સાકરલાલ જી. પંચાલ

(* આ ચિત્રો લેખકે અમને જોવા મોકલ્યાં હતાં અને એકાંતિક અભ્યાસે ઘણાં સફળ પરિણામે ઉતારેલાં જોઈ અમે આનંદની સાથે તેને ધન્યવાદ આપીએ છીએ.)

'એકમેવ અદ્વિતીય'

'કુમાર'ના એકેએક અંકમાં સજીવ કલાદૃષ્ટિ રહેલી છે, એના એકેએક ચિત્રમાં નાવિન્ય અને તાજપભરી રંગની સજાવટ હોય છે, એનું એકેએક લખાણ ધ્યેયલક્ષી હોય છે, એના રૂપરંગ અને મુદ્રણ પાછળ હમેશાં કળાદૃષ્ટિ જળવાઇ છે. એમાં આવેલું એકે જીવન-ચરિત્ર એવું નથી આવ્યું કે જે માનવજીવનને શીખ દેતું અને કુમાર-માનસને ચારિત્ર્ય ઘડવામાં મદદનીશ ન હોય. એનામાં જીવંત તેમજ સક્રિય કર્મણ્યતા અને ચિરંજીવ સર્જન આપતું સજીવ તત્ત્વ વિલસે છે. 'કુમાર' **एकमेव अद्वितीय** માસિક છે ને રહેશે. 'કુમાર' અમારૂં છે અને અમે 'કુમાર'ના છીએ.

કાન્તિલાલ કેશરૂવાળા



કાન્તિલાલ કેશરૂવાળા

ત્રીસમે વર્ષે—વકીલાત કરતાં કરતાં પણ

લગભગ પંદર વર્ષ પહેલાં (સન ૧૯૨૫-૨૭) જ્યારે હું અંગ્રેજી ચોથા ધોરણમાં મારા વતન પાનસર (ઉ. ગુજરાત) માં અભ્યાસ કરતો ત્યારે મારા પિતાશ્રી 'કુમાર'નો એક અંક લઇ આવ્યા. મને તે વખતે તો તેનાં ચિત્રો સિવાય બીજુ કંઈ ખાસ આકર્ષી શક્યું નહિ. ત્યાર બાદ અંગ્રેજી

એક તરુણ કલાકારને ગાંધીજીનો પત્ર

ચિ . . . ૩૧-૮-૩૮

હવે તું જવાનો એટલે ભીડમાં હોવા છતાં તારા કાગળનો હમણાં જ જવાબ આપું છું.

મને તે ગમ્યો. તારી આકાંક્ષાઓ સિદ્ધ થાઓ.

જેઓએ તને મદદ કરવાનું કહ્યું છે તેઓ ઉપર તું ન રાચતો. તારે સારૂ મેં કલ્પના એવી કરી છે કે તું ગ્રામીણ કલાકાર થા. જે ચિત્રકારોને તું જાણે છે તેઓ બધા શહેરમાં બફાએલા છે. તેથી મારી દૃષ્ટિએ બહુ કામના નહિ. ('બફાએલા'નો અહિંસક અર્થ કરજે. શહેર બધાને બાફે જ છે.)

હળેબીડ વગેરેના હુન્નર ઉપર હું મુગ્ધ તો થયો જ છું. તે કલા પણ રાજારજવાડાને આભારી છે; તેથી તે ગામડાંમાં નથી ઊતરી. એ હિંદુ ધર્મનું દૂષણ ગણાય. ચોથા વર્ણને એટલે ૯૫ ટકાને અવગણ્યો, અજ્ઞાન રાખ્યો; ને તેની ઉપર જાણે સવારી કરી. છતાં ગામડાંમાં થોડીઘણી કલા રહી છે. તે ખીલવવાને પુષ્કળ સ્થાન છે. ગામડાંનાં દહેરાંગાં પાણાને સિંદુર ચઢાવ્યા ઉપરાંત કે તેલીઆ હનુમાન ઉપરાંત કાં કાંઇ જોવામાં નથી આવતું? તેથી મારી સલાહ તો એ છે, મારી આશા પણ એ છે કે તું તારા શિક્ષણનો ક્રમ પૂરો કરીને ગામડામાં વસી ત્યાંથી રણા મેળવજે. ગામડામાં રહેતો છતો ગામડાના ઉકરડાની બહાર નજર નાખજે, આસપાસનું દૃશ્ય જોજે, ઊંચું આકાશ જોજે. જોકે આકાશ એક જ છે, ગ્રહો એક જ છે, છતાં શહેરમાંથી જોતાં તે એક લાગે છે, ગામડામાંથી જોતાં બીજા, ઉત્તર ધ્રુવ ઉપર જઇને જુઓ તો ત્રીજા, સહરાના રણમાંથી જુઓ તો ચોથા.

આ કલા હાથ કરવાને સારૂ તારે અગિયાર વ્રતોનું પાલન કરવું રહ્યું. 'જહાંગીરી ફકીરી' લેવી રહી. તારૂં હૃદય સત્યનારાયણમય કરવું રહ્યું. આમ કરશે તો તારૂં નાચવું ને વગાડવું શોભશે. એ બધું તું કરજે. **બાપુના આશીર્વાદ**

પાંચમીથી મને મુંબાઈ ભણાવવાં લાવેલ મારા સંસ્કાર–ઉત્તેજક પિતાશ્રીએ મને પૂછ્યા સિવાય 'કુમાર'નો ગ્રાહક બનાવ્યો. તે પોતે વાંચવાના રસિક, એટલે હું પણ વાંચું તે તેમની ઈચ્છા. ધીરે ધીરે મને તંત્રીની સમાલોચનાનાં પ્રથમ પૃષ્ઠોનું વાંચન ગમવા માંડ્યું. ત્યાર બાદ માધુકરી,


કાન્તિલાલ છો. શાહ

છેલ્લું પાનું, નાની સાંહસકથા, જીવનચરિત્રો, પ્રવાસ અને બે વર્ષમાં તો (લગભગ મેટ્રિક-ફર્સ્ટ-ઇયર દરમ્યાન) હું 'કુમાર'નો એવો રસિયો બની ગયો કે કેટલીકવાર 'કુમાર'-ની અનિયમિતતા દુઃખવા લાગી. આજે બી. એ. અને ત્યાર બાદ એલએલ. બી. થઈ મુંબાઈમાં ૩ વર્ષથી વકીલાત કરતા હોવા છતાં મારું 'કુમાર'નું વાચન એટલું જ બલ્કે તેથી વધુ રસિક અને ઇચ્છિત છે. હજુ પણ 'કુમાર' ઘેર આવે અને દેખું એટલે તુર્ત જ બીજું કામ ધીરૂં કરી પાનાં ફથલાવી જવા સિવાય ચેન જ ન પડે. અને તે દરમ્યાન ચિત્રો, છેલ્લું પાનું તો પૂરાં જોવાઇ જ જાય.

'કુમાર'નું સંસ્કારી વાંચન તેના વ્યવસ્થાપકોને વધાવતું મન જણાયું છે. આજકાલનાં જથાબંધનાં, કોઈપણ ઉદ્દેશ-શ્રદ્ધા સિવાયનાં લખાણો સાથે જે તારણ કરેલાં લખાણ 'કુમાર'માં આવે છે તેને ભાગ્યે જ સરખાવી શકાય. અલબત્ત, આવા તારણને અંગે તંત્રી અને વ્યવસ્થાપકોની મુશ્કેલી સમજી શકાય તેમ છે. તેવી જ રીતે આવા વાંચનારનો વર્ગ પણ ઓછો હોય એટલે સાહિત્ય અને સામગ્રીના વિચાર કરતાં કેટલીક વખત માનસિક અને આર્થિક અથડામણો પણ હોય; છતાં મારી તો સદાયની આશા છે કે 'કુમાર'ના વ્યવસ્થાપકોએ કદિ પણ પોતાની નેમ ચૂકયા સિવાય, પોતાની આદર્શશ્રદ્ધાને વળગી પોતાના લક્ષ્યબિંદુને ધ્યાનમાં રાખી અડગ આગળ જવું જ. ગુજરાતે તેની કદર કરી છે અને બાકી હશે તો જરૂર કરશે જ. 'કુમાર'ની પ્રેરણાનો ફાળો કદાપિ ભૂલી શકાશે નહિ.

મને તો 'કુમારે' ઘણી યે વખત પ્રોત્સાહન, પ્રેરણા આપ્યા કરી છે અને કેટલીય વાર ચિંતા-વમળોમાંથી બહાર ખેંચ્યો છે.

કાન્તિલાલ છોટાલાલ શાહ

બે ફરિયાદો

કયા અંકમાં, કયારે, ને એકસાથે કે જુદીજુદી 'કુમારે' કરેલી બે ફરિયાદો વાંચેલી, એ આજે હું કહી શકતો નથી. કેવા સ્વરૂપમાં એ ફરિયાદો મુકાએલી હતી તે પણ યાદ નથી. મારી પાસે 'કુમાર'ના પચ્ચીસ અંકો છે તેમાં તો એ ફરિયાદો નથી જ. એ ફરિયાદો આ મતલબની હતીઃ

૧ 'કુમાર'ને સારા લેખકોની ખોટ છે.

૨ 'કુમાર'ની આર્થિક સ્થિતિ અસંતોષકારક છે. 'કુમાર' આખાપાખા ૧૯૦૦ જ ગ્રાહકો ધરાવે છે એમ 'કુમાર'માં વાંચેલું સ્પષ્ટ યાદ આવે છે.

૧લી ફરિયાદ ન વાંચી હોત તો હું લેખક હોત જ નહિ.

૨જી ફરિયાદ ન વાંચી હોત તો મારા ગામના પુસ્તકાલયમાં બંધ પડી ગએલું 'કુમાર' પાછું ચાલુ નહિ કરાવતે, 'કુમાર'ના જૂના અંકોનો ઉપાડ નહિ કરાવતે ને યુરોપમાં યુદ્ધની શરૂઆત પછી 'કુમાર'ને અંકનું ડાકખરચ પાછું આપવાની તસ્દી ન લેતે.

મહુવર વાગે ને મણિધર ડોલે
ન ડોલે તો તરણાની તોલે.


અંબેલાલ નાયક

એ ગુજરાતી એન્સાઈક્લોપીડિયા છે.

સોળ વરસ પર 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકના સમાલોચના વિભાગમાં 'છ છ મહિના થયા 'કુમાર' નામનું એક આદર્શ સચિત્ર માસિક બહાર પડે છે છતાં તેને પ્રજા ઓળખી કે અપનાવી શકી નથી' એવા મતલબની ટીકા મારા વાંચવામાં આવી.

આ વાંચી એની સત્યતાની ખાત્રી કરવા અને એ માસિક જોવા લલચાયો, પણ સાહિત્યના ક્ષેત્રમાં તદન પછાત એવા કચ્છ જેવા પ્રદેશનાં ગામડાંઓમાં એનાં દર્શન કયાંથી થાય? એટલે ત્રણ રૂપિયા મોકલી 'કુમાર'ના બહાર પડેલા છ અંકો મંગાવી જોયા અને ચિત્રકળાનો પૂજારી હોઇ, પહેલી જ નજરે એના પૂંઠા પરના ચિત્ર તથા તેના રંગોની મિલાવટ, અંદરનાં ચિત્રો, તેની ગોઠવણી, લેખોના મથાળે કે નીચે મૂકેલાં સહેતુક સુશોભનો ને સ્વચ્છ મુદ્રણ જોઈ, આકર્ષાયો. ત્યાર પછી અંકોમાં પીરસાયલી વાચનસામગ્રીની વિવિધતા જોતાં, મિજલસ, જીવનચરિત્રો, સાહસ ખેડતા કુમારની કથાઓ, શૌર્ય ને વીરતાભરી વાર્તાઓ વાંચતાં, વ્યવહારૂ વિજ્ઞાનના પ્રયોગો, નુસખાઓ, હાથકારીગરીના ટુચકાઓ, હરીફાઇઓ વગેરે જાણતાં અને વચવચમાં મૂકવામાં આવેલું અથાણું તથા લીલો મેવો ચાખતાં ખૂબ જ રસ પડયો. એ છ અંકો મને એટલા ગમી ગયા કે મેં બાકીના છ મહિનાનું લવાજમ મોકલી દીધું.

ત્યાર પછી તો ઉત્તરોત્તર એના અંકો એકબીજાથી ચડિયાતા જ નીકળવા લાગ્યા. પહેલે વર્ષે જે વિવિધ વિષયોથી 'કુમાર' શરૂ થએલ તેમાં દર વરસે કોઇ ને કોઈ નવા વિભાગો ઉમેરાતા જ રહ્યા છે. એમાં આવતાં જીવનચરિત્રો, કાવ્યો તેમજ મુખપૃષ્ઠોની ભાવનાઓ-એ અને મિજલસ, નેપથ્યમાંથી ને મારી નજરેમાં યુવકો ને કૉલેજિયનોને ઉદ્દેશી દર્શાવાએલા


ચાંપસિંહ વિજયપાળ

વિચારોએ, મારા જીવનના ઘડતરમાં ઘણો જ અગત્યનો ભાગ ભજવ્યો છે. મને એમાંથી ખૂબ જ પ્રેરણા મળી છે. એથી હું મહત્ત્વાકાંક્ષી બન્યો છું.

આવાં કઇક અગણ્ય કારણોએ આજ સત્તર વરસ થયા હું 'કુમાર'નો ચાલુ ગ્રાહક રહ્યો છું. એના શરૂથી આજ સુધીના અંકોની દરેક વર્ષની ફાઇલને હું મારો અમૂલ્ય ખજાનો ગણું છું. એ સર્વદેશીય વાચન પૂરું પાડે છે. એ ગુજરાતી એન્સાઇક્લોપીડિયા-જ્ઞાનકોશ-છે. હું તે ધરાવું છું અને તે માટે મને ભાગ્યશાળી સમજું છું.

ચાંપસિંહ વિજયપાળ

ગુજરાતી સાહિત્યમાં 'કુમારસંભવ'

कुमारसंभवं दृष्ट्वा रघुवंशे मनोऽदधत् ।
राक्षसानां कुलश्रेष्ठो रामा राजीवलोचनः ॥

જેમ રઘુકુલશ્રેષ્ઠ રામે પૃથ્વીને પીડા આપનાર રાક્ષસોના સંહાર માટે રઘુ વંશમાં જન્મ ધારણ કર્યો તેમ ગુજરાતી સાહિત્યમાં कुमार संभव—અજ્ઞાનના વિનાશ માટે 'कुमार' માસિકનો ઉદ્ભવ—થયો હોય એમ આટલાં લાંબાં વર્ષના તે માસિકની પ્રગતિના વિહંગાવલોકનથી દૃષ્ટિએ પડે છે.

પ્રથમ અંકથી હું તેનો અભ્યાસક છું. રસપૂર્વક તેનાં કલામય ચિત્રો, કાવ્યકલ્પનાઓ, ટૂંકી વાર્તાઓ તથા નવીન યુગના વિજ્ઞાનશાસ્ત્ર તથા કલાની નોંધો વાંચતો આવ્યો છું. મારા કુટુંબનાં બાળકો ઘણા રસથી દર માસે તેના આવતા અંકો વાંચી આનંદ તથા જ્ઞાન મેળવે છે.

આવાં માસિકોનું પોષકબળ દેશના યુવકો છે. દરેક કુટુંબમાં બાળકો તથા યુવકો આ માસિક મંગાવવા, વાંચવા, વિચારવા તથા સંઘરી રાખવા ઉત્સાહમય થાય એ જ તંત્રી પ્રતિ શુભેચ્છા છે.

ગોરધનભાઈ ઈ. પટેલ

પરદેશીઓ આગળ 'કુમાર' જ ધરું

ઘણી જ નાની કહી શકાય તેવી ઉંમરે મારું ઇતર-વાચન શરૂ થયું . . . . તે વખતે 'કુમાર' મને ખૂબ ગમેલું. ચિત્રો સરસ આવે; વાર્તાઓ સરસ આવે; અને શૈલી તો મને ખૂબ જ ગમે. મુદ્રણ સંબંધી તે વખતે કાંઈ ભાન હતું નહિ, પરંતુ ઘણા વખત પછી સમજાયું કે મુદ્રણ પણ સરસ આવે છે. ન મળે મુદ્રણભૂલ કે ન મળે અસ્વચ્છતા. એવી કાળજી મને બીજે જોવા મળી નથી.

કોઈ પરપ્રાંતીય અથવા પરદેશી સજ્જન ગુજરાતી ભાષાનું એકાદ સામયિક જોવા માગે તો હું 'કુમાર'જ ધરું.

આ સાથે એક બાબત ઉપર આપનું લક્ષ્ય દોરવા માગું છું. આ જમાનો સાદાઇનો છે. ભાષા પણ સાદી જ વાપરે છે-બધા. 'કુમાર'માં કોકકોક વખતે ઘણી અઘરી ભાષાવાળા લેખો આવે છે એ મને નથી ગમતું. સાદી અને સરળ ભાષામાં જ બધું લખાણ આવે તો ઠીક. **ઘનશ્યામ વ્યાસ**

લાંબું જીવવું છે?

જગતમાં આયુષ્યની ઓછામાં ઓછી સરેરાશ ધરાવતા આપણા દેશવાસી સમક્ષ આ સવાલ મૂકવો એ કદાચ કટાક્ષ જેવું લાગે, પણ સૌને મળી શકે એવાં સાધનોવડે અને કુદરતની મદદ વડે નિરામય જીવન ગાળનારાઓનાં આ નીચેનાં ઉદાહરણોમાં આપણે ગળે ઉતારવા જેવો સંદેશ તો રહ્યો જ છે.

દીર્ઘાયુષ્યનો સૌથી જ્વલંત દાખલો બર્નાર્ડ શૉનો છે. એ ચુસ્ત વનસ્પતિ-આહારીએ 'Back to Methuselah'ની પ્રસ્તાવનામાં દીર્ઘાયુષ્ય પર પોતાનો કરાર આપી દીધો છે. એના કહેવા મુજબ

પોતાના દાંત વડે જ માણસ પોતાની કબર ખોદે છે.

એનો આદેશ પણ બહુ સ્પષ્ટ છે કે,

'માંસાહાર ન કરો, ઉત્તેજક પીણાં ન લો અને દાકતરો સાથે મૈત્રી સિવાય કશો સંબંધ ન રાખો!'

એવો જ સંદેશ શતાયુ મિસિસ પીટર ડ્રમન્ડનો છે કે

'બધી બાબતમાં મિતવ્યવહાર રાખો.'

આ મિસિસ ડ્રમન્ડ મહારાણી વિક્ટોરિયાના રાજ્યારોહણથી યે ચાર સાલ પહેલાં જન્મેલી. એને ચૌદ તો પ્રપૌત્રો છે.

વળી, મહેનતથી ત્રાસતી આજની પેઢીને ૧૦૪ વર્ષની એક મિસિસ આન સ્ટૉનસૉલ કહે છે કે

'સખત પરિશ્રમ અને સંતોષ એ જ દીર્ઘ જીવનનાં મૂળ છે.'

થોડા જ વખત પર અવસાન પામેલો ફ્રાન્સનો પ્રખ્યાત સર્જન ડૉ. ઍલેક્ઝાંડર ગેનો પોતાની ૧૦૩ વર્ષની વયે એક પુસ્તક લખી ગયો છે: 'શતાયુ કેમ થવું?' નિયમિત લાંબી લટાર મારવા નીકળી પડતો એ ગેનો વિક્ટોરિયાના રાજ્યારોહણની પાંચ સાલ પહેલાં જન્મેલો. એણે દીર્ઘાયુષ્ય માટે આપેલા કેટલાક મુદ્દા આ છે:

'ઘણુંબધું ને તમને ગમે તેવું ન ખાતાં તમારા શરીરની સહ્યતામાં ઉમેરો કરે તેવું ને માફકસર ખાઓ.

તાજાં ફળોનો તમારા ભોજનમાં સમાવેશ કરો.

નિરામય જીવન માટે ઊંડા શ્વાસોચ્છ્વાસ ને કસરત અનિવાર્ય છે.

શહેરોની હવા કરતાં ગામડાંની હવા સ્વાભાવિક જ દીર્ઘાયુષ્ય પ્રેરે છે.'

અને માનવીના દીર્ઘાયુષ્યમાં શ્રદ્ધાવંત એ સર્જન તો કહી ગયો છે કે માણસ ૮૫ વર્ષની વયે મરે તો યે તે અકાળ મોત ગણાવું જોઇએ.

માધુકરી




આજના ભારતના પ્રત્યક્ષ તત્ત્વજ્ઞ સંત શ્રી રમણ મહર્ષિ

'મદુરામાં હું મારા કાકાના ઘરમાં પહેલે મજલે એકલો બેઠો હતો. મારી તંદુરસ્તી સંપૂર્ણ હતી, છતાં ઓચિંતી મોતની બીક મારા પર સવાર થઈ. મને લાગ્યું કે હું મરણાસન્ન છું. એ બીક સાથે જ મોતનો મુકાબલો કરવાની ઇચ્છા મારામાં પેદા થઈ. મોત એ શું છે? શારીરિક પ્રવૃત્તિઓનો વિરામ. મેં એના પર ઊંડો વિચાર કરવા માંડ્યો. ત્યારથી બધું દૃશ્ય જગત વિસારી હું મારી જાતમાં લીન રહેવા લાગ્યો. એની સાથે દેવો ને મંદિરો તરફ મારી રૂચિ ઢળી. પણ તેમાંયે મોક્ષની જાગ્રત ભાવના ન હતી. કારણ જિંદગીનાં સુખદુઃખ હું જાણતો નહોતો. મારામાં ઈચ્છારહિત લાગણીઓ ઊઠવા ને શમવા લાગી.'

ભારતના ઉત્તમ કોટિના સંત અને અધ્યાત્મવાદી તરીકે દુનિયાભરમાં જાણીતા થએલા દક્ષિણ હિંદના દિવ્યદ્રષ્ટા સાધુપુરુષ શ્રી રમણ મહર્ષિએ, પોતાને વિરાગ કઈ રીતે ઉત્પન્ન થયો તે પ્રસંગનું વર્ણન ઉપરના શબ્દોમાં લખાવ્યું છે.

અરુણાચલમ્ મુકામે આશ્રમ સ્થાપીને નિવાસ કરતા આ યુગના એ પરમ સંત પુરુષનો જન્મ ૧૮૭૯ના ડિસેમ્બરની ૩૦મીએ સવારના એકે થયો હતો. ૧૮૯૬ સુધી તો વ્યંકટરામન્ (એ વખતે તેઓ એ નામે ઓળખાતા) સાધારણ જીવન ગાળતા. પરંતુ ૧૭મા વર્ષે એમના જીવને એકાએક પલટો અનુભવ્યો, જેનું વર્ણન ઉપર આપ્યું છે.

ત્યાર પછી એ ઘેર રહી શક્યા નહિ. અનંતનો એ પોકાર અદમ્ય હતો. અને માતાને કે ભાઈને કહ્યા કારવ્યા વિના ઘેરથી ચાલી નીકળ્યા ને તિરુવણ્ણમલાઈના અરુણાચલ મહાપ્રભુનો આશ્રય લીધો. એ પહેલાં પણ એક વખત અરુણાચલનું નામ સાંભળી એમને સંવેદન થયું હતું. ઘેરથી માત્ર ત્રણ રૂપિયાની મૂડી લઈ નીકળેલા કુમાર રમણની પાસે વિલ્લુપુરમ્ સ્ટેશને ઊતરતાં માત્ર અઢી આના બાકી રહ્યા હતા. મોં સૂઝણું થતાં સ્ટેશનેથી એણે અરુણાચલમ્ તરફ પગલાં માંડ્યાં. રસ્તામાં ભૂખ લાગતાં એક વીશીમાં જમવા ગયા, અને થોડી વાર હતી એટલે એ તો એક ખૂણામાં ધ્યાનમગ્ન બની ગયા. વીશીવાળો એ જોઇ આશ્ચર્ય પામ્યો અને એમની અઢી આનાની મૂડીમાંથી થાળીના બે આના પડાવતાં એનો જીવ ન ચાલ્યો.



અન્ય કાજે

સુણી યુગોની યુગલક્ષ્ય ઘોષણા,
માનવ્યનાં મન્થનસંગમે ભળી,
તવારિખોમાં તરબોળ-મગ્ન થૈ
મેં ભૂતમાં સાધકદૃષ્ટિ ફેરવી!

સમૃદ્ધ સ્વપ્નો નવભાવિનાં રચ્યાં
કલ્યાણની કલ્પનકુંજમાં ભમી,
ચૂકી ગયો જીવનધ્યેય કેડીઓ
કર્તવ્યની વિસ્મૃતિમાં સરી જતાં!

હું ભૂતકાળે ભટકંત માનવી
ભવિષ્યના સ્વપ્નતરંગમાં હવે
ચહું નહીં આથડવા; અનેકધા
આ વર્તમાને રત-યત્ન જીવવું.
વ્રતાળ મારી મનભાવના બળે
આ જીવને માત્ર ઘસાઇ છૂટવું.

વેણીભાઇ જ. પુરોહિત

અરૈયાનિનલ્લુર ગામેથી એક ભાવિક દંપતીએ એમને મિઠાઇનું એક પડીકું આપેલું એ લઇ છેવટે એ અરુણાચલમ્ પહોંચ્યા. દર્શન કરી એક તળાવની પાળે જમવા બેઠા. પણ મિઠાઈનું પડીકું છોડતાં જ વિચાર આવ્યો કે આ શરીરને વળી મિઠાઈ કેવી ? અને તરત એ પડીકું ફેંકી દીધું. યંત્રવત્ એ પાળ પર જ તે બેઠા રહ્યા. એટલામાં એક હજામે આવી હજામત કરાવવા કહ્યું. એમણે હજામત કરાવી અને પછી કપડાંમાંથી એક કૌપિન જેટલો ચીરો ફાડી બાકીનાં કપડાં તથા પૈસા એ હજામને આપી દીધાં.

મહર્ષિએ પોતાના મોટા ભાઇ પર લખેલો પત્ર એમનામાં અનંતના થએલા અવતરણને, આબેહૂબ આલેખે છે: 'પરમ પિતાની શોધમાં મેં આ સ્થાન મૂકયું છે. એનો જન્મ નિ:શંક સદિચ્છામાંથી છે. એટલે કોઇએ દિલગીર થવા જેવું નથી તેમજ મારી શોધ માટે પૈસા વેડફવાની પણ જરૂર નથી.' પિતાનું નિમંત્રણ આવતાં બાળકને કોઈ ભોમિયાની જરૂર નથી રહેતી એ જ રીતે ૧૮૯૬ના સપ્ટેંબરની ૧ લીએ મહર્ષિ અરુણાચળને શરણે ગયા.

મહર્ષિનું આખું જીવનવૃત્તાંત આપવું નકામું છે. મંદિરના અને તેની આસપાસના વસવાટમાં તેઓ મોટા ભાગે સમાધિમાં જ હવે પડયા રહેવા લાગ્યા. એ તરુણ યોગીની આસપાસ ધીમેધીમે લોકમંડળી એકઠી થવા લાગી એમના ભક્તોને એમની જાગ્રતાવસ્થાનો લાભ બહુ ઓછો મળતો. તેમાં યે મહર્ષિ મૌન વ્રત પાળતા હતા. અઢી વરસ પછી અરુણાચળની ટેકરી પર ગયા ને ત્યાં એક પછી એક ગુફામાં એમણે વીસ વર્ષ ગાળ્યાં.

મહર્ષિ રમણે શંકરાચાર્યના 'વિવેકચૂડામણિ' તથા 'દૃષ્ટાદૃશ્યવિવેક' નું પોતાના ભકતો સારૂ સરળ ભાષાંતર કર્યું, પરંતુ સાચા જિજ્ઞાસુ માટે હિંદુ ધર્મના કોઈ એક જ તત્ત્વપંથને એમણે પર્યાપ્ત નથી માન્યો. આંતરિક આધ્યાત્મિક ભૂમિકાનો વિકાસ એ એમનો મુખ્ય હેતુ રહ્યો છે.

મહર્ષિના સમાગમમાં આવનાર ત્રણ આધ્યાત્મિક પંડિતોની દુનિયા બહુ ઋણી છે, તેમાં યે કાવ્યકાન્ત ગણપતિ શાસ્ત્રીની રચેલી 'રમણગીતા' (અપવાદ રૂપે એક જ શ્લોક એમાં મહર્ષિનો પોતાનો રચેલો છે) વડે ખાસ. એમાં સરળ સંસ્કૃતમાં એમનો બોધ ઉતાર્યો છે. એમાંથી મહર્ષિનો સંદેશ કથીએ તો, 'ક્ષણભંગુરોને મનનું ભાન હૃદય ખીલ્યું ન હોય ત્યાં સુધી જ રહે છે, જેમ સૂર્ય ન દેખાયો હોય ત્યાં સુધી જ ચન્દ્ર દેખાય છે તેમ.'

એ ત્રિપુટીમાંના બીજા શેષાદ્રિસ્વામી. મહર્ષિ કરતાં તિરુવણ્ણમલાઇ પર તે વહેલા પહોંચેલા, ને સમાધિ વખતે મહર્ષિના શરીરની તે ચોકી કરતા. ત્રીજી વ્યક્તિ તે નરસિંહસ્વામી. 'આત્મભાન'ના નામે એમણે મહર્ષિના જીવન અને ઉપદેશને પુસ્તકમાં ઉતાર્યાં છે. મહર્ષિનાં ટાંચણોની સાથે અંગ્રેજીમાં અનુવાદિત થએલી એમની 'ઉપદેશસારમ્' ચોપડી જાણીતી છે.

ધીમે ધીમે મહર્ષિનાં માતા અલાગામ્મલને પણ લાગ્યું કે શાંતિનું સાચું ઠેકાણું પોતાનો પુત્ર જ છે, એટલે ૧૯૧૬માં તે તિરુવણ્ણમલાઇ આવ્યાં. એ પછી થોડે વખતે એમના નાના ભાઇ આવ્યા. માતાએ કષાય વસ્ત્રો ધારણ કરી આશ્રમની બધી વિધિઓ નિ:સ્પૃહ રીતે કરવા માંડી. ૧૯૨૨ના મેમાં એમને સખત માંદગી થઈ ને ૧૯મી મેના રોજ અવસાન પામ્યા ત્યારે મહર્ષિ એમને પડખે બેસી એમને આધ્યાત્મિક સાંત્વન આપી રહ્યા હતા.

મહર્ષિની રચનાઓમાં 'ઉલ્લાદુ નારપાદુ'ને સર્વશ્રેષ્ઠ ગણી શકાય. હિંદુધર્મનાં છ દર્શનોમાથી કોઈપણ એકના બોજા નીચે દટાઈ જવાની એમણે એમાં સાફ ના પાડી છે. શાશ્વત તરફ લઈ જતો ચિંતનનો કોઈ પણ પ્રકાર તેમને મન ધર્મ તથા તત્ત્વજ્ઞાન બંનેથી ઉચ્ચ છે. એટલે 'ઉલ્લાદુ નારપાદુ'ને વાસ્તવિક રીતે 'શ્રી રમણહૃદયમ્' જ કહી શકાય.

અરુણાચળની ટેકરીની તળેટીમાં, તિરુવણ્ણમલાઈથી એકાદ માઈલ દૂર મહર્ષિનો આશ્રમ આવેલો છે. એક વખત કેટલાક ચોરો ત્યાં આવી લાગ્યા ને બારીઓ ભાંગવાનું શરૂ કર્યું. ભક્તોએ મહર્ષિને જાણ કરી એટલે તે બોલ્યા, 'આવવા દો, એમનો વેશ એમને ભજવવા દો'. ચોરોએ આગ લગાડવાનું વિચાર્યું એટલે મહર્ષિ બોલ્યા, 'આગ બાગ લગાવવાની જરૂર નથી. અમે બહાર નીકળી જઈએ છીએ અને આ બધું તમારૂં જ છે એમ સમજો.' એમ કહી તે પોતાના સાથીઓ સાથે બહાર નીકળતા હતા ત્યાં એક ચોરે એમના ડાબા સાથળ પર સખ્ત ફટકો માર્યો.

મહર્ષિએ તરત જમણો પગ આગળ ધર્યો અને કહ્યું, 'જો આટલાથી પણ સંતોષ ન થયો હોય તો બીજા પગ પર પણ લગાવો.' એમનો જખ્મ જોઈ એક શિષ્યે ગુસ્સામાં આવી જઈ લોઢાનો સળિયો ઉપાડયો તેને વારતાં મહર્ષિએ કહ્યું, 'આપણા દાંત તળે કયારેક જીભ કચરાઇ જાય છે એટલા માટે શું આપણે દાંત પાડી નાખીએ છીએ?'

આજે તો મલનાડના એ તપસ્વીની આધ્યાત્મિક પ્રભા કશા ભેદભાવ વિના એમનો આશ્રય લેનાર બધાને નવાડે છે. દિવસના કોઈ પણ કલાકે સંસારના તોફાની સાગરમાં અટકવાએલાંઓ ભારતની ઋષિસૃષ્ટિના એ અનુવંશજના ઉદાત્ત હૃદયના બારામાં આશરો મેળવે છે.

શ્રી ગગનેન્દ્રનાથ ઠાકુર અને તેમની ચિત્રકલા

આજથી સાતઆઠ દાયકા પર મોટા મોટા લોકો જ્યારે માત્ર ખિતાબ સંઘરવા સરકારની ખુશામેદ કરવામાં કે હલકા આમોદપ્રમોદ ને ભોગવિલાસમાં જ જિંદગીનું અહો-



ભાગ્ય સમજતા હતા, ત્યારે, એ કાળમાં, સાહિત્ય, ધર્મ, દર્શન, ઇતિહાસ, કલા આદિની સાધના દ્વારા દેશના આત્મા જોડે અંતરંગ સંબંધ બાંધનાર તે કલકત્તાના જોડાસાંકો મહોલ્લાનું ઠાકુર કુટુંબ. એ કુટુંબના વડિલ મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર જેવા ધર્મનિષ્ઠ સંતથી માંડીને આજના ક્રાન્તિકારી યુવાન સૌમ્યેન્દ્ર સુધીની અનેક પ્રતિભાઓને એણે જન્મ આપ્યો છે. આધુનિક ભારતની જાગૃતિમાં ઉષઃકાલનો અસ્ફુટ ભાવકલરવ આ મહોલ્લામાંથી સૌપ્રથમ ધ્વનિત થયો.

ગગનેન્દ્રનાથ ઠાકુર એમના સૌ ભાઇઓમાં મોટા. રવીન્દ્રનાથ, દ્વિજેન્દ્રનાથ, જ્યોતિરીન્દ્રનાથ વગેરે કુટુંબ એમના પિતા સાથે જોડાસાંકો મહોલ્લામાં રહેતું; અને ગગનેન્દ્ર, અવનીન્દ્ર, સમરેન્દ્ર વગેરે ભાઈઓનું કુટુંબ દ્વારકાનાથ ગલીમાં રહેતું. પોતાના ઘરની દક્ષિણ તરફની ઓસરીમાં રોજ સવારે ને સાંજે એ ત્રણે ભાઈઓ હાથમાં પીછી અને મુખ પર સ્મિત સાથે બેઠેલા નજરે પડે. ગગનેન્દ્રનો પ્રેમ પોતાના સૌથી નાના ભાઇ અવનીન્દ્રનાથ ઉપર ખૂબ હતો. નાનપણથીજ ખીલેલી એની કલાપ્રતિભા જોઇને તથા તેનાં કાર્યો અને પ્રશંસાથી પોતે પુલકિત થતા, અને કોઈ ચિત્રકલા બાબત પૂછપરછ કરવા આવે તો અવનીન્દ્ર તરફ જ આંગળી ચીંધતા.

ગગનેન્દ્રનાથની કલાસૃષ્ટિ તો એકદમ સ્વાભાવિક ઝરણુ જેવી હતી. પોતાની એ સૃષ્ટિના સૃષ્ટા પોતેજ હતા; અને બહારની પ્રશંસા કે લોકમતની પરવા કર્યા વિના પોતાના હૃદયમાં ઊગે તે ઢબે અને દિશાએ એ ચિત્રો કર્યે જતા. આથીજ એમની કલામાં અસામાન્ય સજીવતા છે. એમણે કરેલા બંગાલના તેમજ હિંદના સામાજિક અને રાજકીય જીવન પરનાં જોરદાર કટાક્ષચિત્રો જુઓ કે ત્રિકોણ–ચોસલાં ઢબનાં એમનાં રહસ્યભર્યાં ભાવચિત્રો જુઓ, બધેજ એમની નિરાળી દૃષ્ટિનો પરચો જોવા મળવાનો. હાસ્યરસ સાથે રાજકીય, સામાજિક અને આર્થિક મૂંઝવણો ગૂંથીને ચિત્ર કરવાની પ્રથા દાખવવામાં ભારતીય કલાકારોમાં એ પ્રથમ હતા. ચિત્રમાં હાસ્ય એ હેતુ પ્રાપ્ત કરવાની અંતિમ સાધના નથી, પણ સહાયક માત્ર છે. ગગનેન્દ્રનાથનાં એવાં કટાક્ષચિત્રોમાંના 'વિરૂપ વજ્ર' 'અદ્ભુત લોક' 'નવહુલ્લોડ' વગેરે તો અસામાન્ય છે. કલાકારને પોતાને પણ ખબર નહોતી કે પોતે આટલી અસામાન્ય પ્રતિભા લઇને જન્મ્યા છે. 'પ્રજાપતિ નિર્બંધ' નામના ચિત્રમાં એક જૂની રૂઢિ પર કટાક્ષ કરીને તેની નિરર્થકતા સાબિત કરી છે. પતિ પોતાની અર્ધાંગનાના શબને ચિતા પર રાખતાં ફરી લગ્ન કરવાનો સંકલ્પ કરે છે, જેથી વિરહના દુઃખનું આશ્વાસન મળે! 'ચિત્તરંજન દાસનું વિશ્વવિદ્યાલય દહન' અને 'આસુતોષ મુકર્જીનું વિશ્વવિદ્યાલયશમન' નામનાં એમનાં ચિત્રો તો ચિરસ્મરણીય રહેશે.

પણ ગગનેન્દ્રનાથને સંપૂર્ણરીતે સમજવા માટે એમનાં કટાક્ષચિત્રોજ નહિ પણ એમનાં અવાસ્તવિક શૈલીનાં ચિત્રો પણ જોવાં જોઇએ. પ્રાચીન કાળમાં ભારતમાં કાલ્પનિક અને વાસ્તવિક કલા હતી. તેમાંથી જ નવો માર્ગ ગગનેન્દ્રનાથે કાઢ્યો. અજંતાની કાલ્પનિક અને પ્રાચીન ચિત્રકલાનું અનુકરણ કર્યાં વિના જે કાલ્પનિક સર્જન ગગનેન્દ્રનાથે આપપ્રતિભાએ કર્યું તેમાં વિવિધ ભાવ તથા દિશા પ્રકટ્યાં છે. એમનાં કૌતુક ચિત્રોમાં પણ ભાવના અને કલ્પના દેખાય છે. એમનાં 'નિશા' ચિત્રોમાં અતુલનીય સૌન્દર્ય છે. 'વિજયા' નામક ચિત્રમાં છાયા અને પ્રકાશની અનંતક્રીડા દેખાય છે. રાત્રિજગતમાં રૂપમૂર્તિઓ પ્રકટ કરીને એમણે અસામાન્ય કલ્પના દર્શાવી છે. (વિશેષ માટે જુઓ આ અંકમાંનો કાકાસાહેબ કાલેલકરનો લેખઃ 'બે ચિત્રો').

પ્રકૃતિચિત્રોના આલેખનમાં પણ તે અગ્રણી હતા. એમનું આલેખેલું 'રાંચી' અને 'વૃષ્ટિ' તેમજ 'હિમાલયનાં દૃશ્યો' વગેરે અનંત રસશ્રી ધરાવે છે. 'રાજપુત્ર' નામક ચિત્રમાં ઉંડાણથી જોતાં જણાય છે કે જાણે સ્વપ્નપ્રદેશનો કોઇ સંદેશ એ લાવ્યું ન હોય!

નવભારતની આધુનિક ચિત્રશૈલીમાં પણ એમણે કીર્તિ પ્રાપ્ત કરવા યોગ્યકૃતિઓ સરજાવી છે ઘનપદાર્થો દર્શાવવામાં એમણે પોતાની જ નવીન શૈલી ધારણ કરી છે. 'અલાઉદ્દીન', 'અર્જુન-ચિત્રાંગદા', 'રાજકન્યા' વગેરે એનાં સુંદર ઉદાહરણો છે. હમેશાં કાંઈક નવું જ કરવાની એમની વૃત્તિ હતી. એમની શૈલી ને કલાદૃષ્ટિથી મુગ્ધ થઇને કુચ બિહારનાં રાણીએ પોતાના પ્રાસાદ માટે એમની પાસે ચિત્રો કરાવ્યાં હતાં.

જોડાસાંકો મહોલ્લામાં 'વિચિત્રા' નામક એક મંડળની સ્થાપના થઈ ત્યારે ગગનેન્દ્રનાથ અને તેમના ભાઇઓ ખૂબ ખુશ થયા. એ સંસ્થા તરફથી થતી આલોચનાઓ, નાટ્ય, ગીત, વગેરેના દાતા એ જ હતા. રાષ્ટ્રીય જાગૃતિના કેન્દ્રમાં પણ તેમનો ફાળો સારો હતો. રવીન્દ્રનાથની નાટ્યકલામાં આ ત્રણ બંધુઓની મોટી સહાય હતી. વાસ્તવમાં આ કલાકારે ચિત્ર, નાટ્ય, અને જીવનમાં અનેક પ્રકારે સેવા કરી છે. (શ્રી યામિનીકાન્ત સેનના લેખને આધારે)



જગતનો સૌથી વૃદ્ધ પુરુષ

વીતી ચૂકેલા કોઇ યુગના પ્રતિનિધિ સમો એકાદ અવશિષ્ટ આદમી વાર્તાઓના પાત્રાલેખનમાં ઘણીવાર ડોકાય છે, પરંતુ દક્ષિણ આફ્રિકાના બેચુઆનાલૅન્ડના એક ખૂણે એક એવો આદમી હસ્તી ધરાવે છે કે જે એ પ્રદેશની ગોરી વસાહતના પ્રારંભિક યુગનો જીવતો જાગતો પ્રતિનિધિ છે. એની ઉમર આજે સવા સો વરસની છે.

મધ્ય વિક્ટોરિયન યુગમાં ખ્યાતિ પામેલા 'ખામા'ના શાસિત પ્રદેશમાં, વૉટર્લૂનું યુદ્ધ થયું એ સાલમાં આ જૅક રામોનોત્વાને જન્મેલો. ૧૮૩૨ ને ૩૩નાં યુદ્ધોમાં સત્તર અઢાર વરસની વયે એણે ભાગ લીધેલો ને 'કાળા હાથી' તરીકે ઓળખાતા ખામાનો એ વિશ્વાસપાત્ર સેવક બનેલો. આ ઉમરે એની આંખો તો ચાલી ગઈ છે, પણ દાંત અરધા ઉપરાંતના હજુ કાયમ છે. એના કપાળ પર દેખાતો ડાઘ ૧૮૩૭ના માતાબેલે બંડમાં થયો છે. ૧૮૪૭માં બોઅર લોકોએ માતાબેલે પર ચડાઈ કરી ત્યારે એના ડાબા હાથનાં અંગૂઠો અને ટચલી આંગળી પણ ગયાં.

બહુ મોટી ઉમરે એ પરણ્યો, કારણ એના કહેવા પ્રમાણે લડવા આડે એને પરણવાની પણ ફુરસદ ન હતી! ત્યાર પછી તો એણે એક પછી એક એટલી સ્ત્રીઓ કરી કે એની ચોક્કસ સંખ્યા પણ એ ભૂલી ગયો છે. એનો મોટો દીકરો ઈ. ૧૮૦૩માં બુલાવાયો પરની ડૉ. જેમ્સનની ચડાઇમાં માર્યો ગયો. આ ઉમરે પણ એની સ્મરણશક્તિ બહુ તેજ છે.

હાથીદાંત

આફ્રિકામાંથી મળતો હાથીદાંત હવે પહેલાં જેવો નથી રહ્યો એવી અનેકોની ફરિયાદ છે, અને તેમાં તથ્ય પણ છે. કિનારાના પ્રદેશોનો વિકાસ થતાં હાથીઓ હવે અવારનવાર દરિયાની મુલાકાત લેતા બંધ થયા છે. એ પહેલાં એ દરિયામાં માત્ર નહાતા જ નહિ, પણ માઇલો સુધી તરતા અને એના ક્ષારોની એમની ચામડી અને એમનાં દંતૂશળો પર અદ્ભુત અસર થતી. જે અસર હવે નાબૂદ થઈ હોઈ; આફ્રિકાના હાથીદાંતની ગુણવત્તા ઊતરતી ચાલી છે.

હાથીદાંત જેવા જ ઉપયોગમાં હિપ્પોપોટેમસ, વૉલરસ, નાર્વ્હેલ, સ્પર્મ-વ્હેલ વગેરેના દાંત કે સુવરનાં દંતૂશળો વપરાય છે. વળી એન્ઝોલીનમાંથી, ગંધકના તેજાબ વડે કેળવેલા બટાટામાંથી કે દૂધના કૅસીનમાંથી બનાવટી હાથીદાંત પણ બનાવવામાં આવે છે, છતાં સાચા હાથીદાંત મેળવવાનો લોકોનો હમેશાં આગ્રહ રહ્યો છે અને એટલે જ ઉપર્યુક્ત વસ્તુસ્થિતિ વધુ ખેદકારક છે.

હાથીદાંતમાં ખૂબ નજીક નજીક બારીક છિદ્રો આવેલાં હોય છે અને તેમાં જીલેટિનમય પદાર્થ હોવાને લીધે તેના પર પૉલિશ કે તેની કોતરણી સરસ થઈ શકે છે. એને હાડકા અને શીંગડાની વચ્ચેની રચના તરીકે ગણાવી શકાય. માનવજાત આદિકાળથી જ એનાથી વાકેફ હતી ને હાથીદાંત પરની કોતરણી કદાચ જૂનામાં જૂની કળા થવા જાય.

આજથી લાખો વરસ પૂર્વે ભમતા રહેલા આજના હાથીના પૂર્વજોના એટલા બધા તો અવશેષો સાઈબીરિયામાંથી મળી આવે છે કે તે કદાચ આખી દુનિયાની માગને પહોંચી વળે. પરંતુ સોવિયેટ સરકારે હાલ તેની નિકાસ પર નિયંત્રણ મૂકી દીધું છે. અત્યાર લગીમાં સૌથી જબરા હાથીદાંત પણ સાઇબીરિયામાંથી જ હાથ આવેલા. તેમની લંબાઇ ૧૩ ફૂટ, ૯ ઈંચની હતી અને વજન ૯૦૦ રતલ!

હાથીદાંત હમેશા નંગ લેખે ન વેચાતાં હંડ્રેડવેટના વજનમાં વેચાય છે. એની કઠણ અને નરમ એમ બે જાતો આવે છે. એનો જાણકાર જ એ બે વચ્ચેનો ભેદ પારખી શકે. કઠણ કરતાં નરમ હાથીદાંત વધુ કીમતી હોય છે. કઠણ હાથીદાંત સહેજ બરડ હોય છે એટલે તેના પર બારીક કોતરકામ થવું મુશ્કેલ હોઈ તેમાંથી છરીચપ્પુના હાથા, પિયાનાની ચાવીઓ, બ્રશ, બિલિયર્ડના દડા વગેરે બને છે.

કેટલાંક વિચિત્ર ઈનામો

અમેરિકા ખરેખર એક ભેજાબાજ મુલક છે. એ જુદાં જુદાં જેટલાં હિતો ને કાર્યપ્રદેશોની સંસ્થાઓ ધરાવે છે એટલી ભાગ્યે જ બીજો કોઇ મુલક ધરાવતો હશે. એમાંની એક સંસ્થા તે જુદા જુદા ગ્રહો વચ્ચેનો વ્યવહાર સાધવાના ઉદ્દેશથી ઊભી થએલી 'Society for Interplanetary Transport'. એ સંસ્થાએ એવી જાહેરાત કરેલી છે

કે જે શખ્સ સૌ પહેલો ચન્દ્રલોક પર પહોંચી બતાવે તેને ૨૦૦૦૦ પૌંડનું ઈનામ એ આપે! પહેલેથી નહિ; ત્યાં પહોંચીને પાછો આ પૃથ્વી પર ઇનામ લેવા આવે!!

આવું જ ઈનામ 'ફ્રેન્ચ ઍકેડેમી ઑફ સાયન્સ' તરફથી ૫,૦૦,૦૦૦ ફ્રાન્કના પુરસ્કારરૂપે જાહેર થયું છે. એ મેળવવા માટે તમારે કોઇ ગ્રહ પર પહોંચવાની કડાફૂટ કરવાની નથી રહેતી. માત્ર મંગળના ગ્રહ પર જે વસતિ ધારવામાં આવે છે તેની સાથે પૃથ્વી પરથી સંદેશા શી રીતે ચલાવી શકાય એ હિકમત તમારે શોધી કાઢવાની. એ માટે કેટલાં ફુટાંગબાજ ભેજાં કામ કરી રહ્યાં છે એ તમે કદાચ નહિ જાણતા હો. અને કેટલાકે તો ઍકેડેમીનું એ ઇનામ જીતવા પોતાની રહીસહી મિલકતોનાં દીવાળાં યે ફૂંકી દીધાં છે. એક વિદ્યુત્શાસ્ત્રીએ પોતાની સઘળી મિલકત જમીન પર એક ભૌમિતિક ખાડો ખોદી તેમાં અતિપ્રકાશિત સર્ચલાઈટ ગોઠવવા પાછળ ખરચી નાખી, પણ પછી એને ખાતરી થઈ કે મંગળનિવાસીઓ કાં તો ટૂંકી નજરવાળા હતા, અથવા તો તેની સંજ્ઞાની તેઓ અવજ્ઞા કરતા હતા! એ ઈનામ પ્રાપ્ત કરવા કેટલાક તો કેવું આંધળું ઝુકાવી દે છે, એ એટલા પરથી માલૂમ પડશે કે એક શખ્સે તો મંગળ પર પહોંચી ત્યાંના નિવાસીઓના અવાજની પોતે રેકૉર્ડ ઉતારી આવ્યાનું જાહેર કર્યું હતું. અને એ રેકૉર્ડ વગાડવામાં આવી ત્યારે જણાયું કે એ બીજું કંઇ નહિ પણ ઍનીસ્થેટિક લીધા વગર ઓપરેશન કરાવતા દર્દીની ચીસો હતી!

રૉયલ ગટિંગન સોસાયટીનો એક ભેજાગેપ ગણિતશાસ્ત્રી વળી પોતાની પાછળ એવું જ ૫ લાખ ફ્રાન્કનું ઈનામ મૂકતો ગયો છે અને તે હજુ કોઇએ પ્રાપ્ત નથી કર્યું. એ ગણિતશાસ્ત્રીનું નામ થર્મા. એમાં તમારે માત્ર એ પોતાને નામે 'Theorem of Thermat' યોજી ગયો છે એ સાબિત કરવાનું રહે છે. પરંતુ દુનિયાના ચુનંદા ગણિતશાસ્ત્રીઓ પણ થર્માનું ઇક્વૅશન સાચું છે એ કબૂલ કરવા છતાં તે સાબિત નથી કરી શકતા!

આ કુતૂહલપ્રેરક ઇનામોની વાત નીકળી છે તો એવા એક પુરાણા ઇનામનો ઉલ્લેખ પણ કરી લઇએ. એ ઈનામ ઇંગ્લંડના કેન્ટ પરગણાના એક ખેડૂતે કાઢેલું. સો પૌન્ડનું એ ઈનામ કાઢવા પાછળ એક વિચિત્ર માન્યતા એ રહેલી હતી કે ગધેડો કુદરતી રીતે કદી નથી મરતો. એટલે એણે કુદરતી રીતે મરેલા ગધેડાનું શબ લાવી આપનારને એ બક્ષિશની જાહેરાત કરી. પછી તો પૂછવું જ શું? રોજ ગાડાંનાં ગાડાં ભરાઇ ગધેડાંનાં મુડદાં કેન્ટના રસ્તે પડી ચૂક્યાં. એ મુડદાંના ગંજે પછી પોતાનો પરચો બતાવ્યો ને રોગચાળો ફાટી નીકળ્યો. પરિણામે એ બિચારા જિજ્ઞાસુ ખેડૂતને બધાં મુડદાંના માલિકોને રાહત તરીકે થોડી થોડી રકમ આપવા ઉપરાંત 'ઍસાઇઝ કોર્ટ'ને પણ ૩૦૦ પૌંડની ભારેખમ રકમ દંડ તરીકે આપી સંતોષવી પડી!


ચીનની ગંજાવર દીવાલ

લગભગ બે હજાર વરસથી ચીન જેવા મોટા વિસ્તારવાળા રાષ્ટ્રનું રક્ષણ કરી રહેલી ગંજાવર દીવાલ વિષે ઘણાએ સાંભળ્યું હશે, પરંતુ તે દીવાલના વિસ્તાર, સ્વરૂપ ને કદ વિષે સાચો ખ્યાલ ઘણા થોડાઓને હશે. એ દીવાલના આડાઅવળા વળાંકની ગણતરી કરવામાં આવે તો તેની લંબાઈ પંદરસો માઈલ જેટલી થાય અને જો સીધી લીટીમાં તેને મૂકવામાં આવે તો લંડન શહેરથી છેક મિસરમાં આવેલા ઍલેક્ઝાન્ડ્રીઆ સુધી પહોંચે. એવો અડસટ્ટો કાઢવામાં આવે છે કે આ ગંજાવર દીવાલના ઘડતરમાં જે કાટ (Material) વાપરવામાં આવ્યો છે તે જ કાટની મદદ વડે આપણી આ પૃથ્વીની આસપાસ–બરાબર વિષુવવૃત્ત ઉપર આઠ ફૂટ ઊંચી તેમજ ત્રણ ફૂટ જાડી દીવાલ બંધાઇ રહે. આપણે ચંદ્ર ઉપર જઇને પૃથ્વી તરફ દૂરબીનની મદદ વડે જોવા પ્રયત્ન કરીએ તો કાળા માથાના માનવીઓએ બાંધેલાં બાંધકામમાંથી માત્ર આ ગંજાવર દીવાલ જ દૃષ્ટિગોચર થઈ શકે.

ઇ.સ. પૂર્વે ત્રીજા સૈકામાં આ દીવાલની રચનાનો પહેલપ્રથમ ખ્યાલ ચીનાઇ સમ્રાટ શી–હુઆંગ–ટીને આવ્યો હતો. તેમ કરવામાં તેનો હેતુ હૂણ લોકોને હટાવી રાખવાનો હતો અને સાચી વાત પણ એ છે કે સૈકાઓ સુધી એ કાર્ય આબાદ રીતે પાર પડ્યું હતું. આજે કદાચ વર્તમાન યુગની યુદ્ધ-સામગ્રી પાસે તે નકામી નીવડે.

પૂર્વ તરફ દરિયાકિનારે આવેલાં શાનહૈકુવાન નામના શહેરથી તે દીવાલની શરૂઆત થાય છે અને પશ્ચિમ દિશામાં આગળ વધતી વધતી દૂર દૂર આવેલા કાનુ સુધી તે પહોંચેલી છે. રસ્તામાં તે માઈલ માઈલ ઊંચા પર્વતોને ઓળંગે છે, ખૂબ ઊંડી ખાણોમાં પણ ઊતરી પડે છે, ફરીવાર તે ઊંચાણવાળા પ્રદેશમાં આવી પહોંચે છે અને પછી માઇલોના માઇલ સુધી સીધા સપાટ પ્રદેશમાં તે દોડી જાય છે. વળી પાછી આમતેમ વળાંક લેતી જંગલોમાં પેસી, કોઇ મોટા કિલ્લા જેવું સ્વરૂપ તેણે ધારણ કરેલું છે.

પૃથ્વી પર જેનો જોટો નથી એવા આ જબરદસ્ત બાંધકામને બાંધતાં પંદર વર્ષ લાગ્યાં હતાં. એ બાંધકામ વખતે ત્રણ લાખ સૈનિકોને, લડાઇમાં પકડાએલા કેદીઓને, સઘળા ગુનેગારોને કામે લગાડવામાં આવ્યા હતા. એ જમાનામાં નહિ જેવાં સાધનોની મદદથી આવા એ કાર્યના બીનમાહિતગાર માનવીઓએ તેમનું એ કાર્ય કેવી રીતે સાંગોપાંગ આટોપ્યું હતું તથા ઊંચા ઊંચા પહાડોના ઊંચા-નીચા ચડાણને લઇને નડતી મુશ્કેલીઓને તેઓએ કેવી રીતે હટાવી હતી એ કોયડાનો ઉકેલ મુશ્કેલ છે, કારણકે એ દિવસનાં બાંધકામને લગતો કોઈ પણ પ્રકારનો ઇતિહાસ અત્યારે ઉપલબ્ધ નથી.







ઉપર–ચીનની દીવાલ. જમણી બાજુ–ઉપર : ૨૫૦૦ ડૉલરની કીમતનું ૧૦૦ મિલિગ્રામ રેડિયમ ધરાવતી રેડિયમ સૉલ્ટની ભૂકી; એક દીવાસળી જેવડા કદની કાચની નળીમાં. નીચે: એક મિલિગ્રામના લાખમા ભાગ જેટલું રેડિયમ માપી કાઢતું ઇલેક્ટ્રોસ્કોપ →

ચીનના દુર્ભાગ્યે એ ગંજાવર દીવાલના સમારકામ તરફ પાછળથી નહિ જેવું જ લક્ષ અપાયું હતું. જ્યારે જ્યારે ચીનવાસીઓને બીજા બહારના હુમલાઓની બીક લાગતી ત્યારે જ જરૂર પૂરતું સમારકામ હાથ ધરવામાં આવતું. આજથી લગભગ પાંચસો વર્ષ પહેલાં મિન્ગી વંશના બાદશાહોના સમયમાં એ દીવાલની સંપૂર્ણપણે મરામત કરાવવામાં આવી હતી.

એ દીવાલ પાયામાં ૨૫ ફૂટ અને મથાળે ૧૫ ફૂટ પહોળી છે; તેની ઊંચાઇ જુદેજુદે સ્થળે ધ્યાનમાં લેતાં ૧૫ થી ૩૦ ફૂટ સુધીની છે. તેમાં ૨૦ હજાર તો બુરજો બાંધેલા છે, અને એ બુરજો ખરી રીતે તો નાના મોટા કિલ્લાઓની ગરજ સારે એવા કુશાદે છે. તે ઉપરાંત તે દીવાલમાં દસ હજાર તો દીવાદાંડી જેવા આકાશદીપો છે.

આજે એ દીવાલની આરપાર રેલવે લાઈન લઈ જવામાં આવી છે અને એનો ઘણોખરો ભાગ અત્યારે તો ખંડિયેર જેવી જ દશામાં છે. —ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

રેડિયમ

બેએક વર્ષો પર કૅનૅડાએ પોતાને ત્યાં પહેલો ઔંસ રેડિયમ પૂરૂં ઉત્પન્ન થઈ રહ્યું તેનો મહોત્સવ ઊજવ્યો. યુનાઇટેડ સ્ટેટસે એવો મહોત્સવ ૧૯૨૦માં ઊજવેલો. કૅનૅડામાંથી નીકળતી કાચી ધાતુ રેડિયમ વડે બહુ સમૃદ્ધ હોઇ ત્યાં ૧૪૦૦૦ ટનમાંથી ૧ ઔંસ ઉત્પન્ન આપે છે. આને લઇને ગયા મહાયુદ્ધ પહેલાં ૧ ઔંસની જે ૩૫,૦૦,૦૦૦ ડૉલર કીમત હતી તે ઘટી જઇને આજે ૭,૦૦,૦૦૦ ડૉલર થઇ ગઈ છે. એક મિલિગ્રામ (એટલે એક ટાંકણીનું માથુ રંગાય એટલા) રેડિયમની કીમત આજે ૨૫ ડૉલર પડે છે. દુનિયાનો રેડિયમનો કુલ જથ્થો આજ લગભગ ૫૫૦ ગ્રામ એટલે કે બે ઇંચના એક ઘન ચોસલા જેટલો છે. કૅનૅડાની રેડિયમની ખાણો આલાસ્કાથી ૫૦૦ માઇલ પૂર્વે 'ગ્રેટ બેર લેક' નજીક લગભગ ધ્રુવવર્તુલ પર આવેલી છે.

રેડિયમ એ રૂપા કરતાં અડધી ભારે, ચકચકિત સફેદ ધાતુ છે. ભુરા રંગના જુદા જુદા એવા વર્ણોમાં એ પ્રકાશે છે કે એનો રંગ સમજાવી શકવો મુશ્કેલ છે. એ એટલી તો ગરમ હોય છે કે તમે એને સહેજ હાથમાં લ્યો એટલે થોડા જ દિવસો પછી ત્યાં દાઝવા જેવા ડાઘ પડી ચામડીમાં એવાં ઘારાં પડી જશે કે તે રૂઝાવવાં અત્યંત મુશ્કેલ હોય છે.

કૅનૅડામાં રેડિયમની શોધ એ એક અકસ્માત જ હતો. ત્યાંની એલડોરેડો ગોલ્ડ માઈન્સ લિ.ના શોધક ગિલ્બર્ટ લૅબિનને ૧૯૨૮માં અપાએલા ખાણામાં એણે સ્ટૉકહોલ્ડરો સમક્ષ જાહેર કર્યું કે તેમના ફંડ સમૃદ્ધ હતાં તેટલી ખાણો સમૃદ્ધ ન હતી. એણે એકાદ નવી ખાણની શોધ માટેની મંજૂરી માગીને એ સ્ટૉકહોલ્ડરોની મંડળીને આશ્ચર્યમાં નાખી દીધી; પણ એથી યે વધુ આશ્ચર્ય તો સ્ટૉકહોલ્ડરોએ તેને એ માટે મંજૂરી આપીને ઉપજાવ્યું !

એક snowblind–બરફના તેજસ્વી પ્રકાશની અસર સામે ખડતલ બનેલી આંખોવાળા જોડીદારને લઇને ૧૯૩૦માં એક સ્લેજ પર લૅબિન નીકળી પડયો. બરફના વેરાનમાં અનેક સાહસો ખેડતાં એણે બરફની બહાર ડોકાતી એક ખડકની ચારેક ઇંચની છાજલી જોઈ. એ પર હથોડી મારતાં

એ તૂટી પડી તેમાંથી લીલા, પીળા ને ગુલાબી રંગની ઝાંયનો કઠણ લીસો પદાર્થ મળ્યો. લૅબિનને વર્ષો પહેલાં એક મ્યૂઝિયમમાં જોએલો નમૂનો યાદ આવ્યો–પિચબ્લેન્ડ: એ જ! રેડિયમ ધરાવતી કાચી ધાતુ એ હતી.

જમીન અને દરિયા પર અનેક સ્થળે રેડિયમ મળી આવે છે. રેડિયોઍક્ટીવિટીથી એનું અસ્તિત્વ માલુમ પડી આવે છે. આ રેડિયોઍક્ટીવિટીની શોધ રેડિયમથી યે પહેલાંની છે. ઇ. ૧૮૯૬માં એકસ રેઝ પર અખતરા કરતાં પારીસના મૉ. હેન્રી બેકરલને જણાયું કે યુરેનિયમ ધાતુ સૂર્યના પ્રકાશ સિવાય પણ સ્વયં કિરણો ફેંકે છે. રાસાયણિક રીતે શુદ્ધ કરેલી ધાતુમાં એવું ન બનતું હોઇ એને લાગ્યું કે એ રેડિયોઍક્ટીવિટીનું કારણ યુરેનિયમમાં રહેલી કોઈ અશુદ્ધિ જ હોવી જોઇએ. એ અશુદ્ધિ તારવવાનું કામ એણે પોતાનાં પોલિશ શાગિર્દો મેરી ક્યૂરી તથા તેના પતિને

જુદા જુદા દેશોના યુદ્ધઘોષો

ભારતીય	હર હર મહાદેવ!
મુસલમાન–અરબ	અલ્લાહો અકબર!
તુર્ક	અલ્લાહ ઇસમીદ!
પ્રાચીન ગ્રીસ	આલાલા, આલાલા!
ફાશિસ્ટ ઈટલી	આલાલા, આલાલા!
પ્રાચીન રોમ	ફેરી, ફેરી!
ખ્રિસ્તી રોમ	ક્રાઈસ્ટ બોથાઇ!
ક્રુઝેડરો	આજુવા ડોસ!
સ્પેન	સાન ઈયાગો!
રશિયા તથા તાતાર	હુર્રા, હુર્રા! (મારો, મારો)
ફ્રાન્સ	આં એવાં!
ઇંગ્લંડ	સેંટ જ્યૉર્જ ફૉર ઇંગ્લૅંડ!

સોંપ્યું. એમણે અખતરાઓને અંતે બે રેડિયોઍક્ટિવ પદાર્થો શોધી કાઢ્યા, જેમાંનું એક રેડિયમ હતું.

રેડિયમ મુખ્યતઃ યુરેનિયમ ધરાવતાં ખનિજોમાંથી નીકળે છે. પિચબ્લેન્ડ ઉપરાંત કાર્નોટાઈટ અને ઑટુનાઇટ એ બે કાચી ધાતુમાંથી પણ તે મેળવવામાં આવે છે. કૅન્સર તથા બીજા રોગો પર તેનો ઉપયોગ ચાલુ થયો છે ને પાકમાં વૃદ્ધિ આણવા માટે પણ તેનાં રૅડોન કિરણો અજમાવવામાં આવે છે. ઇ. ૧૯૦૮માં તો રેડિયમ વડે સ્વયંભ જીવસૃષ્ટિ (spontaneous generation) પેદા થતી હોવાની કોઇકે જાહેરાત કરેલી, પણ એ એક ગપ જ હતી.

અગાઉના કીમિયાગરોને હલકી ધાતુઓમાંથી સોનું બનાવવાની ધૂન લાગી હતી. પરંતુ વિજ્ઞાનીઓએ નિર્ણય આપેલો કે મૂળતત્ત્વો અવિકારી હોઇ એ પ્રકારની માન્યતા મૂર્ખાઇ ભરેલી જ હતી. આ રેડિયમની શોધે વિજ્ઞાનીઓના એ નિર્ણય પર પણ આઘાત કર્યો કારણકે એનું જુદાંજુદાં અનેક મૂળતત્ત્વોમાં રૂપાંતર થતું જતું હતું. એ રૂપાંતર પર અણુને અવિભાજ્ય મનાતું બંધ થયું ને પરમાણુઓની દુનિયા અસ્તિત્વમાં આવી.

એ નવો શોધવિષય હાથ મળતાં માલુમ પડયું કે યુરેનિયમનો અણુ સઘળા અણુઓમાં ભારેમાં ભારે હોઇ, તેમાંથી, જેમ સૂર્યમાંથી ગ્રહો ઊડતા જાય તેમ, જુદાજુદા પદાર્થો ઊડતા જઇને છેવટે સીસારૂપે તે અવશિષ્ટ રહે છે. યુરેનિયમના રૂપાંતરના એ ક્રમમાં એક ગાળો રેડિયમનો આવે છે. અંદાજ પ્રમાણે યુરેનિયમનું રેડિયમમાં રૂપાંતર થતાં અબજો વર્ષો લાગે છે, પરંતુ એ પછી રેડિયમનો વિકાર બહુ જ ઝડપી થાય છે ને પ્રકાશની ઝડપે તેના કણો ધસતા જાય છે. એમાંના કેટલાક તો લોખંડી જહાજોના બખ્તરને પણ ભેદી જાય તેવા હોય છે અને એને લઇને પોલાદની આંતરરચના જાણવાના ઉપયોગમાં તે લેવાય છે. યુરેનિયમ કરતાં રેડિયમનું રૂપાંતર ૩૦,૦૦,૦૦૦ ગણું ઝડપી હોય છે એટલે રેડિયમ અને યુરેનિયમનું પ્રમાણ ૩૦,૦૦,૦૦૦ ભાગે એક ભાગનું આવે.

આ ૩૦,૦૦,૦૦૦ ભાગ યુરેનિયમમાંથી રેડિયમનો એક ભાગ મેળવવાનું કામ અમેરિકાની પોર્ટ હોપ રીફાઈનરી કરે છે. ક્યૂરી દંપતીના હાથ નીચે કેળવાએલો મિ. માર્સેલ પોકોન તેનો નિયામક છે. પહેલાં તો પિચબ્લેન્ડને ભૂંજી નાખવામાં આવે છે એટલે એમાંનો મુક્ત ગંધક તથા ટને ૫૦૦ ઔંસ જેટલું રહેલું રૂપું જુદું પડી આવે છે.

ત્યાર બાદ યુરેનિયમને જુદા જુદા ઍસિડો ને ક્ષારદ્રવ્યોમાં ઉકાળવા તથા ગાળવામાં આવે છે એટલે રેડિયમ સિવાયના બધા પદાર્થો ગળાઈ જાય છે. આમાંથી મળતું રેડિયમ એટલું તો નજીવું હોય છે કે તે પણ ગળાઈ ન જાય તે માટે પકડી રાખવા બેરિયમ નામના મૂળતત્ત્વનો ઉમેરો કરવામાં આવે છે. આ બેરિયમ રેડિયમને પોતાના ખોળામાં લઇ લે છે. આથી બેરિયમ અને રેડિયમ બ્રોમાઇડ નામનો ક્ષાર અવશિષ્ટ રહે છે. એમાંથી રેડિયમ સૉલ્ટને સ્ફટિકકરણ (crystallization)થી તારવી કાઢવામાં આવે છે.

૨૫૦૦૦ ડૉલરની કીમતના એક ગ્રામ રેડિયમની નિકાસની કીમત લગભગ ૫૦૦ ડૉલર થાય છે! અને એને સીસાના ભારે ટ્યૂબ-કન્ટેઇનરમાં સુરક્ષિત મૂકવામાં આવે છે.

રેડિયમનો ઉપયોગ આજે અનેકગણો વધ્યો છે. શસ્ત્રવિદ્યા, એકસ કિરણો અને રેડિયમ આજે એકબીજા સાથે સંકળાએલાં રહ્યાં છે. કૅન્સર તથા ચામડીના રોગો પર રેડિયમની સારવાર અસરકારક માલુમ પડી છે. એની અસરથી ઝિંક ક્લોરાઈડ પ્રકાશ આપતું થવાથી ઘડિયાળના ચંદા, કંપાસો વગેરેમાં તેનો ઉપયોગ થવા લાગ્યો છે. પીગળેલા કાચમાં પરપોટા ઊઠતા તે અટકાવે છે એટલે એ ઉદ્યોગમાં પણ તેણે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

દરિયાની ઊંડાઈ

માણસજાત સદીઓથી સાગર ખેડતી આવી છે; પણ છેક ઓગણીસમી સદી સુધી તો એનું તળિયું કોઈ વિશાળ સપાટ મેદાન જેવું જ માણસ કલ્પી રહેલો. જો કે ૧૭૩૭ માં બૅાક નામના કોઈ માણસે શંકા ઉઠાવેલી કે પૃથ્વીની સપાટી જેમ દરિયામાં પણ નાનામોટા પર્વતો આવેલા હશે; પણ એ મરી ગયો ત્યાં સુધી તેની શંકાની કોઇએ વૈજ્ઞાનિક છણાવટ નહોતી કરી.

એ છણાવટનું પહેલું માન જાય છે યુનાઇટેડ સ્ટેટ્સના નૌકાદળને. ઈ. ૧૮૫૯માં લેફ્ટેનંટ બ્રૂક એક ધ્વનિયંત્ર શોધી કાઢયું જે વડે આટલાંટિક મહાસાગરના તળના ટેકરા, ખીણો ને મેદાનોની પહેલવહેલી મોજણી કરવામાં આવી. ત્યાર પછી બ્રિટિશ નૌદળે પણ ૧૮૬૦મા ઍડમિરલ સર લીઓપોલ્ડ મૅક્લિન્ટૉકની દોરવણી નીચે એ કામ આગળ વધારી વરૂણવિદ્યા (Oceanography)નો વિકાસ આદર્યો. ઈ. ૧૮૭૨માં એણે રૉયલ નૅવીનું જહાજ 'ચૅલેન્જર' એ કામ પાછળ રોકયું, જેની ૧૮૭૬ સુધીની ચાર વર્ષની કામગીરીએ એટલી બધી તો હકીકતો બહાર આણેલી કે બ્રિટિશ સરકારે તે જુદા જુદા ૫૦ પુસ્તકખંડોમાં બહાર પાડેલી!

ત્યાર પછી યુરોપનાં જુદાં જુદાં રાજ્યોએ એ દિશામાં કરેલી કામગરી અને ઇ. ૧૮૮૫થી મોનાકોના પ્રિન્સે એમાં લેવા માંડેલા રસને લીધે અપૂર્વ હકીકતો બહાર આવી. દાખલા તરીકે આટલાંટિક મહાસાગરના મધ્યમાં એક ગિરિમાળા આવેલી છે જે વડે એ મહાસાગર બે ઊંડી ગર્તાઓમાં વહેંચાઇ જાય છે. એવી જ બીજી ગિરિમાળા આઈસલૅન્ડથી શેટલૅન્ડ ટાપુઓ સુધી પથરાઈ આટલાંટિકને નૉર્વેજિયન સમુદ્રથી નોખો પાડે છે. ફ્રાન્સના કિનારાથી તે ઠેઠ કૅનેડા સુધી એક વિશાળ ઉચ્ચ પ્રદેશ (plateau) આવેલો છે જેના પર કેટલાક પહાડો પણ આવેલા છે.

પણ ઊંડામાં ઊંડો મહાસાગર તો આ આટલાંટિક નહિ પણ એશિયાની પૂર્વમાં પથરાએલો પ્રશાંત (પાસિફિક) મહાસાગર જ છે. ઉત્તર પાસિફિકમાં ગુઆમ નામના ટાપુ નજીક એની ઊંડાઈ વધુમાં વધુ છે—૫૨૬૯ ફૅધમ અથવા ૬ માઈલમાં ૬૬ ફૂટ ઓછા! દુનિયામાં ઊંચામાં ઊંચું શિખર ગૌરશંકર (એવરેસ્ટ) ત્યાં ડૂબી જાય તો યે પાણી એની ટોચથી ૩૦૦૦ ફૂટ ઊંચું રહે! આટલાંટિકની વધુમાં વધુ ઊંડાઇ ૨૨,૭૭૨ ફૂટ છે. એટલે એમાં જો ગૌરશંકર ડૂબે તો તેની ટોચ ૧૨૩૦ ફૂટ બહાર દેખાયા કરે. હિંદી મહાસાગરની વધુમાં વધુ ઊંડાઈ ૨૨,૯૬૮ ફૂટ છે.

સાગરતળનું આ ઊંડાણ જ્યાં ૩૦૦૦ ફૅધમ અથવા ૧૮,૦૦૦ ફૂટથી વધારે વિસ્તરેલું હોય એ સ્થાનને 'ડીપ' (deep) કહે છે. આવાં બધાં મળીને ૫૭ ડીપ્સ અથવા વિવરો નોંધાયા છે. આમાંના ૩૨ વિવર તો એકલો પ્રશાંત મહાસાગર જ ધરાવે છે, જ્યારે આટલાંટિક ૧૯ અને હિંદી મહાસાગર ૫. બાકીનો એક હિંદી મહાસાગર અને આટલાંટિકના મિલનસ્થાને આવેલો છે. એ વિવરોને વિજ્ઞાનીઓએ પાછા 'ચૅલેન્જર ડીપ' 'આલ્ડરિક ડીપ' વગેરે જુદાં જુદાં નામો આપેલાં છે.

વળી સાગરોની કંઠાર પર કેટલીક છાજલીઓ('Shelves') આવેલી છે જે થોડેક સુધી રહી પછી એકદમ ઊંડી ઊતરી જાય છે. ગ્રેટબ્રિટન અને આયરની કંઠાર પર આ છાજલીઓ વધુમાં વધુ પહોળી છે જ્યારે ઉત્તર અમેરિકા, સ્પેન અને આફ્રિકાની ઉત્તર કંઠાર પર સાંકડામાં સાંકડી.

જુદાં જુદાં રાષ્ટ્રો જે મોજણી જહાજો (survey ships) નભાવે છે તે હજુ સાગરતળની વધુ ને વધુ બાતમી બહાર આણતાં જાય છે.

જુદા જુદા દેશોના સ્વાતંત્ર્યદિનો

હિંદુસ્તાન ૨૬ જાન્યુઆરી	ઑસ્ટ્રિયા ૧૨ નવેંબર
યુનાઇટેડ સ્ટેટ્સ ૪ જુલાઈ	પોલાંડ ૩ મે
ફ્રાન્સ ૧૪ જુલાઈ	નૉર્વે ૧૭ મે
ચીન ૧૦ ઑકટોબર	ચેકોસ્લોવાકિયા ૨૮ ઑકટો.
તુર્કી ૧ નવેમ્બર	ફિન્લૅન્ડ ૬ ડીસેમ્બર
રશિયા ૭–૮ નવેમ્બર	રૂમાનિયા ૧૦ મે
સ્પેન ૧૪ એપ્રિલ	આર્જેન્ટિના ૯ જુલાઈ
પોર્ટુગાલ ૫ ઑકટોબર	લિથુઆનિયા ૧૬ ફેબ્રુઆરી
ઇટાલી ૨૬ માર્ચ	બોલિવિયા ૬ ઑગસ્ટ
બેલજિયમ ૨૧ જુલાઇ	મેક્સિકો ૧૬ સપ્ટેંબર
ગ્રીસ ૨૫ માર્ચ	બ્રાઝિલ ૧૭ સપ્ટેંબર
હંગેરી ૧૬ નવેમ્બર	પેરૂ ૨૮–૩૦ જુલાઈ

તૃણવિદ્યા

વનસ્પતિશાસ્ત્રની એક શાખા જે ઘાસની જાતની બધી વનસ્પતિની સમાલોચના કરે છે તેને તૃણવિદ્યા (Agrostology) કહે છે.

વનસ્પતિ પ્રાણીજીવનને બહુ રીતે ઉપયોગી થઈ પડે છે. પરંતુ સઘળી વનસ્પતિમાં તૃણ અથવા ઘાસ કે ખડના વર્ગની લીલોતરી તો ઘણી અગત્યની છે. ડાંગર, ઘઉં, મકાઈ, શેરડી અને વાંસ વગેરે મુખ્ય તૃણઝાડનો આ વર્ગમાં સમાવેશ થાય છે એ પરથી જણાશે કે આ વર્ગની વનસ્પતિ પ્રાણીસૃષ્ટિને બહુ મૂલ્યવાન છે.

આર્થિક દૃષ્ટિએ ઘાસની જાતનાં વૃક્ષોનો વપરાશ ઘણી રીતે થાય છે. ઘણી જાતના છોડના બીમાંથી ખોરાક, તેલ અથવા આસવ નીકળે છે. એનાં પાન ઢોરના ખાવામાં વપરાય છે તથા પાનનું ખાતર પણ બનાવાય છે. એના થડના રેષામાંથી

વસ્ત્રો, ચટાઇઓ, કાગળ તથા ઘર બાંધવાનું કે છાજવાનું સાહિત્ય તેમ ખાંડ પણ પેદા થાય છે. એનાં મૂળીઆં જમીનને સખત રહેવામાં મદદ કરે છે જેથી ધોવાણ થતું અટકે છે. આ ઉપરાંત દુર્વાની હરિયાળીની મખમલની બિછાત જેવી શોભા રચવા માટે બગીચામાં ઘણાં ઘાસ ઉપયોગી થઇ પડે છે. બીજી જાતો દવાના કામમાં આવે છે. ઘાસની જાત પરથી જમીનની જાત પણ પારખી શકાય છે.

ઘાસની ઉપયોગિતાનું ક્ષેત્ર ઘણું વિસ્તૃત છે અને શોધખોળ અને પ્રયોગથી હજી ઘણી વધારે જાતોનો ઉપયોગ થઈ શકે એમ છે. હિંદનાં વિદ્યાપીઠોમાં તૃણવિદ્યાના વિષય પરત્વે ઓછું ધ્યાન અપાય છે. આશા રાખીએ કે કિશોર અને યુવાન વર્ગમાંથી થોડાક ભવિષ્યમાં તૃણવિદ્યા વિશારદ નીપજે અને ગુજરાતને અર્થલાભ થાય. —મ. હ. દેસાઇ

બૂચ

જગતના વપરાશના બૂચનો મોટો ભાગ ભૂમધ્ય કાંઠેથી આવે છે. સ્પેન અને પોર્ટુગલમાં તે સૌથી વધુ પ્રમાણમાં ઊગે છે ને જગતની જરૂરિયાતના લગભગ ૭૦ ટકા એ બે દેશો જ પૂરા પાડે છે. અમેરિકામાં એ ઉગાડવાના પ્રયાસો થએલા પણ બધા નિષ્ફળ ગએલા.

બૂચનું ઝાડ અથવા 'કૉર્ક ઓક' છ ફૂટના ઘેરાવાનું ને લગભગ ૩૦ ફૂટ ઊંચું થાય છે. એપ્રિલ અને મેમાં તેને ફૂલો આવે છે ને ઓકનાં ફળો જેવાં ફળો બેસે છે જે ચોમાસામાં ખરી પડે છે. એનું આવરદા દોઢ સો વર્ષનું લેખાય.

બૂચ એ ઝાડની છાલ જ છે. અંદરની છાલમાંથી એ વૃદ્ધિ પામે છે ને સ્વભાવે નરમ વાદળી જેવી હોય છે. એ ઊતરતાં અંદરની છાલ ન જખમાવી જોઇએ, કારણ જખમ પર નવી છાલ નથી વધતી. ઝાડ ૧૫ થી ૨૦ વરસનું થાય ત્યારથી દર આઠ દસ વરસને આંતરે છાલ ઉતરડવામાં આવે છે. જુલાઇથી ઑગસ્ટનો સમય તે માટે અનુકૂળ છે.

બહારની છાલ ઉતારી લીધા પછી પહેલાં તે ઉકાળવામાં આવે છે જેથી તેના પરનો લાકડા જેવો પદાર્થ જુદો પડી જાય છે. તથા તેમાં રહેલું ટૅનિક ઍસિડ ઓગળી બૂચને ફુલાવીને તેને સ્થિતિસ્થાપક બનાવે છે. ત્યારબાદ એ બૂચને ગૂણ તથા જાડાઇના અનુક્રમે બાંધી તેની ગાંસડીઓ પરદેશ ચડાવવામાં આવે છે. યુનાઇટેડ સ્ટેટ્સ, ગ્રેટબ્રિટન તથા ફ્રાન્સ તેની સૌથી વધુ આયાત કરે છે.

બૂચ સ્થિતિસ્થાપક, દબાઈ શકે તેવું ને પાણી તથા તેલથી અભેદ્ય હોય છે. એને લઇને સત્તરમી સદીથી તેને શીશીઓના ઢાંકણ તરીકે વાપરવામાં આવે છે. વળી તે ટકાઉ અને મજબૂત હોવા સાથે વજનમાં બહુ હલકો હોવાથી દરિયામાં ડૂબતાં બચાવવાના સાધનોમાં તેનો બહુ ઉપયોગ થાય છે. ટોપીઓ તથા જોડામાં 'લાઇનિંગ્સ' માટે તેમ ઈમારતીકામના નમૂના બનાવવામાં પણ તે વાપરવામાં આવે છે.

ભારતીય સંવતો . . . . ૧૦ ગુપ્ત સંવત

શિલાલેખોમાં 'ગુપ્તકાલ', ગુપ્તવર્ષ' આદિથી ઉલ્લેખાતો આ સંવત ગુપ્ત વંશના મહા પ્રતાપી રાજા ચંદ્રગુપ્ત પહેલાએ ચલાવ્યો હોવાનો સંભવ છે. ગુપ્તો પછી કાઠિયાવાડમાં વલભી વંશનો ઉદય થયો, જેનો અસ્ત થતાં ત્યાંની પ્રજાએ ગુપ્તસંવતનું નામ જ વલભી સંવત નાખી દીધું. શક સંવતમાંથી ૬નો ઘન ને ૫નો વર્ગ (૨૧૬+૨૫=૨૪૧) બાદ કરતાં વલભી સંવત આવે છે. અર્થાત્ ગુપ્તસંવતમાં ૨૪૧ ઉમેરતાં શક સંવત, ૩૭૬ ઉમેરતાં ચૈત્રાદિ વિક્રમ સંવત તથા ૩૧૯-૨૦ ઉમેરતાં ઇ. સ. આવે છે. ગુપ્ત સંવતનો પ્રારંભ ચૈત્ર સુદિ ૧ થી ને મહિનો પૂર્ણિમાંત છે. નેપાળથી કાઠિયાવાડ સુધી પહેલાં આ સંવતનો પ્રચાર હતો. એનો અંતિમ લેખ વલભી (ગુપ્ત) સંવત ૯૪૫ (ઈ. સ. ૧૨૬૪) નો મળે છે, જેની પછી એ સંવત બિલકુલ બંધ જ થઇ ગયો.

વિકસતું વિજ્ઞાન

વિમાનો અને સબમરીનો યુદ્ધમાં અગત્યનો ભાગ ભજવી રહેલ છે પરંતુ એ બંને યાનોને એક જ યાનરૂપે સંયોજિત કરી બંને પ્રકારની કામગીરી તેની પાસેથી લેવાના અખતરા શરૂ થયા છે અને જાપાન તેમાં સફળ થયું છે. આ આકાશ-નૌ-યાન ૧૦ વાર લાંબું અને માછલીના આકારનું છે. સમુદ્રને તળિયેથી સપાટી પર આવ્યા પછી ૬ જ મિનીટ જેટલા વખતમાં તે આકાશમાં ઊડી શકે છે. ઊડવાની તૈયારી કરતાં જ તેના પડખેની પાંખો તથા આગળ પ્રૉપેલર નીકળી આવે છે. એમાં ચાર ટૉર્પીડો રહી શકે છે જે પાણીમાંથી કે હવામાંથી ગમે ત્યાંથી છોડી શકાય છે. પાણીમાં ડૂબેલી હોય ત્યારે એની ગતિ ૧૫ થી ૨૦ માઈલની રહે છે, જ્યારે હવામાં વજન સાથે ૩૦૦ માઇલ અને વજન વિના ૬૦૦ માઈલ! આ ઊડતી માછલીની બનાવટમાં એલ્યુમીનિયમની મિશ્ર ધાતુ ડચુરેલ્યુમિન તથા થોડા પ્રમાણમાં તાંબુ, મેંગેનીઝ, મૅગ્નેશિયમ તથા સિલિકૉન વાપરવામાં આવેલ છે.

અત્યાર સુધી ધુમ્મસ માટે એમ મનાતું કે બારીક રજકણોએ શોષેલી વાતાવરણની ભિનાશથી તેનો જમાવ થાય છે, પરંતુ લીડ્ઝ યુનિવર્સિટીના પ્રો. આર. આર. વ્હિટિંગ્ટને અનેક અખતરાઓ કરી એ માન્યતા નાપાયાદાર ઠરાવી છે. એના કહેવા પ્રમાણે દરિયા પર જામતી ધુમ્મસનું કારણ મીઠાના બારીક કણો હોય છે, જ્યારે શહેરો પર જામતી ધુમ્મસનું કારણ ગંધકના તેજાબનાં એવાં જ બારીક બિંદુઓ. પાણી તો, એના કહેવા પ્રમાણે, સામાન્ય ગરમીમાં પણ વરાળ થઈ ઊડી જાય છે પણ મીઠા કે સલ્ફ્યુરિક ઍસિડના બારીક અવશેષોનું એવું બાષ્પીભવન ન થતાં તે વાતાવરણમાંની ભિનાશ શોષીને ફૂલે છે.

આ સિદ્ધાંતની રૂએ ઉદ્યોગપ્રધાન શહેરોનાં કારખાનાં-ઓમાંથી નીકળતા ધુમાડામાંનો તેજાબ ગાળી લઇ શહેરોને એ અનારોગ્યજનક ઉપાધિથી સહેજે બચાવી શકાય.

આપણે પોતે · આપણો દેશ · આપણી પૃથ્વી

સાઠ વરસની ઉમર સુધીમાં આપણે ૫૦૮૦ લાખ શ્વાસોચ્છ્વાસ વડે ૯૬ લાખ ઘનફૂટ હવાની ફેફસાંમાં આયાત નિકાસ કરીએ છીએ.

આપણા શરીરની બધી રક્તશિરાઓને લાંબી પાથરી હોય તો ૩,૫૦,૦૦૦ માઇલ એટલે કે પૃથ્વીના વ્યાસથી આઠ ગણી લંબાઈ થાય.

આપણા શરીરમાં લોહીનું વજન કુલ વજનના પાંચ ટકા જેટલું હોય છે.

આપણા દેશમાં જૂનામાં જૂની મ્યુનિસિપાલિટિ અમદાવાદની છે (સ્થાપના ૧૮૩૪).

વસતિના પ્રમાણમાં બંગાળા સૌથી મોટો પ્રાંત છે. અને ઓછામાં ઓછી વસતિ બલુચિસ્તાનમાં છે.

અજમેર મેરવાડામાં આંધળાઓની સંખ્યા મોટામાં મોટી છે; એક લાખ મનુષ્યોમાં ૩૮૩.

જગતનું લાંબામાં લાંબું રેલવે પ્લૅટફૉર્મ બિહાર પ્રાંતના સોનપુર સ્ટેશનનું છે (૨,૪૧૫ ફૂટ).

દુનિયામાં સૌથી વધુ મૅંગેનીઝ ઉત્પન્ન કરનાર દેશ પણ આપણો જ છે—દર વર્ષે બે લાખ ટન!

આપણા દેશમાંથી દર વર્ષે ૧૫ લાખ તોલા સોનું ખોદી કાઢવામાં આવે છે. (કા. ડા. કેશરૂવાળા)

આપણી પૃથ્વીના વસી શકાય એવા પ્રદેશના માત્ર આઠમા જ ભાગ પર કુલ વસતિના ૭/૮ જમા થઇ ગએલ છે.

આપણી પૃથ્વીની ગતિ સો વરસે એક સેકન્ડના દસમા ભાગ જેટલી મંદ પડતી જાય છે.

આપણી પૃથ્વીનું વજન એટલું છે કે તેને આખીને કોઇ ગુડસ ટ્રેનમાં અહીંથી ઉઠાવી જવી હોય તો નજીકમાં નજીકના તારાના અંતરથી યે ૧,૬૦,૦૦૦ ગણી લાંબી ટ્રેન જોઈએ, ને એના બધા ડબા લાદતાં ૩૭૮ અબજ વર્ષ જોઇએ!

કહેવત · કથન · કવિતા

વસુ વિના નર પશુ

કંગાળનાં કાળજાં પોલાં.
જર હોતા તો મર્દ રોતા.
ગરીબનું નસીબ ગરીબ.
જર ચાહે સો કર.
પૈસા વગર ઘેલો ને સાબુ વગર મેલો.
નિર્ધનીઆનો જાયો, બાવળિયાનો છાંયો.

જબ લગ પૈસે હાથમેં, તબ લગ ઉસકે યાર;
સાંઈ ઈસ સંસાર મેં સ્વારથ કા વહેવાર.

નવા નુસખા



ઉપર બતાવ્યા મુજબ લાકડાના ટુકડામાં રેઝરબ્લેડને, તેનો એક ખૂણો જરા બહાર પડતો રહે એ રીતે ડ્રૉઇંગ પિન વડે જડી દઇને, ફોટો કે ચિત્રો કાપવાનું સરસ સાધન બનાવી શકાય.

નવી કેડીઓ

હિંદ ખેતીપ્રધાન દેશ હોવાથી બને ત્યાં સુધી બધા ઉદ્યોગોમાં તળપદી ખેતીની ઉત્પન્ન વાપરી શકાય એ સ્થિતિ ખાસ ઈચ્છવાયોગ્ય છે. એ દૃષ્ટિએ યંત્રોમાં પુરાતા બળતણ માટે આપણે વિશેષ કાળજી રાખવાની જરૂર છે. અત્યારે ઑઇલ એન્જિન બધા ઉદ્યોગોમાં મહત્ત્વનું સ્થાન લેતું જાય છે. પણ એને માટેના ક્રૂડ ઑઇલ સારૂ આપણે પરદેશો પર આધાર રાખવો પડે છે. હવે ડીઝલ એન્જિનના શોધક ડૉક્ટર રૂડોલ્ફ ડીઝલે એ એન્જીન કાંઈ માત્ર ક્રૂડ ઑઈલ માટે જ બનાવ્યું ન હતું. તેણે પ્રાથમિક અખતરાઓમાં કોલસાની ભૂકી અને માછલીના તેલથી માંડી એરંડિયું, કપાસનું તેલ, મગફળીનું તેલ એમ બધી જાતનાં વનસ્પતિજન્ય તેલો પણ વાપરેલાં, અને એ બધા અખતરા સફળ થએલા. એ યંત્રની બનાવટનો સિદ્ધાંત જ એવો છે કે તમે તેમાં ગમે તે તેલ વાપરી શકો. હિંદને ઔદ્યોગિક દૃષ્ટિએ પરદેશોથી સ્વતંત્ર કરવામાં રસ ધરાવતી સંસ્થાઓએ આ શકયતામાં ઊંડા ઊતરી એ દિશામાં વધુ સંશોધન કરવાની જરૂર છે. ખાસ કરીને દેશી વસ્તુ વાપરવા માટે આગ્રહ રાખતી સંસ્થાઓના આશ્રયે ચાલતાં યંત્રો, મોંઘું પડે તો પણ મગફળીનું તેલ વાપરી પ્રજા સમક્ષ એક આદર્શ રજૂ કરે એ જરૂરનું છે. કદાચ એમ પણ બને કે અમુક ચોક્કસ તેલ વાપરવા માટે જૂના યંત્રમાં થોડા સુધારા કરવા પડે; પણ જરૂરી વિગતો પૂરી પાડવાથી એ યંત્ર પૂરાં પાડનાર કંપની પોતે એ કામ સરળ કરી આપી શકે તેમ હોય છે. માત્ર 'મોંઘું તો પણ સ્વદેશી' એ સૂત્ર આપણી રગમાં ઊતરી જાય તો બાકીનું કામ અઘરું નથી. કદાચ મહાસભાના અધિવેશનના ઇલેક્ટ્રિક પ્લૅન્ટથી આવી યોજનાની શરૂઆત કરી શકાય.

રાજા બિંબિસારની રાજગૃહી નગરીમાં આગ લાગતાં, ફરી વાર એક જ માણસની બેદરકારીથી આખી નગરીને સોસવું ન પડે તે માટે તેણે આજ્ઞા કરી કે હવેથી જેના ઘરમાં આગ લાગે તેણે જંગલમાં જઇ રહેવું. થોડા જ દિવસ પછી તેના પોતાના મહેલમાં આગ લાગી. પોતાની આજ્ઞા શિરે ચડાવી એ ચાલી નીકળ્યો તે વખતે અમલદારો ને લોકોએ વારતાં તેણે જવાબ આપ્યો: 'એ ન ચાલે; કાયદો ઘડનાર માટે તો કાયદો સૌથી વધુ બંધનકર્તા છે.'

અનેકાર્થી શબ્દ: **પારો**=પ્રવાહી ખનીજ ધાતુ; માળાનો મણકો; તંબૂરો સુરેલ બનાવવા રખાતો તાર પરનો મણકો; સ્ત્રીઓનું એક ઘરેણું; બંદુકની ગોળી કે છરો; દાંતનું અવાળુ; પાર્ષદ, સ્વામીનારાયણ સંપ્રદાયનો એક સેવક.

ગણિતગમ્મત

૧ થી ૯ સુધીની સંખ્યાઓને ગણિતની સંજ્ઞાઓ દ્વારા ગોઠવી જવાબમાં ૧૦૦ લાવવાની જે થોડી રીતો 'કુમાર'-ના આ પાના પર અગાઉ આવી ગઇ છે તેમાં આ બે નવી:

૧૨૩-૪૫-૬૭+૮૯=૧૦૦

$૪૯\frac{૧}{૨}+૫૦\frac{૩૮}{૭૬}=૧૦૦$

કહેવતોના અર્થ: 'ખાઇ જાય ખોડી ને માર પડે હરેડીને.' હરેડી એટલે જે ગાય કે ભેંસને કોઇ ઢોરનું ખાવાનું જોતાં જ ત્યાં નીડરપણે ઘસી જઇ ખાવાની ટેવ પડી હોય તે. એની આ ટેવને લઇને ઘણી વાર બીજી કોઈ ગાય ખાઇ ગઈ હોય તો યે ગુનેગાર તો એને જ ગણી લઈ મારવામાં આવે. વ્યવહારમાં પણ એવી રીતે વાંક એકનો હોય ને સોસવાનું બીજાને માથે આવે ત્યારે આ કહેવત વપરાય છે. એને મળતી કહેવતો: 'પાડાને દરદ ને પખાલીને ડામ;' 'ખાય પીએ ખાંડણી ને કુટાઇ મરે સૂપડું;' 'કરડે માંકડ ને માર ખાય ખાટલો' વગેરે.



વરસાદના દિવસોમાં છત્રી બંધ કર્યા પછી ઘરમાં તેની દાંડીને છેડેથી પાણી ટપકે છે તે ઘરમાં ભીનું કરે નહિ તે માટે એક જણે એવું એક ટોપકું બનાવ્યું છે જે છત્રીને મથાળે દાંડીને છેડે ભરાવી દેવાય. એમાં એવી રચના કરી છે કે ટપકેલું પાણી જમીન પર ન પડતાં એમાં જ ભરાઇ રહે ને ફરીવાર બહાર જતાં છત્રી ફેલાડીએ ત્યારે તે પાણી ટોપકામાંથી નીકળી આવીને વેરાઈ જાય.


વિરોધી કહેવતો

બોલે તેનાં બોર વેચાય; વિ૦ બોલ્યે બોજ જાય; ન બોલ્યામાં નવ ગુણ.

મુંબાઇમાં ભરાએલી ૧૮૮૯ની સાલની મહાસભાની બેઠકમાં બરાબર ૧૮૮૯ પ્રતિનિધિઓ જ હાજર હતા!

દસ લાખ ઉંદરોનું વજન બરાબર એક હાથી જેટલું થાય, પરંતુ એક લાખ ઉંદરોની ખાલથી તો ૧૦૦ હાથીને મઢી દઇ શકાય!

જગતમાં સૌથી મોટું રેલવે સ્ટેશન ગ્રાન્ડ સેન્ટ્રલ ટર્મિનસ (ન્યૂયૉર્કનું) છે, જેને ૪૭ તો પ્લૅટફૉર્મ છે.



આ નાનકડી આકૃતિમાં પચીસ ત્રિકોણ સમાએલા છે. ગણીને ખાતરી કરી જોજો.




એકમાં અનેક ફળના કાંટા સાથે વિચિત્ર રીતે ઊગેલું અનનાસનું ફળ (મોકલનાર: શ્રી ચાંપશી વીજપાળ).

અમેરિકામાં ૩૦,૦૦૦ વિજ્ઞાનીઓ સંશોધનકાર્ય કરે છે; જર્મનીમાં ૭૦ હજાર સંશોધકો છે; રશિયામાં ૭ લાખ છે; અને હિંદુસ્તાનમાં ?


જગવિખ્યાત હીરાઓમાં સૌથી વધારે વજનવાળો હીરો (૩,૧૦૬ કૅરૅટ) ક્યુલિનન નામનો છે, જ્યારે સૌથી ઓછા વજનવાળો (માત્ર ૧૦૬ કૅરૅટનો) જગવિખ્યાત હીરો કોહેનૂર છે.

જગતમાં સૌથી મોટું અને જૂનું (લગભગ ૫૦૦૦ વર્ષનું) ઝાડ જન સેમેન નામનું કૅલિફૉર્નિયામાં છે.

રેલવેનો સૌથી લાંબો પૂલ લોઅર ઝાંબેસી (આફ્રિકા)નો છે. (૧૧૬૫૦ ફુટ).



ટપાલની ટિકિટની આ વર્ષે આવની શતાબ્દીની ઉજવણીમાં ઇંગ્લંડે કાઢેલી ટિકિટ. તેમાં ડાબી બાજુ, ઈ.૧૮૪૦માં પહેલવહેલી પેની પોસ્ટ પર નીકળેલું મહારાણી વિક્ટોરિયાનું ચિત્ર છે ને જમણી બાજુ આજના જ્યૉર્જ છઠ્ઠાનું.



'કુમાર'નું કલેવર ઘડનારાઓ

કુમાર કાર્યાલય • ઑગસ્ટ ૧૯૪૦

વચલી હાર (બેઠેલા) જમણી બાજુથી—ચોથા: રવિશંકર રાવળ—તંત્રી અને નિયામક કુમાર કાર્યાલય; પાંચમા: બચુભાઈ રાવત—સંપાદક અને સંચાલક કુમાર કાર્યાલય; છઠ્ઠા: અશોક હર્ષ—સહાયક સંપાદક; ત્રીજા: લક્ષ્મણ ભટ્ટી—મુખ્ય હિસાબનીશ; સાતમા: શ્રીદામ ભટ્ટ—મુખ્ય નિરીક્ષક મુદ્રણ વિભાગ; બીજા: નટવરલાલ રાવત—ફોરમૅન કંપોઝ વિભાગ; આઠમા: હરિલાલ અડાલજા—હિસાબનીશ; અને પહેલા: ધીરજલાલ ખત્રી—ઑફિસ કારકુન. પાછલી હાર (ઊભેલા) ડાબી બાજુથી—બીજા: દેવરાવ કાળભોર, પહેલા: ગોવિંદલાલ ભટ્ટ અને ત્રીજા: કાન્તિ પટેલ—ત્રણે બ્લૉક ખાતાના કારીગરો; છઠ્ઠા: તોતારામ લૈયાજી, આઠમા: જયંતીલાલ રાવત અને પાંચમા: રામજી પટેલ—ત્રણે મુદ્રણ કારીગરો; દસમા: ભોગીલાલ પટેલ, નવમા: કાન્તિલાલ કાછીઆ, ચોથા: ઠાકોરલાલ બ્રહ્મભટ્ટ, સાતમા રતિલાલ જોષી અને જમીનપર બેઠેલા જમણી બાજુથી પહેલા નંદલાલ શાહ—પાંચે કંપોઝ ખાતાના કારીગરો; જમીન પર બેઠેલામાં ડાબી બાજુથી: પહેલા: નટવરલાલ ભટ્ટ, બીજા રસિકલાલ જમનાદાસ અને ત્રીજા ગણપતરામ નાનાલાલ—ત્રણે મદદગારો મુદ્રણ વિભાગ; છેક પાછળ ઊભેલા: જમણી બાજુ: રામચંદ્ર વ્યાસ—કારકુન, ડાબી બાજુ: પ્રહ્લાદ દ્વિવેદી, કંપોઝીટર.




રાજમહેલનો કુંડ

ફોટો - શ્રી ભોગીલાલ મિસ્ત્રી









ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ઉપર:'જંગલમાં સૃષ્ટિસૌન્દર્ય'-ચતુર્ભુજ મરચંટ(ઘાટકોપર), પહેલું ઇનામ; નીચે, જમણી બાજુ: 'તૃષાતુર'-હીરાલાલ ભટ્ટ (અમદાવાદ), બીજું ઇનામ; ડાબી બાજુ-વચ્ચે: 'ચાલો પુરી દઉં'-રસિક (ભાવનગર), ત્રીજું ઈનામ; નીચે: 'તૂટેલો વિસામો'-મનુ પટેલ (અમદાવાદ), ઉત્તેજના ઈનામ.




પ્રારબ્ધનો પલટો (ચન્દ્રહાસ અને વિષયાની જાણીતી લોકવાર્તાનો એક કથાપ્રસંગ)

ચિત્રકાર · ત્રિગુણાતીત પંચોલી



પ્રવાસી ગાયક

ચિત્રકાર · રવિશંકર રાવળ



શ્રી રવીન્દ્રનાથ ઠાકુર **હિંદની યુગમૂર્તિઓ** મહાત્મા ગાંધીજી

ફોટો · શ્રી નવીન ગાંધી



વિવિધ દેશની પ્રાણી-ટિકીટો

(શ્રી હરિલાલ ઍંકરના સંગ્રહમાંથી)

આજે ટપાલની ટિકીટો કાઈ પણ દેશની વિશિષ્ટતાના પ્રચારનું પ્રબળ સાધન બની રહી છે. તે ને દેશની મહાન વિભૂતિઓ, ઐતિહાસિક પ્રસંગો વગેરેથી માંડી તેના પ્રકૃતિવૈભવની બધી વિશેષતાઓ એ ટિકીટો પર અંકાય છે. ઉપરની બીજી ટિકીટમાં આપેલ છે તેમ અમુક હેતુનાં પ્રચારચિત્રો પણ ટિકીટો પર આવી શકે છે. આ ચિત્રપાટીમાં (પહેલી અને છેલ્લી ટિકીટ સિવાયની) મુખ્યત્વે જુદાજુદા દેશોની પ્રાણીટિકીટો આપી છે, જેનો સંગ્રહ ટિકીટના પોતાના મહત્ત્વને બાદ કરીએ તોપણ કયા દેશમાં કયા પ્રાણીનું પ્રાધાન્ય છે એનું પ્રત્યક્ષ જ્ઞાન આપવામાં મદદગાર નીવડે છે. બ્રિટિશ મ્યૂઝિયમના 'નૅચરલ હિસ્ટરી' વિભાગમાં આવી બધી ટિકીટો સંઘરવામાં આવે છે. આવો એક સંગ્રહ અગાઉ અમે ૮૬મા અંકમાં આપી ગયા છીએ. આ ટિકીટો વઢવાણ કૅમ્પના જાણીતા ટિકીટ-સંગ્રાહક શ્રી હરિલાલ ઍંકર, જેઓ દેશપરદેશની ટિકીટોનો ખૂબ વૈવિધ્યભર્યો, વિરલ અને સમૃદ્ધ સંગ્રહ ધરાવે છે તેમના એ સંગ્રહમાંથી ચૂંટીને અહીં આપેલી છે.



આભ-ધરતીનો ઉપાસક

ચિત્રકાર · છગનલાલ જાદવ



કાપણી

(લીનોકટ)

ચિત્રલેખા : કુ. સુશીલાબેન બધેકા

આ ચિત્ર લીનોલિયમના કટકા પર ધારદાર ઓજારોથી કોતરી કાઢેલું છે. જે રીતે વૂડકટ ચિત્રો કરવામાં આવે છે એ જ પદ્ધતિ આની છે, એટલે કાગળપર આલેખેલાં ચિત્રો કરતાં, એ કુશળતા અને ચોક્કસાઇનું પ્રમાણ વધારે માગે. ભૂલથી કપાએલી એકાદ રેખા કે આકાર બધી મહેનત ધૂળ મેળવે. સુશીલાબેન બધેકાએ આ કળા શાન્તિનિકેતનના કળાભવનમાંથી પ્રાપ્ત કરી છે અને તે માટે જરૂરી પદબંધ (Rhythm) સમજી લીધેલ છે. પ્રત્યેક રેખા ક્રિયાના વલણને ઝીલી ચિત્રના વિસ્તારમાં સુંદર રૂપયોજના સ્થાપી રહે છે એ તેનો ગુણ છે. સુશીલાબેન બધેકા સ્વ. ગિજુભાઇ બધેકાનાં પુત્રી છે એટલી પિછાનથી તેની આ કલાકૃતિમાં ઊતરેલો સંસ્કારપ્રસાદ ક્યાંથી, એ સમજાવવું નહિ પડે.



ઘરનો પોપટ

ચિત્રકાર · રસિકલાલ પરીખ




મયૂર-નૃત્ય

ચિત્રકાર · કનુ દેસાઈ



સ્વ. કલાકાર હરિવદનની ચિત્રપોથીનાં પાનાં

સૃષ્ટિનાં વિવિધ દૃશ્યો અને પ્રસંગો કલાકારની આંખે પડતાં તે પોતાની લાક્ષણિક ઢબે તેની જે નોંધ ઉતારી લે છે તેના આ સુંદર નમૂના છે. સ્વ. ભાઈ હરિવદને કરેલી આવી સંખ્યાબંધ નોંધોમાં અનેક ઊર્મિભર્યાં ચિત્રો સંઘરાઇ ગયાં હતાં.



રાજરમણી

સીગીરીઆ (સીલોન)ની ગુફાઓમાંના ભીંતચિત્રની અનુકૃતિ

ચિત્રકાર - સરખિસ કચ્યાદોરીઆં

સીલોનમાં કોલંબોથી ૧૪૨ માઇલ દૂર જંગલમાં સીગીરીઆની ૬૦૦ ફૂટ ઊંચી એક ટેકરી ગાઢ જંગલની વચ્ચોવચ આવેલી છે. તેની ઉપર ઇ.ના ચોથા સૈકામાં પ્રથમ કશ્યપ રાજાએ સ્વરક્ષણાર્થે એક ગઢ બનાવ્યો હતો અને તેના ઉપરના ભાગમાં ગુફાઓ રચીને તથા તેની ચોમેર દીવાલ બનાવીને તેના પ્રવેશદ્વારને ઘડાવીને સિંહ જેવી આકૃતિ રચી હતી, તે પરથી તે સિંહાગિરિ (સિંહગિરિ) કહેવાયું. કશ્યપની પડતી થતાં એ સ્થળ નિર્જન બન્યું. ત્યાંનાં ચિત્રો અટારીની જેમ પાડેલી કઠણની ભીંત પર છે. લાલ, પીળો અને લીલો રંગ માત્ર ત્યાં વપરાયો છે. આસમાની જરા પણ નથી. અજંતાની ૧૬–૧૭મી ગુફાનાં ચિત્રોની જોરદાર રેખાઓ અને દળભર્યા અવયવો આને ખૂબ મળતાં આવે છે.



ગવાળો — ચિત્રકાર • સોમાલાલ શાહ




અઢારમા સૈકાના જૈન રાજસ્થાની વિજ્ઞપ્તિપત્રમાંનું એક ચિત્ર

શ્રી મહાવીર પ્રભુનાં માતા ત્રિશલાદેવી

ચૌદમાથી અઢારમા સૈકા સુધીમાં જૈનસંપ્રદાયમાં એક રિવાજ પ્રચલિત હતો. જૈન મુનિઓ વિહારમાં નીકળે તેમને જુદાં જુદાં શહેરો તથા ગામોના જૈનસંઘો પોતપોતાને ગામે પર્યુષણ કરવા તથા ચાતુર્માસ કરવાનું જે આમંત્રણ આપતા તે મોટાં ટીપણાના આકારનાં વિજ્ઞપ્તિપત્રો લખીને આપતા. તેમાં ધાર્મિક ચિત્રપ્રસંગો આલેખાતા; તથા તે ઉપરાંત નગરવાસીઓ સાધુદર્શન તથા સંતસમાગમ માટે કેટલા ઉત્સુક છે તે વર્ણવવામાં આવતું અને પછી પોતાના નગરમાં શી શી સગવડો છે, નગરની ભૌતિક તથા નૈસર્ગિક સમૃદ્ધિ કેવી છે વગેરેનાં સચિત્ર વર્ણનો આલેખવામાં આવતાં. આ વર્ણનો તથા તે સાથેનાં ચિત્રો ઉપરથી તે સમયની ગુજરાતની સામાજિક સ્થિતિરીતિનો અચ્છો ખ્યાલ આપણને મળે છે. લોકોના રીતરિવાજ અને ઉત્સવો, તેમના પહેરવેશ, આભૂષણો, ઉપસ્કરો, વાહનો વગેરેની વિગતવાર માહિતી એ ચિત્રો પૂરી પાડે છે, અને એ રીતે એ વિજ્ઞપ્તિપત્રો અત્યંત મૂલ્યવાન ગણાય છે.


ઉપર ઉતાર્યું છે તે ચિત્ર, વિ. સં. ૧૭૯૨માં આબુ પાસેના શીરોહી ગામના જૈનસંઘે પાટણમાં સ્થિતિ કરી રહેલા જૈનમુનિ શ્રી વિજયક્ષમાસૂરીશ્વરજીને મોકલેલા વિજ્ઞપ્તિપત્રમાંથી લીધેલું છે અને તેમાં શ્રી મહાવીરપ્રભુનાં માતા ત્રિશલાદેવી પલંગ પર સૂતાં છે તથા પરિચારિકા તેમને વાયુ ઢોળી રહી છે એ ધાર્મિક પ્રસંગ આલેખેલો છે, પણ તે પરથી તે સમયની સમાજ-સ્થિતિનો સારો ખ્યાલ મળે છે. એની ચિત્રશૈલી વગેરે વિષે વધુ વિવરણ આ જ અંકમાંના શ્રી કાર્લ ખંડાલાવાલાના લેખમાંથી મળશે.



વનરાઈઓ

ચિત્રકાર · શ્રી વિનાયક પંડ્યા

શ્રી વિનાયક પંડ્યા ગુજરાતના તરુણ કલાકારોમાં નવી ભાત પાડી રહ્યા છે. તેમણે લાઠીના રાજમહેલ તેમજ ભાવનગરના સુપ્રસિદ્ધ નટરાજ થીએટરમાં મોટા વિસ્તારવાળાં ભીંત-સુશોભનો અને ચિત્રાલેખો કરી એ દિશામાં સ્તુત્ય સિદ્ધિ દાખવી છે. આજે તે મુંબાઇમાં ન્યૂ ઈરા સ્કૂલના કલાશિક્ષક અને ધંધાર્થી સુશોભનકાર તરીકે પ્રગતિ કરી રહ્યા છે.



મુંબાઇનું (કોટમાં ફ્લોરા ફાઉન્ટન આગળનું) એક દૃશ્ય

ચિત્રકાર • કૃષ્ણાજી આરા

ચિત્રકાર તથા તેની કલાના પરિચય માટે જુઓ પૃ. ૩૭૪–૭૫ ઉપરની નોંધઃ 'ભીંતળવાસી કલાકાર'.



રૂપનગરી ઉદયપુર

ફોટો · આબીદમિયાં સૈયદ : પાલનપુર

આ અંકના સાંકળિયા માટે જુઓ પાનું ૫મું

ઊગતી સવારને મંગળમય કરતાં પ્રભાતિયાં,
જામતી બપોરને મીઠી બનાવતાં શૃંગાર પદો,
ઘેરાતી સાંજને સૌરભવંતી કરતાં ભજનો

આજ સદીઓથી જેણે

ગુજરાતનાં જીવનમૂળમાં સીંચ્યાં અને
ગુજરાતનાં નરનારીને રસસમૃદ્ધ કર્યાં



એ.. હરિના ભક્ત
નરસૈયા..ને



પ્રકાશ
પિક્ચર્સ

સજીવન કરે છે.

આ માસમાં હિંદભરનાં થીએટરોમાં રજૂ થશે

— અદાકારો —

વિષ્ણુપંત પાગનીસ
દુર્ગાબાઇ ખોટે
રામ મરાઠે
ઔંધકર · પાંડે
વિમલા વસિષ્ઠ
અમીર કર્ણાટકી
બેબી ઇંદીરા

દિગ્દર્શક · વિજય ભટ્ટ
કથાલેખક · મોહનલાલ દવે
કલાનિર્દેશક · કનુ દેસાઈ

ચીફ એજન્ટ્સ · એવરગ્રીન પિક્ચર્સ · મુંબાઇ નં. ૪